॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ધ્યાન પ્રકાશ

લેખક તથા પ્રકાશક
મહંત સ્વામી સ.ગુ. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨, ગાંધીનગર.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ધ્યાન પ્રકાશ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીની આજ્ઞાથી


લેખક તથા પ્રકાશક
મહંત સ્વામી સ.ગુ. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર
સેક્ટર - ૨, ચ રોડ, ગાંધીનગર.



સંવત ૨૦૬૩, ચૈત્ર સુદ નોમ,
શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્ય દિન. તા. ૨૭ માર્ચ, ૨૦૦૭.

પ્રથમ આવૃતિ પ્રતઃ ૫૦૦૦

કિંમત રૂા. ૨૫/-


આ પુસ્તકના સર્વ હક્ક પ્રકાશકને આધિન છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## : પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
સેક્ટર- ૨, ચ રોડ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૪૦૦૬,૨૩૨૩૪૦૯૨.

---

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
પેટ્રોલ પંપની બાજુમાં, અંજલી ચાર રસ્તા,
વાસણા, અમદાવાદ.
ફોન નં. ૦૭૯-૨૬૬૨૨૨૦૦.

---

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
બજરંગ સ્ટીલની બાજુમાં,
સનાળા રોડ, મોરબી.
ફોન નં. ૦૨૮૨૨ - ૨૨૨૧૫૧

---

**શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ**
એસ.ટી. બસ સ્ટેશનની સામે,
બાવળા ફોન નં.૦૨૭૧૪-૨૩૦૮૮૮

---

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
પેથાપુર ફોન નં.૦૭૯-૨૩૨૧૬૭૦૧

---

**સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ**
મુ.પો. કણભા, તા. દસ્ક્રોઈ જી. અમદાવાદ.
ફોન નં. ૦૨૭૧૮-૨૮૬૭૫૦-૦૦૧,૦૦૨.



શ્રી ઘનશ્યામ મહારાજ

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

Per.Sec./71/06 - 07

Dt.20.03.2007

સ.ગુ. મહંત ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
ગાંધીનગર.

આપના પત્ર તા. ૧૧.૩.૨૦૦૭ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી આપના દ્વારા રચિત - ધ્યાન માર્ગ ઉપર પ્રકાશ પાથરનાર અને સર્વાવતારી સર્વોપરિ શ્રી હરિની સ્વરુપનિષ્ઠાના પ્રાગટપણાનો ભાવાર્થ સમજાવતું અતિ ઉપદેશાત્મક એવુ "ધ્યાન પ્રકાશ" નામનું પુસ્તક, સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશિર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમુલ્ય સાધન બની રહે તેવી શ્રી નરનારાયણદેવના શ્રી ચરણકમળમાં પ્રાર્થના સહ.

શુભાશિર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પુ.ધ.ધુ.આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર - અમદાવાદ

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835


Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી



શ્રી ઘનશ્યામ મહારાજ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું

**શ્રી સ્વામિનારાયણ મંદિર**

સેક્ટર -૨, ચ રોડ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૪૦૦૬, ૨૩૨૩૪૦૯૨. મહંત સ્વામી સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ
તા. ૨૭-૩-૨૦૦૭

શ્રીજી મહારાજના પરમ લાડીલા
સર્વ સુજ્ઞ જનો પ્રત્યે
આ ધ્યાન પ્રકાશ નામના ગ્રંથમાં
આ ધ્યાન પ્રકાશ ભજન કરવાનું લખ્યું છે
જીવાત્માને ધ્યાન ભજન
તે પ્રમાણે કાળજી રાખી ધ્યાન ભજન
કરશો ને શ્રીજી મહારાજની આજ્ઞાઓ
કરશો તો ધ્યાનુ
બરાબર પાલન કરશો તો ભગવાન આપ સર્વે
સ્વામિનારાયણ ભગવાન રાજી થાશે ને પોતાની
સુજ્ઞ જનો ઉપર ઘણાજ દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું
માણીગર માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું
સુખ જરૂર આપશે
અમો પણ આપ સર્વે સુજ્ઞ જનો વતી
ધ્યાની શ્રીજી મહારાજ આગળ ખુબજ પ્રાર્થના
કરીએ છીએ કે હે દયાળુ હે દયાળુ આપ મારા
પ્રેમી સર્વે સુજ્ઞ જનો ને તમારી માણીગર
માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું સુખ વિશેષ
આપશો ને સર્વેને ખુબજ સુખીયા કરશો
ગાંધીનગર થી લી. આપ સર્વેનું
સદાય સુખ ઈચ્છક આપ સર્વેનો પરમ
સ્નેહી ધ્યાની સ્વામી હરિસ્વરૂપ દાસજીના
સુખ આશીર્વાદ પૂર્વક ઘણાજ સ્નેહ
શ્રી જયશ્રી સ્વામિનારાયણ વાંચશો

ધ્યાની સ્વામી



નિવેદન................

શ્રીજી મહારાજે શિક્ષાપત્રિ ૧૧૬ના શ્લોકમાં કહેલ છે કે, પોતાના આત્માને અક્ષર બ્રહ્મધામની સાથે એકતા કરીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તથા કારીયાણીના ૧૨માં ના વચનામૃતમાં કહેલ છે કે, કારણ શરીરની વાશના છે તે વજ સાર જેવી છે તે કોઈ રીતે જીવથી નોખી પડતી નથી. તે કારણ શરીરની વાશના ક્યારે તળે તો પોતાના આત્માને અક્ષર બ્રહ્મની સાથે એકતા કરીને આપણા ઈષ્ટ દેવ આપણા પ્રીય સર્વે અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાનની માધુરી માણીગર પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરીએ ત્યારેજ એ કારણ શરીરની વાશના ટળે છે ને તે વાસના નીરમુખ થઈ જાય છે ત્યારેજ ભગવાનના અક્ષરધામમાં ભગવાનની હજુર સેવામાં રહેવાય ને જ્યાં સુધી આપણી વાસના ન ટળી હોય ત્યાં સુધી ભગવાનની સેવામાં રહેવાતુ નથી તે આપણા સત્શાસ્ત્રોમાં લખેલ છે કે, આપણે આથી અગાઉ ચૌર્યાસીલાખ અવતારો ધાર્યા છે ને આપણે અસંખ્યાત દુ:ખો ભોગવ્યા હશે. ને જન્મ મરણના ફેરા આપણે ભોગવ્યાજ કરીએ છીએ તો હવે સાચે ભાવે ધ્યાન ભજન કરીશું તો આપણી સર્વે કશરો ભગવાન ટળાવી દેશે માટે આપણે કાળજી રાખી ધ્યાન ભજન કરવું. તે સ.ગુ. સત્તાનંદસ્વામીએ સત્સંગિજીવનના બીજા પ્રકરણમાં ધ્યાન કરવાની વાત લખી છે. તેમા પણ લખેલ છે કે આવી રીતે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે તેને દેહ ભાવ ટળી જાય છે ને સર્વત્ર મૂર્તિજ દેખાય છે. બીજુ કારીયાણીના ૭ના વચનામૃતમાં કહેલ છે કે, આત્યાંતીક કલ્યાણને પામીને જે સિધ્ધ દશાને પામે છે તે સર્વત્ર ભગવાનની મૂર્તિજ દેખે એટલે સર્વે ભગવાન થઈ ગયા, ન થયા પણ આવી રીતે જે ધ્યાન ભજન કરે તેની નીરાવરણ દ્રષ્ટિ થાય. તેથી બીજા આકાર ન દેખે ને ભગવાનની મૂર્તિજ દેખે ત. ભક્તચિંન્તામણીના ૧૪૧ ના પ્રકરણમાં પણ અવલબાઈની વાત લખી છે કે, તે બાઈ પણ આવી રીતે ધ્યાન કરતાં તેથી તે પણ દેહ ભાવ ભુલી ગયા અને સર્વત્ર ભગવાનની મૂર્તિજ દેખતા ત. ગોરધનભાઈ ત. શીવલાલભાઈ આદિ

ગણા ગૃહસ્થ ભક્ત તે પણ ભગવાનની મૂર્તિ દેખતા સંતોમાં સ.ગુ ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. સત્તાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, તથા સ.ગુ. પ્રેમાનંદ સ્વામી આદિ ઘણાંક સંતો ભગવાનની મૂર્તિ અખંડ સંભાળતા. તથા આદિ આચાર્ય મહારાજ અયોધ્યાપ્રસાદજી મહારાજ તે પણ અખંડ મૂર્તિ દેખતા ને મીઠું નાંખેલ લાડુ જમી ગયા તો પણ તેમને ખબર ન પડી એવુ ધ્યાન કરતા તે દેહભાન ભુલી ગયા. મેં પણ મોટા મોટા સંતોના ત. મોટા મોટા હરિભક્તોના દર્શન કરેલા તે પણ અખંડ મૂર્તિ સંભાળતા તે એવા મોટા મોટા સંતોનો સમાગમ કરેલો તેવા મોટા મોટા સંતોએ આર્શીવાદ આપેલા ત. મોટા મોટા હરિભક્તો હતા તે પણ અખંડ ભગવાન સંભાળતા તેમની જોડે પણ જ્ઞાન ગોષ્ટી હું કરતો ને ભગવાનના ધ્યાન ભજનની વાતો કરતાં ત. સં. ૨૦04 ના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ નરનારાયણ દેવ પીઠાધીપતિ પ.પુ.આચાર્ય મહારાજશ્રી દેવન્દ્રપ્રસાદજી મહારાજે મને બોલાવ્યો ને મને કહે "સાધુરામ આવું શું ધ્યાન કરો છો" ત્યારે મેં વિનયથી કહ્યુકે બાપજી મને આવડે તેવું થોડુ થોડુ ધ્યાન ભજન કરૂ છું આપ રૂડા આશીર્વાદ આપોજો ને વધારે ને વધારે ભગવાનનુ ધ્યાન ભજન કરૂં. તે પ.પુ. આચાર્ય મહારાજે બીજા સંતો થકી સાંભળ્યુ હશે કે આ સાધુ ધ્યાન કરે છે. તેથી પ.પુ. આચાર્ય મહારાજ શ્રી દેવન્દ્રપ્રસાદજી એ મારા માથે પ્રેમથી હાથ મુક્યોને રૂડાં આશીર્વાદ આપ્યા કે, "તમો ઘણું ધ્યાન ભજન કરજો" એમ પ.પુ. આચાર્ય મહારાજશ્રી એ આશીર્વાદ આપ્યા. તથા આપણા પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ પણ ખુબજ રૂડા આશીર્વાદ આપેલા અને કહેલ કે, "આવુ ધ્યાન કરોછો તે સારૂં છે" તથા મોટા મોટા સત્પુરૂષોના આશીર્વાદથી મને આવડે તેવું ધ્યાન ભજન કરતો તે સં. ૨૦03 થી કરીને સં. ૨૦૧૦ સુધી મોટા સંતો આશીર્વાદ આપતા ને મને આવડ્યું તેવા આપણા સંપ્રદાયના શાસ્ત્રો જે શીક્ષાપત્રી, વચનામૃત, ભક્તચિંન્તામણી, નીષ્કુળાનંદ સ્વામીનો ગ્રંથ તથા બાળચરિત્રો ત. ઘનશ્યામલીલામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતો, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતોના પાંચભાગ તથા સ.ગુ. નીર્ગુણદાસીજી સ્વામીની વાતો આદિ સત્શાસ્ત્રો





પણ વાચ્યા ને પાંચેય કથા સાંભળતો ત. મોટા મોટા સંતોનો સમાગમ કરતો. તથા તેના થકી ધ્યાન ભજનની વાતો સાંભળતો તે સર્વેના સમાગમ થકી મને આવડે તેવું ધ્યાન ભજન કરતો ને મેં વાચ્યા તે સત્શાસ્ત્રોમાં સારી સારી ધ્યાન ભજનની વાતો નોટમાં લખતો ત. મોટા મોટા સંતો જે ધ્યાન ભજન તથા ભગવાનના મહીમાની વાતો કરે તે પણ નોટમાં ઉતારતો. ત. કથામાં જે વાતો મોટા સંતો કરતા તે વાતો માંથી પણ મને સારી લાગે તે નોટમાં ઉતારતો ત. મોટા મોટા સારા હરિભક્તો જે ધ્યાન ભજનની વાતો કરતા તે પણ મને સારી લાગે તે વાતો નોટમાં ઉતારતા એમ સં. ૨૦03 થીકરી સં. ૨૦૧૦ સુધી જે જે વાતો ઉતારેલ તે વાતો અવારનવાર વાંચતો ને તેમાં મારાથી કાંઈ વરતવામાં ખામી હોય તે સુધારતો. ને તે વાતોનું અવારનવાર મનન કરતો તેથી મારા અંતરમાં ભગવાનનું સુખ સારૂ આવતું ને ભગવાનની મૂર્તિના સુખ વડે અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડતા ને અંતરમાં આનંદ આવતો. ને ભગવાનની મૂર્તિના સુખમાં બહુજ આનંદ આવતો ઓ....હો....હો....! એ મૂર્તિના સુખનીતો શું વાત કહેવાય એ સુખતો અલૌકિક કહેવાય. તે નોટો સં. ૨૦03 થી સે. ૨૦૧૦ સુધીની હતી તેને ઘણાંક સંતો ત. સારા સારા હરિભકિતો કહેતા કે આ ધ્યાનની વાતો છપાવોતો ઘણાંકને ધ્યાન વિશે સારૂ જાણવા મળે પણ સંજોગો વસાત રહી ગયું ને હાલમાં થોડા સમય પહેલા સંતો ત. ઘણાંક સારા સારા હરિભક્તો કહે આ ધ્યાનની ચોપડી છપાવો તો સારૂં. તે સર્વેની ઈચ્છા ત. મને પણ એમ થયું કે આ જગના જીવો બિચારાને જ્ઞાન, ધ્યાન ભજનનું કે ભગવાનના મહીમાનું જ્ઞાન બરાબર ન હોય તો આ નાની પુસ્તિકા ધ્યાનની વાંચે તો તેમનું સારૂં થાય ને તે જીવો ભગવાનને સંભાળે.

આ "ધ્યાન પ્રકાશ" ના પુસ્તક છાપવામાં પ્રુફ જોયેલ છે ને જે કાંઈ થોડી ઘણી ભુલો હોય તેને સુધારી છે. છતાં પણ જોવામાં કાંઈ ભુલ રહી ગઈ હોય ત. કાંઈ શબ્દો, જોડણી લખાવમાં ઓછો રહી. ત. કોઈ ધ્યાન ભજનની વાત વધારે કહેતા ડબલ લખાઈ ગઈ હોય કેમ કે આમાં ધ્યાનને લગતી બીજી વાતો હોય તે જરા ભળતી હોય તે લખવી પડે તેમ હોય ને તે લખાઈ ગઈ હોય. તે નીરખીર

ન્યાયે યોગ્ય ગ્રહણ કરશો ને કોઈ વાત સારી ન લાગે તે છોડી દેશો. ને આ ધ્યાનની નાની પુસ્તીકા કાંઈ મોટપ વધારવા સારૂ કે યશ કીર્તી માટે છપાવી-નથી પણ આ ધ્યાનની વાતો કોઈ વાચશે કે સાંભળશે ને તે પ્રમાણે ધ્યાન ભજન કરશે. તેના ઉપર સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન રાજીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ વિશેષ આપશે તે વિશે લખવાનું કે, અડાલજમાં જે બાઈએ વાવ કરાવી તેમાં લેખ લખેલ છે કે આ વાવમાં કોઈ ભગવાન કે મોટા પુરૂષ ન્હાસે તેથી મારૂ સારૂ થશે એમ એ બાઈએ લેખમાં લખેલ છે. એ ન્યાયે આ નાની પુસ્તિકા છપાવી છે. ત. આ ધ્યાન પ્રકાશ પુસ્તીકા છાપવાની વાત આપણાં સર્વેના લાડીલા પ.પુ. ધ.ધુ. ૧૦૦૮ પ.પુ. આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને અરજી કરી તો તેમણે પ્રેમથી આશીર્વાદ સહ આજ્ઞાપત્ર લખી આપેલ. તે આજ્ઞા પત્ર પણ આ પુસ્તકમાં છે, તે પ.પુ. આચાર્ય મહારાજશ્રીનો હું ઋણી છું.

આ પુસ્તકને છપાવવામાં કંમ્પ્યુટરની ડેટા એન્ટ્રી તથા તેની ડિઝાઈન તથા સેટીંગની સેવાનું કામ કણભાના પ.ભ. ઈનદ્રવદનભાઈ ઈશ્વરભાઈ પટેલ ઉર્ફે લાલાભાઈ ત. અમદાવાદના પ.ભ. શ્યામભાઈ જદુરામભાઈ સલાટ ત. અમદાવાદના પ.ભ. શ્રી રમેશભાઈ ભગવાનજીભાઈ સાચતા એમણે સારી સેવા કરી છે તેમના ઉપર સ્વામિનારાયણ ભગવાન રાજી થાય. આ ધ્યાન પ્રકાશ ગ્રંથમાં ધ્યાન ભજનની વાત લખી છે તે વાંચીને તે પ્રમાણે ધ્યાન ભજન કરે તે તેના ઉપર સર્વ અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય ને તે સર્વે ને દયાળું શ્રીજી મહારાજ પોતોની માધુરી માણીગર પ્રકાશમાન મુર્તિનું સુખ વિશેષ આપે ને તે સર્વે ને ભગવાન સર્વ પ્રકારે ખુબજ સુખીયા કરે એવે દયાળું શ્રી હરિ આગળ પ્રાથના.

**લી. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી**
મહંત શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨, ગાંધીનગર.





॥ શ્રી હરિ ॥

## ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

ધ્યાનના મહિમા વિષે મહાભારતમાં શાન્તિપર્વમાં બ્રહ્માજીએ કહ્યું છે કે જે પુરૂષ વાયુનું ભક્ષણ કરીને એક પગે ઉભો રહી એકસો વર્ષ પર્યંત તપ કરે, તેના કરતાં પણ ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરનારો યોગી ઉત્તમ છે.

વળી મોટા સંતોએ લખેલ છે કે શમ, દમ સાધન જે તે નીમીશ ધ્યાન નહી સમ તેતે તેનો અર્થ કે સંયમ રાખે દેહનું દમન કરે તેના કરતા પણ નીમીશ એટલે આંખનું મટકું ભરીયે એટલી વાર ધ્યાન કરે તે સર્વે થકી શ્રેષ્ઠ છે. વળી કહ્યું છે કે એક હજાર અશ્વમેઘ યજ્ઞ,એકસો રાજસૂયયજ્ઞ અને એક હજાર પુંડ્રરિક યજ્ઞના કરતાં પણ ધ્યાનનું ફળ વધી જાય છે કારણ કે યજ્ઞો વડે તો માત્ર સ્વર્ગાદિક સુખોની જ પ્રાપ્તિ થાય છે, પણ ધ્યાન કરનારા ભક્તને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે નેએવા ધ્યાનિષ્ઠ પુરૂષની સમીપ નિવાસ કરવો તે પણ શ્રેષ્ઠ છે. કારણ કે તેમના સમાગમે કરીને તેમના જેવા ગુણોનો ક્રમેક્રમે તે ભક્તમાં આવિર્ભાવ થાય છે. હવે ધ્યાતા-ધ્યાન કરનાર જીવાત્મા ધ્યાન ભગવાનના સ્વરૂપનું ધ્યેય એટલે જે પરમલક્ષ્ય અથવા ધ્યેય, ભગવાનના ધ્યાનનું પ્રયોજન જે માયિક પદાર્થોનો ત્યાગ કરી સર્વ વૃત્તિઓનો નિરોધ થાય ત્યારે ધ્યાનની સિદ્ધી થઈ સમજવી વળી કહ્યું છે કે

ધ્યાન કરવાના પ્રકાર ધ્યાનનો કરનારો જે ભક્તજન ચાલતો થકો, બેઠો થકો જાગતો થકો, સુતો થકો પોતાના નેત્રને ઉઘાડતો થકો પુરૂષોતમ ભગવાન તેનું નિરંતર ધ્યાન કરે કેવી રીત્યે તો તે ભગવાનના ચરણાવિન્દ આદિક એક એક અંગ તેનું પૃથક પૃથક ધ્યાન કરે અથવા સમગ્ર મૂર્તિનું ભેળું ધ્યાન કરે. વળી કહ્યું છે કે

ધ્યાન કરનારો ભક્ત તે પોતાના આત્માને બ્રહ્મ-અક્ષરરૂપ જાણે અર્થાત્ અક્ષરબ્રહ્મ સાથે એકત્વ ભાવને પામ્યો છું એમ એ ભક્ત સમજે અને ધ્યેય જે ભગવાન તેને પોતાના અતિ સામર્થ્યયુક્ત સ્વામીરૂપે પોતાના હૃદયમાં વિરાજમાન છે એમ સમજે એવા સ્વામિનારાયણ ભગવાન તે પરબ્રહ્મ છે. અર્થાત્ અક્ષરબ્રહ્મ કરતાં પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિકે કરીને અતિશય ઉત્કૃષ્ટ છે એવી

પોતાના અંતરમાં અખંડ ભાવના કરીને પોતાની સકલ ચિતવૃત્તિને એ સ્વરૂપમાં તદાકાર રાખી, કાચબો જે પ્રમાણે પોતાના બધા બાહ્ય અવયવોને ઉદરમાં (પેટમાં) ખેંચી લે છે એ પ્રમાણે અંતર્મુખ વૃત્તિ કરીને બધી એકાદશે ઈન્દ્રિયોને અંતરમાં જ સમાવી દે છે. એક ભગવાન સિવાય ત્રિલોકમાં બીજી કોઈપણ વસ્તુને જુએ-જાણે-વિચારે-કલ્પે નહીં. શ્રી હરિમાં જ જોડાઈ રહે તેને ધ્યાનનો આરંભ થયો કહેવાય.

વળી ધ્યાન કરવા બેસવું ત્યારે શુદ્ધ, સ્વચ્છ, નિર્મળ અને પવિત્ર સ્થાને બેસવું, બેસવું ત્યારે પ્રથમ પહેલાં સાંખ્ય વિચારે કરી, જ્ઞાને કરી, આ દેહલોક, બ્રહ્માંડ આદિનો નાશ થઈ ગયું છે. એમ ભાવના કરવી. તે ગ. પ્ર. પ્ર. ના ૨૪ ના વચનામૃતમાં કહેલ છે કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિ અને પ્રકૃતિ-પુરૂષનું કાર્ય માત્ર કાંઈ નજરમાં આવતું નથી. તેને એકરસ ચૈતન્ય ભાસે છે. વળી ગ.પ્ર.પ્ર. ના ૧૨ ના વચનામૃતમાં પણ કહેલ છે કે જ્યારે આત્યંતિક પ્રલય થાયે છે ત્યારે એક ભગવાનનું અક્ષરધામ રહે છે તે આપણે પણ આવી રીતે જ્ઞાનરૂપ વિચારે કરીને આ પ્રકૃતિ-પુરૂષનું કાર્ય માત્ર નાશ પામી ગયું છે એમ માનવું ને એકજ શ્રીજી મહારાજનું અક્ષરધામ દિવ્ય પ્રકાશમાન છે. તે સિવાય કાંઈ પણ છે જ નહિં ને તે દિવ્ય પ્રકાશમાન અક્ષરધામ જ છે તે આપણાને પણ શ્રીજી મહારાજે શિક્ષાપત્રી ૧૧૬ના શ્લોકમાં કહેલ છે કે

સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને ભગવાનની મૂર્તિ જે તે સર્વકાળને વિષે ધારવી.

વળી ગઢડા પ્ર. પ્રકરણ ૨જના વચનામૃતમાં જણાવ્યા પ્રમાણે : 'જ્ઞાને કરીને સ્થિતિ થાય તો પ્રકૃતિ પુરૂષનું કાર્ય કાંઈ નજરમાં આવતું નથી. એકરસ ચૈતન્ય તેજ દેખાય છે અને તે તેજને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે. તે જ્ઞાન પ્રલય કર્યો કહેવાય, આપણે પણ આવી રીતે ધ્યાન કરવા બેસીએ ત્યારે આપણે વિચારે કરીને આત્યંતિક પ્રલય કરવો. આત્યંતિક પ્રલય થાય ત્યારે આલોક; સ્વર્ગલોક, બ્રહ્મલોક, આદિનો નાશ થાય છે અને ભગવાનનું અક્ષરધામ એકલું જ રહે છે. તે અક્ષરધામમાં





ભગવાનની મૂર્તિ જ રહે છે. આપણે પણ આવી રીતે વિચાર કરીને અક્ષરધામ સાથે એકતા કરીને ભગવાનનું ધ્યાન કરવું. આવી રીતે અભ્યાસ કરવાથી આસ્તે આસ્તે અખંડ ધ્યાન થાય છે.'

બીજુ પોતાના ત્રણ દેહ જે સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ તેમજ (પૃથ્વી,જળ, તેજ, વાયુ, આકાશ જે પંચભૂતનો આ સ્થૂલ દેહ કહેવાય તથા દશ ઈન્દ્રિયો તથા પંચપ્રાણ ને ચાર અંત:કરણ એમ ઓગણીસ તત્વનો સૂક્ષ્મદેહ કહેવાય. ને કારણ દેહ તે આ જીવાત્મામાં અનાદિ કાળના જે માયાના વિકારો પેસી ગયાં છે, જે અવ્યક્ત રાગો છે તે કારણ દેહ) કહેવાય એમ ત્રણ દેહના ભાવ જ્ઞાને કરીને ટાળી નાંખવા ને પોતાને ચૈતન્યરૂપ આત્મા માનવો. તે આત્મા અણું સરખો છે. તે આત્માને જે શ્રી હરિનું અક્ષર બ્રહ્મધામ તેની સંગાથે જ્ઞાનરૂપી વિચારે કરીને એકતા કરવી. કહેતાં એમ ધારવું કે શ્રીહરિનું અક્ષરબ્રહ્મધામ તેજ મારૂં સ્વરૂપ છે. કહેતાં તે અક્ષરબ્રહ્મધામની સંગાથે આપણે એકતા કરવી ને તે અક્ષરબ્રહ્મધામ તે અતિ પ્રકાશમાન છે, દિવ્ય છે, ને મહાસુખરૂપ છે, તે આવી ભાવના આપણે જ્ઞાનરૂપી વિચારથી કરવી તે આવી ભાવના કરવાથી આપણા અંતરમાં ભગવાનના સુખ વડે આનંદ આનંદ ને આનંદનો સાગર વહેવા માંડશે ને અંતરમાં અહો-અહોપણું વર્ત્યા કરશે ને ઠંડા ઠંડા શેરડા ભગવાનના સુખ વળે પડશે ને એમ થાશે કે ઓ....હો....હો......! આવડો બધો આનંદ અક્ષરબ્રહ્મની સંગાથે એકતા કરવાથી થયો તે આવી રીતે જ્ઞાનરૂપી વિચાર કરીને પછે ધ્યાન કરવા બેસવું. તે બેસવું ત્યારે એક પવિત્ર ઉનનું અથવા ધોયેલું આસન ઉપર પૂર્વમુખે અથવા ઉત્તર મુખે સ્થિર ચિત્ત કરી નાસીકાગ્રહ વૃત્તિ કહેતાં નીચી દૃષ્ટિ રાખી પ્રસન્ન મને સ્થિર થઈ બેસવું ને બેસવું ત્યારે સ્વસ્તિક આસને અથવા સુખાસને બેસવું ને પોતાના બન્ને હાથ ખોળામાં રાખવા અને પછી ધ્યાન કરવું ને ધ્યાનમાં પોતાના ઈષ્ટદેવ જે શ્રી ઘનશ્યામ મહારાજ અથવા હરિકૃષ્ણ મહારાજ અથવા સહજાનંદ સ્વામી અથવા પોતાના ઈષ્ટદેવની મૂર્તિ જે પોતાને પ્રિય હોય ને જેના દર્શન કરવાથી તેમાં પોતાના ચિત્તની વૃત્તિ સ્થિર થઈ જતી હોયે એવી એક જ મૂર્તિ ધ્યાનમાં રાખવી કેમ જે એકજ મૂર્તિ ધ્યાનમાં રાખવાથી તેમાં પોતાની

વૃત્તિ સ્વાભાવિક રીતે સ્થિર થાય છે તે એવી મૂર્તિનું ચરણથી શિખા સુધી એક એક ચિહ્ન તથા એક એક અંગનું શાંતિથી ધ્યાન કરવાનો હંમેશા અભ્યાસ કરવો.

વળી વેદોમાં જુદા જુદા પ્રકારના જે યજ્ઞો કરવાની જે ક્રિયાઓ બતાવી છે. તેના કરતાં ભગવાનના મંત્રનો જપ કરવો ઉત્તમ છે.આ મંત્ર જપ કરતાં ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન મેળવવું વધુ ઉત્તમ છે. પરંતુ રાગદ્વેષથી પર થએલ ધ્યાનની પ્રાપ્તિ તો જ્ઞાન કરતાં પણ વધુ ઉત્તમ છે. કેમ કે તેનાથી અનાદિ સિદ્ધ એવા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને ચિત્તનો નિરોધ થાય છે. તેથી જ શાસ્ત્રમાં ધ્યાનનો મહિમા સર્વથી અધિક કહ્યો છે. જપ કરવાથી, તપ કરવાથી વ્રત કરવાથી, યજ્ઞ કરવાથી કે દાન કરવાથી જુદા જુદા ફળ મળે છે. પરંતુ ભગવાનનું ધ્યાન કરવાથી કારણ શરીરની વાસના ટળી જાય છે. અને ભગવાનના સ્વરૂપના દર્શન થાય છે.

તે કારિયાણીના ૧૨માં વચનામૃતમાં કહ્યું છે કે.... 'કારણ શરીર છે એ જીવની માયા છે. તેજ કારણ શરીર તે સ્થૂળ, સૂક્ષ્મરૂપે થાય છે. માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ જીવની માયા છે. તેમજ વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે. તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજસાર જેવી છે તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સત્પુરૂષનો સમાગમ મળે ને તે સત્પુરૂષને વચને કરીને પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે. તે બળીને ખોખા જેવું થઈ જાય છે. જેમ આંબલીનું બીજ હોય, તે બીજની છાલ સાથે અતિદ્રઢ ચોંટી ગયું હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ શેકાઈને ખોખા જેવી થઈ જાય, તે પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય, તેમ ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીયાના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તોય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાનતા વાસના તેનો નાશ થતો નથી.

આવી રીતે ધ્યાનથી કારણ શરીરની વાસના બળે છે. તે વિના બળતી નથી. આવો ધ્યાનનો મહિમા સત્શાસ્ત્રોમાં કરેલ છે ઓ...હો...હો.....! ધ્યાનનો આવડો મોટો લાભ તથા આનંદ છે તે આવા લાભને તથા આવા આનંદને મુકી આલોકના





પદાર્થમાં શું પ્રીતિ રાખું. તે આવું જેને ધ્યાન સિદ્ધ કરવાની ઈચ્છા થાયે તેને બહાર અંતર શુદ્ધ રાખવું. તથા આહાર-વિહાર તથા બ્રહ્મચર્ય શુદ્ધ રાખવું. એમ સતશાસ્ત્રોમાં કહેલ છે.

એમ આહાર શુદ્ધ કરાયે તો જ અંત:કરણ શુદ્ધ રહે છે ને અંતકરણ શુધ્ધ રહે તોજ અખંડ ભગવાનની સ્મૃતિ રહે છે માટે આવી રીતે આહાર કહેતાં ખોરાક જમવો. વિહાર કહેતા જે હરવું-ફરવું, બોલવું, જોવું આદિ તે પણ યોગ્ય રીતે જરૂર પુરતું રખાયે તે વિહારની શુદ્ધિ કહેવાય. તથા બ્રહ્મચર્યની શુદ્ધિ કેવી રીતે તો ગઢડા પ્રથમ પ્રકરણના ૩૪ ના વચનામૃતમાં કહેલ છે કે ત્યાગીને અષ્ટપ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરવું. ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહેલ છે કે એક પત્નિવ્રત રાખવું. બીજી સ્ત્રીઓનો ક્યારેય પણ પ્રસંગ ન રાખવો ને વ્રત-ઓચ્છવ આદિના દિવસે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું ને ઋતુસમયમાં સ્ત્રીસંગ કરવો તે ઋતુ સમય ક્યારે કહેવાય તે સત્સંગી જીવન સત્શાસ્ત્રોમાં અધ્યાય ૮ નામાં શ્લોક નં. ૨૨-૨૩ માં વિગતવાર લખ્યું તે નીચે મુજબ કહેતા રજોદર્શનમાં આવે ને ચોથે દિવસે ન હોય ને ચોથે દિવસથી કરી ૧૬ દિવસ રૂતુકાળ કહેવાય.

બીજુ ગ.મ.પ્ર.ના ૧૦ ના વચનામૃતમાં કહેલ છે કે ચિત્ત સ્થિર કરવા માટે ભગવાનની મૂર્તિ અથવા બીજી કોઈ વસ્તુને એકી નજરે જોઈ રહેવું. એને શાસ્ત્રમાં ત્રાટકવૃત્તિ કહેલ છે.તે ત્રાટક કહેતાં ટેબલ ઉપર ત્રણ ફુટ દુર ભગવાનની મંગળાની મૂર્તિ કહેતાં ભગવાને એક પીતાંબર વસ્ત્ર ધારણ કરેલ હોય અને અન્ય કોઈ વસ્ત્ર પહેરેલ હોય નહિં તેથી આખી મૂર્તિના અંગોઅંગ સ્પષ્ટપણે દર્શનકરી શકાય. તેવી મૂર્તિને સામે એકી નજરે મટકું માર્યા વિના જોઈ રહેવું. તે અભ્યાસની શરૂઆતમાં થોડા મટકાં મરાઈ જવાયે. પણ ધીમે ધીમે અભ્યાસ કરી એકી નજરે મટકાંએ રહિત શ્રીહરિની મૂર્તિ સામું જોઈ રહેવું ને આંખો બળે, આંસું આવે, તોપણ મટકું ન મારવું તે આવી રીતે અભ્યાસ કરવાથી પાંચ મીનીટ, દશ મીનીટ, પંદર મીનીટ, ૩૦ (ત્રીસ) મીનીટ-એક કલાક એમ અભ્યાસ કરવાથી આપણા મનના ઘાટ સંકલ્પો ટળી જશે. ને વૃત્તિ સ્થિર થઈ જશે ને એવો ભાસ થશે કે જાણે આપણે ભગવાન

સામા ચાલ્યા જઈએ છીએ ને વળી અભ્યાસ સ્થિર થવાથી જાણે ભગવાન આપણા સામું ચાલ્યા આવે છે વળી ભગવાન હસતા હોયે, આદિ ભગવાનની મૂર્તિમાંથી આવો અનુભવ થાય છે તે આવો અનુભવ થવાથી આપણા અંતરમાં અહોઅહોપણું વર્ત્યા કરશે. ને ભગવાનના સુખ સંબંધી અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડશે ને અહો અહો પણું વર્ત્યા કરશે. આવા સત્‌શાસ્ત્રોમાં વચન લખેલા છે. તે આવો અભ્યાસ કરવાથી થાયે છે તથા સત્‌શાસ્ત્રોમાં પણ લખેલ છે. કે સંતસમાગમ કરવાથી પણ થાયે છે. તે સંતોના લક્ષણો શાસ્ત્રોમાં લખેલ છે એવા ત્રીસ લક્ષણેયુક્ત સંતોનો સમાગમથી પણ થાય છે, તે આવી રીતે વૃત્તિ સ્થિર કરી પોતાને પ્રિય એવી જે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તે ધ્યાનના ત્રણ પ્રકાર સત્‌શાસ્ત્રોમાં લખેલા છે. તે ત્રણે પ્રકાર તે કયા તો (૧) લોમ (૨) અનુલોમ અને (૩) પ્રતિલોમ તેમાં લોમનો અર્થ છે કે આપણે અહીં બેઠા થતા વડતાલ, ગઢપુર, છપૈયા, આદિ ધામોમાં પધરાવેલ મૂર્તિને અંતરમાં સંભાળવી કહેતાં દૂર અંતરે આવેલ ભગવાનની મૂર્તિને સંભાળવી તે લોમ વૃત્તિ કહેવાયે.

અનુલોમવૃત્તિ સત્‌શાસ્ત્રોમાં કહેલ છે કહેતાં આપણા નજીક, આપણા સામા-ભગવાન બીરાજમાન છે. તે મૂર્તિના દર્શન કરવાથી તે મૂર્તિને અંતરમાં-ધ્યાનમાં સંભાળવાતે અનુલોમ કહેવાયે.

પ્રતિલોમવૃત્તિ સત્‌શાસ્ત્રોમાં લખેલ છે કે આપણા અંતરમાં પાછી વૃત્તિથી મૂર્તિનું ધ્યાન કરાયે કહેતાં આપણા સામી મૂર્તિ ન દેખાયે પણ અંતરમાં પાછી વૃત્તિથી ભગવાનના દર્શન થાય કહેતા જેમ હનુમાનજીએ પોતાની છાતી ચીરીને અંતરમાં રામ ભગવાનના દર્શન કરાવ્યાં તેમ અંતરમાં ભગવાનની મૂર્તિના દર્શન કરીએ તે પ્રતિલોમ ધ્યાન કહેવાય ને આવી રીતે અભ્યાસ કરવાથી આપણા ત્રણ શરીરની ભાવના ટળી જશે. આપણે પ્રકાશમાન અક્ષરબ્રહ્મની સાથે એકતા થઈ જવાથી જેમ લોયાના ૧૪ ના વચનામૃતમાં શ્રી હરિએ કહેલ છે કે અમારા અંતરમાં અધો-ઉર્ધ્વ ચારેબાજુ પ્રમાણે રહિત તેજનો સમૂહ છે તેમાં દિવ્ય સિંહાસન છે ને તે દિવ્ય સિંહાસનને વિષે ભગવાનની મૂર્તિ પ્રકાશમાન છે ત્યાં જ મન અટકે છે વળી





ગ.મ.પ્ર.ના ૧૩ના વચનામૃતમાં પણ કહેલ છે કે અમારા અંતરમાં એકલું તેજ વ્યાપી રહેલું છે ને જેમ ચોમાસામાં આકાશમાં વાદળ છાઈ જાયે તેમ અમારા અંતરમાં એટલું તેજ છવાઈ રહેલું છે ને તેજને વિષે ભગવાનની પ્રકાશમાન મૂર્તિ દેખાય છે તે તેજને વિષે મૂર્તિ ઉભી દેખાય છે, બેઠી દેખાય છે, હરતી-ફરતી દેખાય છે. પણ આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતું નથી. ને આવી રીતે આપણા અંતરમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તે પ્રતિલોમ વૃત્તિ કહેવાય.

આવી રીતે સત્‌શાસ્ત્રોના વચન વાંચી વિચારીએ તથા સત્પુરૂષોનો સમાગમ કરવાથી આવી રીતે ધ્યાન કરવાથી આપણા અંતરમાં અહો અહોપણું વર્ત્યા કરે ને શાતિ, શાંતિ શાંતિનો અનુભવ થાય છે.

આવી રીતે સત્શાસ્ત્રોમાં ધ્યાનના પ્રકાર લખેલાં છે તે વાંચી વિચારી મનન કરી જીવમાં ઉતારી તે પ્રમાણે ધ્યાન કરવાથી અંતરમાં શાંતિ થાય છે. ને આ વાતનો વિષય નથી. આ અભ્યાસ કરવાથી જ અનુભવ થાયે છે ને પોતાથી ન સમજાયે તો સત્પુરૂષોનો સમાગમ કરવાથી ધીમે ધીમે જ્ઞાન થાય છે.

તે આવી રીતે પોતાના ઈષ્ટદેવની મૂર્તિ પોતાને પ્રિય હોયે ને જેમાં પોતાની વૃત્તિ સ્થિર થઈ જતી હોય એવી મૂર્તિનું ચરણથી કરી મસ્તક સુધી અંગોઅંગના ચિહ્નનું ધ્યાન કરવું તે ધ્યાન કહેવાય.

બીજુ આથી અગાઉ સતયુગમાં પણ આપણે હશું જ ને તે વખતે લાખ વર્ષનું આયુષ્ય હતું પણ આપણે પરમાત્માનો મહિમા બરાબર નહી સમજ્યા હોઈએ અને ભક્તિ પણ બરાબર નહી કરી હોયે તેથી મોક્ષ થયો નહિં ને ત્રેતાયુગમાં આપણે આપણે ક્યાંક હશું જ ને તે વખતે દશહજાર વર્ષની આયુષ્ય હતું ત્યારે પણ આપણે બરાબર ભજન કર્યું નહિ હોય તેથી મોક્ષ થયો નથી ત્યાર બાદ દ્વાપર યુગમાં પણ આપણો દેહ ક્યાંઈ હશે જ, તે વખતે એક હજાર વર્ષનું આયુષ્ય હતું. પણ ભગવાનનું બરાબર ભજન, ભક્તિ નહીં કરી હોય, તેથી મોક્ષ થયો નહી અને વળી કળિયુગ અને દ્વાપરની સંધિમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અવતાર ધર્યો હતો. તે સમયમાં પણ આપણે ક્યાંઈ હસુ જ ને શ્રીકૃષ્ણ પરમાત્માએ વૃંદાવનમાં ગોપ-ગોપી ગાયો આદિ

ઘણાંના કલ્યાણ કર્યા પણ આપણે તે જોગમાં બરાબર નહિં આવ્યા હોઈએ તેથી આપણો મોક્ષ થયો નથી. વળી સંવત ૧૮૩૭ માં આપણા ઈષ્ટદેવ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, પરબ્રહ્મ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ધર્મ ભક્તિને ઘેર છપૈયા ગામમાં પ્રગટ થઈને પૃથ્વી ઉપર ધર્મ પ્રચારનું કાર્ય કર્યું અને અધર્મનો નાશ કર્યો અને સત્યયુગ જેવા દેશકાળનું સ્થાપન કર્યું તે વખતે પણ આપણે ક્યાંક હઈશું. પણ ભગવાનને જેવા જાણવા જોઈએ, તેવા જાણેલા નહિં હોય, તેથી કરીને આપણી કંઈક ખોટ રહી ગઈ હશે. તેથી આપણે અક્ષરધામમાં પહોંચી શક્યા નથી. પણ હવે ભૂતકાળનો તેમજ ભવિષ્યકાળનો વિચાર ન કરતાં, હાલમાં વર્તમાનકાળ સુધારી લઈએ ને ભજન કરી છેલ્લો જન્મ કરી લેવો આ મનુષ્ય દેહનો નિર્ધાર નથી તે કેટલો સમય આ પૃથ્વી પર ટકશે તે આપણે ક્યાં જાણીએ છીએ ? તેથી જો હવે ભગવાનનું ધ્યાન ભજન બરાબર કાળજી રાખી કરીશું તો અગાઉ ભોગવેલ ૮૪ લાખ જન્મો તેમજ ૮૪ લાખ જન્મ ધરવા નથી, એમ એક કરોડ અડસઠ લાખ જન્મની કસર આ દેહે કરીને આપણે ટાળવાની છે. માટે આપણે સર્વેએ ભગવાનનો અપાર મહિમા સમજી ભગવાનનું ધ્યાન ભજન કરવાની કાળજી રાખવી.

ધ્યાનની રીત :

**ધ્યાન વિશે સમજણ :**

કોઈપણ ઉપદ્રવ વગરના સ્વચ્છ, એકાંત અને પવિત્ર સ્થાનમાં જઈ ધોએલું એક સ્વચ્છ આસન પાથરીને તેના પર પૂર્વાભિમુખે કે ઉત્તરમુખે સુખાસને અથવા સ્વસ્તિકાસને બેસવું અને બંને હાથની હથેળીઓ એકબીજા પર રહે તે રીતે પોતાના ખોળામાં રાખવી અને નાસિકાગ્રહ દૃષ્ટિ રાખીને કહેતાં નીચી દૃષ્ટિએ જોવું. દિવાલના કે બીજા કશાયના આધાર (ટેકા) વિના બેસવું.

અંતરબાહ્ય શુદ્ધિ કરીને જો ત્રાટકથી દૃષ્ટિ સ્થિર કરી હશે તો અંત:કરણ સ્થિર થઈ જશે અને ધ્યાનમાં ઝડપથી પ્રગતિ થશે. આમ છતાં ધ્યાનની શરૂઆત ઝડપથી કરવા માટે ત. અંતરની પુરી શુધ્ધતા થવાથી કે ત્રાટક સિદ્ધ થવાથી રાહ જોઈને બેસી રહેવાની જરૂર નથી. જેટલા પ્રમાણમાં અંતરબાહ્ય શુદ્ધિ વધશે અને ત્રાટક વધારે થશે





અને અભ્યાસ વધુ થશે. એટલા પ્રમાણમાં ધ્યાનનો આનંદ વધારે આવશે.પોતાના ઈષ્ટદેવમાં પૂરેપૂરી શ્રદ્ધા અને માહાત્મય હોય તથા સત્પુરૂષનો સમાગમ બરાબર હશે તો ભગવાનની દયા જલદી થશે. ભગવાનનો મહિમા બરાબર સમજી પુરૂષ પ્રયત્ન કરવામાં વિશેષ કાળજી રાખીશુતો દયાળુ ભગવાન જરૂર આપણાં અંતરમાં પોતાની માણીગર મૂર્તિનું સુખ આપશેજ.

**ધ્યાન:**

ધ્યાન કરવા બેસવું ત્યારે પ્રથમ દૃઢ સંકલ્પ કરવો ને પોતાને આત્મારૂપ માનવું પણ સ્થુળ, સુક્ષ્મ અને કારણ દેહથી જુદો છું. પરંતુ પ્રકૃતિ અને પ્રકૃતિના કાર્યોને કારણે અનાદિકાળથી આત્મા દેહ સાથે જોડાઈ ગયો છે. તેથી ધ્યાનની શરૂઆતમાં બેસતી વખતે આવો સંકલ્પ કરવા છતાં આવી સ્થિતિ ન થઈ હોય તે દેહભાન થોડુ રહેશે પણ તેની ચિંતા કર્યા વિના અભ્યાસ ચાલુ રાખવો. આત્માને બ્રહ્મરૂપ માનવો અને હૃદયમાં તેજોમય ભગવાનની મૂર્તિનું પ્રતિલોમ વૃત્તિથી ધ્યાન કરવું.

ભગવાનની મૂર્તિમાં સહેજે પણ મનુષ્યભાવ લાવવો નહી. ભગવાનનું એકેય અંગ-માનુષિક લોહી-માંસ-હાડકા અને ત્વચાનું બનેલું નથી. ભગવાનના બધાં અવયવો દિવ્ય છે. દૈદિપ્યમાન છે. એ તો સર્વ અવતારના અવતારી છે. સર્વ કારણના કારણ છે.અક્ષરધામના અધિપતિ છે. આ મૂર્તિમાંથી તેજ તેજના કિરણો છૂટે છે. તેમાંથી સમગ્ર મૂર્તિના દર્શનનો અનુભવ થશે.અને તેમાંથી ધ્યાન કરનાર ભક્તના અંતરમાં આનંદ આનંદ ને આનંદના ફુવારા વહ્યા કરશે.

શરૂઆતમાં આ દર્શન વધુ સમય ન રહે તો પણ નિરાશ (કાયર) થઈને આ પ્રયત્ન છોડવો નહિ. નિત્યે નિત્યે અભ્યાસ કરવાથી આસ્તે આસ્તે ધ્યાન કરવાથી ભગવાનની મૂર્તિના દર્શનનો આનંદ આવશે.

બીજુ ભગવાનની મૂર્તિ દિવ્ય, કિશોર, પ્રકાશમય એમ ધારવી મૂર્તિનો ધાતુ-પાષણ કે પ્રતિમાભાવ ટાળીને પ્રત્યક્ષ અક્ષરધામની મૂર્તિ છે. એવો આ મૂર્તિમાં ભાવ લાવવો તે ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ ના વચનામૃતમાં કહેલ છે કે, જેમ ચોમાસાને વિશે આકાશમાં વાદળાં છવાઈ રહ્યા હોય તેમ મારા હૃદયને વિષે એટલું તેજ વ્યાપી

રહ્યું છે. અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમાન છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે. તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી ને અતિશેશ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભૂજ છે. અને તે મૂર્તિના બે ચરણ છે. અતિશે મનોહર છે પણ ચારભુજા કે અષ્ટભુજા કે સહસ્ત્રભુજા તે એ મૂર્તિને નથી. એ મૂર્તિતો અતિ સૌમ્ય છે. અને મનુષ્યના જેવી આકૃતિ ને કિશોર છે તે એ મૂર્તિ ક્યારેક હરતી ફરતી દેખાય છે ક્યાકેક બેઠી દેખાય છે ને એ મૂર્તિને ચારેકોરે મુક્તના મંડળ ભરાઈને બેઠાં છે. તે સર્વે મુક્ત છે તે એકી નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. આ પ્રમાણે અતિશય પ્રકાશમાં ભગવાનની મૂર્તિ ધારવી. એમ શ્રીજી મહારાજે આપણાને ધ્યાન કરવા શીખડાવ્યું છે.

બીજુ ધ્યાન કરવામાં કેવી રીતે વૃત્તિ સ્થિર થાય તેનો ઉપાય ગઢડા મધ્ય પ્રકરણ-૧૦ના વચનામૃતમાં શ્રીજી મહારાજે નીચે મુજબ કહેલ છે.

'હવે યોગશાસ્ત્રનો મત કહીએ તે સાંભળો. તે યોગનો મત એમ છે જે, જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેને પ્રથમ દ્રષ્ટિ સ્થિર કરવી તે દ્રષ્ટિ સ્થિર કરવા સારુ ભગવાનની પ્રતિમા અથવા બીજુ કાંઈ પદાર્થ હોય તેમાં પ્રથમ દ્રષ્ટિને ઠરાવવી. પછી એક ને એક આકાર જોતાં થકા દ્રષ્ટિ સ્થિર થઈ જાય ત્યારે તે ભેળું અંત:કરણ પણ સ્થિર થાય છે, અને જ્યારે અંત:કરણ સ્થિર થાય છે ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારવી. તેમાં ધારણા કરનારા યોગીને પ્રયાસ ન પડે, સુખે ધરાય છે અને જો પ્રથમથી અભ્યાસ કરીને અંત:કરણ સ્થિર ન કરે તો જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે બીજાં પણ કેટલાંક ટિખળ આડાં આવીને ઉભા રહે માટે' યોગશાસ્ત્રનો એ સિદ્ધાંત છે જે 'પ્રથમ અભ્યાસ કરીને વૃત્તિ સ્થિર કરવી ને પછી ભગવાન સંગાથે જોડવી.'

બીજુ ત્રાટક વૃત્તિથી ધ્યાન કરવા સંબંધી : ભગવાનની મંગળાની મૂર્તિ ટેબલ ઉપર સામે પાંચ ફૂટ દૂર સ્પષ્ટપણે દેખાય તે રીતે ગોઠવવી અને તેના સામું મેષોન્મેષ નજરે જોવું. આંખો બળે તથા આંસુ આવે તો પણ તે જોવાનું છોડવું નહીં. આસ્તે આસ્તે પાંચ મીનીટ, દશ મીનીટ, પા કલાક, અડધો કલાક, એક કલાક સુધી જોવાથી વૃત્તિ સ્થિર થઈ જાય છે. અને અંતરમાં ભગવાનના સુખનો આનંદ આવે છે. તે





અભ્યાસ કરવાથી તે મૂર્તિ જાણે સામે ચાલતી આવે છે, બોલે છે, હાથ હલાવે છે. તેમ કલ્પના કરવી અને આપણે પોતે ભગવાન સામું ચાલીએ છીએ તેમ કલ્પના કરવી અને એમ કરવાથી અંતર સ્થિર થઈ જાય છે. અને મનના સંકલ્પ માત્ર ટળી જાય છે તે સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનમાં લખ્યું છે કે

'હવે મારા વા'લાને નહી રે વિસારું રે,

શ્વાસોઉશ્વાસે નિત્યે સંભારુ રે.... શ્વાસોઉચ્છાવાસે ભગવાનનું ભજન થયા કરે છે તેવું અનુભવાય છે. એનાથી અંતરમાં ભગવાનના સુખથી ઠંડા ઠંડા શેરડા પડે છે. અને ભગવાનના સુખનો આનંદ આનંદ ને આનંદ થયા કરે છે. આ દૃષ્ટિ સ્થિર કરવાની રીતને ત્રાટક કહે છે. અંતરબાહ્ય શુદ્ધિ સારી હોય તો ત્રાટક ઝડપથી સિદ્ધ થાય છે.

ત્રાટકમાં પ્રાણાયમની ક્રિયાઓ આપમેળે જ થાય છે. તે યોગની ક્રિયાઓ છે. તેથી ભોજન લીધા પછી એક કલાક સુધી ત્રાટક ન કરાય. ફળ-ફળાદિ કે દુધ જેવો હળવો નાસ્તો લીધા બાદ અડધો કલાક સુધી ત્રાટક ન કરવું.

આવી રીતે ત્રાટક કરવાથી વૃત્તિ સ્થિર થાય છે.

હવે ધ્યાન કરવા બેસવું ત્યારે વચનામૃત શિક્ષાપત્રી સત્સંગિજીવન આદિ શાસ્ત્રમાં સ્વામિનારાયણ ભગવાને ધ્યાનનો મહિમા ઘણો જ કહ્યો છે. કેમ કે ભગવાનના ભક્તોએ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તે કારીયાણીના ૧૨ ના વચનામૃતમાં કહેલ છે કે કારણ શરીરની વાસના ધ્યાને કરીને જ બળે છે. તે આંબલીયાનું દૃષ્ટાંત આપ્યું કે આંબલીયાની કાળી છાલ ક્યારેય નોંખી પડતી નથી પણ થોડું તેને અગ્નિમાં શેકે તો તે આંબલીયાની છાલ નીકળી જાયે છે. તેમ ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાય છે. વળી વચનામૃત ગઢડા પ્રકરણ પ્રથમના પાંચ માં કહેલ છે કે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, વળી ગઢડા પ્રકરણના ૧૫ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનું ધ્યાન કરવું તે મૂર્તિ ન દેખાયે તો પણ ધ્યાન કરવું તે પાંચ વર્ષ, કે પચીસવર્ષ કે ૧૦૦ વર્ષ થાયે તો પણ ધ્યાન કરવું તે ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો જરૂર ભગવાન દયા કરે જ છે તે મૂર્તિ દેખાય જ છે. વળી શિક્ષાપત્રી ૧૧૬, ના શ્લોકમાં કહેલ છે કે

પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ધ્યાન કરવું તે બ્રહ્મરૂપ એટલે પોતાના આત્મા ને ભગવાનના અક્ષરધામ સાથે એકતા કરીને ધ્યાન કરવું ભગવાનના ધામની સાથે એકતા એટલે શું, તો ભગવાનનું અક્ષરધામ પ્રકાશમાન છે. ને પ્રકાશમાન ભગવાનનું અક્ષરધામનેજ પોતાનું સ્વરૂપ માની ને તે પ્રકાશમાન ધામની સાથે આપણા આત્માને એક કરવો કે પ્રકાશમાન ધામ તે જ મારૂ સ્વરૂપ છે એમ માની ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તે અક્ષરધામનું વર્ણન ગઢડા પ્રથમ પ્રકરણના ૧૨ ના વચનામૃતમાં કહેલ છે કે આકાશમાં જેટલા તારા છે તેટલા સૂર્ય હોયે ને તેનો કેવો પ્રકાશ હોયે એવું પ્રાશમાન ભગવાનનું અક્ષરધામ છે ને પ્રકાશ કેવો હોયે તો બીલોરી કાચનો કેવો પ્રકાશ હોયે તેવો પ્રકાશમાન ભગવાનના ધામનો પ્રકાશ છે. ને લોયાના ૧૪ ના વચનામૃતમાં કહેલ છે કે "અધો ઉર્દ્વ" ચારે કોર પ્રમાણે રહીત પ્રકાશમાન અક્ષરધામ છે, વળી આજ મારે ઓરડે...... જે કિર્તન છે તેમા કહેલ છે કે,

*"મારૂ ધામ છે રે અક્ષર અમૃત જેનુ નામ..*
*અતિ તેજોમય રે રવી શશી કોટી વારણે જાય..*
*તેમા હું રહુ રે દ્વિભૂજ દિવ્ય સદા સાકાર"*

વળી ગઢડા મધ્ય પ્રકરણ ૧૩ ના વચનામૃતમોં ભગવાને કહ્યુ કે મારા આત્માને વિશે એકલું તેજ વ્યાપી રહ્યું છે જેમ ચોમાસામાં વાદળા હોય તેમ મારા આત્માને વિશે અતિશય પ્રકાશ છે. ને તે પ્રકાશને વિશે તેજોમય ભગવાનની મૂર્તિ છે ને તે પ્રકાશમાન મૂર્તિ અમારા હૃદયમાં અખંડ દેખાય છે પણ આ ગઢડુ શહેર કે આ ઓરડા ઓસરીઓ કાંઈ દેખાતા નથી તો આવી રીતે પોતાના આત્માને અક્ષરધામની સાથે આપણે એકતા કરીને પ્રકાશમાન એવો આત્મા ને પ્રકાશમાન અક્ષરધામની સાથે એકતા કરીને પ્રકાશમાન મૂર્તિ પોતાના હૃદયમાં ધારવી. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦ ના વચનામૃતમાં કહેલ છે કે અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ છે તેના ઉત્તરમાં કહ્યું કે જે પોતાના સ્વરૂપને જોતો નથી તે જ અજ્ઞાનીમાં અજ્ઞાની ઘેલામાં ઘેલો, નીચમાં નીચ તે વળી શુકાનંદ સ્વામી એ દલીલ કરી કે પોતાનું સ્વરૂપ જોવું તે પોતાના હાથમાં છે અનેજો પોતાના હાથમાં હોય તો જીવ શીદ અજ્ઞાની રહે તેના ઉત્તરમાં





શ્રીજી મહારાજે કહ્યું કે જેને સત્સંગ થયો છે તેને પોતાનું સ્વરૂપ જોવું તે પોતાના હાથમાં જ છે. એણે કયે દિવસે અભ્યાસ કર્યો ને ન દેખ્યું. અભ્યાસ કરે તો આત્મા દેખાયને આત્માને વિશે રહેલા ભગવાન પણ તેજોમય દેખાય તો આવી રીતે જો ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો જરૂર આત્મા પરમાત્મા દેખાયજ. માટે આપણે આવી રીતે પ્રકાશમાન બ્રહ્મરૂપ થઈને પ્રકાશમાન ભગવાનની મૂર્તિ પોતાના હૃદયમાં જોવી ને ધ્યાન કરવા બેસવું ત્યારે. શિક્ષાપત્રીના ૧૧૬ ના શ્લોકમાં કહેલ તેમ પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને તે બ્રહ્મરૂપ પ્રકાશમાન તેને વિશે પ્રકાશમાન ભગવાનની મૂર્તિ અંતરમાં જોવી ને ધ્યાન કરવા બેસવું ત્યારે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪ ના વચનામૃતમાં કહેલ છે કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તેને પ્રકૃતિ અને પ્રકૃતિનું કાર્ય માત્ર કાંઈ પણ દેખાય નહીં, એ પ્રકાશમય ભગવાનનું અક્ષરધામ દેખાય તે ધ્યાન કરવા બેસવું, ત્યારે સાંખ્ય વિચાર કરવો કે આ બ્રહ્માંડનો પ્રલય થઈ ગયો છે તે પ્રલય થાય ત્યારે પૃથ્વી, જળ, આકાશ આદિ, તથા આલોક, આ દેહ આદિ નાશ થઈ ગયો છે તે આ દેહ આદિ કાંઈ દેખાય નહી એમ જ્ઞાન પ્રલય વિચાર કરીને કરવો ને એક પ્રકાશમાન અક્ષરધામ દેખાયે ને તે પ્રકાશમાન અક્ષરધામને વિશે જે પોતાને પ્રિય લાગે જે મૂર્તિ જેમા મન સ્થિર થાયે એવી ઘનશ્યામ મહારાજની મૂર્તિ અથવા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ અથવા સહજાનંદ સ્વામીની મૂર્તિ તે જે પોતાને પ્રિય હોય ને પોતાની વૃત્તિ તેમાં સ્થિર થાય એવી પ્રકાશમાન મૂર્તિનું ચરણથી કરી ને શિખાસુધી એક એક અંગનું ધ્યાન કરવું તે એક એક અંગ જોતા જવું ને લાંબે શ્વાસે ધીમે ધીમે સ્વામિનારાયણ ભગવાનનું બે વખત નામ લેતા જવું ને એક એક અંગ નીરખતા જવું ને પ્રકાશમાન અંગ ધારવું. તે એક એક અંગ કેવી રીતે તો શ્રીજી મહારાજના ચરણારવીંદમાં ૧૬ ચિહ્ન છે તે જમણા ચરણમાં ૯ ચિહ્ન છે ને ડાબા ચરણમાં ૭ ચિહ્ન છે તે ચિહ્નના નામ જમણા ચરણમાં અષ્ટકોણ, ઉદ્દવરેખા,સ્વસ્તિક,જાંબુને જવ, વજ્ર,અંકુશ કેતુ, પદ્મ એમ ૯ ચિહ્ન છે. ડાબા ચરણમાં ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર ને વ્યોમ એમ ૭ ચિહ્ન છે.

તે એક એક ચિન્હને નિરખતા જવું ને લાંબે શ્વાસે ઉચ્છ્વાસે સ્વામિનારાયણ

સ્વામિનારાયણ ભગવાનનું બે વખત નામ લેતા જવું ને એમ ભાવના કરવી કે આ ચિન્હ માંથી શીતળ અને શાંત એવો પ્રકાશ નીકળે છે એમ ધારવાથી આપણા હૃદયમાં શાંતિ શાંતિ થઈ જાયે ત્યારબાદ ભગવાનના બે ચરણના તળીયા રક્ત છે તે ને બે વખત નામ ભગવાનનું લેતા જવું ને એક એક તળીયાને અંતરમાં જોતા જવું ત્યારબાદ ભગવાનના જમણા ચરણની આંગળીઓ એક એક જોતા જવું ને બે વખત લાંબે શ્વાસે ઉચ્છ્વાસે નામ લેતા જવું ને ચાર આંગળીઓને જોવી તથા અંગુઠો જોવો ને તે આંગળીઓ તથા અંગુઠામાં ઝીણા ઝીણા કોમળ રોમના ચિહ્ન છે તે જોવા. ત્યારબાદ જમણા પગનો પણોચો જોવો ત્યારબાદ કાંડા જોવા તથા કાંડા ઉપર પોચો જોવા ત્યારબાદ ગોઠણ જોવા ત્યારબાદ સાથળ જોવા ત્યારબાદ કેડ જોવી ત્યારબાદ ડાબા પગના તળીયા રક્ત છે તે જોવા. ત્યારબાદ પગની આંગળીઓ જોવી. ત્યારબાદ અંગુઠો જોવો તેમાં સુક્ષ્મ રોમના ચિહ્ન જોવા ત્યારબાદ પગનો પણોચો જોવો. ત્યારબાદ કાંડા જોવા ત્યારબાદ કાંડા ઉપર ફીચો જોવી. ત્યારબાદ ગોઠણ જોવા તથા સાથળ જોવી તથા કેડ જોવી તથા વાંસાને જોવો તથા ઉંડી ને ગોળ નાભી જોવી. પેટ જોવું. પેટમાં ત્રીવળી જોવી. તથા પેટ જોવું, બન્ને સ્તન જોવા, હૃદય જોવું, છાતી જોવી, સ્તન ઉપર છાપના ચિહ્ન જોવા. ત્યારબાદ ડોક જોવી, કંઠ જોવો. ત્યારબાદ ભગવાનના જમણા હાથની એક એક આંગળીઓ જોવી. ત્યારબાદ હાથનો અંગુઠો જોવો. નખની પંક્તીનું ધ્યાન કરવું. ત્યારબાદ હથેળીનું ધ્યાન કરવું. હથેળીના તળીયા રક્ત છે. તેનું ધ્યાન કરવું. હથેલીમાં ઝીણી ઝીણી રેખાઓનું ધ્યાન કરવું. હથેળીના ઉપરના ભાગનું ધ્યાન કરવું. કાંડાનું ધ્યાન કરવું. કાંડા ઉપર છાપના ચિહ્નનું ધ્યાન કરવું. ભગવાનની કોણીનું તથા કોણી ઉપર ખભાથી નીચે ભગવાનના આયુધના ચિહ્નનું ધ્યાન કરવું. પછી ખભાનું ધ્યાન કરવું. ભગવાનના એક એક અંગ જોતા જવું ને લાંબે શ્વાસે ઉચ્છ્વાસે ધીમે ધીમે સ્વામિનારાયણ ભગવાનનું બે વખત નામ લેતા જવું ને ભગવાનનું ધ્યાન કરવું. ત્યારબાદ ડાબા હાથની એક એક આંગળી તથા અંગુઠો તથા હથેળીનું ધ્યાન કરવું. નખની પંક્તિનું ધ્યાન કરવું. આંગળી ઉપર સુક્ષ્મ રોમનું ધ્યાન કરવું. હથેળી રક્ત છે તેનું ધ્યાન કરવું. તેમા ઝીણીઝીણી રેખાનું ધ્યાન કરવું. ત્યારબાદ





કાંડા ઉપર છાપના ચિહ્નનું ધ્યાન કરવું. કોણી સુંદરનું ધ્યાન કરવું. કોણી ઉપરને ખભાની નીચે ભગવાનના હૃદયમા શ્રીવત્સ ચિહ્નનું ધ્યાન કરવું. તથા ખભાનું ધ્યાન કરવું. આવી રીતે લાંબે શ્વોસોઉચ્છ્વાસે ધીમે ધીમે બે વખત સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જવું ને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. પછે દાઢી જોવી બંન્ને હોઠ થોડા થોડા રક્ત જોવા જીભ જોવી, દાંત જોવા, ભાલ જોવું, ભાલમાં તિલક જોવું ત્યારબાદ મસ્તક જોવું. મસ્તકમાં ઝીણા ઝીણા રોમ જોવા. શિખા જોવી એમ એક અંગ જોતા જવું ને બે વખતે લાંબે શ્વાસઉશ્વાસે સ્વામિનારાયણનું નામ લેતા જવું ને ભગવાનની મૂર્તિને જોતા જવું. ભગવાનનું સ્વરૂપ એમ ધારવું જાણે રેશમી સુંદર પીતાંબર પહેરેલ છે. બાકી બીજા બધા અંગો ખુલ્લા ધારવા એ ઉત્તમ સ્વાંગ ધ્યાન કહેવાય. ને આવી રીતે અંગો અંગો જોઈને પછી આખી મૂર્તિ જોવી. જેમ પર્વત એક સામટો જોવાય તેમ ભગવાની આખી મૂર્તિ જોવી ને પછી એમ ધારવું કે દિવ્ય માણીગર મૂર્તિમાંથી જાણે શીતળ ને શાંત પ્રકાશ નીકળતો હોયે ને તે પ્રકાશમાન મૂર્તિના સુખમાં તલ્લીન બની જવાયે ને આપણાને આ દેહનું કે આ લોકનું કાંઈ ભાન રહે નહીં ને અંતરમાં આનંદ આનંદના સાગરમાં નાહ્વાજ કરાયે ને અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે અને ઓ...હો...હો પણું થઈ જાયે ને આનંદ આનંદના સુખમાં ગરકાવ થઈ જવાય ઓ....હો...હો... એમા તે કાંઈ દિવ્ય અલૌકીક સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે પછી જાણે ભગવાન મંદ મંદ હસતા હોયે મટકા મારતા હોય, હાથ હલાવતા હોય, ચાલતા હોય, બોલતા હોય, એમ ધારવાથી આપણાને મૂર્તિભાવ ટળી જાય ને જાણે આ અક્ષરધામમાં આપણે ભગવાનની માણીગર મૂર્તિનું સુખ લઈએ છીએ ને જાણે આપણે અક્ષરધામમાં જ બેઠા છીએ ને પછી આવી રીતે અભ્યાસ ભગવાનના ધ્યાનનો કરીએ તો જેમ ચુંબક દેખીને લોઢું ખેંચાય જાય તેમ આપણા અંતઃકરણની વૃત્તિઓ મૂર્તિમાં ખેંચાય જાય ને આપણા ને આલોકનું કે આદેહનું કાંઈ પણ ભાન રહે નહીં ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જવાય આ વાતનો વિષય નથી પણ આવી રીતે ભગવાનનું ધ્યાન કરવાથી ભગવાન જરૂર પોતાની માધુરી માણિગર મૂર્તિનું સુખ ભક્તોને આપે જ છે, માટે આપણે ભગવાનનો તથા શાસ્ત્રોનો તથા મોટા સત્પુરૂષના વચનમાં

વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તો દયાળુ ભગવાન પોતાના પ્રેમી ભક્તોને પોતાની માધુરી મૂર્તિનુ સુખ જરૂર આપે છે. વળી ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦ ના વચનામૃતમાં કહેલ છે કે "કયે દાડે કરવા મંડ્યાને ન થયુ " આવી રીતે ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો આત્મા દેખાય ને આત્માને વિષે રહેલા પ્રકાશમાન ભગવાન પણ દેખાયે આવી રીતે ધ્યાન કરે તેને જરૂર ભગવાન પોતાના પ્રેમી ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપે છે. તેનું તો કાંઈ વર્ણન થઈ શકે નહી. આવી રીતે જો ધ્યાન કરવાનો આપણે અભ્યાસ કરીએ તો ધ્યાળુ શ્રીહરિ પોતાની દિવ્ય માણિગર પ્રકાશમાન મૂર્તિનું સુખ ભક્તોને આપે જ છે ને આપશે જ માટે આપણે કાળજી રાખી આવી રીતે ધ્યાન કરવું. કેટલાક લોકોને ખબર તથા જ્ઞાન ન હોય તે એમ બોલે કે આવું ધ્યાન આ કળીયુગમાં ન થાય. જો ન થાય તો વચનામૃત, સત્સંગી જીવન, શિક્ષાપત્રી ખોટા કહેવાય માટે આવો અભ્યાસ કરે તો જરૂર આવું ધ્યાન થાયે જ છે અને થાશેજ તે કહેલ છે. "કે શ્રી હરિએ આસમે કળીયુગ ટાળીને સત્યુગ સત્સંગમાં સ્થાપ્યો." આવી રીતે અંતરમાં મૂર્તિનું ધ્યાન જે સંતો કે ભક્તો કરે તેને પ્રતિલોમ ધ્યાન કહેવાય.

ને ધ્યાનના પણ આપણા શાસ્ત્રમાં ત્રણ પ્રકાર કહ્યા છે એ ત્રણ પ્રકાર કયા તો એક તો લોમ, "લોમ" એટલે એટલી લાંબી વૃત્તિથી ભગવાનનું ધ્યાન કરવું કહેતા આપણે અહી બેઠા હોઈએતો અમદાવાદ કે વડતાલ કે ભૂજ, ગઢડા, આદિની મૂર્તિને જોવી હોય તો મૂર્તિ દેખાય તેને લોમ ધ્યાન કહેવાય.

બીજું અનુલોમ, અનુલોમ એટલે શું ? તો આપણે અહીં બેઠા છીએ ને આપણા સામે ભગવાન ઉભા છે કે બેઠા છે.આદિ ભગવાનનું ધ્યાન કરીએ ને તે મૂર્તિ દેખાય તે અનુલોમ કહેવાય. તે મધ્યમ ધ્યાન કહેવાય. તે આ બીજા પ્રકારના ધ્યાનમાં દેહભાવ રહે ખરો પણ પહેલા આવી રીતે સામે જોવાનો અભ્યાસ કરવો એમ કરતાં કરતાં આપણી વૃત્તિ એમ ધ્યાન કરવાથી સ્થિર થાય ને અંતરમાં આનંદ આનંદ આવે તેમા પણ અંગ અંગ જોવા એક એક અંગ જોતા જવું. બે વખત શ્વાસે ઉચ્છ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જવું ને છેલ્લે આખી મૂર્તિ જોવી. મૂર્તિમાં જાણે





શીતળ અને શાંત પ્રકાશ નીકળે છે તેવી રીતે ધ્યાન કરવું. આ ધ્યાનમાં મન સ્થિર થાય. પછી પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરવો, તો આસ્તે આસ્તે ભગવાનની મૂર્તિ આપણા હૃદયમાં દેખાય ને આનંદ આનંદ થઈ જાયે ને આ મનુષ્ય જન્મ પામીને આવા દિવ્ય સત્સંગમાં આપણાને ભગવાને જન્મ આપ્યો. આવા ભગવાન ઓળખાણા તો આપણે ધ્યાન ભજન કરી આ છેલ્લો જન્મ થઈ જાયે ને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહી જવાય એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે. તે આપણી જે જે કસર હોય તે શાસ્ત્ર વાંચીને સુધારો કરવો અથવા મોટા સંતોનો યોગ હોય તો સારા સત્પુરૂષોનો સમાગમ કરવો ને સંતોનો યોગ ન હોય તો શાસ્ત્ર વાંચીને પોતાની કસર ટાળવી.

ત્રીજું ધ્યાન પ્રતિલોમ, પ્રતિલોમ એટલે આ દેહ ન દેખાય, આલોક ન દેખાય, આ કાંઈપણ વસ્તુ દેખાય નહીં ને એક પ્રકાશમાન અક્ષરધામ દેખાય તેને વિશે પાછી વૃત્તિથી ભગવાનની મૂર્તિ દેખાય આપણા સામી ન દેખાય પણ અંતરમાં દેખાયે જેમ હનુમાનજીએ પોતાની છાતી ચીરીને હૃદયમાં પ્રતિલોમ વૃત્તિ વડે રામ ભગવાનના દર્શન કરાવ્યા તેમ પાછી વૃત્તિથી અંતરમાં મૂર્તિ દેખાય તે પ્રતિલોમ કહેવાય ને આ ધ્યાન ઉત્તમ કહેવાય. ને આવી રીતે ધ્યાનનો અભ્યાસ કરીએ તો જરૂર આપણાને પ્રકાશમાન અંતરમાં ભગવાન દેખાય ને આવી રીતે ધ્યાન કરવાથી આ દેહ, આ લોક, આ બ્રહ્માંડ કાંઈ દેખાય નહી ને પ્રકાશમાન અક્ષરધામ આપણું સ્વરૂપ થાય ને તેને વિશે પ્રકાશમાન મૂર્તિ દેખાય તે આ ધ્યાન અતિ ઉત્તમ છે પણ આ ધ્યાન અભ્યાસ કરવાથી જ થાય છે ને શાસ્ત્રના સિદ્ધાંતો જાણીને ત. મોટા સંતોના આશીર્વાદથી આ ધ્યાન જરૂર થાય છે.

આ પ્રતિલોમ ધ્યાન કહેવાયે. તે આવી રીતે આપણે હંમેશાં ધ્યાન કરવાનો ખટકો રાખીએ ને પંચ વર્તમાન બરાબર પાલન કરીએ તથા આહાર વિહારની શુદ્ધતા રાખીએ ને ત્યાગીને અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય પાલન કરવું. ગૃહસ્થને એક પત્નિવ્રત તેમાં વ્રત આદિમાં બ્રહ્મચર્ય પાલન કરીએ તો ત્યાગી હોય કે ગૃહસ્થ હોય તે બંને આ રીતે ધ્યાન કરે તો જરૂર ધ્યાન થાય જ છે એમા જરાય શંકાને સ્થાન નથી.

બીજું ધ્યાનના પણ ચાર પ્રકાર કહ્યા છે : (૧) સ્વાંગ ધ્યાન (૨) ઉપાંગ ધ્યાન (૩) સપાર્ષદ ધ્યાન (૪) સલીલ ધ્યાન એમ આપણા શાસ્ત્રમાં ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે.

**(૧) સ્વાંગ ધ્યાન :** એક પિતાંબર પહેરેલું હોય ને બીજા સર્વે અંગો ખુલ્લા હોય તે સ્વાંગ ધ્યાન કહેવાયે તે ઉત્તમ ધ્યાન કહેવાયે.

**(૨) ઉપાંગ ધ્યાન :** ઉપાંગ ધ્યાનના લક્ષણ જે ભગવાનની મૂર્તિ હોય તે મૂર્તિને પિતાંબર નોખા નોખા કલરના પહેરાવીએ ભાત ભાતના વાઘા પહેરાવીએ ભાત ભાતના શેલા ધરાવીએ ભારે ભારે ઘરેણાં પહેરાવીએ, માથે સોનેરી મોળીયું કે સારો મુગટ ધરાવીએ, આવી રીતે નોખા વાઘા આદિ ધરાવીએ તે ઉપાંગ ધ્યાન કહેવાય ને તે મધ્યમ ધ્યાન કહેવાય. ને વાઘા અને ઘરેણાં આદિ ભગવાને પહેરેલા હોય તેનું ધ્યાન કરવું. ને ધ્યાન કરતાં લાંબે શ્વાસે ઉચ્છ્વાસે બે વખત સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જવું ને ધ્યાન કરતા જવું. તો બીજા વિચાર ન આવે ને ભગવાનનું નામ લઈએ એટલે તેમાં મન પરોવી રહે.

**(૩) સપાર્ષદ ધ્યાન :** તે ધ્યાનમાં શું કરવું જાણે કે સ્વામિનારાયણ કે ઘનશ્યામ મહારાજ અથવા હરિકૃષ્ણ મહારાજ કે જે પોતાને મૂર્તિ પ્રિય હોયને જેમાં મન સ્થિર થાય તો તે મૂર્તિને ધારવી. તે જાણે મોટો હોલ હોય તેમાં સુંદર પલંગ અથવા દિવ્ય સિંહાસન ને વિશે ભગવાને સુંદર વાઘા ઘરેણાં આદિ પહેરેલા હોયે તેમાં ભગવાન બિરાજમાન હોયેને ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ આદિ ઘણા મુક્તો જાણે આ સભામાં સંતો, મુક્તો બેઠા હોય તથા ગોરધનભાઈ તથા પર્વતભાઈ તથા દાદાખાચર આદિ ઘણાંક હરિભક્તો સભામાં બેઠા હોયેને ભગવાન ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિની વાતો કરતા હોયે ને આપણે પણ જાણે આ સભામાં બેઠા છીએ. ને સંતો ભગવાનના કિર્તનો બોલે છે. વાંજિત્રો વગાડી ઓચ્છવ કરે છે આવી રીતે ભગવાનનું ધ્યાન કરવું તે સપાર્ષદ ધ્યાન કહેવાય. આ ધ્યાન પણ મધ્ય કહેવાયે. પણ આપણાને જે રીતે ધ્યાન કરવામાં આનંદ આવતો હોય તેવી રીતે ધ્યાન કરવું.

**(૪) ચોથું સલીલ ધ્યાન :** સલીલ ધ્યાન કેવી રીતે ? તો જાણે ભગવાન સંતો





હરિભક્તો સાથે રંગે રમે છે જાણે સંતો હરિભક્તોને પ્રેમથી જમાડે છે તથા જાણે હિંડોળામાં ભગવાન બિરાજમાન છે. ને સંતો ઝુલાવે છે. જાણે કોઈ ઠેકાણે સંતો હરિભક્તો સાથે ચાલે છે. ભક્તોને સુખ આપે છે. આવી રીતે નોખી નોખી લીલાનું ધ્યાન કરીએ તેને સલીલ ધ્યાન કહેવાય. આ ધ્યાન મધ્ય ધ્યાન કહેવાયે. હવે આપણાને જેવી રીતે ધ્યાન કરવામાં આનંદ આવે તેવી રીતે ધ્યાન કરવું ને ધ્યાન કરતાં બે વખત લાંબે શ્વાસેઉશ્વાસે ભગવાન સ્વામિનારાયણનું નામ લેવાનો અભ્યાસ કરવો. આ માટે ભગવાનનું નામ લઈએ તો મનમાં બીજા વિચારો ન આવે ને શાંતિથી ધ્યાન થાયે.

આ ચાર પ્રકારના ધ્યાનમાં પ્રતિલોમ ધ્યાન ઉત્તમ કહેવાયે માટે આપણે આસ્તે આસ્તે પ્રતિલોમવૃત્તી વડે ધ્યાન કરવાનો અભ્યાસ કરીએ તો જરૂર દયાળુ શ્રીહરિ પોતાના પ્રેમી ભક્તો ને પોતાની દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું સુખ આપે છે માટે આપણે કાળજી રાખી ધ્યાન જરૂર કરવું.

આવી રીતે ધ્યાન કરવાની જેને ઈચ્છા હોયે તેને પ્રથમ વૃત્તિ સ્થિર કરવી તે ગઢડા મધ્ય પ્રકરણના ૧૦ ના વચનામૃતમાં કહેલ છે કે યોગ શાસ્ત્રનો એ મત છે કે જેને ભગવાનનું ધ્યાન કરવું હોયે તેને પ્રથમ વૃત્તિ સ્થિર કરવી કેમ કે વૃત્તિ સ્થિર ન હોય તો ભગવાનના ધ્યાન કરવા બેસે ત્યારે બીજા ઘણાંક ટીખળ આડા આવે તે સંકલ્પ વિકલ્પ બહુ થાય માટે પ્રથમ વૃત્તિ સ્થિર કરવાને માટે ભગવાનની મૂર્તિ અથવા બીજા કોઈ વસ્તુ સામે મટકાં એ રહીત જોઈ રહેવું. તેને ત્રાટક કહેવાયે. તે ભગવાનની મૂર્તિ સામે જોઈ રહેવું મટકાં ન મારવા તે પ્રથમ અભ્યાસ કરવાથી થોડાક થોડાક મટકાં આવે પણ આસ્તે આસ્તે આવી રીતે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહએ તો આંખોમાં આંસુઓ આવે નાકમાં પાણી આવે તેમાં ગભરાવું નહીં આંસુ આવે તેને પ્રથમ કપડે થી લૂછી નાખવું તથા નાકમાં પાણી આવે તેને કપડે થી લૂઈ નાખવું. પણ આસ્તે આસ્તે આવી રીતે ભગવાનની મૂર્તિ સામું જોયા જ કરીએ તો પહેલા પાંચ મીનીટ પછી પા કલાક, અડધો, કલાક, કલાક સુધી પછી મટકું ન મારવું. આંસુ ભલે ચાલ્યા જાયે તેને લૂછવાની જરૂર નહી તે આવી રીતે ત્રાટકનો

અભ્યાસ કરીએ તો અંત:કરણના ઘાટ સંકલ્પો બંધ થઈ જાય ને શ્વાસે ઉચ્છ્વાસે લાંબે શ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું ભજન પોતાની મેળે થઈ જાયે. ને આવી રીતે અભ્યાસ કરે તો શ્વાસે ઉચ્છ્વાસે લાંબે શ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું ભજન જરૂર થાયે. બીજુ આપણે હંમેશા ચેષ્ટાના પદો બોલીએ છીએ તેમાં લખ્યું છે કે "હવે મારા વહાલાને નહીંરે વિસારૂ, શ્વાસે ઉચ્છ્વાસે નિત્ય સંભારૂં". એમ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે તો આપણે આવી રીતે અભ્યાસ જો ત્રાટકનો કરીએ તો જરૂર પોતાની મેળે શ્વાસે ઉચ્છ્વાસે ભજન થાયે છે. માટે આ ત્રાટકનો પણ અભ્યાસ કરવો. તે આવી રીતે ત્રાટક કરીએ એટલે પોતાની મેળે ભજન થાયે તેથી બીજા વિચારો ન આવેને સુખેથી ધ્યાન થાયે. વળી ભક્તચિંતામણીમાં લખેલ છે કે એક અંગ ભગવાનની મૂર્તિનું કહેતા આંખ મોઢું કે ગમે તે એક અંગમાં વૃત્તિ સ્થિર કરવી એમ કરવાથી પણ આપણા અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડે ને અંગ અંગમાં આનંદ આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા જ કરીએ ઓ....હો....હો.. એમાં તે કાંઈ દિવ્ય અલૌકિક સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે. આ બધો વાતનો વિષય નથી પણ આવી રીતે હંમેશા ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો જરૂર દયાળું ભગવાન પોતાના ભક્તોને પોતાની દિવ્ય પ્રકાશમાન માધુરી મુર્તિનું સુખ આપે જ છે. ને આપશેજ. એમ આપણા શાસ્ત્રોમાં લખેલ છે. મોટા મોટા સંતો આવી રીતે ભગવાનનું સુખ ભોગવતા જ હતા તેમજ મોટા મોટા હરિભક્તો જે ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ આદિ ઘણાંક હરિભક્તો પણ આવી રીતે ધ્યાન કરવાનો અભ્યાસ કરતા તો તેમને ભગવાન જરૂર પોતાની મૂર્તિનું સુખ આપતા જ હતા માટે આવી રીતે મળતે અવકાશે આ ત્રાટક કરવાનો અભ્યાસ કરવો તેથી સુખેથી ધ્યાન થાય છે.

## ધ્યાનના વચનામૃતો...

શ્રીજી મહારાજે કહ્યું છે કે ધ્યાન કરવું એ ધ્યાન કેવી રીતે કરવું? એ શિક્ષાપત્રીના ૧૧૬ ના શ્લોકમાં કહ્યું છે કે બ્રહ્મરૂપ થઈને ધ્યાન કરવું.

પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. બ્રહ્મરૂપ





કેવી રીતે માનવું તે વચનામૃતમાં કહેલ છે. કે પોતે એમ માને કે હું બ્રહ્મ છું, ચૈતન્ય છું, તે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો ધીરે ધીરે અભ્યાસ કરતા બ્રહ્મરૂપ થવાય છે. ને તે ધ્યાન કરવા બેસવું ત્યારે સાંખ્ય વિચારે કરી જગત લોક, દેહ બ્રહ્માંડ આદિ ને ખોટું કરવું તે શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪ ના વચનામૃતમાં કહ્યું છે. કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તેને આલોક બ્રહ્માંડ દેહ કાંઈપણ નજરમાં ન આવે તે કહ્યું છે કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તેને પ્રકૃતિ ને પ્રકૃતિ પુરૂષનું કાર્ય કાંઈપણ દેખવામાં ન આવે ને એકરસ ચૈતન્ય ભાસે છે. એમ જ્ઞાન પ્રલય વિચારે કરીને કરવો ને વળી લોયાના ૧૪ ના વચનામૃતમાં કહેલ છે કે અધોઉર્ધ્વ ચારેકોરે તેજનો સમૂહ છે તે તેજના સમૂહનો વિશે એક ભગવાનની મૂર્તિ જ દેખાય. વળી ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ના વચનામૃતમાં કહેલ છે કે મારા આત્માને વિશે એટલું તેજ વ્યાપી રહ્યું છે ને એ તેજને વિશે ભગવાનની મૂર્તિ છે તે જ મૂર્તિ દેખાય છે. પણ આ ગઢડુ શહેર કે આ ઓસરી આદિ કાંઈ જ દેખવામાં આવતું નથી. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૨૬ ના વચનામૃતમાં કહેલ છે આવી રીતે ભજન કરવું તે ભજન કરતા શૂન્ય ભાવને પામી જાય છે તથા આલોકમાં તેની વૃત્તિ સંકોચને પામે છે. વળી શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦ ના વચનામૃતમાં કહ્યું છે કે અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ તો, પોતાના સ્વરૂપને જે નથી જોતો એજ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂર્ખમાં મૂર્ખ, નીચમાં નીચ છે. ત્યારે શુક મુનીએ આશંકા કરી કે પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે જેને સત્સંગ થયો છે તેને તો પોતાનું સ્વરૂપ જોવું તે તો પોતાના હાથમાં જ છે. કયા દિવસે કરવા માંડ્યા ને ન થયું ? અભ્યાસ કરે તો આત્મા દેખાય અને આત્માને વિશે પરમાત્મા પણ દેખાય. વળી શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૫ ના વચનામૃતમાં લખ્યું કે ધ્યાન કરવું, ધ્યાન કરતા મૂર્તિ ન દેખાય તોય ધ્યાન કરવું. એવી રીતે અભ્યાસ કરે તો મૂર્તિ આત્માને વિશે જરૂર દેખાય. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૧૫ ના વચનામૃતમાં કહેલ છે કે ધ્યાન કરતાં પાંચ વર્ષ, દસ વર્ષ, પચીસ વર્ષ કે સો વર્ષ થાય તો પણ ધ્યાન કરવું. મૂકે નહી તો તેને જરૂર અંતરમાં મૂર્તિ દેખાય છે. વળી ગઢડા પ્રથમ

પ્રકરણના ૧૨ મા વચનામૃતમાં કહ્યું છે કે આકાશમાં જેટલા તારા છે તેટલા સૂર્ય હોય ને સમગ્ર પૃથ્વી બિલોરી કાચની હોય ને તે પ્રકાશ કેવો હોય તેવા પ્રકાશને વિશે ભગવાનની મૂર્તિ ધારવી, વળી ગઢડા પ્રકરણના ૨૨ ના વચનામૃતમાં કહ્યું કે મૃદંગ, સારંગી, સરોદા આદિ વાજિંત્રો વગાડી જે ભજન, કિર્તન કરે છે. તેમાં જો ભગવાનની મૂર્તિની સ્મૃતિ ન રાખે તો ગાયું તે પણ ન ગાયા જેવું છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૨૩ ના વચનામૃતમાં પણ કહ્યું છે કે થોડીવાર એકાગ્ર ચિત્તે ભજન કરે ને વળી જગતનું ચિંત્વન કરે તેને એવી સ્થિતિ થાય નહી પણ પાણીની ઝીણી શેર અખંડ વહેતી હોય તો પાણીનો ઘડો ભરાઈ જાય તેમ દરેક ક્રિયામાં ભગવાનની મૂર્તિનું ચિંત્વન કરવું વળી ગઢડા પ્રથમ પ્રકરણમાં ૨૫ ના વચનામૃતમાં કહેલ છે કે વીસ કોશ નો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય તેમાં જોર ન હોય પણ વીસે કોશના પાણી નો એક પ્રવાહ હોય તો નદીના જેવો બળવાન પ્રવાહ થાય તેમ આપણી વૃત્તિ દરેક માયિક પદાર્થમાંથી પાછીવાળી કરીને એક ભગવાનની મૂર્તિમાં રહેતો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય ને અંતરમાં આનંદ વર્તે વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭ ના વચનામૃતમાં કહેલ છે કે આવી રીતે ભગવાનની મૂર્તિનું જે સંત ધ્યાન કરે છે તો તેના ઉપર ભગવાનની બહુજ કૃપા થાય છે ને તેના નેત્રમાં જોનારા ભગવાન છે પગમાં ચાલનારા ભગવાન છે એમ દરેક ઈન્દ્રીયોમાં ભગવાન છે. તે એવા સંતો તો બ્રહ્માંડના આધાર છે. આવું જે ધ્યાન કરે છે તો તેના અંતરમાં ભગવાનની મૂર્તિનું સુખ અતીશય આવે છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તપણ વિષયસુખ ભોગવે છે અને જગતના જીવો પણ વિષયસુખ ભોગવે પણ તેમાં ઘણો ફેર છે. ભગવાનના ભક્ત ભગવાનની મૂર્તિ સંબંધી પંચ વિષયસુખ ભોગવે છે ને જગતના જીવો જગત સંબંધી પંચ વિષયનું સુખ ભોગવે છે. તે બન્નેમાં ઘણો ફેર છે. ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિ સંબંધી જ પંચ વિષયનું સુખ ભોગવે પણ જગત સંબંધી પંચ વિષયના સુખ ભોગવે નહીં તો જ એ ભગવાનનો ભક્ત કહેવાયને. વળી તે વચનામૃતમાં લખ્યું કે કથા-વાર્તારૂપી ચારો કરી ભગવાનની મૂર્તિ રૂપી માળો કે ખીલો તેમાં વિરામ કરો છો કે જ્યાં ત્યાં વિરામ કરો છો. તેમાં





લખ્યું કે હે મહારાજ ભગવાનની કથા-વાર્તા રૂપી ચારો ચરીને ભગવાનની મૂર્તિ રૂપી માળામાં જ વિરામ કરીએ છીએ. તે ખીલાને ઠેકાણે બહાર મૂર્તિનું ધ્યાન કરવું. ને માળાને ઠેકાણે અંતરમાં ધ્યાન કરવું. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૩૭ ના વચનામૃતમાં કહેલ છે. કે જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે આત્માની કોઈ નાત નથી, જાત નથી, આત્માનું કોઈ સગું નથી. માટે પોતાના સ્વરૂપને આત્મારૂપ માનવો. આવી રીતે માને છે તેના આત્માની અંદર પ્રકાશમાન ભગવાનની મૂર્તિ દેખાય છે. ને તે ભક્ત ભગવાનના સુખે સુખીયા થાય છે. એવા ભક્તના દર્શન કરે તેને ભગવાનના દર્શન કર્યા બરાબર પુણ્ય થાય છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તને સત્સંગ થયો હોયે ત્યારથી પોતાના અંતરનું નામું કરવું. ને નામું કરતા. જગતના ઘાટ ખોટા કરવા ને ભગવાનના ઘાટ ઘડયા કરવા, એમ ભગવાનનું ચિંતવન કરતાં પોતાના અંતરમાં આનંદ આવે છે. ને વ્યવહારતો જનક રાજાની પેટે ઉપરથી કરવો. પણ અંતરમાં નિર્વાસનિક રહેવું. એ જ સાચું છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૪૩ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનો ભક્ત ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા નથી રાખતો. ને એક ભગવાનની સેવાને જ ઈચ્છે છે. તે ચાર પ્રકારની મુક્તિ કઈ તો ? (૧) ભગવાનના લોકમાં રહેવું (૨) ભગવાનની સમીપે રહેવું (૩) ભગવાનના સરખું રૂપ પામવું (૪) ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું. એવી રીતે ભગવાનના ભક્ત ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા નથી રાખતા એક ભગવાનની સેવા ને જ ઈચ્છે છે વળી ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૪૪ ના વચનામૃતમાં કહ્યું છે કે સ્નેહનું શું રૂપ છે ? ત્યારે તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કર્યો કે પીંડ બ્રહ્માંડથી નિઃસ્નેહ રહેવું તે સ્નેહ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ સ્નેહનું રૂપ ન કહેવાય સ્નેહનું રૂપ તો એ કહેવાય કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે, તે કહેવાય કિર્તનમાં કહેલ છે. કે 'રૂડું સ્વામિનારાયણનું નામ નિત્ય સંભારીયે, વળી હરતાં ફરતાં ઘરનું કામ કરતા, ઘડી ન વિસારીએ' વળી નિષ્કુળાનંદસ્વામીએ લખેલ છે કે 'હવે મારા વ્હાલાને નહિ રે વિસારુરે, શ્વાસોઉચ્છ્વાસે નિત્ય સંભારૂં' જુઓ એમાં કહેલ છે કે શ્વાસોઉચ્છ્વાસે નિત્ય સંભારૂં આપણે પણ આવી રીતે અભ્યાસ

કરવાથી જરૂર થાય છે. એમ મોટા સંતો કહેતા, માટે આપણે સાવધાની રાખવી. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૪૬ ના વચનામૃતમાં લખેલ છે કે આપણે ધ્યાન ભજન કરવા બેસીએ ત્યારે કાચબાના અંગની પીઠે વૃત્તિ સંકોચ કરીને કરવું. કાચબો જ્યારે વિકાસને પામે છે ત્યારે તેના પગ, મોઢું આદિ દેખાય છે. જ્યારે તે કાચબો સંકોચને પામે છે ત્યારે રૂઢ-મુઢ થઈ જાય છે. એનું એકેય અંગ દેખાવામાં નથી આવતું તેમ આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે આપણી સર્વે વૃત્તિઓનું સંકોચ કરીને ભગવાનની મૂર્તિને આકારે કરવી. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૪૯ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાનની મૂર્તિમાં જ રહે જેની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં ન રહે તો તે ભગવાનનો ખરો ભક્ત ન કહેવાય. વળી પ્રશ્ન પૂછ્યો તેવી રીતે ભગવાનની વૃત્તિ રાખવાનો શું સાધન છે ? તો તેના ઉત્તરમાં કહ્યું છે કે તેનું સાધન તો અંતરવૃત્તિ જ છે. તે અંતરવૃત્તિ કોને કહેવાય ? તો બહાર અથવા અંતરમાં ભગવાનની મૂર્તિ સામે જે વૃત્તિ રહે તેને અંતરવૃત્તિ કહેવાય. તે અંતરવૃત્તિ રાખવાનો અભ્યાસ કરીએ તો જરૂર થાય છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૫૦ ના વચનામૃતમાં કહ્યું છે કે જેની કુશાગ્રબૃદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્ર બુદ્ધિ કોની કહેવાયે. તો જે પોતાના જીવના કલ્યાણને અર્થે જતન કરે તે જ કુશાગ્ર બુદ્ધિવાળો કહેવાય અને જે પોતાના જીવના કલ્યાણના અર્થે જતન ન કરે તેને જાડી બુદ્ધિવાળો જાણવો. વળી જીવનું કલ્યાણ કેમ થાય તો ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખે તો જીવનું કલ્યાણ થાય. વળી કહ્યું છે કે જગતના જીવો સુતા છે તેમા ભગવાનના ભક્તો જાગ્યા છે કહેતા ભગવાનના ભક્તો ભજન કરે છે તેમાં જગતના જીવો ભજન નથી કરતા. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧ ના વચનામૃતમાં કહ્યું છે કે તેમાં પુર્ણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનનો નિશ્ચય કેમ થાય ? ત્યારે તેનો ઉત્તર કર્યો કે ભગવાનનો ભક્ત સત્સંગ કરતા તથા સંતસમાગમ કરતાં બ્રહ્મરૂપ થઈ જાય છે ને એ ભક્તના ઈન્દ્રીયો અંતઃકરણ ભગવાનની મૂર્તિને આકારે થઈ જાય છે. તે અભ્યાસ કરતા કરતા તેં ભક્ત એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. બીજો કોઈ આકાર દેખાતો નથી. એક ભગવાનની મૂર્તિ દેખે તે લખ્યું છે કે હિરે કરી





હિરો વીંધાય છે. તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. તે ભક્તની વૃત્તિ સર્વમાંથી તૂટી ને એક ભગવાનની મૂર્તિમાં જોડાય છે. તે કિર્તનમાં કહેલ છે. કે "અનુભવીને અંતરે રહે રામ વાસે રે જ્યાં જુએ ત્યાં રામજી બીજુ કાંઈ ન ભાસે રે" તે શું બધાયે ભગવાન થઈ જાય ના. થાય પણ તે ભક્તની આવી નિર્ગુણ સ્થિતિ થાય છે તેથી તેને ભગવાનની મૂર્તિ વિના કાંઈ દેખાતુ નથી. આપણે પણ આવો અભ્યાસ કરવાથી જરૂર થાય છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪ ના વચનામૃતમાં કહ્યું છે કે ભાગવત્ ધર્મનું પોષણ કેમ થાયે ને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ત્યાં પણ કહ્યું છે કે સંત પુરૂષનો સમાગમ કરે તો જરૂર તે બન્ને થાય છે માટે સત્પુરૂષનો સમાગમ કરવો તે કિર્તનમાં બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે કે "સંત સમાગમ કીજે હો નિશ દિન સંત સમાગમ કિજે" તે સંત સમાગમ કરવાથી જ જીવનું કલ્યાણ થાય છે ને જીવનો મોક્ષ થાય છે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬ ના વચનામૃતમાં લખેલ છે કે ચાર પ્રકારના ભક્ત છે. તેમાં જ્ઞાની અધિક છે. તે ચાર પ્રકારના ભક્ત કયા ? તો એક આર્ત એટલે દુઃખી. બીજો જીજ્ઞાસુ એટલે તેને કાંઈપણ જાણવાની ઈચ્છા હોય. ત્રીજો અથાર્થી કે તેને કાંઈપણ અર્થ સિદ્ધ કરવો હોય તે ચોથો જ્ઞાની તે જ્ઞાનીને તો એક ભગવાનની મૂર્તિમાં હેત હોય તે જ્ઞાની કહેવાય. તે જ્ઞાની કે ને કહેવાયે તો જે તે આત્મા પરમાત્માનું જ્ઞાન હોય તે જ જ્ઞાની કહેવાયે. તે જ્ઞાની ભક્તને ભગવાનને કહ્યું છે કે તે મારો આત્મા છે વળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે જ્ઞાની તેને ગણીએ જેને હરી મૂર્તિનું જ્ઞાન છે. જેને ભગવાનની મૂર્તિનું જ્ઞાન હોય તે જ ખરો જ્ઞાની કહેવાય. ને વળી ૫૬ ના વચનામૃતમાં લખેલ છે કે આવી રીતે જ્ઞાને કરીને ભજન કરે તો તે મોટો ભક્ત કહેવાયે. ને તે ભગવાનનો મહિમા બહુ જાણેને વળી કહ્યું છે કે ગમે તેવો પાપી હોય ને અંતઃકાળે સ્વામિનારાયણ ભગવાનનું નામ લે તો તેના સર્વે પાપ બળી જાય છે. તે ભગવાનનો આવો મહિમા છે તે પાપી હોયે તે ભગવાનનું નામ લઈ શકે તો આપણે ભગવાનના ભક્ત છીએ, તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૬૧ ના વચનામૃતમાં ભગવાને કહેલ છે કે ભગવાનના ભક્તને સિદ્ધિઓ આડી આવે છે. જે ભગવાનનો પરિપક્વ

ભક્ત થયો હોયે તો તે સિદ્ધિઓમાં ન લોભાય પણ કાચો-પોચો ભક્ત હોય તે સિદ્ધિઓમાં લોભાય છે. તો આપણે ભગવાનના ભક્ત છીએ તો કોઈપણ સિદ્ધિઓમાં લોભાવું નહી. એક ભગવાનની મૂર્તિમાં જ વૃત્તિ રાખવી. તે વામનજી ભગવાનનું દૃષ્ટાંત છે તે બલિ રાજાની વામનજીએ પરીક્ષા લીધી તે બલિ રાજાનું રાજ્ય લઈ લીધું. બે પગલામાં તો ત્રિલોકનું રાજ્ય લઈ લીધું. ત્રીજા પગલામાં બલિ રાજાએ પોતાનું શરીર આપ્યું ને પાતાળમાં બલિરાજાને બેસાડી દીધા તો પણ બલિ રાજા જરાપણ દુ:ખ ન પામ્યા ને રાજી થયા. તેવી પરીક્ષામાં પાસ થયા તેથી વામનજી ભગવાન રાજી થયા ને બલિ રાજાને કહે કાંઈ માંગો ત્યારે બલિ રાજાએ માંગ્યું કે અખંડ મારા પાસે રહો તે બલિરાજાની આવી નિષ્ઠા જોઈ વામનજી ભગવાન બલિરાજા પાસે અખંડ રહે છે. ક્ષણમાત્ર પણ તે બલિરાજાથી દૂર જતા નથી. તેવી રીતે આપણે પણ ભગવાનને અખંડ સંભારશું તો જરૂર ભગવાન આપણાને અખંડ દર્શન આપશે. ને આપણને ભગવાન વશ થઈ જશે. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦ ના વચનામૃતમાં કહ્યું છે કે ઈન્દ્રીયો અંત:કરણ સાથે લડાઈ કરવી. જો લડાઈ કરીએ તો જરૂર ભગવાન એની સહાયતા કરે છે. ને ગઢડા પ્રથમ પ્રકરણના ૭૫ ના વચનામૃતમાં કહ્યું છે કે જે ભગવાનનો ભક્ત થાય છે. તેની ૭૧ પેઢીનું કલ્યાણ થાય માટે ભગવાનના બરાબર ભક્ત થાવું તે ભકતના લક્ષણ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં લખેલ છે કે પોતાના આત્માને સત્ય જાણે ને દેહને મિથ્યા જાણે. માટે ભગવાનના ખરા ભક્ત બનવું. વળી ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮ ના વચનામૃતમાં લક્ષ્મણાનંદ સ્વામીના પ્રશ્નમાં કહેલ છે કે આઠે પહોર અહો અહો પણું કેમ સમજીએ તો રહે તેના ઉત્તરમાં કહેલ છે કે ભગવાનનો અલૌકિક મહિમા સમજીએ તો આઠે પહોર અહો અહો પણું રહે. તે મહીમા એમ સમજવો કે આ ભગવાન જે છે તે અક્ષરધામના અધિપતિ છે અને તે સર્વ સુખના નિધિ છે. તે ભગવાન મને મળ્યા છે તે મારા મોટા ભાગ્ય છે એમ ભગવાનનો મહિમા સમજાય તો આઠે પહોર આનંદ વર્ત્યા કરે વળી સારંગપુરના પહેલા વચનામૃતમાં કહેલ છે કે એક નિમિષમાત્ર જો ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યુ હોય તો એમ થાય કે તે સુખ લાખો વર્ષો સુધી લીધું હોય તેવું ભગવાનની





મૂર્તિમાં સુખ છે. વળી સારંગપુરના બીજા વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના દર્શન ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્ર થઈ ઈન્દ્રિયો અંત:કરણને એકાગ્ર રાખીને કરે તો એના અંતરમાં આનંદ વર્ત્યા કરે તે ગદ્‌ગદ્‌ કંઠે કોને કહેવાય ? તો ભગવાનની પ્રાર્થના કરતા હૃદય ભરાઈ જાય ને અંતરમાં ભગવાનના સુખનો આનંદ આવે ને વળી રોમાંચિત ગાત્ર કોને કહેવાય તો ભગવાનની પ્રાર્થના કરતા રુવાડાં ઉભા થઈ જાય ને ભગવાનની મૂર્તિના સુખ વડે અંતરમાં આનંદ આનંદ વર્તયા કરે. વળી સારંગુપુરના તે બીજા વચનામૃતમાં લખેલ છે કે ભગવાનની મૂર્તિના દર્શન કરવા તે ધર્મપુરના કુશળ કુંવરબાઈ હતા. તે દ્રષ્ટિ પલટાવીને દર્શન કરતા. તે દ્રષ્ટિપલટાવી કેવી રીતે તો ભગવાનની મૂર્તિના દર્શન કરીએ. વળી આંખો મીચીને અંતરમાં દર્શન કરીએ તો જેવા બહાર દર્શન કર્યા હોય તેવા અંતરમાં અખંડ દેખાય તેથી તે ભક્તના અંતરમાં ભગવાનનું સુખ વર્તે ને આનંદ વર્તયા કરે માટે ભજનમાં કાળજી રાખવી. વળી સારંગપુરના સાતમાં વચનામૃતમાં કહ્યું છે કે જ્યાં ભગવાનના એકાંતીક સંત રહેતા હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું ત્યાં જપ-તપ આદિ કરે તે ને ઘણું ફળ થાય છે. વળી સારંગપુરના ૧૦ ના વચનામૃતમાં કહ્યું છે કે બહારવૃત્તિથી જોઈએ તો ભગવાનનું ધામ ઘણું છેટું છે પણ અંતરવૃત્તિથી જાંઈએ તો એક અણું જેટલું દુર નથી. જે સંત ત. ભક્ત એમ માને કે મારા આત્માને વિશે ભગવાન અખંડ બિરાજમાન છે. તો તેના થકી એક અણુમાત્ર પણ ભગવાન દૂર નથી. માટે અંતર વૃત્તિવાળાની સમજણ સત્ય છે.માટે અંત:વૃત્તિ રાખી ભજન કરવું. વળી સારંગપુરના ૧૧ મા વચનામૃતમાં કહ્યું છે કે લક્ષ્મીજી ક્યારેક તો બહાર રહ્યા થકા ભગવાનની સેવામાં રહે છે. ને કયારેક તો ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે. ત્યારે પોતાને કાંઈપણ ખબર પડતી નથી. તેમ લક્ષ્મીજીની પેઠે અંતરવૃત્તિથી ભજન કરીએ તો પોતાના શરીરની પણ ખબર ન પડે. ને એક ભગવાનની મૂર્તિ જ દેખાય. વળી કારયાણીના પહેલા વચનામૃતમાં કહેલ છે કે ભમરી ઈયળ લાવીને દરમાં રાખી ગુંજારવ કરે છે તેથી ભમરી જેવી ભમરી થઈ જાય છે. પણ કોઈ અંગ ઈયળનું રહેતુ નથી. તે દ્રષ્ટાંત કે ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કરે તો આને આ દેહે

એકાંતિક ભક્ત બની જાય છે, ને બ્રહ્મરૂપ બની જાય છે. વળી કારીયાણીના પાંચમાં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન પોતાના પ્રેમી ભક્તના જેવા જેવા મનોરથો હોય તેને પૂર્ણ કરવાને માટે આ પૃથ્વી ઉપર પધારે છે તો આપણે સાચા એકાંતિક ભક્ત થાશું તો આપણા પણ સર્વે મનોરથો ભગવાન જરૂર પૂરા કરશે. વળી કારીયાણીના સાતમાં વચનામૃતમાં કહેલ છે કે આત્યંતિક કલ્યાણને પામ્યા હોય તેની કેવી દશા હોય તો તેમાં લખ્યું છે કે ભક્તની વૃત્તિ ભગવાનને આકારે થઈ જાય છે. ને સ્થાવર, જંગમ, સર્વત્ર જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં તે ભક્ત ભગવાનની મૂર્તિ દેખે પણ બીજું કાંઈ દેખે નહીં તે સિદ્ધ દશાવાળાના લક્ષણ છે. વળી કારીયાણીના ૧૧ માં વચનામૃતમાં કહ્યું છે કે તેમાં સચ્ચિદાનંદ સ્વામીનો પ્રશ્ન છે કે ભગવાનને વિશે પ્રિતી હોય તેના શાં લક્ષણ છે? તેમાં કહ્યું કે પ્રિતીના એ લક્ષણ છે કે પોતાના ઈષ્ટદેવની આજ્ઞા છે તેનું બરાબર પાલન કરે વળી બીજો પ્રશ્ન તે જ વચનામૃતમાં છે. તેમાં પૂછ્યું કે ભગવાનનો ભક્ત હોયે તે ભગવાનની મૂર્તિનાં દર્શન વિના એક ક્ષણ માત્ર દૂર રહી શકે નહી. તેને ભગવાન આજ્ઞા કરે કે અમથકી દૂર જાઓ તો તે દૂર જાય તો ભગવાનના દર્શન આદિ ન થાયને પાસે રહે તો ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી ન કહેવાય તેવા ભક્તને શું કરવું ? તો ત્યાં કહ્યું છે કે એવો જે ભક્ત હોયે તે ભગવાનની મૂર્તિના દર્શન કર્યા વિના એકક્ષણ માત્ર પણ ન રહી શકે તો એવો ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને દૂર જાયે તો ભગવાન પણ એવા ભક્ત ભેળાને ભેળા જ જાય છે. જેમ એ ભક્તને ભગવાન વિના નથી ચાલતું. તેમ ભગવાનને એવા ભક્ત વિના એકક્ષણ માત્ર ન ચાલે. ભગવાન પણ એ ભક્ત ભેળાને ભેળા જાયે. એક આખંનું મટકું ભરીએ એટલીવાર પણ ભગવાન એવા ભક્ત વિના દૂર રહી શકતા નથી. વળી કારીયાણીના બારમાં વચનામૃત માં કહ્યું છે કે કારણ શરીરની વાસના જે છે તે વજ્રસાર જેવી છે. તે ક્યારેય નોખી પડતી નથી. પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન અંતરવૃત્તિથી કરે ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરે તો જરૂર એ કારણ શરીરની વાસના ટળી જાય છે. તે આંબલીયાનું દ્રષ્ટાંત આપ્યું કે આંબલીયાની છાલ નોખી પડતી નથી પણ તે આંબલીયાને જરા સેકે તો નોખી પડી





જાય છે. તેમ ભગવાનનો ભક્ત એકાગ્ર થઈ ભગવાનના સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરે તો તેણે કરીને કારણ શરીરની વાસના જરૂર બળી જાય છે. ને તે એ એકાંતિક ભક્ત થાય છે. ને ભગવાનને સુખે સુખીયા થાય છે. માટે ધ્યાન જરૂર કરવું. વળી લોયાના ચૌદ ના વચનામૃતમાં કહેલ છે કે અધો ઉર્ધ્વ તથા ચારેકોરે પ્રમાણે રહિત તેજનો સમૂહ છે તે તેજના સમૂહના મધ્યભાગને વિશે મોટું સિંહાસન છે. તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા શ્રી પુરૂષોત્તમ નારાયણ બિરાજમાન છે ને તેના ફરતાં અનંતકોટી મુક્તો બેઠા થકા ભગવાનના દર્શન કરે છે. એમ ભગવાનના એકાંતિક ભક્તો નિરંતર દેખે છે. વળી પંચાળાના પ્રથમ વચનામૃતમાં કહ્યું છે કે જે વૈકુંઠ ગોલોક આદિમાં સુખ રહેલું છે. તેના કરતા સર્વથી અધિક સુખ ભગવાનના અક્ષરધામમાં છે. તે અક્ષરધામના સુખમાં દ્રષ્ટિ પહોંચાડીને આલોકનાં ક્ષણિક સુખમાંથી પાછી વૃત્તિ વાળવી ને મધ્યના ચોથા વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિની અખંડસ્મૃતિ રાખે તો ધર્મપણ રહે અને ભક્તિ પણ રહે માટે અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. વળી ગઢડા મધ્ય પ્રકરણના આઠમાં વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તને યજ્ઞ કરવા યજ્ઞ રહિતનું કલ્યાણ થતું નથી તેથી તેમાં રાજશી-તામસી તથા સાત્વિક યજ્ઞ કરવા કહ્યું ને સાત્વિક યજ્ઞ શું ? તો પોતાના આત્મામાં ભગવાનની મૂર્તિ જોવી ને બ્રહ્મ, અગ્નિ ને વિશે પોતાના આત્માને જોવો. તે જોતા જોતા પોતાના આત્મા નેવિશે પરમાત્મા દેખાય તે જ જ્ઞાન યજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો માટે યજ્ઞ જરૂર કરવા. વળી ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ ના વચનામૃતમાં કહેલ છે કે અમારા અંતરમાં એકલું તેજ વ્યાપી રહ્યું છે ને તે તેજ શિતળને શાંત છે. તે તેજને વિશે ભગવાનની પ્રકાશમાન મૂર્તિ દેખાય છે પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. એક તેજ ને વિશે મૂર્તિ દેખાય છે તે ક્યારેક હરતી ફરતી દેખાય છે. ક્યારેક બેઠી દેખાય છે. એમ શ્રીજી મહારાજે કહ્યું છે તે એ ભગવાનને તો એ કાંઈ કરવાનું હતું નહી પણ આપણાને એવી રીતે વર્તવાનું શીખવાડ્યું વળી ગઢડા મધ્ય પ્રકરણના ૨૨ માં વચનામૃતમાં કહ્યું છે કે બે સેના પરસ્પર લડવા તૈયાર થઈ હોય તેમા શૂરવીરને સામાનુ નિશાન લેવાની દૃષ્ટિ છે તેમ ભગવાનના ભક્ત જે શૂરવીર હોય તે અંતર શત્રુ સાથે લડાઈ

કરે છે. તે લડાઈ કરતા કરતા માયાને જીતી જઈને ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે તેમા લખ્યું છે કે સામેવાળાનું નિશાન લેવું ને પોતાની જીત કરવી તે દ્રષ્ટાંતનો સિદ્ધાંતએ કે અંતર શત્રુ સાથે લડાઈ લઈને જીત કરીએ તો ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય છે. વળી શ્રીજી મહારાજે કહ્યું કે અમે અંતરવૃત્તિ રાખવા માંડી તો અંતરવૃત્તિ વડે દરેકનો નાશ થઈ ગયો ને અંતરમાં એક ભગવાનની મૂર્તિ જ દેખાવા માંડી ને એમ લાગ્યું કે કાંકરીયે તળાવે ઉતર્યા ન હતા ને મેળો પણ ભરાણો ન હતો એવી અંતરવૃત્તિ વળે એક ભગવાનની મૂર્તિ જ દેખાવા માંડી. તો આપણે પણ એવી રીતે ભગવાનની મૂર્તિ જોવાનો અભ્યાસ રાખવો. ને સાંખ્ય વિચારે કરીને લોક, દેહ, બ્રહ્માંડ ખોટું કરવું વળી મધ્ય પ્રકરણના ૩૬ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રહે તેનો શો ઉપાય છે? તેમાં કહ્યું છે કે (૧) જેનો ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય કેવી રીતે તો જેમ માયીક પદાર્થમાં ચોંટી જાય તેમ ભગવાનની મૂર્તિને વિશે ચોંટી જાય (૨) શૂરવીરપણું જે ભગવાનનો શૂરવીર ભક્ત હોય તે વિચારે કરીને દરેક માયીક ઘાટ ટાળી નાંખીને ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખે (૩) ભય તે જેના અંતરમાં જન્મ મરણ નરક ચોર્યાશીની બીક લાગે તો બીજામાંથી પ્રિતી ટાળી ભગવાનની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખે (૪) વૈરાગ્ય છે તે વૈરાગ્યે કરી માયીક વસ્તુમાંથી પ્રિતી ટાળીને દેહ, સગાંસંબંધી આદિ સર્વમાંથી વૃત્તિ પાછી વાળીને ભગવાનની મૂર્તિને વિશે પ્રેમ કરે બીજુ ગઢડા મધ્ય પ્રકરણના ૪૮ ના વચનામૃતમાં પ્રેમાનંદ સ્વામીયે "વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ" એ ગરબી ગાયી રહ્યા પછી શ્રીજી મહારાજે કહ્યું કે આવી રીતે જેને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહે છે તેને તો અમે ઉઠીને દંડવત કરીએ ને આવી રીતે જેને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહે તેના માતાપિતાને ધન્યવાદ છે કે આવા પુરૂષે જેને ઘેર જન્મ લીધો. વળી શ્રીજી મહારાજે તેમાં જ કહ્યું કે અમારે જન્મ ધર્યાનું કોઈ નિમિત્ત નથી છતાં કોઈ નિમિત્ત ઉભું કરીને આવા સંતના મધ્યમાં જન્મ ધરીએ વળી ગઢડા મધ્ય પ્રકરણના ૪૯ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિ ને માયીક આકાર એમા ઘણો ફેર છે. માયીક આકારના જોનારા છે ને માયીક આકારના





ચિંતવન કરનારા છે તેતો અનંત કોટી કલ્પ સુધી નરક ચોર્યાશીને વિશે ફરે છે. ને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરનારા જે છે તે તો કાળ કર્મ માયાના બંધન થકી રહિત થઈને અભયપદને પામે છે. ને ભગવાનના પાર્ષદ થાય છે તે ભગવાનની મૂર્તિને સુખે સુખીયા થાય છે. ને વળી કહ્યું કે અમારે તો ભગવાનની કથા-વાર્તા-કિર્તન કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી. તો આપણે એવી રીતે કાળજી રાખી ભજન કરવું વળી ગઢડા મધ્ય પ્રકરણના ૫૦ માં વચનામૃતમાં કહ્યું છે કે શ્રીજી મહારાજ બોલ્યા જે અમારું જે રહસ્ય છે તે તમને અમારા જાણી તમોને કહીએ છીએ. જે જેમ નદીઓ, સમુદ્રને વિશે લીન થાય છે ને વળી સતી ને પતંગ અગ્નિને વિશે બળી જાય છે ને શૂરો રણને વિશે ટુક ટુક થઈ જાય છે. તેમ એકરસ પરિપૂર્ણ એવું જે તેજોમય અક્ષરબ્રહ્મ તેને વિશે અમે અમારા આત્માને લીન કરી રાખ્યા છે. ને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિશે મૂર્તિમાન એવા પુરૂષોત્તમ ભગવાનને વિશે અખંડ પ્રિતી જોડી રાખી છે. ને વળી લખ્યું કે જે અમારી સોબત રાખશે તેના અંતરમાં જગતનો લોચો રહેવા દેવો નથી માટે સાવધાન રહેવું.વળી ગઢડા મધ્ય પ્રકરણના ૫૪ ના વચનામૃતમાં કહ્યુ છે કે હું જેવો સત્સંગે કરીને વશ થાઉ છું તેવો કોઈ સાધને કરીને વશ થતો નથી તે સત્સંગ એટલે શું ? તો સત્ય રૂપ એવો જે આત્મા સત્ય એવા જે પરમાત્મા તેને વિશે પ્રિતિ થાયે તે જ સત્સંગ કર્યો કહેવાયે. વળી ગઢડા મધ્ય પ્રકરણના ૫૫ માં વચનામૃતમાં કહેલ છે કે અમારે સદાય અંત અવસ્થા વર્તે છે તે આવી રીતે વર્તે તો આ લોકના પદાર્થમાં કયાંઈ પ્રીતિ રહે નહીં વળી તેમાં કહ્યું છે કે અમારે દેવ મંદિર જ્યાં હોયે ત્યાં દર્શન કરવા જવું. ત્યાં અતિશય ગમે છે વળી તેમાં લખેલ છે કે આ હૃદયરૂપી સોની ની પેઢી છે તે જો જરા ગાફલાઈ રાખે તો સોની સોનું ચોરી લે તેમ જરાપણ ગાફલાઈ રાખીએ તો અંતરમાં માયારૂપી સોની તે જગતરૂપી રૂપુ ને તાંબુ ભેળવી દે ને જ્ઞાન-વૈરાગ્ય રૂપી સોનું ચોરી જાય માટે સાવધાની રાખવી વળી ગઢડા મધ્ય પ્રકરણના ૫૭ માં વચનામૃતમાં લખેલ છે કે ભગવાનને વિશે પ્રીતિ કરવી ને એક સત્તારૂપે રહીને ભગવાનની ભક્તિ કરવી. જેમ દિવાના પ્રકાશમાં ગરોળી હોય તે જે જીવ જંતુ આવે તેનો નાશ કરે છે

તેમ એકરસ આત્મા નેતે પ્રકાશને વિશે પરમાત્માની મૂર્તિ વિના બીજું કાંઈ પેસવા દેવું નહી. વળી ગઢડા મધ્ય પ્રકરણના ૬૨ના વચનામૃતમાં કહ્યું છે કે આઠે પહોર જગતની વીંટમણાં હોય ને ભગવાનનું ભજન તો ઘડી બે ઘડી કરે તો તે કાંઈ પાપ કરે તે બળે કે ન બળે તેમાં કહ્યું છે કે ઈન્દ્રીયો અંત:કરણને જીવ એકાગ્ર કરીને એક ઘડી કે અર્ધી ઘડી ભજન કરે તો તેના પાપ સર્વ બળી જાયે છે. ને વળી તેમાં ગોપીઓની વાત લખી છે કે ગોપીઓએ કૃષ્ણ પરમાત્માને વિશે પ્રેમ કર્યો હતો કે જે દિવસથી તે ભગવાનના દર્શન કર્યા છે ત્યારથી સંસારના સુખ બધા અમોને ઝેર જેવા થઈ ગયા છે. વળી ગઢડા મધ્ય પ્રકરણનું ૬૬ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનું ભજન કરતાં કરતાં માયાનો સંબંધ છૂટી જાય છે ને બ્રહ્મરૂપે વર્તે છે તે જેવો ભગવાનનો મહિમા છે જેવા ભગવાન સ્વતંત્ર છે તેવો જ તે ભક્ત ભગવાનની ઈચ્છાથી થાય છે. ને ભગવાનની મૂર્તિના જ સુખે સુખીયો થાય છે. ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય છે. વળી ગઢડા મધ્ય પ્રકરણના ૬૭ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનો ભક્ત ભગવાનનું ભજન કરતા સિદ્ધ થાય છે તો પણ સ્વામી સેવકપણું રહે છે. ને ભગવાનના ધામમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ ભોગવે પણ સ્વામી સેવકપણું રહે છે ને એમ જાણે કે આ મારા સ્વામી તે ભગવાન છે ને હું તેનો દાસ છું, એમ માની ભગવાનનું ભજન કર્યા કરે છે.

વળી વડતાલના ત્રીજા વચનામૃતમાં સત્તપુરૂષના લક્ષણ કહ્યા છે કે એક દિવા જેવા, બીજા મસાલ જેવા, ત્રીજા વીજળી જેવા, ચોથા વડવા નળ અગ્નિ જેવા. તેમાં વડવા નળ અગ્નિ જેવા જે હોય તે માયામાં ક્યાંય લોભાય નહી. વળી વડતાલના ચોથા વચનામૃતમાં કહ્યું છે કે પતંગનું દ્રષ્ટાંત છે કે જેમ છોકરા પતંગ ઉંચી ચડાવે અડખે-પડખે ડોલાવે તેમ ભગવાનની મૂર્તિરૂપી પતંગ ઉંચી ચડાવે. અડખે-પડખે ડોલાવે એમ મૂર્તિરૂપી પતંગને વૃત્તિરૂપી દોરીથી વૃત્તિ કેળવે. વળી તેમાં કહ્યું છે કે ભગવાનનો ભક્ત બહાર મૂર્તિ જુવે વળી અંતરમાં જોવે એમ અભ્યાસ કરતાં વૃત્તિ ભગવાનમાં સ્થિર થાય છે. ને ભગવાનનું ભજન કરતા કાંઈ વિક્ષેપ થાય તો પણ મૂર્તિને ધારવા વડે જ વિક્ષેપ ટાળે પણ મૂર્તિ ભૂલે નહી. વળી વડતાલના ૮ માં





વચનામૃતમાં દૃષ્ટાંત છે કે કરોળીયો પોતાની લાળથી ઉંચે ચડે, નીચે ઉતરે તેમ ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિને ઉંચી ચડાવે, નીચી લાવે એમ અભ્યાસ કરતાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય છે. વળી વડતાલના ૧૬ ના વચનામૃતમાં કહ્યું છે કે આંખો મીંચીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તેવું બીજે ક્યાંય સુખ નથી. ને નેત્ર મીંચીને ધ્યાન કરવું તે સર્વથી અધિક અને શ્રેષ્ઠ છે. એવું તેમાં સુખ છે. તે નેત્ર મીંચીને ધ્યાન કરવું, તે સર્વથી અધિક થાય છે. ને વળી ભગવાનની મૂર્તિમાં અતિશય સુખ રહેલું છે. કે જેનો મહિમા અતિશય છે ને તેમાં અપાર સુખ રહેલું તે ચૌદ લોકની સંપત્તિ તે નર્ક સમાન લાગે તે ચિત્રકેતુ રાજા આવો ભગવાનનો મહીમા સમજ્યા તો કરોડ સ્ત્રીઓ તથા ચક્રવર્તી રાજયનો ત્યાગ કરી દીધો. માટે ભગવાનની મૂર્તિમાં જેવું સુખ છે તેવું બીજે ક્યાંય નથી. માટે આપણે ભગવાનની મૂર્તિમાં અતિશય હેત કરવું.

વડતાલના ૧૯ ના વચનામૃતમાં કહ્યું છે કે આ જીવને જ્યારે ભરતખંડમાં મનુષ્યનો અવતાર આવે છે ત્યારે ભગવાનના અવતાર અથવા ભગવાનના એકાંતિક સત્પુરૂષ જરૂર વિચરતા જ હોય ને તેનો જો આ જીવને યોગ થાય તો તે ભગવાનનો ભક્ત થાય ને તે ભક્ત થયો તેને આ લોકના માયીક પંચ વિષયના સુખમાં પ્રિતી ન રાખવી એક ભગવાનની મૂર્તિને વિશે જ અતિશય પ્રીતિ રાખવી. એ જ ભક્તના ખરાં લક્ષણ છે. વળી વડતાલના વીસમા વચનામૃતમાં કહ્યું છે કે જનકરાજા રાજ્ય કરતા હતા, તો પણ વિદેહી કહેવાણા. તેવી જ્ઞાનની દૃઢતા રાખે તો કોઈ પ્રકારે માયાના વિકારમાં લોભાય નહી ને ભગવાનની મૂર્તિ અખંડ સાંભરે ને અમદાવાદના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે જમણા નેત્રમાં સૂર્યનું ધ્યાન કરવું ને ડાબા નેત્રમાં ચંદ્રનું ધ્યાન કરવું. આવી રીતે ધ્યાન કરતા સિદ્ધ દશાને પામી જાયને ભગવાનની મૂર્તિ જ દેખે છે. ને વળી એવા ધ્યાનના કરનારાને અણીયાદિક આદિ અનેક સિદ્ધિઓ આડી આવે છે. પણ તે ભક્ત એમાં ક્યાંય લોભાતો નથી. એક ભગવાનની મૂર્તિમાં જ તલ્લીન બની જાય છે. માટે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવામાં ઘણો આનંદ આવે છે. વળી અમદાવાદના ૨ માં વચનામૃતમાં કહ્યું છે કે બે પ્રકારના ભક્ત છે, એક

ભક્ત નાહી-ધોઈને ભગવાનની પૂજા કરે છે. અને બીજો ભક્ત મળ-મૂત્રનો ભર્યો થકો પૂજા કરે છે. તેમાં શ્રેષ્ઠ કોણ છે ? સંતે કહ્યું કે નાહી-ધોઈને પૂજા કરે છે તે શ્રેષ્ઠ છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે ઉપરથી નાહ્યો છે. પણ અંતરથી માયીક ઉપાધિનો ત્યાગ નથી કર્યો માટે જે અંતરમાં માયીક ઉપાધિનો ત્યાગ કરીને જે ભજન કરે ને બ્રહ્મરૂપ થઈને ભજન કરે છે તે શ્રેષ્ઠ છે. એવા ભક્તને કદાચ દેહ ધરવો પડે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે ભક્ત પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ કર્મને આધિન તે ભક્ત થતો નથી.

વળી અમદાવાદના ૩ જા વચનામૃતમાં કહ્યું છે કે આ જીવ પંચવિષયને ભોગવ્યા વિના ને  પંચ વિષયના સુખનું ચિંતવન કર્યા વિના ક્ષણમાત્ર રહી શકતો નથી. તો તે પંચ વિષયની વાસના કેમ ટળે તો ત્યાં કહ્યું છે કે જો ભગવાનનો મહીમા સમજીને તે ભક્ત ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરતા તે ભક્ત ઉપશમ અવસ્થાને પામી જાય છે. તે ઉપશમ કોને કહેવાય તે ભક્ત ધ્યાન કરતાં કરતાં ભગવાનની મૂતિને વિશે તલ્લીન થઈ જાય છે. ને આલોક, દેહ આદિનું તેને કાંઈ ભાન રહે નહી એમ ભગવાનની મૂતિને વિશે જ નિમગ્ન થઈ જાય તેને ઉપશમ કહેવાય. ઉપશમથી જન્મ-મરણના ફેરા ટળી જાય છે. ને પંચવિષયની વાસના પણ બળી જાય છે. ત્યાં દૃષ્ટાંત છે કે મહી જેવી કે સાબરમતી જેવી મોટી નદીઓ બે કાંઠાના પૂરે વહેતી હોય તો તેમાં હાથી ઘોડા આદિ પડે તો તે તણાઈ જાય છે. તેમ આવી રીતે ઉપશમ દશાને પામે તેને પંચ વિષયના રાગ નિર્મૂળ થઈ જાય છે. ને ભક્ત ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જાય છે. તે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં કહેલ છે કે અષ્ટાંગયોગ શાસ્ત્ર પઠન શમ દમ આદિ ગુણોથી ભગવાન કે હું વશ નથી થાતો પણ જો સાચે ભાવે સત્સંગ કરે છે તો તેના ઉપર ભગવાન કે હું વશ થઈ જાઉં છું. તે સત્સંગનો મહિમા બહું મોટો છે. વળી તે વચનામૃતમાં કહ્યું કે જેવી વૈકુંઠ લોકને વિશે સભા છે કે જેવી શ્વેતદ્વિપને વિશે સભા છે કે જેવી બદ્રિકાશ્રમને વિશે સભા છે કે જેવી ગોલોકને વિશે સભા છે એના થકી આ સત્સંગીની સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે. વળી ગઢડા છેલા પ્રકરણના ૫ ના વચનામૃતમાં કહેલ છે કે





બે પ્રકારના ભક્ત છે તેમાં એક ભક્તને આત્મા દર્શનાદિકની ઈચ્છા છે. ને તેના બીજા દોષો ટળી ગયા છે. ને બીજો ભક્ત છે જેને ભગવાનની મૂર્તિ વિના બીજી કોઈ ઈચ્છા નથી. પણ બીજા થોડા થોડા દોષ તેમાં રહે છે તે બેમાં કયો ભક્ત શ્રેષ્ઠ છે ? તેના ઉત્તરમાં કહ્યું કે ભગવાન વિના બીજી અંતરમાં ઈચ્છા નથી તેને થોડા બીજા દોષ છે તે દોષો શ્રી હરિ ટળાવી નાંખશે. માટે તે જ ભક્ત શ્રેષ્ઠ છે. બીજો ભક્ત ન્યૂન છે. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૮ માં વચનામૃતમાં કહ્યું છે કે વૈરાગ્ય ને સ્વધર્મ કરીને ઈન્દ્રીયો અંત:કરણ નિયમમાં કર્યા હોય છે તે સદાય સુખી રહે છે, વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૯ માં વચનામૃતમાં કહેલ છે કે અમારા મોટા મોટા પરમહંસ જે છે તે સદાય જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં અખંડ ઉભા રહે છે. જે ઠેકાણે ભગવાનની મૂર્તિ અંતરમાં ધારી છે ત્યાં માયીક પદાર્થ પેસવા દેતા નથી અખંડ ત્યાં ઉભા રહ્યા થકા ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે ત્યાં દ્રષ્ટાંત છે કે જેમ ઘોડેસ્વાર હોય તે હાથમાં લગામ હોય તેની સુરત રાખે છે. વળી પાણીયારી પાણી ભરવા જાય છે તે ઘડો ફૂટી ન જાય પોતે પડી ન જાય ને બીજી વૃત્તિથી પાણી સીંચે છે. એવી રીતે આ સંતો ભગવાનની સેવામાં પણ રહે છે. ને દેહની ક્રિયા પણ કરે છે. એવી રીતે વૃત્તિ કેળવવી. વળી રાજા પાસે સેવક હોય તે ગાફલાઈ રાખે તો રાજા પાસે ચોર ચકોર પહોંચી જાય. તો તે ચાકરની ચાકરી ખોટી થઈ  જાય, માટે હરિભક્તોએ કાળજી રાખીને જે ઠેકાણે ભગવાનની મૂર્તિ ધારી છે તો તે ઠેકાણે બીજું કાંઈ જગતનું પદાર્થ અંતરમાં પેસવા ન દેવું, એ જ ખરો ભક્ત કહેવાય. માટે સાવધાની રાખવી. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૧૧ માં વચનામૃતમાં કહ્યું છે કે ગમે તેવા ભૂંડા દેશકાળ આવે તો પણ તે કલ્યાણના માર્ગ થકી પડે નહી. તે કેવી સમજણ કહેવાય ? તેના ઉત્તરમાં કહ્યું છે કે જાનકીજીને વગર વાંકે રામચંદ્રજીએ વનમાં મૂકયાં તો પણ પોતાની સ્થિતિમાંથી પડ્યા નહી. ને રામચંદ્રજીનો જરા પણ અવગુણ ન લીધો. ને સામું તે સીતાજી, લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા કે મને વગર વાંકે વનમાં મૂકી તેનું મને જરાપણ દુ:ખ નથી. રામચંદ્રજીને કહેજો કે હું સુખેથી ભજન કરીશ એવી રીતે આપણે સ્થિતિ કરવી. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૧૩ માં વચનામૃતમાં કહ્યું છે કે શ્રીજી મહારાજ બોલ્યા

કે અમને મેડી હવેલી આદિમાં રહેવું ગમે નહી, પણ વન હોય, પર્વત હોય કે એકાંત ઠેકાણું હોય ત્યાં ગમે, ને મનમાં એમ ધારીએ કે અહીં બેસી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ. એ જ શ્રેષ્ઠ છે. વળી છેલ્લા પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં કહ્યું છે કે એક કાયસ્થ હતો. તેણે ભગવાન શંકર પાસે એવું માંગ્યું કે મને ક્યારેય મનુષ્યનો જન્મ આપશો નહી. મને તો જન્મો જન્મ લંબકરણનો જે ગધેડાનો જન્મ આપજો. જુઓ આ કેવું અજ્ઞાન કહેવાય. માટે આપણે ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિ વિના બીજું કાંઈ સુખદાયી વસ્તુ ન માંગવી. વળી રામચંદ્રજીએ રામાયણમાં કહ્યું કે મારે દ્રઢ વિશ્વાસે જે રહે છે. તેની માતા જેમ પોતાના બાળકની જેમ રક્ષા કરે છે તેમ હું મારા ભક્તની રક્ષા કરું છું. માટે ભગવાનના સાચા ભક્ત થાઈયે તો ભગવાન જરૂર આપણી સર્વે પ્રકારની રક્ષા કરે જ છે તે ગઢડા છેલ્લા પ્રકરણની ૧૫ માં વચનામૃતમાં કહેલ છે કે આ જીવને પંચવિષયના ઘા લાગ્યા છે તે કેમ ટળે? તો નવધા ભક્તિ કરતા જે ભક્તિ એને ગમે તે ભક્તિ કરવાથી પંચ વિષયના ઘા તેને મટી જાય છે. જેમ ઘાયલને ઘા વાગ્યા હોય તે દવા લગાવે તેનાથી ઘા ની પીડા મટી જાય છે. તેમ આપણે ભગવાનની ભક્તિ કરતાં કરતાં જે ભક્તિ બરાબર ફાવે તેને તે પાયો ગોઠવ્યો કહેવાય તેનાથી પંચવિષયના રાગ માત્ર ટળી જાય છે. ને ભગવાનની મૂર્તિને વિશે પ્રિતી થાય છે. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૧૬ માં વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તને પોતાને જે સ્વરૂપ મળ્યું હોય તેને વિશે પ્રતિવ્રતાના જેવી ભક્તિ કરવી તે શ્રેષ્ઠ કહેવાય.

બીજુ હનુમાનજી રઘુનાથના ભક્ત હતા. તેને રામચંદ્રને વિશે જ પતિવ્રતાની ટેક હતી. તે બીજા અવતારને વિશે પ્રેમ થયો નહી. તેમ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને વિશે જ પતિવ્રતાની ટેક રાખવી. ને તે જ મૂર્તિનું ધ્યાન ભજન કરવું. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૧૭માં વચનામૃતમાં કહેલ છે કે ભરતજીનું આખ્યાન ચમત્કારી છે. તે ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. તેમને દયાએ કરીને મૃગના બચ્ચાને વિશે પ્રીતિ થઈ તો મૃગનો જન્મ લેવો પડ્યો. ત્રણ જન્મ લેવા પડ્યા. ને તેમાં લખ્યું કે ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિ વિના બીજે ઠેકાણે હેત રાખે તો પંચમહાપાપ





થકી પણ વધુ પાપ લાગે છે. માટે ભગવાનના ભક્તે ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રિતી રાખવી નહી. એક ભગવાનની મૂર્તિને વિશે જ અતિશય પ્રેમ કરવો. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૧૮ માં વચનામૃતમાં લખેલ છે કે આ જીવ સત્પુરૂષનો સમાગમ જેમ વધુ કરે તેમ પંચ વિષયની વાસના જૂની થઈ જાય છે. જેમ ત્રણ વર્ષની કે ચાર વર્ષની જૂની ડાંગર હોય તે વાવે તો ઉગે નહી પણ જમ્યામાં કામ આવે. તેમ પૂર્વ કર્મની વાસના સત્પુરૂષોનો સમાગમ કરતા કરતા જૂની થઈ જાય છે. પછી તેને જન્મ મરણ ભોગવવા જેવી ન રહે. વળી બીજુ દ્રષ્ટાંત છે કે જેમ ઢોર હોય તેની શિંગડે પૂછડે ઝાલીને ઉભું કરે તે જ્યાં સુધી ઝાલી રાખીએ ત્યાં સુધી ઉભું રહે પણ મૂકી દઈએ તો ધબ દઈને પડી જાય તેમ ભગવાનનો નિર્વાસનિક ભક્ત હોય તે ભગવાનની આજ્ઞાએ કરીને વ્યવહારિક કાર્ય કરે પણ વ્યવહારમાં લોપાય નહી. તે જ ખરો ભક્ત કહેવાય. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૨૩ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના ભક્તે ત્રણે ઋતુની નોખી નોખી માનસી પૂજા કરવી. તે જેમ આવી રીતે માનસી પૂજા કરે છે, તેમ તેને ભગવાનને વિશે પ્રેમ થાય છે. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૨૪ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના ભક્તને અક્ષરધામને પામ્યાના ૧૬ સાધન છે. તે કયા ? તો એક તો શ્રદ્ધા બીજો સ્વધર્મ ત્રીજો વૈરાગ્ય, ચોથો સર્વપ્રકારે ઈન્દ્રીયનો નિગ્રહ કરવો. અહિંસા, બ્રહ્મચર્ય, સાધુનો સમાગમ કરવો, આત્માનિષ્ઠા મહાત્મજ્ઞાને યુક્ત એવી ભગવાનની નિશ્ચલ ભક્તિ, સંતોષ, નિર્દંભપણું, દયા, તપ, મોટા જે ભગવાનના ભક્ત તેને વિશે ગુરૂબુદ્ધિ રાખી તેને બહુપ્રકારે માનવા. પોતાને બરોબરીયા જે ભક્ત તેને વિશે સખાભાવ રાખી તેનું હિત કરવું. આવી રીતે આ ૧૬ સાધન બરાબર રાખે તો તે ભક્ત ભગવાનના અક્ષરધામને પામે છે.

વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૩૦ માં વચનામૃતમાં કહેલ છે કે અમારા મનમાં આ બે વાર્તા ગમે છે. તેમાં એક તો એ જે એક ચૈતન્ય તેજનો રાશિ છે. તેના મધ્યને વિશે શ્રી પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય બિરાજમાન છે. એવો દ્રઢ નિશ્ચય હોય. બીજું જે એવા ભગવાનની ઉપાસના દ્રઢ કરતો હોય, તપ કરતો હોય, પંચ વિષયના

અભાવને કરતો હોય, વૈરાગ્યવાન હોય આદિ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો હોય તેવાને દેખીને અમારુ મન રાજી થાય છે. વળી પાંચ વાર્તાનો નિરંતન્ અનુસંધાન રહે છે. તો તેમાં એક તો એકે આપણે આ દેહ મૂકી જરૂર મરી જવું છે. તેનો વિલંબ નથી જણાતો. એમ નિશ્ચય જણાય છે ને આ ઘડીને આ ક્ષણમાં જરૂર મરી જવું છે. બીજું એમ જે આપણે મરીશું તેમાં આટલું કામ કર્યું છે ને આટલું બાકી છે. તે કરવું છે. ત્રીજું એમ જે અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે બાકી છે ને જો ટળી હોય તો વિષયની ક્રિયા કેમ થાય છે ? ત્યારે રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે. ચોથું એમ જે મુક્તાનંદ સ્વામી આદિ સાધુ તથા બીજા મોટા હરિભક્તો એ જે સર્વે છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહી, અને આની વાસના ટળી છે કે નથી ટળી એમ સર્વેના હૃદયમાં જોયા કરવું અને પાંચમું એમ જે હું મારા મનને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જતું રહેવાય ને દેહ પડી જાય. માટે એમ જાણીએ છીએ મન ને ઉદાસી ન કરવું, કેમ જે ભલા અમારે યોગે કરીને સર્વે બાઈ-ભાઈ પરમહંસ બેઠા ભગવાનની ભક્તિ કરે છે. તો એ ઠીક કરે છે. ને ભક્તિ કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે. જે મરી તો સર્વેને જવું છે. પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે. એમ નિરંતર અનુસંધાન રહે છે. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૩૧ના વચનામૃતમાં કહ્યું છે કે "હરિ મેરે હાલરકી લકરી" એ કિર્તન ગાયું તે શ્રીજી મહારાજ બોલ્યા તેનો અર્થ કે, હાલર નામનું એક પક્ષી છે. તેના બચ્ચાં હોયે તે જન્મથી જ તેના પાસે નાનકડી લાકડી જેવું હોય તેને અખંડ પકડી રાખે તે ક્યારેય છોડે નહી. એમ મોટા સંતોથી આ વાત સાંભળેલી છે. વળી લખ્યું કે જમુનાકે તીરે ઠાડો કે તેનો અર્થ મોટા સંતોએ કરેલ કે જમુના નદીને કિનારે કૃષ્ણ ભગવાન ઉભા છે. તે ભગવાનને તેમના ભક્તો સંભારે છે. તે બંને સિદ્ધાંતનો એ અર્થકે ભગવાનની મૂર્તિને પકડી રાખવી. વળી તેમાં કહ્યું છે કે કોટી કોટી સૂર્ય, ચંદ્ર, અગ્નિ તેના જેવો તેમનો પ્રકાશ છે. તેવું તેજોમય બ્રહ્મરૂપ જે ભગવાનનું ધામ તેમાં પ્રતિલોમ પણે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તેવું ધ્યાન કરવાથી અંતરમાં આનંદ આવે છે. વળી ગઢડા છેલ્લા પ્રકરણના ૩૯ના





વચનામૃતમાં કહેલ છે કે વિસલ્યકર્ણી ઔષધી લાવીને લક્ષ્મણજીને હનુમાનજીએ પીવડાવી તે દેહમાં શલ્ય લાગ્યા હતા તે સર્વે એની મેળે નીકળી ગયા. તેમ જે આત્માને પરમાત્માનો વેગ અંતરમાં લાગી જાય તો કોઈ રીતે અંતરમાં માયાનો વેગ રહે નહી, તે સત્યરૂપ એવો આત્માને સત્ય એવા જે પરમાત્મા તેનો વેગ લગાડી દેવો.

આ ઉપર લખ્યા જે વચનામૃત ત. શિક્ષાપત્રીના ૧૧૬ ના શ્લોકમાં લખ્યું તે વાંચી ને ભગવાનની મૂર્તિ વિના બીજુ સર્વે જ્ઞાને કરીને ખોટું કરીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તે ધ્યાનના ત્રણ પ્રકાર છે. (૧) લોમ (૨) અનુલોમ (૩) પ્રતિલોમ તે લોમ એટલે અહી બેઠા થકા અમદાવાદની મૂર્તિ અથવા વડતાલની મૂર્તિ કે બીજી કોઈ દૂર મૂર્તિ હોયે તેને અંતરમાં જોઈએ તેને લોમ વૃત્તિથી ધ્યાન કર્યું કહેવાય. બીજું અનુલોમ એટલે આપણે અહીં બેઠા છીએ તે ભગવાન પણ આપણી પાસે સામે ઉભા છે કે બેઠા છે એમ સામે મૂર્તિ જોઈએ તે અનુલોમ કહેવાયે. ત્રીજુ પ્રતિલોમ વૃત્તિ તે પ્રતિલોમ એટલે એ મૂર્તિ અંતરમાં દેખાયે આપણા સામી નહી જેમ હનુમાનજીએ રામચંદ્રજીની મૂર્તિના અંતરમાં દર્શન કરાવ્યા તેમ અંતરમાં ભગવાનની મૂર્તિ દેખાય તે પ્રતિલોમ કહેવાય તે આ પ્રતિલોમ વૃત્તિની વાત સમજવી કઠણ છે. ને કહેવી કઠણ ને તે પ્રમાણે કરવું. તે તો ઘણું કઠણ છે. એ તો એવા ધ્યાનના કરતલ એકાંતિક સત્પુરૂષનો મન-કર્મ-વચને બરાબર સમાગમ કરીએ તો જ તે ધ્યાન પ્રાપ્ત થાય છે. ને આવી રીતે ધ્યાન જો બરાબર કરીએ તો અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડેને અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે આનંદ આનંદ ને આનંદ ના સાગરમાં ન્હાયા કરાય આવી રીતે ધ્યાન કરવામાં કાળજી રાખવી.

વળી શાસ્ત્રમાં ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે. (૧) સ્વાંગ ધ્યાન (૨) ઉપાંગધ્યાન (૩) સપાર્ષદ ધ્યાન (૪) સલીલ ધ્યાન તે ચાર પ્રકારના ધ્યાનની વિગત સત્શાસ્ત્રમાં લખી છે.

**(૧) સ્વાંગ ધ્યાન કેવી રીતે કરવું ?** તેમાં પ્રથમ તો ભગવાનની મૂર્તિના ચરણમાં ૧૬ ચિહ્ન છે તે તેનું ધ્યાન કરવું. ને જ્યારે જ્યારે આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે પોતાના ત્રણ દેહના ભાવ જ્ઞાને કરી ટાળીને આત્માને બ્રહ્મરૂપ પ્રકાશમાન

માની અક્ષરબ્રહ્મ ધામરૂપ પોતે થઈને એમ ધારવું કે એ પ્રકાશમાન અક્ષરધામ છે. તે જ હું છું, આમાં લખ્યા મુજબ જ્ઞાને કરીને બધું ખોટું કરી ને તે પ્રમાણે જ ધ્યાન કરવું તે શ્રીજી મહારાજના બે ચરણારવીંદમાં ૧૬ ચિહ્ન છે, તેમાં જમણા ચરણમાં ૯ ચિહ્ન છે. (૧) અષ્ટકોણ (૨) ઉર્ધ્વરેખા (૩) સ્વસ્તિક (૪) જાંબુ (૫) જવ (૬) વજ્ર (૭) અંકુશ (૮) કેતુ (૯) પદ્મ એમ નવ ચિહ્ન છે. ડાબા ચરણમાં ૭ ચિહ્ન છે. (૧) ત્રિકોણ (૨) કળશ (૩) ગોપદ (૪) ધનુષ (૫) મીન (૬) અર્ધચંદ્ર (૭) વ્યોમ એમ સાત ચિહ્ન ડાબા ચરણમાં છે. તેનું ધ્યાન કરવું પછી જમણા ચરણની ચાર આંગળી તથા અંગુઠાનું ધ્યાન કરવું. પછી પણોચાનું ધ્યાન કરવું. પછે ભગવાનના ચરણના તળીયાનું ધ્યાન કરવું. તે તળીયા થોડા થોડા રક્ત ધારવા. પછી ઘૂંટી પછી કાંઠા તથા ફીચું પછી ગોઠણ પછી સાથળ, પછી કેડ પછી ડાબા પગનું જે ઉપર લખ્યા જે જમણા ચરણના અંગો તેનું ધ્યાન કરવું. પછી નાભી ઉદર ત્રેવડી પછી છાતી, સ્તન તથા હૃદયમાં શ્રી વત્સનું ચિહ્ન છે તેનું ધ્યાન કરવું. પછી કંઠ પછી કંઠના ખાડામાં તિલનું ધ્યાન કરવું. પછી વાસાનું, પછી બરડાનું ધ્યાન કરવું. પછી બન્ને નેત્રનું ધ્યાન કરવું. પછી બન્ને ભ્રકુટીનું ધ્યાન કરવું. પછી નાસિકાનું પછી મુખારવિંદનું પછે હોઠ જરા લાલ છે તેનું ધ્યાન કરવું. પછી જીભનું પછી દાંતની પંક્તિનું પછી ભાલનું ભાલમાં તિલકનું ધ્યાન કરવું. પછી મસ્તકનું ને પછે મસ્તકમાં સુંદર કેશનું ધ્યાન કરવું. પછી શિખાનું ધ્યાન કરવું. પછે આખી મૂર્તિનું ધ્યાન કરવું. આવી રીત એક એક અંગ ભગવાનનું જોતા જવું ને બે વખત લાંબે શ્વાસેઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જવું. તેથી અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે આનંદ આવ્યા કરે ને અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે શાંતિ શાંતિ વર્ત્યા કરે. ને આનંદ આનંદ ને આનંદના ફુવારા વહ્યા કરે ઓ...હો...હો...! એમાં કાંઈ દિવ્ય અલૌકીક સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે...! વળી ભગવાનની કઈ મૂર્તિનું ધ્યાન કરવું તો તે સતશાસ્ત્રમાં લખેલ છે તથા મોટા સત્તપુરૂષો એ પણ કહેલ છે કે પોતાને જે પ્રિય લાગે કે આપણે જે.મંદિરમાં ભગવાનના દર્શન કર્યા હોય તેમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ, તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, અથવા સહજાનંદ





સ્વામિની મૂર્તિ, આદિ જે મૂર્તિ આપણને પ્રિય લાગે ને આપણા ચિત્તની વૃત્તિ તે ભગવાનની મૂર્તિમાં સ્થિર થતી હોય ને તે જે મૂર્તિના દર્શનથી આપણને આનંદ આવતો હોય તે જ મૂર્તિનું પ્રિતીએ કરી ધ્યાન કરવું.ને ઉપર લખ્યા મુજબ એક એક અંગ જોતા જવું ને વૃત્તિ વડે ઉપર ક્રમશ: બીજા અંગને જોતા જવું. એમ એક એક અંગ જોતા જવું ને મસ્તકથી શિખા સુધી જોતા જવું. પછી આખી મૂર્તિ જોવી. પછી તે મૂર્તિમાંથી જાણે ખુબજ તેજ તેજના કિરણો નીકળે છે એમ ધારવું. ને તે મૂર્તિ અતિશય પ્રકાશયુક્ત ધારવી. તે કિર્તનમાં લખ્યું છે કે "શીતળ શાંત છે રે તેજની ઉપમા ન દેવાય" એમ તેજોમય ભગવાનની મૂર્તિને અંતરમાં ધારવી. ને વળી તે મૂર્તિ રૂપે ભગવાન જાણે હસતા હોય, હાથ હલાવતા હોય, મટકાં મારતા હોય તેવી રીતે તે દર્શન કરવાનો અભ્યાસ કરવો. આવી રીતે ધ્યાન કરવાથી અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ આનંદ અને આનંદના ફુવારા વહ્યા કરે. વળી વચનામૃતના પરથારામાં ભગવાનની મૂર્તિમાં પર (બાવન) ચિહ્ન છે. ને ૬૩ (ત્રેસઠ) તિલ છે. એનું વર્ણન છે તે પ્રમાણે ધ્યાન કરે તે સ્વાંગ ધ્યાન કહેવાય. તે મૂર્તિ ખૂબ જ શિતળ પ્રકાશમાન, તેજથી ભરપૂર જોવી. આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તો આપણા અંતરમાં અહો અહોપણું વર્તે ને ઠંડા ઠંડા શેરડા પડવા માંડે, ઓ...હો...હો....! તે માણિગર પ્રકાશ મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તે શું વર્ણન થઈ શકે. તે આપણે એ માણિગર પ્રકાશમાન મૂર્તિના સુખમાં તલ્લીન બની જવું. આને સ્વાંગ ધ્યાન કહેવાય.

**(૨) ઉપાંગ ધ્યાન :** ઉપાંગ ધ્યાન કેવી રીતે કરવું ? તો એમ ધારવું કે ભગવાને પીળું રેશમી સરસ પીતાંબર પહેરેલ છે. તેના ઉપર કંદોરો ધારણ કરેલ છે તેના ઉપર સરસ વાઘો ધારણ કરેલ છે. તેના પર સુંદર શેલું ધારણ કરેલ છે. ને મસ્તક ઉપર સોનેરી સાફો ધારણ કરેલ છે. એમ વસ્ત્રો ધારણ કરેલ છે. તથા કંઠમાં ટૂપીયો તથા સોનાના હારો ઘણાંક તથા પુષ્પનો સારો હાર ધારણ કરેલ છે. તથા હાથમાં કડાં, પોંચી, વેઢ, વીંટી આદિ ઘરેણાં ધારણ કરેલ છે, પગમાં તોડા, બેડી, અંગૂઠી આદિ ધારણ કરેલ છે. કાનમાં સોનાના કુંડળ ધારણ કરેલ છે. હાથમાં રેશમી રૂમાલ ધારણ

કરેલ છે. તથા સોનાની છડી ધારણ કરેલ છે. આવી રીતે વસ્ત્રો તથા ઘરેણાં સહિત મૂર્તિનું ધ્યાન કરવું. તેને ઉપાંગ ધ્યાન કહેવાય. એમ ધારીને પછી આખી મૂર્તિ ધારવી. તે ધર્મપુરમાં કુશળકુંવરબાઈ જેમ દ્રષ્ટિ પલટાવીને મૂર્તિ અંતરમાં ઉતારતા તેવી રીતે દ્રષ્ટિ પલટાવીને મૂર્તિ જોવી. દ્રષ્ટિ પલટાવી કેવી રીતે કહેવાય તો મૂર્તિ સામું જોવું. વળી આંખો મીંચીને મૂર્તિને અંતરમાં જોવી તે આવી રીતે અભ્યાસ કરવાથી અંતરમાં પ્રકાશમાન મૂર્તિ દેખાય તેને ઉપાંગ ધ્યાન કહેવાય. એમ નોખા નોખા શણગાર ધારણ કરેલ મૂર્તિનું ધ્યાન કરવું ને શ્વાસોઉશ્વાસે સ્વામિનારાયણનું બે વખત નામ લેતા જવું. આને ઉપાંગ ધ્યાન કહેવાય.

(૩) **સપાર્ષદ ધ્યાન:** ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તે સપાર્ષદ ધ્યાન કેવી રીતે કરવું ? તો ભગવાને સારા શણગાર ધારણ કરી સભામાં ઢોલીયા ઉપર બિરાજમાન છે. ચારેબાજુ અનંત કોટી મુક્તોની સભા ભરાઈને બેઠી છે. ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય ની વાતો જાણે ભગવાન મુક્તોને સંભળાવે છે. ને મુક્તો એક જ નજરે ભગવાનના દર્શન કરે છે ને અમૃતવાણીનું પાન કરે છે. અને ભગવાન પણ મુક્તો સામું જોવે છે. ને દરેકને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપે છે. આવી રીતે જે ધ્યાન કરે તે ધ્યાન સપાર્ષદ ધ્યાન કહેવાય. ને ધ્યાન કરતા કરતા શ્વાસોઉચ્છ્‌વાસે સ્વામિનારાયણનું બે વખત નામ લેતા જવું તેથી ધ્યાનમાં આનંદ આવશે. આ ધ્યાનને સપાર્ષદ ધ્યાન કહેવાય.

(૪) **સલિલ ધ્યાન :** સલીલ ધ્યાન કેવી રીતે કરવું તો જાણે ભગવાન રંગે રમે છે. હાથમાં સોનાની પીચકારી લીધી છે. પીચકારી વડે રંગ મુક્તો ઉપર ઉડાડે છે તથા ગુલાલ ઉડાડે છે તથા મુક્તો પણ મહારાજ ઉપર રંગ ઉડાડે છે. કોઈ સંતોને ભેટે છે ને વળી સંતોની પંક્તિમાં પિરસીને સંતોને જમાડે છે. આદિ લીલા ચરિત્ર કરે તે ભગવાનનું સલીલ ધ્યાન કહેવાય. આવી રીતે જે ધ્યાન કરે છે તેના અંતરમાં ભગવાનની મૂર્તિનું સુખ આવ્યા કરે છે. આવી રીતે ધ્યાન કરતાં શ્વાસોચ્છ્‌વાસે સ્વામિનારાયણનું બે વખત નામ લેવાથી આનંદ આવશે. ને બીજા વિચારો નહી આવે ને અંતરમાં શાંતિ વર્ત્યા કરશે. તે સલીલ ધ્યાન કહેવાય.





આ ઉપર લખ્યા મુજબ સ્વાંગ, ઉપાંગ, સપાર્ષદ, સલીલ આમાં જે પ્રકારે શાંતિથી ધ્યાન થાયે તેમ કરવું ને સવારે વહેલા બ્રાહ્મ મૂહર્તમાં ચારથી પાંચ વાગ્યા પહેલા જાગી જવું ને પલાઠી વાળી સ્થિર ચિત્તથી ધ્યાન કરવું. રાત્રે દસ વાગ્યાની આસપાસ સૂતા પહેલા ઉપર લખ્યા મુજબ ધ્યાન કરવું. દિવસના કામકાજ કરતા પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૨ માં વચનામૃતમાં લખ્યા મુજબ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ નામ લેતાં જવું ને બહાર અથવા અંતરમાં મૂર્તિ સંભાળવાનો અભ્યાસ કરવો. પણ કામકાજ કરતાં કરતાં ભગવાનની સંભાળીને દરેક કામ કરવું. તથા આ ઉપર લખ્યા જે વચનામૃત તેને સવારે રાત્રે અનુકુળ ટાઈમે વાંચવાથી આનંદ આવે ને શ્રીજી મહારાજે શિક્ષાપત્રી,વચનામૃત, સત્સંગી જીવન આદિ સત્શાસ્ત્રોમાં જેના જે જે નિયમ કહ્યા છે તે પ્રમાણે કાળજી રાખી વર્તવું. તેથી અંતર શુદ્ધ થાય છે. ને અંતરશુદ્ધ હોય તો જ શાંતિથી ધ્યાન-ભજન થાય છે. ને બજારુ મિઠાઈ આદિ ન ખાવા. તથા કોઈપ્રકારનું વ્યસન ન રાખવું. ને સમય-સમય પ્રમાણે માનસી પૂજા કરવી. મંદિરે જવું, કથાવાર્તા કરવી તથા સાંભળવી.

વળી ગઢડા મધ્ય પ્રકરણના ૧૦ માં વચનામૃતમાં કહેલ છે કે ધ્યાન કરવામાં ઘણા વિઘ્નો આવે છે તેથી વૃત્તિ સ્થિર કરવી. વૃત્તિ સ્થિર કરવા માટે ત્રાટક કરવું. જોઈએ તે ત્રાટક કોન કહેવાયે તો ભગવાનની મૂર્તિ અથવા બીજી કાંઈ વસ્તુ સામું મટકારહિત જોઈ રહેવું એમ ત્રાટક કરવાથી આંખ બળે, આંસુ આવે, આદિ જરા આખમાં તકલીફ થાય પણ તે અભ્યાસ કરવો, છોડવો નહી. તો અંતરમાં શાંતિ થાય ને અંતરકરણ શુદ્ધ થાયેને શ્વાસોશ્વાસે ભજન સ્વામિનારાયણનું પોતાની મેળે થયા કરે ને અંતરમાં શાંતિ વર્ત્યા કરે માટે તે અભ્યાસ કરવો. આવી રીતે કરવાથી વૃત્તિ સ્થિર થાય છે ને સુખેથી ધ્યાન થાયે છે. એમ મોટા સંતો કહેતા માટે આપણે મળતે અવકાશે આ ઉપર કહ્યું જે ત્રાટક કરવામાં કાળજી રાખવીને અંતરમાં જગત ન ભરવું. અંતરમાં તો ભગવાનની મૂર્તિ જ રાખવી. આ દરેક વસ્તુ કરવાથી અંતરમાં અનુભવ થાયે છે. તેથી જ શાંતિ થાયે છે. માટે કાળજી રાખવી.

બીજું ભગવાનના ભક્તને ધ્યાન કરતા, સંકલ્પ વિકલ્પ આડા આવે છે. તે કેમ

ટાળવાં તે ગઢડા મધ્ય પ્રકરણના ૧૦ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિ અથવા બીજી કાંઈ વસ્તુ સામું મટકાયે રહીત જોઈ રહે ને અંતરમાં શ્વાસોશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે તેની વૃત્તિ તથા મન સ્થિર થાય છે તેથી ધ્યાનમાં આનંદ વધારે આવે માટે આને ત્રાટક કહેવાય. માટે અનુકુળ ટાઈમ હોય ત્યાર આવી રીતે ત્રાટક કરવામાં કાળજી રાખવી.

### ધ્યાનની વાત

શ્રી હરિનું ધ્યાન અખંડ થાય એ સમાધીથી પણ અધિક છે. કેવળ મહામંત્રનો જાપ કરતાં પણ મૂર્તિનું ધ્યાન અધિક છે. ધ્યાન કરનાર માણસને બીજા સાધનની જરૂર નથી. એ ધ્યાન કેવું હોવું જોઈએ તેનો ખરો ખ્યાલ હું અત્રે આપીશ.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મહારાજ, આપણને પ્રિય એવી જે મૂર્તિ, મંદિરમાં દર્શન કર્યા હોય તે આપણાં અંતઃકરણમાં ધારવી. તે મૂર્તિ ચોસઠ તસુ ઉંચી ધારવી અને મહારાજનું મુખારવિંદ હાથ, પગ વિગેરે તમામ અવયવો ધારવા પછી તે મૂર્તિમાંથી ખૂબ જ તેજ નીકળતું ધારવું. જે તેજને લીધે આજુબાજુની કોઈ પણ વસ્તુ દેખાય નહીં. એમ ધારવું. મહારાજની મૂર્તિના તેજથી આપણને દેહનું પણ ભાન ન રહે અને આપણા આત્માને વિષે મહારાજની મૂર્તિ નખથી શીખા પર્યંત વ્યાપેલી ધારવી. મૂર્તિ અતિશય શિતલ તેજથી ભરપુર ધારવી. આવી રીતે ધારવાથી અંતઃકરણ શાંત થઈ તમારા મનના સર્વે ઘાટ બંધ થઇ સુખ સુખ જેવું લાગશે. બોલતાં ચાલતાં વિગેરે ક્રિયામાં પણ તે મૂર્તિને આત્મામાં ધારીને જ ક્રિયા કરીએ છીએ એવું ધારવું. જેટલી મહારાજની આપણાં ઉપર વધુ કૃપા તેટલી વધુ વખત આ ધ્યાન થઈ શકે. આસ્તે આસ્તે અહોર્નિશ આવી રીતે ધ્યાનમાં રહેવાની ટેવ રાખવી. આને સર્વોત્તમ ધ્યાન કહેલું છે. ને આ રીતે જેને અખંડ ભગવાનનું ધ્યાન થતું હોય તેને દેહ છતાં જ અક્ષરધામ મળ્યું છે. એમ માનવામાં જરા પણ શંકા નથી.

એક સમય ગામ ઉમરેઠમાં સ.શ્રી ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે 'ભગવાનની મૂર્તિ વિના બીજું બધુ વિખ જેવું કરી નાખવું: ને એમ ન મનાય તો પણ એમ કર્યા કરવું એમ કરતાં કરતાં સિદ્ધ થાય છે.'





એક સમયને વિષે સ.શ્રી. વ્યાપકાનંદ સ્વામી રાત્રે ધ્યાન કરતા હતા. ત્યારે એક સંતે કહ્યું કે, સ્વામી, સુઈ જાઓ. ત્યારે સ્વામી કહે સૂવામાં શું માલ છે ? મહાપુરુષ ! સુખ માત્રતો ભગવાનના ધ્યાનમાં છે.

આવી રીતે જેને ધ્યાન કરવાની ઈચ્છા હોય તેણે પ્રથમ વૃત્તિ સ્થિર કરવી. તે વૃત્તિ સ્થિર કરવાના ઉપાય મહારાજે વચનામૃતમાં મધ્યના ૧૦ ના માં કહેલ છે.

કે ભગવાનની મૂર્તિ સામું મેષોન્મેષ આંસુ ચાલ્યા જાય ત્યાં સુધી જોઈ રહેવું ને અનેક પ્રકારના શબ્દ આવે તેને આકાશનો ભાગ જાણીને જરાપણ ક્ષોભ ન પામવો. ને આમ ધ્યાન કરવાનો અભ્યાસ કરતાં કાંઈ વચમાં વિઘ્ન આવે તો તેને ટાળવાનો ઉપર કહ્યા મુજબ ઉપાય કરવો તો ટળી જાય છે.

### કિર્તન

રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારૂં
રૂપ તમારૂં એક હૃદિયામાં રાખ્યુ,
મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારૂં ........................ રહ્યું(૧)
જગના જીવન વ્હાલા તમને જોઈને, વારી
મનડું લોભાણું છે મારૂ ................................ રહ્યું (૨)
તમ વિના શામળિયા વ્હાલા
મુને બીજું નથી લાગતું સારૂં ........................... રહ્યું (૩)
દુરિજન લોક ધોળ્યાં દાઝી મરે છે.
તેની ધડક હૈયામાં શીદ ધારૂં ........................... રહ્યું(૪)
માથું જાતાં રે મન માન્યા રે માવા
કેદી હેતમાંથી નવ હારૂં ................................ રહ્યું (૫)
બ્રહ્માનંદ કહે મારા પ્રાણ સંગાથી
ઘડી તમને તે કેમ વિસારૂં .............................. રહ્યું (૬)

(૨)

હૈડામાં મુને વ્હાલા લાગો છો વનમાળી

વ્હાલા લાગો છો લટકાળા રે લાલાં
મારાં નેણાં ઠરે છે ભાળી ભાળી
આઠે પહોર આવી વસી અંતરમાં
વળીમૂર્તિ તમારી મરમાળી ............................ હૈડામાં (૧)
બાંધ્યા છે. બાજુ કાજુ, ફુલાની માળા
ગળે લાગે છે અતી રૂપાળી
મનડાં હરો છો તમને મોરલી વજાડતાં
વળી ગાતા નાખો છો રંગ ઢાળી ...................... હૈયામાં (૨)
શું રે કરે સંસારી રે ધોળ્યાં
મેં તો લોક લજ્જા સર્વે ટાળી
બ્રહ્માનંદના વ્હાલા તમ સંગ રમતા
મારે દહાડી દહાડી તે દિવાળી ........................ હૈડામાં (૩)

એક સમયને વિષે મહારાજ અદાભાઈને ઘરે માનકુવે પધાર્યા. ત્યાં વાત કરી કે ભગવાન ને રાજી કરવા સૌ ઈચ્છે છે પણ ભગવાન કેમ રાજી થાય તે કહીએ છીએ. તે જુઓને નારદ સનકાદિકે તપ કરીને ભગવાનને રાજી કર્યા. માટે અંતરમાંથી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરી, રજોગુણ આદિના સંગનો ત્યાગ કરીને સારી ગુફા તથા એકાંત ઠેકાણે બેસીને અષ્ટાંગ યોગ સાધીને કામ, ક્રોધ આદિનો ત્યાગ કરીને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી. તેણે કરીને ભગવાન અતિશય રાજી થાય છે. ને આગળ સંતોએ ટાઢ તડકો, હરખ, શોક માન અપમાનનો ત્યાગ કરીને જે સુખ દુઃખ આવે તેને સહન કર્યા તેમ આપણે પણ સહન કરવા ને દેહના સુખની લાલચનો ત્યાગ કરીને સુખીયા રહેવું. ને વળી એમ ન સમજવું કે માંદા થાશું કે વૃદ્ધ થાશું ત્યારે કોણ ચાકરી કરશે. એ તો જેણે ગર્ભવાસમાં રક્ષા કરી હતી તેજ રક્ષા કરશે. ને જે ધ્યાન કરે છે તેને અનંત આશ્ચર્ય દેખાય છે તે ધ્યાન કરવાની રીત કહીએ છીએ તે ભક્ત પ્રથમનો મૂર્તિને દૃષ્ટિ આગળ ધારે છે ત્યારે ભગવાનની મૂર્તિ તેવી જ દેખાય છે પછી જેમ જેમ વૃત્તિ રાખે છે તેમ તેમ મૂર્તિ જેમ જાળીયામાંથી ઘરમાં પડેલાં સૂર્યની





કિરણ વડે સૂર્ય દેખાય છે તેમ તે મૂર્તિ અગ્નિ સરખી રાતા પ્રકાશવાળી જણાય છે. ચંદ્રમાં સરખી તથા અતિ શ્વેત, શિતળ પ્રકાશવાળી મૂર્તિ ભાસે છે. માટે જે ધ્યાન કરતાં પદાર્થ આડાં આવે તેને શત્રુ ની પેઠે ત્યાગ કરવા પણ ધ્યાનમાં અંતરાય થાવા દેવો નહીં.

બીજુ સત્સંગીજીવનના પાંચમાં પ્રકરણમાં આવ્યું કે આપણે સેવા કરીએ, ધ્યાન કરીએ આદિ જે કરીએ તેનું જો આપણને માન આવી જાય તો તે સર્વ નાશ પામી જાય છે. જેમ ફુટેલ ઘડામાં પાણી ન રહે તેમ અને આપણે જે શુભકર્મ કરીએ છીએ તે ભગવાનની દયાથી થાય છે પણ ભગવાનની મરજી વિના આપણે કાંઈ કરવા સમર્થ નથી. માટે જરાપણ માન આવવા ન દેવું.

બીજું પણ પ્રસાદીના વચનામૃતમાં કહેલ છે કે સર્વ શાસ્ત્રમાં તો ધ્યાન અધિક કહ્યું છે. તે જ્ઞાન તથા ભજન તથા સર્વક્રિયા થકી ધ્યાન અધિક કહ્યું છે તે ધ્યાન એટલે શું ? જે ભગવાનને નિત્યે સૂરતે જોઈ રહેવું એ ધ્યાન કહીએ. બીજું ભગવાનને જાણવા તે જ્ઞાન કહીએ. હવે વર્તમાન પાળવા તે કઠીન નથી. ને ઉપવાસ પણ દેહ સુકવી નાખે એટલા કરે વળી નામ રટણ પણ જીભ તુટી જાય ત્યાં સુધી કરે પણ ધ્યાન કરવું કઠીન છે. જેમ ભરવાડને વગડામાં ફરવું કઠણ નથી પણ ઘરમાં સાંજ સુધી બેસાડી મુકીએ તો કેવું કઠીન પડે છે. તેમ ધ્યાન કરવું કઠિન છે. અને કિર્તન ગાઈને એને વળી લખીને વાત કરીને તથા આ ઓસરીમાંથી એ ઓસરીમાં જાઓ એમ કહીએ દિવસ પુરા કરે છે તેને અંતરે કેમ સુખ રહેતું હશે ? માટે હાલતાં, ચાલતાં, સુતાં, જાગતાં, ખાતા,પીતાં એ સર્વેમાં મૂર્તિ સામું જોઈ રહેવું એમ ધ્યાન કરવું.

બીજું શ્રીજી મહારાજ લોજપુરમાં સંતોને ધ્યાનમાં બેસાડતા તે જેને ઉંઘ આવે તેને વઢે ને કે તમોને ભગવાનની મૂર્તિના ધ્યાનનું સુખ મુકીને ઉંઘ કેમ આવે છે ?અમે તો સુઈએ છીએ તોય ઉંઘ આવતી નથી. ને તમને તો ભજન કરતાં ઉંઘ કેમ આવે છે એ એમને આશ્ચર્ય લાગે છે.

બીજુ ગઢડા મધ્યના ૧૩ માં પણ કહ્યું છે કે ભગવાનનું સ્વરૂપ જાણવામાં આવે છે ત્યારે પ્રયાસ વિના વિષય જીતાય છે ને અખંડ મૂર્તિ દેખાય છે. ગઢડા મધ્યમ

૧૪ માં કહ્યું છે કે પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠા તેજ નિર્વિકલ્પ સમાધી છે.

બીજુ અમદાવાદના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે ઉપશમવાળાને ગમે તેવા વિષય હોય તો પણ ટકી શકતા નથી તે ભગવાનનું મહાત્મ્ય જાણવું તે પણ એ જ છે.

બીજુ અમદાવાદના બીજા વચનામૃતમાં કહ્યું છે કે નાહી ધોઈને એટલે ત્રણ દેહના ભાવ ટાળીને ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે ને દેહાત્મક બુદ્ધિ સહિત ભક્તિ કરે તે ન્યુન છે.

સારંગપુરના ૧૫ ના વચનામૃતમાં કહ્યું છે કે વૈરાગ્યને આત્માનિષ્ઠાવાળો ભક્ત શ્રેષ્ઠ છે. અને તે વિનાનો એકલો પ્રેમી તે ન્યુન છે તે વાત છે.

બીજુ ગઢડા પ્રકરણ ૨૫ માં છે કે લાડકીબાઈને સમાધી કરાવી પણ દેહ ભાવ ટળ્યો ન હતો તેથી ચીસ પાડી. માટે અક્ષરધામરૂપ થઈને ભજન કરવું.

બીજુ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦ ના વચનામૃતમાં કહ્યું છે કે જેને સત્સંગ મળ્યો છે તેને આત્મા તથા પરમાત્મા દેખવા તે કઠણ નથી તે વાત છે. ગ.પ્ર. ના ૧૨ ના વચનામૃતમાં પણ તે અક્ષરધામ તેજોમય છે તેના લક્ષણ કહ્યા છે.

બીજુ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૩ ના વચનામૃતમાં પણ તેજ વાત છે કે આત્મારૂપ થઈ ને ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે. ત. ગ.પ્ર. ૨૪ ના વચનામૃત માં છે કે ભગવાનનો નિશ્ચય ને મહિમા એથી દાત અંબાઈ જાય તો વિષયરૂપ ચણા ચવાય નહીં.

બીજુ અક્ષરધામરૂપ થઈને ધ્યાન કરવું. સારંગપુરના ૧૧ ના વચનામૃત માં બ્રહ્મચર્યાદિક પાંચ ગુણ અતિ સિદ્ધ થયા વિના અક્ષરધામમાં રહેવાતું નથી. તથા અક્ષરધામરૂપ થઈને ધ્યાન કરવાથી લક્ષ્મીજીની પેઠે એક ભગવાનને જ દેખે છે તે વાત છે. તથા મધ્યના ૫૦ ના વચનામૃત માં કહ્યું છે કે એક ચૈતન્ય તેજનો રાશિ છે તેને વિષે અક્ષરધામ છે ને તેને વિષે જે પુરૂષોત્તમ ભગવાન તેને વિષે પ્રિતી કરવી તે શ્રેષ્ઠ છે.

બીજુ લોયાના ૧૪ વચનામૃતમાં છે કે અધો-ઉર્ધ્વ ચારે કોરે પ્રમાણે રહિત તેજનો મોટો સમોહ છે. તેને વિષે દિવ્ય સિંહાસન ઉપર ભગવાન બિરાજમાન છે.





તેને વિષે અમારી પ્રિતી છે. તથા ગ. છે. ના ૩૧ ના વચનામૃતમાં લખ્યું છે સમુદ્રના મોટા મોટા તરંગ ઉઠે તેવી રીતે તેજના તરંગ ને વિશે પ્રકાશમાન મૂર્તિ જોવી તે 'આજ મારે ઓરડે રે આવ્યા અંવીનાશી અલબેલ' તે કિર્તનના ત્રીજા પદમાં કહ્યું છે કે 'મારૂં ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ, અતિ તેજો મય રે, રવિ શશિ કોટી વારણે ન જાય," એવુ તેજો મય ભગવાનનું ધામ છે.

તથા ગ. છેલ્લા ૩૦ મ્રાં વચનામૃતમાં કહ્યુ છે કે અમારા મનમાં બે વાત ગમે છે. ને ત્યાં મન અટકે છે. તેમાં એક્તો એ જે એક ચૈતન્ય ના તેજના રાશિનો એકલો સમૂહ છે ને તેના મધ્યે શ્રી પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ છે. તેજનો રાશિ એજ અક્ષરધામરૂપ (એટલે કે) પોતાને હાથપગ આદિ અંગથી રહિત, નિરાકાર, તે તેજના સમૂહરૂપ થઈને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાથી દેહના ભાવ ટળે છે. પણ તે વિના ટળતો નથી. તથા પાંચ વાર્તાનું અનુસંધાન રહે છે.

તથા ગઢડા પ્રથમ ના ૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે આવી રીતે અક્ષરધામરૂપ થઈને એક વૃત્તિ ભગવાનની મૂર્તિમાં રાખવી ને બીજી વૃત્તિથી દેહ,આદિકની ક્રિયા કરતાં જવું. તે પાણીયારી તથા ઘોડે સવારનાં દ્રષ્ટાંત છે.

બીજુ ગ.પ્ર.ના ૫૧ માં વચનામૃતમાં પણ છેકે હીરે કરીને હીરો વિંધાય છે. ગ.પ્ર.૪૫ માં વચનામૃતમાં છે કે અક્ષરબ્રહ્મ નિરાકાર છે તેજ પોતાનુ રૂપ માની ને ધ્યાન કરવું. ગ.પ્ર. ના ૬૬ ના વચનામૃતમાં છે કે બ્રહ્મસતારૂપ તેજ તે ભગવાનની મૂર્તિનું છે.

તથા ગ.મ.૫૭ ના વચનામૃતમાં છે કે ઉપરથી ઘણો ત્યાગ રાખે ને ભજનમાં આડું આવે તેનો ત્યાગ ન કરે તો તે વૃથા છે.

બીજુ અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી એકિર્તનનું ત્રીજુ પદ છે તે મુક્તાનંદ સ્વામીનું કરેલ છે.

અનુભવીને અંતરે, રહે રામ વાસ રે
તે બોલે, તે સાંભળે, દ્રષ્ટિ પ્રકાશે રે ................ અનુ
જયાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈન ભાસેરે

ભાત દેખીભૂલે નહીં અનુભવ ઉજાસે રે ............. અનુ
કેસરી કેરા ગંધથી, કરિ કોટિ ત્રાસ રે
તેમ આત્માના ઉદ્યોતથી અજ્ઞાન નાસે રે ........... અનુ
હું ટળ્યે હરિ ઢુંકડા તે ટળાય દાસે રે
મુક્તાનંદ એવા સંતને પ્રભુ પ્રગટ પાસે રે ........... અનુ

એક સમયને વિષે ગઢડામાં નિયમની એકાદશીના સર્વ સંતોએ માળા આદિના નિયમ લીધા. તેમાં સ.સચ્ચિદાનંદ સ્વામીએ એવું નિયમ લીધું કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી. તે મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા કે ચારવેદ કંઠે કરે, છ શાસ્ત્ર કંઠે હોય, જપ તપ આદિ સાધન છે તે પણ આવા ધ્યાન સમાન ન થાય. તેવી જ રીતે સ.સિધ્ધાનંદ સ્વામીએ પણ નિયમ લીધું.

એક સમયને વિષે શ્રીજી મહારાજે ગઢપુરમાં અન્નકુટનો ઉત્સવ કર્યો. સર્વ બાઈઓ જીવુબા આદિ અન્નકોટનો ઉત્સવ કર્યો. તે સર્વ બાઈઓ જીવુબા આદિ અન્નકોટની સામગ્રી કરે. તે પાપડ વણે તો વણતાં વણતાં મહારાજની મૂર્તિ અંતરમાં સ્કુરી તે થાળી ઉપર વેલણ રહી ગયું ને સ્થિર થઈ ગયાં. ને સેવ વણતાં મહારાજની મૂર્તિ સ્કુરી તે સ્થિર થઈ ગયા. ને પાટીયા ઉપર હાથ સ્થિર થઇ ગયા.

બીજુ સર્વ સંતો હરિભક્તો દર્શન કરવા આવે તે મહારાજની ઘૂંટી આદિ અંગનું ચિંતવન કરતાં જાય ને દર્શન કરે. એક એક અંગમાં સ્થિર થઈ જાય. ને મહા આનંદને પામે. તે સુખને મુકી ને બીજુ અંગ ધારવા સમર્થ ન થાય. એવું મહારાજની મૂર્તિમાં અલૌકિક દિવ્ય સુખ રહ્યું છે.

બીજુ જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે પ્રથમ સાંખ્ય વિચાર કરવો. તે પોતાના ત્રણ દેહ ને ઈશ્વરના ત્રણ દેહને વિષે લીન કરવા. તથા પ્રકૃતિમાંથી થયા છે જે યત્કીચિત પદાર્થ માત્ર જે સ્થાવર જંગમ તેને પૃથ્વીને વિષે લીન કરવા. તે પૃથ્વી આદિને અક્ષરબ્રહ્મને વિષે લીનકરવા. તે અક્ષરબ્રહ્મના એક રૂંવાડાંમાં અનંતકોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે ઉડતાં ફરે છે. તે બ્રહ્માંડમાં જે જે સ્ત્રી પુરૂષ મોટર તથા અનેક પ્રકારના મેવા ઘરેણા આદિ અનેક વસ્તુથી તે એક બ્રહ્માંડ કહેવાય. એવા અનંત કોટિ





બ્રહ્માંડ તે અક્ષરબ્રહ્મના રૂંવાડામાં ઉડતા ફરે છે. તે અક્ષરબ્રહ્મની સાથે આપણે એકતા કરવી ને એમ માનવું કે હું અક્ષરબ્રહ્મ છું. તે માટે હું આ માયિક પદાર્થમાં શું સુખ માનું. અને અક્ષરબ્રહ્મ કેવું છે, તે અતિ તેજોમય છે. અત્યંત પ્રકાશવાન છે, અતિ શ્વેત છે સચ્ચિદાનંદરૂપ છે. જેને ચિદાકાશ કહે છે. તે અનાદિ છે. શ્રી હરિને રહેવાનું ધામ છે. તે અક્ષરબ્રહ્મધામની સાથે એકતા કરી જ્ઞાને કરી સર્વે ખોટુ કરી ભગવાન વિના બીજું કાંઈ રૂપ નથી. તથા અલિંગ છું તે અલિંગનો એ અર્થ છે કે હાથ પગ, નેત્ર, કાન આદિ કાંઈ આકાર નથી. નિરાકાર છે. ને તેજના સમૂહરૂપ પોતાને માનવું અને દિવ્ય સ્વરૂપે ભગવાનની સેવામાં રહ્યો છું. પણ આ દેહ હું છું કે આ તેજ નોખું છે એમ ન માનવું. તે તેજોમય એવું એ અક્ષરબ્રહ્મ ધામ છે તેની સાથે આત્માને એકતા કરીને એમ જાણવું કે હું ધામમાં રહ્યો છું ને મારે વિષે ભગવાન અખંડ રહ્યા છે એમ ધારીને ધ્યાન કરવું.

બીજું મહારાજ પહેલ વહેલા કચ્છ આવેલા હતા. તે સંવત ૧૮૬૨ ના શ્રીજી મહારાજે માનકુવા ગામથી મુક્તાનંદસ્વામી આદિ ઉપર કાગળ લખ્યો છે તેમાં એમ લખ્યું છે કે શ્વાસોચ્છ્વાસે ભજન કરવાનો આગ્રહ રાખજો ને અંત:કરણનો જાણતલ સાક્ષી છે. ત્યાં જ તેજનું ઘર છે. તેજ ઠેકાણે જ્યોતિનો ઢગલો છે. તેજ ઠેકાણે બ્રહ્મલોક જવાનો માર્ગ છે. તેજ ઠેકાણે જીવ રહ્યો છે. તેજ ઠેકાણે તેજને વિષે પ્રત્યક્ષ પૂરૂષોતમની મૂર્તિ ધારીને નખ શિખા પર્યંત સર્વ અંગનું ચિંતવન કરવું ને પોતાને તે ધામમાં ભાગવતી તનુએ સેવામાં રહ્યો છું ને નિરાકાર તેજરૂપ થઈને, પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને તેજને વિષે ભગવાનને ધારવા. હીરે કરીને હીરો વિંધવો. તે ગ.પ્ર.ના ૫૧ ના વચનામૃતમાં છે ને આ કાગળને મળતો બીજો કાગળ પણ છે તેમાં લખ્યું છે કે નામીએ સહીત નામ લેવું. ને આ ધ્યાન ને મળતું જે ધ્યાન તે નીચે મુજબ છેને નામીએ સહિત એટલે આપણે ભગવાનનું નામ લઈએ તે મૂર્તિ દેખાય.

બીજુ શ્રીજી મહારાજે પોતાના ભક્તને ધ્યાન કરવું તથા સર્વ ક્રિયામાં પોતાને આત્મસતારૂપ ને અક્ષરબ્રહ્મ સંગાથે પોતાની એકતા કરવી તથા માનસી પૂજા કરવી

ને તેજોમય એવું જે ધામ ને તે તેજ પુંજને વિશે શ્રી પુરૂષોત્તમ શ્રીજી મહારાજની મૂર્તિ ધાર્યા કરવી ને એનું અનુસંધાન કર્યા કરવું પણ એ વાત ભૂલવી નહી. ને સત્તારૂપ ને નિરવયવ ને અલિંગ પોતાનું સ્વરૂપ માનીને તે નિરવયવ તથા અલિંગનો એ અર્થ છે કે પોતાના હાથપગ આદિ કાંઈ અંગ નથી ને કાંઈ આકાર પણ નથી. એક તેજનો મોટો ઢગલો છે. તે તેજનો ઢગલો તે જ હું છું ને ધામમાં ભાગવતી તનુએ શ્રી હરિની સેવામાં રહ્યો છું પણ આ માયિક દેહનો આકાર કાંઈ નથી ને તે તેજમાં ભગવાનને જોયા કરવું તે સ.ગોપાળાનંદ સ્વામીને મહારાજે એમ કહ્યું જે પોતાને સદા આકારે રહિત માનવું તે ભગવાનના સ્વરૂપમાં જોડવું. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને એમ કહ્યું જે હે મહારાજ તમારી મૂર્તિ ભુલી જવાશે તો ? ત્યારે શ્રીજી મહારાજના નેત્રો સજળ થઈ ગયા ને ગદગદકંઠે થઇને એમ બોલ્યા જે એવી રીતે ભગવાનની મૂર્તિમાં જોડાય તે શું ભગવાનની મૂર્તિ ભુલી જશે ? નહિં ભુલી જાય. એમ મહારાજનું વચન સાંભળીને સ.ગોપાળાનંદ સ્વામી કહે એ વચન મારા અંત:કરણમાં ખુંચી રહ્યું છે ને સદાય એમ જ વરતાય છે. ને વચનામૃતને પૂર્વાપર જોતાં ઠેકાણે ઠેકાણે એજ સિદ્ધાંત છે. ને શ્રી સત્સંગીજીવનમાં પણ એજ મહારાજનો મત કહ્યો છે. જે શ્લોક ધર્મ સ્થિતૈ ાા તથા ધર્મ સ્ત્યાજયાંત તથા દિવ્યાકારે ાા તથા અછેદ્યો ઈત્યાદિક તે આ શ્લોકનો અર્થ છે કે ધર્મને વિષે સ્થિતિવાળા ત.અક્ષરબ્રહ્મ સંગાથે એકતાને પામેલા એવા જે મુક્તોના જેવી સ્થિતિ કરવી. તથા તે મુક્તોના જેવો દિવ્ય દેહે ભગવાનની સેવામાં રહેવું તે ત્રણ દેહ થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને અક્ષરધામ સંગાથે એકતા કરીને દિવ્ય છે આકાર એવી મૂર્તિ જેની જે સ્વામિનારાયણ ભગવાન તેનો સુવરણ્ સમાન છે અતિ પ્રકાશ જેનો, એવી જે મૂર્તિ તેને તેજના સમુહને વશે ધારવી. ઈત્યાદિક સિદ્ધાંત જોતાં પોતાને અરૂપ માનીને ભગવાનને ભજવા. ને ધામમાં ભાગવતી દેહે કરીને સેવામાં રહેલો છુ ને પોતાને સાવયવ માને કહેતા હાથ,પગ,નેત્ર આદિ મારા અંગ છે એમ જો માને તો પોતાના માયીક આકારની કેતા પોતાના માયીક એવા હાથ પગ આદિ અંગની ભાવના ટળે નહીં. ને ત્યાં સુધી કારણ શરીરના રાગ ટળે નહીં.





બીજુ નિરંતર સતારૂપે રહીને ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગ ટાળે છે. ત્યારે કોઈ કહેશે જે ભગવાનની માનસીપૂજા કરવી તે સમયને વિષે ભગવાનને સ્નાનાદિક ક્રિયા કરાવવી તથા વસ્ત્ર ઘરેણાં ધરાવવા તથા થાળ જમાડવા આરતી ઉતારવી દંડવત કરવા આદિ ક્રિયા કરાવવી તે પોતાના સાવયવપણા વિના કહેતા હાથપગ નેત્ર આદિ અંગ વિના કેમ બને ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ તો પોતાના અંત:કરણની વૃત્તિયે કરીને થાય છે ને તેમાં કાંઈ સ્થૂળ શરીરના અવયવનું કહેતા સ્થુળ દેહના હાથ,પગ નેત્ર આદિ અંગનું કામ પડતું નથી. માટે પોતાને આકારે રહિત માનવું કહેતા હાથ પગ આદિ અંગ તે મારે વિષે કાંઈ નથી એક તેજનો મોટો ઢગલો છે તે અક્ષરધામરૂપ તેજ, તેજ મારૂં સ્વરૂપ છે પણ આ કાંઈ નથી ને ધામમાં દિવ્ય દેહે શ્રીહરિની સેવામાં રહેવું છે. ને અંત:પૂજન જે માનસી પૂજા તે તો અંત:કરણની વૃત્તિયે કરીને થાય છે માટે તેમાં શંકાનો માર્ગ નથી એમ જાણવું એમ શ્રીજી મહારાજે કહ્યું. એ વાત તે એમજ છે. તે આ વાત અહીં મેં મોટા મોટા સદગુરૂવર્ય સંતોને પૂછી ત્યારે તેમણે પણ તેજ કહ્યું કે હા આ વાત તે બરાબર છે એમ મોટા સંતો આગળ કહેતા તે પ્રમાણે કરવું.

બીજુ લાધે ઠક્કરે પ્રશ્ન પૂછ્યો કે અસત્ પદાર્થની વાસના કેમ ટળે ? ત્યારે તેનો ઉત્તર જે અંતરમાં મૂર્તિનું ધ્યાન કરે તો ટળે ? તે કાચું ઇંડું ફુટે તો આકાર ન રહે ને પાકું ફુટે તો આકાર બંધાય જાય તેમ અંતરમાં મૂર્તિ ધારવાથી કારણ શરીરની વાસના ટળે છે આદિ વાત છે.

બીજો પ્રશ્ન લાધા ઠક્કરે પ્રશ્ન પૂછ્યું જે, 'હે મહારાજ, અસત પદાર્થને વિષે વાસના બંધાણી છે તે કેમ ટળે? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે,' ભગવાનની મૂર્તિ ને સનમુખ આગળ ધારીને ભજન કરે ત્યારે તેની સ્ત્રી આદિકની વાસનાનું બળ મટે નહીં ને જ્યારે ભજનનો કરનારો દૃષ્ટા જે જીવાત્મા તેને તેજોમય એવું જે અક્ષરધામ તે સંગાથે એકતા કરીને તે પોતાને નિરાકાર સમજીને તેજનો સમુહ ને વિષે મૂર્તિ ધારે. તે કેમ ધારવું કે તે અક્ષરધામ જે છે તેમાં ભાગવતી તનુએ શ્રીહરિની સેવામાં રહ્યો છું એમ ભાવના કરીને તેજના સમૂહને વિષે મૂર્તિ ધારે ત્યારે સ્ત્રી આદિકની

વાસનાનું જોર નાશ થઈ જાય. જેમ પંખીનું કાચુ ઇંડુ હોય તે ફુટે ત્યારે અંદરથી પાણી નીકળે પણ બીજો કાંઈ આકાર રહે નહીં તેમ જે તેજોમય અક્ષરધામરૂપ પોતે થઈને તેજને વિષે મૂર્તિ ધારે તો આ માયીક દેહ જે હાથપગ વાળો છે તેનો આકાર ટળી જાય છે. કહેતાં તેનો દિવ્ય દેહ થઈ જાય છે. ને તે પંખીનું પાકું ઇંડુ હોય ને તે ફુટે તો તેમાંથી બચ્ચુ નીકળે તેનો આકાર ટળે નહી કહેતા આ હાથપગ આદિ માયીક અંગવાળા દેહની ભાવના ટળે નહીં. તેમ જે દૃષ્ટા જે તેજને વિષે ધારે તેના ઘાટ તે કાચા ઇંડા સરખો તેનો આકાર રહે નહીં કહેતાં દેહભાવ રહે નહીંને અક્ષરધામરૂપ તેજનો સમૂહ તે જ પોતે થઈ જાય. અને જો બાહેર મૂર્તિ ધારે કે આ હાથ પગ વાળો માયીક દેહ તે હું છું તે આ તેજોમય ધામ છે ને તેમાં મૂર્તિ છે. તેનો ઘાટ તે પાકા ઇંડા સરખો તેનો આકાર મટે નહીં કહેતાં તે ઇંડાનું બચ્ચુ થાય ને આકાર રહે તેમ જો બાહ્ય મૂર્તિ ધારે તો કદાચ બહાર મૂર્તિ દેખાય પણ દેહમાં જે અવ્યક્ત જે કારણ શરીરના રાગ છે તે ટળે નહીં. તેમાં એમ સમજવું કે દૃષ્ટારૂપ જે તેજોમય એવું અક્ષરધામ તેની સાથે આત્માની એકતા કરી ભાગવતી દેહે શ્રીહરિની સેવામાં રહ્યો છું. પણ આ દેહનો આકાર કાંઈ નથી ને તે તેજોમય અક્ષરધામ રૂપની સાથે આત્માની એકતા કરી પોતાના આત્માને વિશે પ્રત્યક્ષ ભગવાન સદાય વિરાજમાન છે ને આપણે દિવ્ય દેહે માયીક દેહે નહીં. ને ભગવાન બહાર દર્શન આપે છે તે તો ભક્તના ઉપદેશને અર્થે છે પણ ભગવાન તો સદાય અક્ષરધામરૂપ એવો જે પોતાના આતેમાને વિશે ભગવાન અખંડ રહ્યા છે. ને દિવ્ય દેહે આપણે ભગવાનની સેવામાં રહ્યા છીએ. એવી રીતે સમજે તો તેની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે.

બીજુ ગામ ભાદરાના રત્ના ભક્ત હતા તે પણ ધ્યાન કરતા ને અક્ષરધામની સમાધી થાતી ને અક્ષરધામમાં જાતા પણ અંદરથી કારણ **શરીરના** રાગ ટળેલ નહીં. તેથી પોતાના ઘરના મનુષ્ય દેહ મૂકી જાયને વળી બીજી સ્ત્રી કરી આવે. એમ ચાર વખત કર્યુ. તે રત્ના ભક્ત એક વખત ગઢડામાં સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા ગયા. ત્યારે સ્વામી તે ભક્તને કહે કે સમાધિવાળાને આવું શું છે ? વાસના છે કે શું ? ત્યારે તે કહે કે 'વાસના હશે જ ત્યારે આવા વિષય ભોગવાય છે.





નહિતર આમ ન થાય. ત્યારે સ.ગુ. સ્વામી કહે,' તમો સમાધી કરીને અક્ષરધામમાં જાઓ છો તે ત્યાં મને દેખો છો ? તો કહે હા ત્યાં બીજે સ્વરૂપે તમને દેખું છું. ત્યારે સ.સ્વામી કહે ત્યાં મને પૂછજો. તે અક્ષરધામમાં પૂછ્યું કે આ રાગ કેમ ટળે ? ત્યારે સદ્‌ગુરૂ ગોપાળાનંદસ્વામી કહે કે તમે બહાર મૂર્તિ સિદ્ધ કરી છે તેથી આ દેહના ભાવ ટળ્યા નથી. તે માટે હવે તમે આ ત્રણ દેહના ભાવ ટાળીને પોતાના આત્માને તેજોમય અક્ષરધામની સાથે એકતા કરી અંતરમાં ધ્યાન કરો. ત્યારે તેમણે એવી રીતે અંતરમા ધ્યાન કર્યું તેથા તેમના અવ્યક્ત રાગ ટળી ગયા ને તે સાધુ થયા ને વિજ્ઞાનદાસજી સ્વામી નામ પાડ્યું ને તે. દેહને અંતે અક્ષરધામને પામ્યા.

બીજુ માનતળી દેશના પ્રતાપભાનુ નામે રાજા હતા તે ભગવાનની મૂર્તિ ઉપર લખી જે રત્ના ભક્તની વાત તેવી રીતે બહાર મૂર્તિનું ધ્યાન કરતા ને છ માસની સમાધી થાતી પણ અંતરમાંથી કારણ શરીરના અવ્યક્ત રાગ ટળ્યા ન હતા. તેથી છ મહીને વળી રાજ્ય, સ્ત્રી પુત્ર આદિ માયીક વસ્તુ સાંભરે એટલે પાછા દેહમાં આવે. ને તે રાજ્યના જે સર્વ પંચવિષયના માયીક સુખ ભોગવે. તે વાત મહારાજે જાણી ને સિદ્ધદશાવાળા જે સ.ગુ. શતાનંદ સ્વામીને મહારાજે કહ્યું કે, 'આ રાજાના રાગ ટળાવી ને એનો મોક્ષ કરો' એમ કહ્યું ત્યારે સ.શતાનંદ સ્વામી તે રાજા પાસે ગયા ને કહ્યું કે તમોએ બહાર ધ્યાન કરીને બહાર મૂર્તિ સિદ્ધ કરી છે તેથી અંતરમાંથી અવ્યક્ત રાગ ટળ્યા નથી. તેથી આમ થાય છે. માટે તમો આ ત્રણ દેહના ભાવ ટાળી અંતરમાં મૂર્તિ ધારીને ધ્યાન કરો, ત્યારે તેમણે અંતરમાં ધ્યાન કર્યું તેથી રાગ ટળી ગયાને દેહને અંતે ભગવાનના ધામને પામ્યા.

બીજુ સ.ગુ. સ્વરૂપાનંદ સ્વામીને મહારાજે કહ્યું કે તમોને બીજાને ઉપદેશ આપવાનું કહીયે તો કેમ કરો ત્યારે સ્વામી બોલ્યા કે માણસો તો આ લીંબડા નીચે દેખ્યા હૈ 'ત્યારે બીજા કહે,' આ સ્વામીએ મનુષ્ય નથી દેખ્યા ત્યારે જીવના કલ્યાણ કેમ કર્યા હશે ? ત્યારે શ્રીજી મહારાજ કહે, બીજા સંતો વાતો કરીને, વર્તમાન પળાવી કલ્યાણ કરે ને આ સદ્.સ્વરૂપાનંદ સ્વામી ઉપરથી વાયરો વાઈને જાય ને તે વાયરો જેને અડશે તેનો પણ મોક્ષ થાશે. તે શા માટે કે તે સ્વામી ભગવાનની મૂર્તિ અખંડ

સ્થાવર જંગમમાં દેખતાં પણ બીજું કાંઈ દેખતાં નહી.

બીજુ એક સમયને વિષે શ્રીજી મહારાજે સદ્ગુરૂ આનંદાનંદ સ્વામીને કહ્યું કે તમોને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ? ત્યારે સ્વામી કહે, 'હે મહારાજ, તમે જેમ કહો તેમ કરીએ' પછી મહારાજે સ.સ્વામી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે તમોને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ? ત્યારે તે સ્વામી કહે, 'હે મહારાજ હું તો જો તમારી મૂર્તિમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું તો પાછી એક હાથ પાછી વાળું ત્યારે માંડ માંડ તમારી મૂર્તિમાં વૃત્તિ રહે.' પછી મહારાજે સદ્.સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે, 'તમને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ? ત્યારે તે સ્વામી કહે' હું તે ક્રિયા બરાબર કરૂં પણ તે વસ્તુ ન દેખાય ને જ્યાં જોઉં ત્યાં તમારી મૂર્તિ જ દેખાય પણ બીજી વસ્તુ ન દેખાય. ત્યારે મહારાજે કહે, 'તે કેમ સર્વને સમજાય' ત્યારે સ્વામી કહે, 'જેમ તીરમાં લીંબુ હોય તે જે બાજુ વૃત્તિ કરૂં તે બાજુ લીંબુ જ દેખાય. તેનો સિદ્ધાંત એ છે કે આ દેહ ખોટો કરીને તીરરૂપી અક્ષર ધામને લીંબુરૂપ ભગવાનની મૂર્તિ તે સ્થાવર જંગમ આદિ સર્વેમાં દેખાય પણ બીજી કાંઈ વસ્તુ તથા મનુષ્ય પશુ આદિ કોઈનો આકાર દેખાય નહીં.' ત્યારે મહારાજ રાજી થયા. ને ત્યાં સ.ગુ. મુક્તાનંદસ્વામીએ અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે એ કિર્તનના ત્રીજા પદમાં કહેલ છે કે

જ્યાં જુવે ત્યાં રામજી, બીજું કાંઈ ન ભાસે રે<br>
ભાત દેખી ભુલે નહી, અનુભવ-ઉજાશે રે

તેનો પણ એજ અર્થ છે કે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં એક ભગવાનની મૂર્તિ જ દેખે પણ તે વિના આ બ્રહ્માંડમાં બીજું કાંઈ ન દેખે. જેને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા થઈ ગઈ છે તે એમ જાણે જે આ બ્રહ્માંડમાં સ્ત્રી પુરૂષ, પશુ,મોટર, ઝાડ, પર્વત, ઘરો આદિ સર્વે માયીક વસ્તુથી આ એક બ્રહ્માંડ થયેલું છે તે એવા અનંત કોટિ બ્રહ્માંડ તો તે તેજોમય એવું જે અક્ષરધામ ને વિષે એવાં બ્રહ્માંડો એક રૂંવાડામાં ઉડતા ફરે છે. એવુ અક્ષરધામમાં સુખ છે તે સુખને મુકીને આ બ્રહ્માંડોમાં જે માયીક વસ્તુ તેમાં શું પ્રીતી રાખું. એ સુખતો નાશવંત છે ને કહેવા માત્ર છે. બીજુ 'અનુભવી આનંદમાં' બ્રહ્મરસના ભોગી તે ભગવાનના સુખમાંજ પ્રિતી રાખવી.





બીજુ વડતાલના ૧૬ ના વચનામૃતમાં વાત છે, કે 'ચૌદ લોકના રાજ્ય કરતાં ભગવાનનું ધ્યાન કરવું તેમાં વધારે સુખ છે. ધ્યાનની વાત તે સીધ્ધ દશાવાળા સંતે લખ્યુ છે કે તે (૧) દેહ અને આત્મા વચ્ચે જ્ઞાન સ્વરૂપી વિચાર અખંડ સ્થિર રહે એ (શુભ ઈચ્છા)

(૨) ને એ વિચાર ગમે તેવા નિમિત્તે પણ ભુલાય નહીં ને ઉપાસ્ય મૂર્તિના બળનું તથા આત્મનિષ્ઠાના શ્રવણ મનન, નિદિધ્યાસનો અખંડ અભ્યાસએ (વિચારણા)

(૩) આત્મા પરમાત્માના આરે જ થયેલ વૃત્તિ સ્વરૂપને છોડીને બીજે જાય જ નહી એ (તનુમાનસા)

(૪) પ્રકૃતિના કાર્ય માત્રને ગંધર્વનગરવત જાણીને જનક રાજાની પેઠે હર્ષ-શોકથી રહિત થકો એક પરબ્રહ્માકારે જ અખંડવૃત્તિ રહે એ. (સત્વાપતિ)

(૫) પરબ્રહ્મનો સાક્ષાત અનુભવ થાય અને વૃતિ કેવળ આત્મ સનમુખ જ રહી પરમાત્માને જ જોઈ રહે અને તેના બળથી બીજાને પણ એ અનુભવ કરાવે એ (અંશ શક્તિ)

(૬) પદાર્થમાત્ર તેમજ ઐશ્વર્યમાત્રની પ્રવૃત્તિથી તદન ઉદાસ રહે ને આત્મવિચારનો પણ લય થઈ જાય ને વાસનાલીંગ નિર્મૂળ થઈ જાય ને અખંડ બ્રહ્મકારનો અનુભવ થવાથી દેહની વ્યવસ્થા બીજાને હાથ રહે છે. પોતાને કશી ખબર રહેતી નથી એ. (પદાર્થ ભાવના)

(૭) અખંડ બ્રહ્મ સ્થિતિ દૃઢ થવાની ઈયળ,ભમરી વત શરીરના પ્રારબ્ધનો પણ લય થઈ સાક્ષાત પરબ્રહ્મના આનંદમાં ગરકાવ થઈ રહે એ (તુર્યગા)

આ ભૂમિકા સદ્ગુરૂશ્રીની વાતોમાં ૫૧ મી વાત છે. આવી સ્થિતિ જ્યારે થાય છે ત્યારે તે ભક્ત કે સંતને ભગવાનના ધામમાં જવાની ઈચ્છા થાય છે તો તેનો દેહ ૨૧ એકવીસ દિવસમાં પડી જાય છે ને ભગવાનના ધામને પામે છે. ને તે ભકત કે સંત ને અહી રહેવાની ઇચ્છા હોયે તેને ભગવાન તે ભક્ત કે સંતની ઈચ્છા પ્રમાણે રાખે છે પણ તેને ધામમાં જવું હોય તો જઇ શકે છે આ ભગવાનની દયાથી આ ભક્ત કે સંત આવી સ્થિતીને પામે છે આવો આ ધ્યાનનો મહિમાં છે.

બીજુ કારીયાણીના પ્રથમના વચનામૃતમાં છે કે, 'ભગવાનનો ભક્ત આવી રીતે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મધામ તે રૂપ પોતે થઈને ધ્યાન કરે તો તે ભગવાનના જ્ઞાને કરીને ભગવાનને આકાર થઈ જાય છે. ને તેનો દિવ્ય દેહ થઈ જાય છે. જેમ ઈયળ તેને તે દેહે કરીને ભમરી થઈ જાય છે કોઈ અંગ ઈયળનું રહેતું નથી. તેમ ભગવાનનો ભક્ત બ્રહ્મરૂપ થાય છે અને સ્વામિ-સેવક ભાવ રહે છે.' ને તે ભક્ત ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે.

બીજુ આવો દિવ્ય યોગ આપણને મળ્યો છે માટે અખંડ ધ્યાન કરવું ને દરેક ક્રિયામાં શ્રી હરીની મૂર્તિને સંભારવી. ને આને આ દેહે કરીને ભગવાન ભજી લેવા ને દેહને અંતે શ્રી હરિની હજુર સેવામાં રહેવાય તે કામ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે. પછી ફરી ફરી આવો જોગ મળશે નહીં. માટે શ્રી હરિનો અપાર મહીમા સમજીને આ લોકની સર્વ વાસના ટાળી નાંખવી ને કથા વાર્તાનો તથા ધ્યાન ભજન કરવાનો અતિશય ખટકો રાખશો. તે આ જન્મે જ ભગવાન ભજીને છેલ્લો જન્મ કરી લેવો તો જ આપણાં સર્વ કામો પૂરા થયાં કહેવાય માટે કથા વાર્તાનો તથા ધ્યાન ભજન કરવાનો ખટકો રાખવો.

બીજુ સારંગપુરના ૧૧ માં વચનામૃતમાં છે કે શ્રુતિ. નિરંજન : પરમં સામ્યમુપૈતી તે શ્રુતિ છે તેનો અર્થ જે અંજન જે માયા થકી રહિત થઈને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ ધામ તે સંગાથે પોતે એકતા કરીને સુવર્ણના સમાન છે. મૂર્તિ જેની એવા સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું અંતરમાં ધ્યાન કરે છે તે ભગવાનના સાધર્મ્યપણાને પામે છે કહેતાં શુભ અશુભ કર્મે કરીતે ભક્ત બંધાય નહીં. જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે. કહેતા પોતાને સાવ ભુલી જાય છે ને એક ભગવાનની મૂર્તિ જ દેખે છે તે સદ્.ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ છે કે જે ઉત્તમ સ્થિતિવાળા મુક્ત છે. તે એવી જ રીતે એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. એ અતિ ઉત્તમ સ્થિતિ છે. એમ સદ્. શ્રી વલ્લભદાસજી સ્વામી પણ કહેતા. ને તે લક્ષ્મીજી ક્યારેક તો નોખાં રહ્યા થકાં ભગવાનની સેવામાં રહે છે ને ક્યારેક અતિ સન્હે કરી ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે.





બીજુ જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તો તે ભક્તપણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે. કહેતાં પોતાને ભુલી જાય છે તે ક્યારેક તો ભગવાનની સેવામાં રહે છે. તે ભગવાન જેમ સ્વતંત્ર છે તેમ તે ભક્ત પણ ભગવાનની ઈચ્છાથી સ્વતંત્ર થાય છે. તે આવી સામર્થી તે ભક્તમાં આવે છે તે તો તેના ઉપર ભગવાનની દયા છે એમ સમજવું બીજુ ગ.મ.ના ૨૨ વચનામૃતમાં છે કે અક્ષરબ્રહ્મધામનો એવો પ્રતાપ છે કે કાષ્ટમાં તથા પાષણમાં પ્રવેશ કરે તો તે પાષાણ પણ હાલે ચાલે એવો તે બ્રહ્મનો પ્રતાપ છે તે અક્ષરબ્રહ્મધામની સાથે પોતાના આત્મા જોડી રાખવો તે આવી સ્થિતિ કરવાની છે. તે આવો મોટો જે આત્મા તે આ બ્રહ્માંડના માયીક પંચવિષયમાં હું શું પ્રિતી રાખું. તથા પ્રથમ પ્રકરણના ૬૩ ના વચનામૃત તથા ગ.પ્ર. ૬૪ ના વચનામૃતમાં વાત છે કે આવો ભક્ત તે ભગવાનના સાધર્મ્યને પામે છે.

તથા સદ્. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પાના ૨૧૦ માં ૧૧૨ મી વાત છે કે પરમેશ્વર વિના બીજો મનમાં આકાર ધરાઈ ગયો હોય તો જાણપણામાં રહીને મુકતો સહીત શ્રીજી મહારાજનું ધ્યાન કરે ને આ બ્રહ્માંડની સર્વે આકૃતિને પોતે સ્વપ્ન તુલ્ય જાણે તે અતિ દુઃખ આપનારા છે એમ જાણવું. તે ઉપર ગ.મ. ના ૫૫ ના વચનામૃતમાં વાત છે કે આ લોકના સુખતો સર્વે કાખના મોવાળા જેવા છે.

ગ.પ્ર. ના ૪૪ ના વચનામૃતમાં વાત છે કે જેને ભગવાનમાં અતિ સ્નેહ થયો હોય તેને ભગવાન વિના બીજું કાંઈ સાંભરે તો કપાળમાં બળબળતો ડાંભ દે ને તે જેવો વસમો લાગે તેવું ભગવાન વિના બીજું સાંભરે તો તેને વસમું લાગે તે આવા ભક્ત હોય તેને બીજું કેમ સાંભરે ? ન જ સાંભરે.

તથા ગ.મ.ના ૫૩ ના વચનામૃતમાં વાત છે કે ભગવાનના ભજનમાં આડુ આવે તેનો ત્યાગ ન કરે તો તેનો બીજો સર્વ ત્યાગ વૃથા છે. તથા ગ. છે. ના ૩૦ ના વચનામૃતમાં છે કે પાંચ વાર્તાનું અખંડ અનુસંધાન રહે છે.

બીજુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં ધ્યાનનું લખ્યું છે કે તીર્થ કરે, યજ્ઞ કરે તથા જ્ઞાન જે ભગવાનની વાતું કરવી ને સત્સંગ વધારવો આદિ સર્વ થકી ધ્યાન

કરવું તે અધિક છે. ને તેમાં જ લખ્યું છે કે ધ્યાન કરતાં જે જે અંતરાય આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો એમ મોટા સતપુરૂષોનો સિદ્ધાંત છે.

બીજુ વડતાલના ૧૬ના વચનામૃતમાં વાત છે કે, 'ચૌદ લોકના રાજ્ય કરતાં પણ ધ્યાન કરવું તે અધિક છે. એમ શ્રીજી મહારાજે કહ્યુ છે. તથા ગ.મ.ના ૨૨ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે લખ્યુ છે કે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા ને ચોરાસી કરીને ચાલી નીકળ્યા તે ગણેશ ધોળકાની રાણ્યુંમાં રાત રહ્યા ને આત્મસતારૂપે રહીને સર્વે પ્રવૃત્તિ વિસારી મેલી તે ભગવાનને આ પ્રવૃતિ કાંઈ નડતી ન હતી પણ આપણાને શીખડાવ્યુ કે પ્રવૃતિમાં પણ ક્યાંય બંધાવુ નહિ.

બીજુ સ.ગુ. નિર્ગુણદાસજી સ્વામીની વાતોની ચોપડીમાં વાત નં. ૫૯૯ મી છે કે અમારા રહસ્યની વાત કહીએ છીએ તે રહસ્યની વાત તેકઈ તો જે ગ.મ.ના ૫૦ મા વચનામૃતમાં છે કે સર્વ થકી અક્ષરધામ મોટું છે. તે અક્ષરધામને વિષે અનંત કોટિ બ્રહ્માંડો પરમાણુવત થઈ જાય છે તે અક્ષરબ્રહ્મધામ ની સાથે આપણા આત્માને જોડી દેવો તેથી આ બ્રહ્માંડ પરમાણુવત થઈ જાય તો આલોક માયીક સુખ પરમાણુવાત થાય તેમાં શું કહેવું ? તથા સારંગપુરના ૧૦ માં વચનામૃતમાં વાત છે કે બહારવૃત્તિવાળાની સમજણ મિથ્યા છે તે અંતરવૃત્તિવાળાની સમજણ ઉત્તમ છે. અંતરવૃત્તિવાળાને ભગવાનનું ધામ તથા ભગવાન પાસે જ છે માટે તે સર્વે થકી શ્રેષ્ઠ છે માટે તે ધ્યાન કરવામાં વિશેષ ખટકો રાખવો.

શાસ્ત્રમાં ધ્યાનની વાત લખી છે કે ગુફામાં એકાંતમાં બેસીને ધ્યાન કરવું. તે આવું ધ્યાન થાય તે સર્વ થકી શ્રેષ્ઠ છે. તથા આ ધ્યાનની વાત છે કે સર્વ શાસ્ત્રમાં વાત છે કે ધ્યાન સર્વ થકી અધિક છે ને જ્ઞાન કહેતા ભગવાનની વાતો કરવી તે સત્સંગ વધારવો તે તથા ભજન કહેતા નવ પ્રકારની ભક્તિ કરવી તે સર્વ થકી ધ્યાન અધિક છે.

પ્રથમ તો એવું શીખવુ કે શાસ્ત્ર વાંચીને તથા મોટા સત્પુરૂષોનો સમાગમ કરીને તથા ધ્યાન ભજન કરીને પોતાના જીવને શુદ્ધ કરવો. ને પોતાને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને અખંડ ભગવાન સંભારવા એવો પ્રથમ અભ્યાસ કરવો. એવું





પહેલા કામ કરવું એમ શ્રીજી મહારાજે તે વાતોમાં લખ્યું છે.

બીજુ ભુજમાં સ.ગુ. બાલમુકુંદદાસજી સ્વામી હતા. તે આવી રીતે અખંડ ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરી હતી ને તેમનાં દર્શન કરવા મોટા મોટા ન્યાયાધીશો તથા મોટા મોટા શેઠીયાઓ પણ આવતા પણ તેમને એટલી જ વાત કરતા કે શિક્ષાપત્રી પ્રમાણે વર્તજો ને આ ધ્યાન કરો તેમાં ઘણું સુખ છે.

બીજુ સારંગપુરના પ્રથમના વચનામૃતમાં છે કે એક આંખનું મટકું ભરીને એટલીવાર પણ જો ભગવાનનું ખરેખરૂં સુખ ભોગવ્યું હોય તો અનંત કોટિ બ્રહ્માંડના વિષય સુખ વારી ફેરીને નાંખી દઈએ એવું ભગવાનમાં સુખ છે.'

તથા સદ્.ગોપાળાનંદ સ્વામીની વાતોમાં વાત છે કે ભગવાનનો ભક્ત એવી રીતે ધ્યાન કરે ને તેને સમાધી થાય. ને આંખનું મટકું ભરીને એટલીવાર જો ભગવાનનું સુખ ભોગવ્યું હોય તો તે ભક્ત સમાધીમાંથી બહાર આવે ત્યારે એમ થાય કે મેં હજારો-લાખો વર્ષ ભગવાનનું સુખ ભોગવ્યું એવું ભગવાનના ધામમાં સુખ છે. માટે આ લોકના સુખમાં ક્યાંયં પ્રિતી ન રાખવી.

અને તે ભગવાનનું ધ્યાન કરતાં ઘાટ સંકલ્પ થાય તો ભગવાનની મૂર્તિના અંગ ઉતાવળાં જલ્દી જલ્દી ધારવાં ને મનમાં સંકલ્પ થાય તેવો અવકાશ રહેવા દેવો નહીં ને અખંડ ભગવાન સંભારવા.

બીજુ દેહ અને આત્માને નોખો કરીને આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરવી ને સંકલ્પ કાંઈ હાથ પગમાં થતા નથી તે તો હૃદયમાં જ થાય છે. માટે તે હૃદયમાં તો એક ભગવાનની મૂર્તિ રાખવી. એમ સદ્.શુકાનંદ સ્વામીનું વચન છે.

તથા સૂર્ય અગ્નિ ચંદ્રના તેજનો સમૂહનો લોચોપોચો ઢગલો હોય તેને મધ્યે ભગવાનની મૂર્તિ જોવી. તે આવું ધ્યાન જરાવાર પણ થાય તો પણ આખો દિવસ ખુમારી રહે છે. તે જેમ દૂધમાં સાકર નાંખીને પીધું હોય તેમ અંતરમાં ભગવાનનું સુખ આવે છે.

બીજુ સ.ગુ. સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં છે કે 'ત્રણ પ્રકારનું ધ્યાન છે. તેમાં ઉત્તમ ધ્યાન એ છે કે સર્વ માયીક પદાર્થનો ત્યાગ કરીને પોતાના જીવાત્માને

તેજોમય એવું અક્ષરધામ તે રૂપ થઈને પોતાને નિરાકાર સમજી ને અંતરમાં ધ્યાન કરે તો તેને પૂર્વ-પશ્ચિમના ભાવો ટળી જાય છે ત્યારે કારણ શરીરનો નાશ થાય છે ને ભગવાનની સેવામાં રહે છે.

બીજુ ગ. છે. ના ૩૩ માં વચનામૃતમાં વાત છે કે આવી રીતનો જે ભક્ત થયો તે આંખનું મટકું ભરીયે એટલીવાર પણ ભગવાનથી છેટે રહી ન શકે. જેમ માછલું પાણી વિના રહી ન શકે તેમ. તે આવી રીતનો જે ભક્ત થયો તે વાતો ન કરે તો પણ તેમના દર્શન માત્રથી જ અનંતજીવનો ઉદ્ધાર થાય છે. તે સ.ગુ. સ્વરૂપાનંદ સ્વામીનો વાયરો જેને અડે તેનો પણ મોક્ષ થાય છે. તે માટે ધ્યાન સર્વથી શ્રેષ્ઠ છે. તે લોયાના ૧૩ ના વચનામૃત માં છે કે આવી રીતે ભગવાનનું ધ્યાન કરતા ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. તે ભક્ત ચિંતામણીના પ્ર.૧૪૧માં વાત છે કે પીજ ગામના અવલબાઈ હતા તે આવું ધ્યાન કરવાથી ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો ને પોતાના દેહનું ભાન ભુલી ગયાં ને તે કહે હું સહજાનંદ છું. એમ બોલવા માંડયા પછી જ્યારે ભાન આવ્યું ત્યારે કહે કે 'હું તો શ્રીમહારાજની દાસી છું. તથા ભાગવતના દશમસ્કંધમાં ગોપીયોની વાત છે કે આવી રીતે તે શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતવન કરવાથી તે ગોપીઓ પોતાના દેહભાવને ભુલી ગઈ ને એક બીજી ગોપી ને કહેવા મંડી કે, 'હું કૃષ્ણ છું મેં જ ગોવર્ધન ધાર્યો તથા કાળીનાગ નાથ્યો' આદિ ચેષ્ટા કરવા મંડી ને પછી જ્યારે પોતાના દેહની સ્મૃતિ થઈ ત્યારે કહેવા લાગી કે 'આપણે તો ભગવાનની દાસી છીએ' આમ કાંઈ ભગવાન પોતે જ થાય એમ નથી. ભગવાન તો એક જ સ્વામિનારાયણ છે. તેને વિષે જ એક પતિવ્રતાની ટેક રાખવી પણ આવું ભગવાનનું બહુ ચિંતવન કરવાથી પોતાના દેહનું ભાન ભુલીને એક ભગવાન જ દેખાય તે વાત છે તે પોતે દાસભાવ ભૂલી જાય ને જેમ તેમ કરે તો તે નરકમાં પડે છે.

બીજુ માંગરોળના વાણીયા પ.ભ.શ્રી ગોવર્ધનભાઈ પણ કારીયાણી ગામમાં ભગવાનની મૂર્તિને પોતાના જીવાત્માની અંદર અંતરવૃત્તિથી ધારીને કેટલીક સૂતરફેણી જમીગયા ત્યારે મહારાજ કહે, 'તમે જમોને' ત્યારે ગોવર્ધન ભાઈ કહે, 'હું તો હજી





નાહીશ, પૂજા કરીશ પછી જમીશ. તે બીજા સર્વને એમ જણાયું કે ગોવર્ધન ભાઈ જમ્યા પણ તે તો સર્વ મહારાજને જમાડ્યુ. ને પોતે તો બપોરે જમ્યા. ને તેવી જ રીતે સદ્.સચ્ચિદાનંદ સ્વામી પણ ગઢડામાં હજાર મનુષ્યનું જમી ગયા હતા. તે પંચાળાના ચોથા વચનામૃતમાં વાત છે કે

***અહં વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણીનાં દેહમાશ્રિતઃ***
***પ્રાણાયાન સમાયક્તઃ, પંચામ્યન્નં ચતુર્વિધમ***

આદિમાં પણ તે જ ભાવ છે તે ભગવાન કહે છે કે 'જઠરાગ્નિરૂપ તે હું થઈને તે સર્વે પચાવું છું. એવી રીતે ભગવાનને ધારવાની વાત છે. તે આ સ્થિતિ થાય તેની વાત છે. સ્થિતિ ન થઈ હોય ને વિષયમાં પ્રિતી હોય ને આમ કરે તો તેને નરકમાં જવું પડે. આ તો જાણવા માટે છે.'

બીજુ કચ્છમાં ભુજ પાસે સુખપુરના વાલજીભાઈ પટેલે મૂર્તિ સિદ્ધ કરી હતી. તે વાલજીભાઈ એક વખત ભુજ દર્શન કરવા આવતા હતા ને સદ્.સ્વામી શ્રી વલ્લભદાસનું મંડળ સુખપુર જતું હતું. તે આ વાલજીભાઈ મહારાજની મૂર્તિ ધારીને ચાલ્યા જતા હતા. તે આ સ્વામી સામા મળ્યા પછી તેમણે સ્વામીને દેખ્યા નહીં પછી સદ્ શ્રી વલ્લભદાસજી સ્વામીએ જયશ્રી સ્વામિનારાયણ કહ્યા ત્યારે સામું જોયું ને સંતોના દર્શન કર્યાં. તે આ ભક્તને સંતોને પણ ન જોયા તો બીજી આલોકની માયીક વસ્તુને શું જોતા હશે. ન જ જુવે આવા સ્થિતિવાળા ગૃહસ્થાશ્રમમાં હતા. તે આ વાત સદ્. સ્વામી શ્રી વલ્લભદાસજી પાસેથી સાંભળી છે. તેવી રીતે આપણે ભગવાન સંભાળવાનો અભ્યાસ રાખવો.

બીજુ શ્રીજી મહારાજ બોલ્યા જે હવે અમને જે ગમે છે તે કહીએ છીએ જે ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી નોખો ને વ્યતીરેક જે પોતાનો આત્મા તેને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મમય ધામ તેની સંગાથે પોતાના આત્માને એકતા કરીને તે જે ધામ છે તે જ પોતાનું સ્વરૂપ સમજે તે ધર્મમાં દૃઢ રહ્યો હોય ને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય તે અમને ગમે છે.

બીજુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામિની વાતોમાં છે તથા શ્રી વલ્લભદાસજી સ્વામી

પણ કહેતા કે આ સત્સંગમાં શ્રીજી મહારાજ છતાંના સાત ધામના મુક્ત છે તે સર્વ સંતોની તથા સર્વ હરિભક્તોને કાંઈ એક સરખી સમજણ પણ ન હોય માટે સંગ્ની શુદ્ધિ રાખવી ને ઉપર કહ્યા પ્રમાણે તેમનો મહિમા સમજી ને સર્વને વિષે નિર્દોષ બુદ્ધિ રાખે તો પોતે સર્વ દોષોથી રહીત થઈ જાયને તેને આઠે પહોર આનંદ વર્તે.

બીજુ ધ્યાન કરવા બેસવું ત્યારે પોતાના દેહને વિરાટના દેહને વિષે લીન કરવો. ને પછી પ્રકૃતિમાંથી થયેલી જે યત્કિંચિત જે માયીક સર્વે વસ્તુ ને પૃથ્વીને વિષે લીન કરવી. સાંખ્ય વિચારે કરીને તે પૃથ્વી આદિ સર્વને અક્ષરબ્રહ્મ ધામને વિષે લીન કરવા. તે અક્ષર અતિપ્રકાશવાન છે, અતિ શ્વેત છે, અલીંગી છે. આદિગુણો છે તે જે ભગવાનને રહેવાનું તેજોમય જે અક્ષરધામ તેની સાથે પોતાને એકતા કરવી ને તે અક્ષરધામના એક રૂંવાડામાં અનંત કોટિ બ્રહ્માંડ ઉડતા ફરે છે. તે અક્ષરધામ ની સાથે આપણે એકતા કરવી એમ જાણી બ્રહ્માંડમાં જે સ્ત્રી, પુરૂષ, મોટર બંગલા તથા રાજા, સોના મહોર આદિ જે પંચ વિષય તેથી આ એક બ્રહ્માંડ રચાણું છે તેવા અનંતકોટિ બ્રહ્માંડતો અક્ષરધામને વિષે ઉડતાં ફરે છે. એવું અક્ષરધામ તેની સાથે આપણે એકતા કરવી. ને આ હાથપગ વાળો જે દેહ તે હું નથી. એમ ભાવના કરીને પોતાના જીવાત્માની અંદર મૂર્તિધારે પણ બહાર ન ધારે તે બહાર ધારે તો પાકા-ઇંડાની પેઠે પોતાના દેહનો આકાર ટળે નહીં. ને ત્યાં સુધી અવ્યક્ત રાગ ટળે નહીં. બીજુ પોતાના હાથ,પગ આદિનો આકાર ખોટો કરીને આ દેહના ભાવ ટાળવા તથા દુર્વાસાઋષીની પેઠે તથા ગોવર્ધનભાઈની પેઠે ભગવાનની મૂર્તિ ધારીને જ સર્વ કામ કરવા એ ગુણ શીખવા ને પોતે ક્રિયા કરતી વખતે ભગવાનની મૂર્તિને ધારીને જ સર્વે ક્રિયા કરવી પણ તે ક્રિયા રૂપ ન થાવું.

બીજુ ગ.પ્ર. ના ૨૫ ના વચનામૃતમાં છે કે સર્વમાંથી પ્રીતિ ટાળવી. અને ક્ષણમાત્ર ભગવાનની મૂર્તિ ભૂલવી નહીં ને સર્વ થકી ધ્યાન અધિક છે. તે ધ્યાનમાં અંતરાય કરે એ સર્વને શત્રુની પેઠે ત્યાગ કરવો.

તથા સ.ગુ. સ્વરૂપાનંદ સ્વામીની પેઠે જ્યાં વૃતિ જાય ત્યાં ભગવાનની મૂર્તિજ દેખાય તેમ અભ્યાસ કરવો. ને જે જે મનુષ્યનો તથા બીજો જે જે આકાર હોય તે





સર્વને ખોટા કરીને તેમાં ભગવાનની મૂર્તિ જોવી. દુકાન રસ્તો આદિ જે વસ્તુ તેને તેજના સમૂહરૂપ ધારીને તેમાં ભગવાનની મૂર્તિ જોવી. પ્રથમ તો પોતાના જીવને શુધ્ધ કરવો ને સંતનો સમાગમ કરીને તથા ધ્યાન ભજન કરી સર્વે માયીક ઘાટ ટાળી નાખવા. ને અખંડ ભગવાનની મૂર્તિ સાંભરે તેવું પોતાને પ્રથમ કરવું. તે કહ્યું છે કે હમણાં કાળ આવશે ને આ દેહ પડી જાશે માટે પહેલાં તો પોતાના સર્વ કસર ટાળવી ને જો તે કશર ન ટાળે ને દેહનો અંત આવે તો તે કસર પોતાને ભોગવવી પડે. તેટલા માટે તેજ પહેલું કરવું તે ડાહ્યો કહેવાય. ને તે ન કરે તે બરાબર ન કહેવાય.

ને આવું ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો ઈયળ, ભમરીની પેઠે થાય. તથા લક્ષ્મીજીની પેઠે ભગવાનની મૂર્તિમાં જ સંલગ્ન થઈ જાય કહેતાં એક ભગવાનની મૂર્તિને જ દેખે તો પણ પોતાને એમ જાણે કે હું તો અતિ તુચ્છ છું ને આ સર્વે ગુણ છે તે તો ભગવાનના તથા સંતોના છે એમ જાણીને પોતાનામાં ભગવાનના જેવું ઐશ્વર્ય આવે તો પણ જે સત્સંગમાં કાલ આવ્યો હોય ને તે કાંઈ ન જાણતો હોય તો પણ તે કાલ આવ્યો હોય તેને મોટો જાણેને પોતાને તેની આગળ તુચ્છ જાણે તેને વિઘ્ન ન લાગે ને એમ ન જાણે ને પોતાને સર્વથી મોટો સમજેને બીજા જે મોટા નાના-સંતોને પોતાથી નાના જાણે તો તે સ્થિતિથી પડી જાય છે ને આવા ગુણ આવે તો પણ પોતાને મોઢે પોતાના વખાણ ન કરવાં. તથા સંતોએ ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ કરવું તે શું તો તે ઉત્તમ બ્રહ્મચર્યવાળાને જાગ્રત આદિ ત્રણ અવસ્થામાં યુવાન આદિ સ્ત્રીને દેખે તો પણ જરાયે વિકાર ન થાય. ને સ્વપ્ન આદિ અવસ્થામાં ક્યારેય વિર્યપાત ન થાય તે ઉત્તમ કહેવાય ને આવી સ્થિતી થાશે ત્યારે જ અક્ષરધામમાં રહેવાશે એમ શાસ્ત્રમાં કહેલ છે. તથા દેહભાવ ટાળીને પૂજા કરે તો તે શ્રેષ્ઠ છે ને ભગવાનનું ધ્યાન કરતા બીજા ઘાટ થાય તો જલ્દી જલ્દી ભગવાનની મૂર્તિ ધારવી ને એક પણ સંકલ્પ થાય તેટલો પણ મનને અવકાશ આવવા ન દેવો. હાલતાં ચાલતાં, બેસતાં, નાતાં, જમતાં, સૂતાં, આદિ શુભક્રિયામાં તથા અશુભ ક્રિયામાં પણ તેજના સમૂહને વિષે ભગવાનની મૂર્તિ ધારીને જ સર્વે ક્રિયા કરવી પણ ક્ષણમાત્ર તે તેજને વિષે જે મૂર્તિ છે તેને ભૂલવી નહીં. ને શ્વાસાઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું ચિંતવન કરવું ને

આવી રીતની શ્રીજી મહારાજની દયાથી સ્થિતિ થાય, તો પણ પોતાને જ્યાં સુધી ખાવા પીવાનું કે નાહવા આદિની ક્રિયાનું ભાન રહે ત્યાં સુધી પોતાનો જે ધર્મ તેથી વર્તમાન તેમાં ખબરદાર રહેવું.

તથા નટની પેઠે કરવું તે નટ વાંસડે ચઢે તેને જગત આખું જુએ પણ તે નટ કોઈ એક મનુષ્યને પણ ન જુએ. ને જુએ તો તે નટ હેઠો પડે ને મૃત્યુ પામે. તેવી રીતે આપણા કોઈ અયોગ્ય સ્વભાવ હોય તેને ભલે સર્વે જુએ ને ભલે સર્વે વઢે પણ આપણે નટની પેઠે કોઈના સ્વભાવ દોષ જોવા નહીં ને કોઈને કાંઈપણ કહેવું નહીં. ને જો જોવા જાય તો પોતે નટની પેઠે પડી જાય.

બીજુ શ્રીજી મહારાજ કહે હું 'નારાયણના નામથી અવતાર લઈશ' તે વાત શ્રી હરિલીલા કલ્પતરૂમાં શ્રાપ થતાં પહેલા નારાયણ ઋષિએ કહેલી તે વાત ઉધ્ધવે સાંભળેલી

*યદ્દા પશ્ય પશ્યતે રુકમ વર્ણ*
*કર્તા હમીશં પુરુષં બ્રહ્મ યોનિમ્*
*તદ્દા વિદ્વાન પુણ્ય પાપે વિધૂય*
*નિરંઅનઃ પરમ સામ્યમુપૈતિ ॥*

***અર્થ:*** ધ્યાન કરનારો ભક્ત સુવર્ણના સમાન કાંતિવાળા અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તા અને સર્વના નિયંતા તેમજ પુરૂષાકૃતિ અને વેદ તેમજ અક્ષરબ્રહ્મ અને માયાના કારણરૂપ એવા ભગવાનનું ધ્યાન કરીને જ્યારે અક્ષરબ્રહ્મસ્વરૂપ પોતાના આત્મામાં સાક્ષાત્કાર કરે છે ત્યારે તે જ્ઞાની ભક્ત શુભ અને અશુભ કર્મને નિવૃત્ત કરીને માયાના અંજનથી રહિત થઈ પરબ્રહ્મ પરમાત્મ શ્રી પુરૂષોત્તમનારાયણ ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે.

બીજુ આપણા આદિ આચાર્ય પ.પુ. ૧૦૦૮ અયોધ્યાપ્રસાદજી મહારાજ તે પણ અંતર દ્રષ્ટિથી શ્રીજી મહારાજનું ધ્યાન કરતા. તે એક સમયે કોઈક ગામમાં પધરામણીયે ગયેલા ત્યાં બ્રાહ્મણ સેવકે લાડુ કરેલ તે એકબાજુ દળેલું મીઠુ પડેલું બીજી બાજુ દળેલી ખાંડ પડેલીને બ્રાહ્મણ સેવકે ભુલમાં ખાંડને બદલે તે દળેલું મીઠું નાંખી લાડુ બનાવ્યા





ને ભગવાનને થાળ ધરાવી પ્રસાદ અયોધ્યાપ્રસાદજી મહારાજને જમવા પીરસ્યો ને અયોધ્યાપ્રસાદજી મહારાજે તો અંતરમાં મૂર્તિ શ્રીજીમહારાજની ધારીને અખંડ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા તે લાડુ જમી ગયા તેમને તે મીઠાની ખબર ન પડી. બીજા સંતોએ હરિભક્તોને તે પ્રસાદ લાડુ નો જમવા આપ્યો ત્યારે તે સર્વે કહે આમાં ખાંડને બદલે મીઠું નાંખેલ છે પછી અયોધ્યપ્રસાદજી મહારાજને સર્વેએ પૂછ્યું કે આમાં મીઠું હતું તે તમને ખબર ન પડી ત્યારે અયોધ્યા પ્રસાદજી મહારાજ બોલ્યા કે હું તો ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને જમતો હતો તેથી મને તે મીઠાની ખબર ન પડી. જુઓ આપણા પ.પુ. આચાર્ય મહારાજને સત્સંગ આખાની પ્રવૃત્તિ હતી તો પણ તેમણે આવી ઉપસમ અવસ્થા કેળવી હતી તો આપણે પણ એવી રીતે ધ્યાન ભજન કરવું ને આલોક આ દેહના ભાવ ટાળી નાંખવા.

બીજુ ભુજમાં એક સારા સંત હતા તે અંખડ મૂર્તિ સંભારતા ને કોઈ સમય ત્યાં મંદિરમાં હરિભક્તોએ દુધપાકની રસોઇ કરાવી હતી તે ભગવાનને થાળ ધરાવી તે મોટા સંતને તે દુધપાકનો પ્રસાદ જમાડ્યાને થોડી વાર પછે બીજા સંતોએ આ મોટા સ્વામીને પુછ્યું કે તમો આજે શું જમ્યા તો તેમણે કહ્યું કે હું તો કોળીયે કોળીયે સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ ભગવાનની મૂર્તિ સંભાળીને જમ્યો તેથી મને કાંઈ ખબર નથી કે શું જમ્યો. તથા માંગરોલમાં ગોરધનભાઈ વાણીયા હતા તે કોઈ સમયમાં એક થાળી ભરેલી સાકર જમ્યા ને એક થાળી ભરેલ આખા મીઠાના ગાંગડા જમ્યા તો તેમને મીઠા તથા સાકરની કાંઈ ખબર ન પડી. જુઓ આવી સ્થિતિવાળા ગૃહસ્થાશ્રમમાં ભક્ત હતા તો આપણે પણ ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ સતસંગીજીવમાં, ખટવાંગ રાજા કહે છે - હે અભયસિંહ રાજન ! મુમુક્ષુ મુનિ-મનનમાં પ્રવર્તેલા પુરૂષ સ્વયં શુચિ-બાહ્ય આભ્યંતર શુદ્ધ થઈને ધ્યાનમાં વિક્ષેપ કરનારા જનાદિકના ઉપદ્રવે રહિત એવા પવિત્ર પ્રદેશમાં સ્વસ્તિકાસને બેસીને સરળ કાયાવાળો થઈને પોતાના બન્ને હાથને ખોળામાં છતા મુકીને, પોતાની નાસિકાના અગ્રભાગમાં દ્રષ્ટિ રાખીને પોતાના હૃદયકમળમાં અવ્યગ્ર-સાવધાન મનથી શ્રી હરિનું

ધ્યાન કરે છે.

પોતાની પાસે સિંહાસન કે ચાકળો આદિક આસનમાં વિરાજમાન અથવા સ્વેચ્છાથી ઉભા રહેલા શ્રી નારાયણમુનિનું આગળ કહેશે એવા દિવ્ય આકારથી ધ્યાતા ધ્યાન ધરે. અતિરમ્ય-સર્વાતિશાયિ સૌંદર્ય સંપન્ન નરાકાર ધારી રહેલા, સંપૂર્ણ યૌવન અવસ્થામાં રહેલા, સમુદાય શોભાને અનુરૂપ દિવ્ય અવયવો જેમના છે. નવીન કમળદળ જેવાં લગાર રક્ત વિશાળ નેત્ર જેમના છે, અતિશય દર્શનીય (સર્વની દ્રષ્ટિને પ્રિય લાગતા) પ્રશાંત, અભિમુખ આવતા જનોના સર્વ સંતાપને હરનારૂં કોમળ ભાષણ જેમનું છે, તત્કાળ પ્રફુલ્લિત થયેલા રક્તકમળને સદ્રશ એવા હસ્તતળ અને ચરણતળથી શોભાયમાન, ચળકતા ઉન્નત રક્ત નખરૂપી ચંદ્રમાની પંક્તિથી વિરાજીત મંદહાસથી લાગતા સ્ફુરણાયમાન થતી દંતરૂપ મુક્તાવલીની પ્રભાથી પ્રકાશમાન મૂળચંદ્રમાં જેમના છે, જાનુ પર્યંત લાંબા પૂષ્ટ બે બાહુ જેમના છે. વિશાળ વક્ષ : સ્થળથી વિરાજમાન વિશાળ ઉન્નત લલાટ જેમનું છે, સુંદર કપાળ જેમના છે, પાકા ઘીલોડા જેવા રક્ત ઓષ્ઠ જેમના છે, ભાલમાં કેસર ચંદન નિર્મિત ઉર્ધ્વપુંડ્રમાં કુંકુમચંદ્રકને ધારી રહેલા નવીન મેઘ સમાન શ્યામ વર્ણવાળા જમણા કરમાં જપ માટે તુલસીમાળાને ધારી રહેલા, કંઠમાં તુલસી કાષ્ઠની સુક્ષ્મ મણકાની બેવડી (કંઠી) ને ધારી રહેલા, ડાબા ખભા ઉપર શ્વેત સુશોભિત ઉપવીતને ધારી રહેલા શ્વેત કોમળ વસ્ત્રને દ્દઢ કચ્છ ધારવા પૂર્વક કટિતટમાં પહેરી રહેલા, હંસ પક્ષી જેવું ધોળું સૂક્ષ્મ સુંદર ઉતરીયવસ્ત્ર જે (ઓઢવાનું) તેને ધારી રહેલા મસ્તકે સુક્ષ્મ શ્વેત સુંદર વસ્ત્રને બાંધી રહેલાં જન્માષ્ટમી આદિક ઉત્સવ દિવસોમાં ભક્તજનોની પ્રાર્થનાથી તેમની પ્રસન્નતા માટે અમુલ્ય વસ્ત્રો તથા બહુ ભૂષણોને ધારણા કરતા નિજ જનોએ નાનાવિધ પૂષ્પહારો અને ચંદનાદિકથી પૂજા કરેલા, મસ્તકે ધારેલા મોળીયામાં કિંચિત નીચે ગબડતા તારાઓથી સમલંકૃત મંદહાસ વડે ભક્તોના મનને હરતા, તારામંડળના મધ્યમાં રહેલા ઉદય પામેલા પૂર્ણચંદ્રમાની પેઠે ભક્તમંડળના મધ્યમાં પ્રકાશમાન દિવ્ય સ્વરૂપ જેમનું છે સર્વ લોકોએ નમસ્કાર કરેલાં અંગુળિ ભ્રમાણાદિ દિવ્ય હસ્ત ચેષ્ટાથી સર્વના મન નેત્રને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરતા, કરુણા રસમૃત રસથી





ભરેલી દૃષ્ટિ વડે નિજ જનોને નિરીક્ષણ કરતા એવા શ્રી નારાયણમુનિનું મુમુક્ષુ જન પોતાના હૃદય કમળમાં ધ્યાન કરે.

આ રીતે નખ-શિખા પર્યંત સમગ્ર શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવું ને એવા તેમના એક એક અવયવનું ધ્યાન કરવાનું ચૌદ શ્લોકથી કહે છે - અથ - સમગ્ર શ્રી હરિની મૂર્તિનું ધ્યાન ધર્યા પછી તે આ માનુષ દિવ્યમૂર્તિ પૂર્વોક્ત દિવ્ય અવયવવાળા ભગવાન અનુક્રમે ધીરે ધીરે મન સ્થિરતાને પામે ત્યારે પછી ભક્તજને પોતાના હૃદય કમળમાં સ્થિરપણે નિવાસ કરી રહેલા તે ભગવાનના ચરણ-તળાદિ એક એક અંગનું પૃથક પૃથક ચિંતન કરવું.

પોતાના હૃદયારવિંદમાં યોગથી સંસ્કૃત એવા મન તથા લોચનને ગોચર થયેલા તે ભગવાનમાં સ્વતઃચંચળ એવા પણ મનને પોતાના લાવણ્યાતિશયથી પોતામાં આકર્ષણ કરતા એવા તેમના એક એક અવયવમાં નિશ્ચળપણે જોડી રાખે એ રીતે શ્રી હરિના અવયવમાં કરેલી મનની નિશ્ચિતતાથી મનના મળ સમૂહો નિશ્ચેનાશ પામી જાય છે.

શ્રી હરિના ધ્વજ, કમળ, યવ, અંકુશ અને ઉર્ધ્વરેખા આદિક અસાધારણ રેખાકાર ચિહ્નોથી ચિહ્નિત, રમણીય, અતિશય કોમળતાજેવી રક્ત કાંતીવાળા બે ચરણતળનું પ્રથમ ચિત વડે ચિંતન કરવું. તે પછી નખકિરણની કાંતિથી જનોના અંતરમાં અજ્ઞાનરૂપ અંધકારને હરનારૂં, અનુક્રમે એક એક થકી નાની પૂષ્ટ ગુણથી સરખી કુસુમ જેવી કમોળ એવી આંગળીઓથી વિરાજમાન, માટે જ નવપલ્લવની કાંતિને તિરસ્કાર કરનારૂં એવું આ શ્રીહરિનું ચરણ યુગલનું ભક્તજને ચિંતન કરવું.

નિજજનોના મનને હર્ષ પમાડવા તેમની પ્રાર્થનાથી પહેરેલા નૂપૂરના ખણખણાટ શબ્દથી અતિરમણીય, જોનારા જનોના મનો-નેત્રની વૃત્તિને ચોરનારા એવા ચરણ કળમયુગલનું હૃદયમાં ચિંતવન કરવું.

તે પછી પલ્લવ જેવી કળમ અનુક્રમે વિપુલ ગોળ શોભાયમાન જંઘાનું ભક્તજને પોતાના હૃદયમાં ધ્યાન કરવું. તે પછી અત્યંત ગોળાકાર શ્રી હરિના જાનું (ઢીંચણ) નું ધ્યાન કરવું તથા હાથની સુંઢ (સુંઢ) સદૃશ સમાન પૂષ્ઠ સાથળ યુગલનું ચિંતન કરવું.

મૃદુ-સુખેથી સ્પર્શ થાય એવું ઘન અવિરલ તંતુઓના સન્નિવેશથી ધારવું, સુક્ષ્મ તંતુઓથી નિર્માણ કરેલું હોવાથી સૂક્ષ્મ, શ્વેત લાંબા વસ્ત્રને ધારી રહેવું તથા સુવર્ણની સર્વોત્તમ કટિમેખળાથી બાંધેલું એવું ભક્તજનોએ ભગવાનનું વિશાળ કટિયુગલનું પોતાના મનમાં બહુકાળપર્યંત ભક્તજને ધ્યાન કરવું.

તે પછી શોભાયમાન ત્રીવળીના મધ્યમાં રહેલો સુંદર ગોળ ગંભીર નાભિકૂપ જેમાં છે એવું શ્રી હરિનું ઉદર ભક્તજને ચિત્તમાં ચિંતન કરવું તે પછી સુગન્ધિ વિવિધ પુષ્પહારેથી સમલંકૃત સમ ન્યૂનાધિકતાએ રહિત વિશાળ યથોચિત કિંચિત ઉત્તમ વૃક્ષસ્થળનું હૃદયમાં ચિંતન કરવું.

ને કનકનના કડાં સાંકળા વીંટીઓ વગેરે વડે અલંકૃત, રક્ત કમળ સદશ એવું શ્રી હરિનું હસ્ત યુગલ પોતાના હૃદયમાં ભક્તજને ચિંતન કરવું. અતિ દ્રઢ બાજુબંધથી અલંકૃત, અતિ રમણીય એવું આ શ્રી હરિનું બાહુ યુગલ નિજ મનમાં ચિંતવન કરવું.

આ શ્રીહરિનો વિવિધ મણિહારો અને સુવર્ણસૂત્ર ગ્રથિત મુક્તાહારો વડે વિરાજમાન મનોહર એવો કંઠક્રમથી વિચિંતન કરવો. અને સસલાના કલંકે રહિત એવા મુખચંદ્રમાનું સ્થિર મનથી બહુકાળ પર્યંત ચિંતન કરવું.

તે પછી મંદહાસથી લગાર પ્રસરતી દંત કાંતિના પ્રસારથી અતિ ઉજ્જવલિત એવું કપોળ યુગલ નિજહૃદયમાં વિચિંતન કરવું. તે પછી નવીન કમળદળ જેવું દીર્ઘ ચંચળ લોચનયુગલનું ચિંતન કરવું.

તે પછી કુંડળની શોભા અને બહુ વિધ પૂષ્પમય ગુચ્છોની શોભાથી રમણીય એવું આ શ્રી હરિનું કર્ણ યુગલ ભક્તજને ધ્યાન કરવું. તે પછી કિંચિત્ત ઉન્નત દીર્ઘ વિશાળ લલાટમાં વિરાજમાન એવા ઊર્ધ્વપુંડ્ર તિલક મધ્યવર્તી કુંકુંમ ચંદ્રકનું ચિંતન કરવું.

તિલપૂષ્પ અને દીપશિખાની શોભાને હરનારી આ શ્રી હરિની નાસિકાનું ચિંતન કરવું. તથા તે નાસીકાની નજીકમાં જમણા કપોળમાં શ્યામ તિલક જે ચિહ્ન છે તેનું ચિંતન કરવું તથા વામશ્રવણપુરમાં જે શોભાયમાન શ્યામ બિન્દુ છે તેનું ધ્યાન ધરવું.





તે પછી બહુવિધ પુષ્પોના તારાઓની પંક્તિથી શોભાયમાન વસ્ત્રમય મુકુટથી વિરાજમાન એવું શ્રી હરિનું મસ્તકનું ચિંતન કરવું તે પછી મંદહાસે સુંદર એવું આ શ્રીહરિના મુખકમળનું ધ્યાતાજને બહુકાળપર્યંત ધ્યાન કરવું.

હે સિદ્ધય : ! શ્રી નારાયણ મુનિનું સાવ અનુક્રમથી હું પ્રતિદિન ધ્યાન કરૂં છું તે તમોને કહ્યું. તમો પણ તે જ પ્રકારે નિત્ય ધ્યાન કરો, કેમ કે તમો સર્વે ભગવાનના ધ્યાનમાં ઉપયોગી શોભન બુદ્ધિને સંપન્ન છો.

આ પ્રકારે તે શ્રી હરિનું નિત્ય ધ્યાન કરતાં મંત્રરાજજે સ્વામિનારાયણનો જપ કરતા અલ્પ સમયમાં જ તેમને નિશ્ચે પામશો.

સુવ્રતઋષિ કહે છે - હે નરાધિશ ! રાજર્ષિ ખટવાંગ આ પ્રકારે કહીને મૌન થઈ ગયા અને તે અભયાદિ ભક્તોએ રાજર્ષિનું વચન શ્રદ્ધાથી હૃદયમાં ધારણ કર્યુ.

હે પ્રતાપસિંહ રાજન ! આ પ્રકારે પ્રેમથી શ્રી હરિકૃષ્ણ મહારાજની વાર્તાને કરતા અતિશય નિર્મળ અંત:કરણવાળા તે અભયરાજા અને ખટવાંગ રાજા આદિકને તે એકાદશીની (શ્રાવણ શુકલની પવિત્રા એકાદશી) આખી રાત્રિ ક્ષણાર્ધની પેઠે વીતિ ગઈ.

ઇતિશ્રી સત્સંગીજીવને નારાયણ ચરિત્રે ધર્મશાસ્ત્રે દ્વિતીય પ્રકરણે શ્રી હરિસ્વરૂપ ધ્યાન નિરૂપણ નામના પંચવિશોધ્યાય

વળી આ પણ ભક્ત ભક્તવર્યનું લક્ષણ છે. આ ભક્ત ધ્યાનના આનંદથી નેત્રની આગળ પ્રાદુર્ભાવ પામેલા ભગવાનનો અનુભવ કરીને એકદમ તેમનું અંતર્ધાન થતાં તેમના વિરહવેગને પામીને ઉન્મતના જેવા ચેષ્ટિતવાળો થાય છે. પ્રિયતમાના વિરહમાં પ્રિય જેમ અથવા પ્રિયના વિરહમાં પ્રિયતમા જેમ જડાજડના વિવેક વિહીન થઈને પ્રિયતમ ભગવાનના સંબંધવાળું જે કાંઈ પણ તરૂ કે સ્તંભ કે ભિતની સાથે જે કાંઈપણ બોલે છે અને સદાય ભગવદેક ભાવનાના બળથી આ સમસ્ત વિશ્વને ભગવાનમય જ ભાળે છે. વળી કદાચિત પોતાના દેહને ભગવદ્રુપ માનીને તેમના ચેષ્ટિતને અનુકરણ કરતો થકો ચેષ્ટા કરે છે. ક્યારેક તો તેમના વિરહને નહિ સહન કરતો થકો રૂદન કરે છે. અનેકદાચિત ભગવાન સાથે સંશ્લેષને પામ્યો હોય ને શું ?

એમ ખડખડાટ હાસ કરે છે. તથા ગ્રહ ગ્રહીતની પેઠે જીતંજીતં એમ બોલતો થકો આનંદથી નૃત્ય કરે છે અને ક્યારેક હે હરે આવી રીતે ધ્યાન કરવાથી ભગવાનનો સાક્ષાત્કાર થાયે છે તેથી તેને આ દેહનું પણ ભાન રહેતુ નથી ને ભગવાનને જ સર્વત્ર દેખે છે આ ધ્યાન કરવાથી આવી સ્થીતી થાયે છે ! મારી ઉપર અનુગ્રહ કરો એમ બોલવાથી સાથે ઉચ્ચ સ્વરથી ગાય છે.

આ ભક્ત ક્યારેય અન્ય દેહાદી અનુસંધાનને અસ્ત કરીને નિરંતર અનુધ્યાન કરતાં તે અનુધ્યાન બળથી હૃદય તળમાં સાક્ષાત્ અવભાસ થતાં ભગવાનને અપરોક્ષ ભાવને પામેલી માનસવૃત્તિથી સાક્ષાત કરી તે પ્રસરતા પ્રેમાતિશયથી આવી ગયેલા આખ્યમાં આનંદના અશ્રુથી કંઠાવરોધવાળો થઈ ભગવાનમાં ગાઢ અનુરાગથી વિલિન થઈ જાય છે પછીથી એ ભગવાને જ બહુકાળે સમાધી થકી ઉઠાડવાથી બહાર દેહાદિયોગને જુવે છે.

આ પરમ ભક્તનું લક્ષણ છે. આ પરમ ભક્ત ભગવાનના દિવ્ય ગુણોમાં અત્યાધિક અનુરાગવાળો થઈને જ્યારે તેમના મધૂર ચરિત્રને પરમાનંદથી સાંભળે છે કે કહે છે. ત્યારે તે ભક્તના અંતરમાં અત્યંત ભરાઈ ગયેલા મહાઆનંદ નેત્રાદિદ્વારા બહાર આવે છે. અને તેની મનોવૃત્તિ ભગવાનમાં વિલીન થઈ જાય છે. અને તેના શરીરના સમસ્ત રૂંવાડા ઉભા થઈ જાય છે અને ભગવાનના અલૌકિક ઐશ્વર્યરૂપ મહિમાને સંભારી સંભારીને તેના નેત્રોમાં આનંદના અશ્રુઓ પરિપૂર્ણ ભરાઈ જાય છે આવી દશા થાય ત્યારે પરમભક્ત કહેવાય. જીવો ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે ત્યારે ભગવાનનો કેટલો લાભ લે છે આપણે પણ આવી રીતે ધ્યાન કરવું.

બીજુ સાર સિદ્ધિ પ્રકરણ કડવું ૩૧ તથા ૩૨

*રાગ : ધન્યાસરી*

*સારમાં સાર હરિની મૂર્તિજી, તેમાં જેણે રાખી મન ચિત્ત વૃત્તિજી*
*હરિ વિના બીજે રાખે નહિ રતિજી, તે ખરા સંત કહીયે મહામતિજી॥*

*ઢાળ*

મહામતિ તે સંત ખરા, મૂકે નહિં મહારાજની મૂરતિ





અખંડ રાખે ઉર વિષે, જાણી કમાણી મોટી અતિ ॥૨॥
ચર્ણ જુવે તો ચર્ણ જોઈ રહે, ચિહ્ન જુવે તો જોઈ રહે ચિહ્ન
નખ જુવે તો નખ જોઈ રહે, રહે ગર્ક મહાજળે જેમ મીન ॥૩॥
ફણા ઘુંટી પેનીને પેખિ, લેખે જંઘા જોઈ તે સંત સુખ
જાનું ઉરને જોઈ રહે, જોતા કટિ મટી જાય દુઃખ ॥૪॥
ઉદર નાભીને નિરખે, પેટ છાતી જુવે પ્રેમે કરી
કંઠ તિલક કપોળ જોઈ, રાખે હરિ મૂર્તિ ભાવે ભરી ॥૫॥
શ્રવણ નયણ નાસિકા જોઈ, ભૃકુટિ ભાલને ભાળી રહે
શિશે કેશ સુંદર વેષ, નખશિખ રૂપ નિહાળી રહે ॥૬॥
એમ અખંડ એક વરતિ, મૂર્તિને મુક્તી નથી
જેમ સરિતા સાગરમાંઈ, સન્મુખ ચાલતાં ચુક્તી નથી ॥૭॥
અંગો અંગ અવલોક્યા વિના, અણું અજાણ્યું પણ છે નહિ
સાંગોપાંગ સર્વે સુંદર, હરિ હૈયામાં ગયા રહી ॥૮॥
તેજ જ્ઞાની, તેજ ધ્યાની, જેને અખંડ રહે છે એમ ઉર
જે જનને પ્રભુની મૂરતિ, રેતી નથી અંતરથી દૂર ॥૯॥
એથી ઉપરાંત અન્ય બીજા, જ્ઞાની તે કેને ગણિયે
નિષ્કુળાનંદ એ ખરા જ્ઞાની, બીજા ભવે ભળ્યા જ્ઞાની ભણોયે॥૧૦॥

*રાગ ધન્યાસરી*

જ્ઞાની તેહ જેને હરિની ગમજી
નથી જેને નાથની મૂર્તિ અગમજી
નખશિખા નિરખી કરી છે સુગમજી
નાવે કોઈ એવા સંતની સમજી ॥૧॥

*ઢાળ*

સંતસમાન તે શું કહિયે, જેને અખંડ મૂર્તિ છે ઉર
જોઈ જોઈ જોયું જીવમાં, એની જોડયે ન જડ્યું જરૂર ॥૨॥

કામદુઘા કહું શી કલ્પતરૂ, કહું નવ નિધિ સિદ્ધિ સમિત
પારસ કહું કે ચિંતામણી, વ્રજમણિ ઘણી કહું સિત ॥૩॥
અર્કમણિ કે કહું ઇંદુમણિ, ઘણી ઉપમા દઉ અમૃતની
જે જે કહું તે જોખે ભર્યા, આપું ઉપમા કઈ પ્રતની ॥૪॥
જેણે અંતરમાં અખંડ રાખ્યા, અલબેલોજી અવિનાશ
રાજી થઈને હરિ રહ્યા, દોષે રહિત દેખી નિજદાસ ॥૫॥
જેમ પંચાનની પય રે વા પાત્ર, જોઈએ સોળવલું સુવર્ણ
એમહરિને રે વા તણું, શુદ્ધ જનનું અંતઃકર્ણ ॥૬॥
જેમ જગજીવનના જળને, જાણો નથી રેતુ ખામા વિના ખમી
તેમ હરિજનનું અંતર,ગયું છે હરિને ગમી ॥૭॥
જેમ સુગંધી રહી છે શ્રીખંડ માય, રહ્યો ઈક્ષુમાંહિ જેમ રસ
તેમ હરિજનમાંહિ હરિ, હળી મળી રહ્યા એક રસ ॥૮॥
જેમ ચમક ઉત્તરમુખનો, રહે ઉત્તર દિશપર મુખ
તેમ હરિ હરિજન સામા રહે, સદાયે આપવા સુખ ॥૯॥
એમ સાચા સંતની સનમુખ, સદાય રહે છે શ્રી હરિ
નિષ્કુળાનંદ કહે કાચા કોયે, ન હોયે સુખિયા એ સુખે કરી॥૧૦॥

કાંતો એવા વૈરાગ્યને પામે કોઈ પુણ્યવાન
નહિતો સનેહ શ્યામશું, કરે નકી નિદાન
સ્નેહમાં શુદ્ધ વિસરે, રહે નહિ તન ભાન
ઉન્મતવત અંગે ફરે, ભૂલે ભોજન પાન
દ્રગે કરી દેખે નહિ, પર પોતાનું પંડ
રહે ઘણું ઘનશ્યામનું, આંખ્યેરૂપ અખંડ
શ્રવણ શું સુણે નહિ, પર પોતાની વાત
ક્ષોત્રે શ્રી ઘનશ્યામના, રહ્યાશબ્દ સાક્ષાત
જીભેશું જાણે નહિં, બહુ બોલ્યાની રીત





બોલેતો સહુ કે બાવરો જેને પ્રભુશું પ્રીત
એમ સરવે અંગની, શુદ્ધ ભૂલે સનેહ
કરતાં પ્રીત હરિકૃષ્ણ શું, દેખે નહિ નિજદેહ
જેમ ગોપી ગોરસ વેંચતા, ભૂલી ગઇ તનભાન
મહી વેચવું કેવું મૂકિયું, કહ્યું લિયો બાઈ કોઈ કાન

હૃદય પ્રકાશ કાવ્ય ગ્રંથમાં સદ્‌ગુરૂ શિષ્ય સંવાદે બારમાંદ્ પ્રસંગમાં ચોપાઈ ૨૧ થી ૨૭ સુધી નીચે પ્રમાણે છે.

*શિષ્ય ઉવાચ્*

શિષ્ય કહે જનમ મરણનું, કારણ એહ કે'વાય
સંકલ્પ ત્યાં સાચું કહું, સંકલ્પ સમે સમાય ॥૨૧॥
તે તો પ્રભુ પ્રતાપથી, આવે ઉદ્‌ભવ અંત
અવર બીજા ઉપાયથી, સુખી ન હોયે સંત ॥૨૨॥
માટે કૃપા કરી હરિ, સમાવે સંકલ્પ
સુખે ભજીયે શ્યામને, ન પડે કોયનો ખપ ॥૨૩॥
જનનું જોર કેટલું, નિર્બળ નર કેવાય
હરિ ધારે હૈયે એટલું, તો વાર ન લાગે કાંય ॥૨૪॥

*સદગુરૂ ઉવાચ્*

સદ્‌ગુરુ કહે એ રીત નહિ, જે અંતર કરે ઉચ્છેદ
અંતર ત્યાં એહ પણ ખરા, ઘાટ ઘાટના ભેદ ॥૨૫॥
જ્યારે અંતર ઓગળી, વળી ટળી જાય છેક
ત્યારે તેહ જનને, ઉત્થાન ન રહે એક ॥૨૬॥
ત્યારે તેહ જનને, ન રહે શરીર સંભાળ
દેહભાન ભૂલ્યા પછી, રહે ન તન બહુકાળ ॥૨૭॥

## દોહા

મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ
નખશિખ સુધી નિરખતાં આવે આનંદ અનૂપ ॥૧॥
પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયમાંય
અંગોઅંગ અવલોકીને, અંતર રહુ ઉછાય ॥૨॥

## ચોપાઈ-ધ્રુવપદી

પુરૂષોત્તમ પરમ દયાળ નાથ નિરખ્યા છે.
શ્રી ભક્તિધર્મના બાળ નાથ નિરખ્યા છે ।
સુખદાયી સહજાનંદ નાથ નિરખ્યા છે.
સત્સંગીના સુખકંદ નાથ નિરખ્યા છે. ॥૩॥
અંગો અંગમાં અવિનાશ નાથ નિરખ્યા છે.
તેણે હૈયે છે હુલાસ નાથ નિરખ્યા છે.
પ્રથમ પેખીને બે પાવ નાથ નિરખ્યા છે.
આવે અંતરે ઉછાવ નાથ નિરખ્યા છે.
અંબુજ અરૂણ વર્ણ બેચરણ નાથ નિરખ્યા છે.
હરિ ભક્તના ભય હરણ નાથ નિરખ્યા છે.
તેમાં શોભે ચિહ્ન સોળ નાથ નિરખ્યા છે.
અવલોકે સુખ અતોળ નાથ નિરખ્યા છે. ॥૫॥
જમણાં ચરણનાં ચિહ્ન જોઈ નાથ નિરખ્યા છે.
સ્વસ્તિ અષ્ટકોણ છે સોઈ નાથ નિરખ્યા છે.
વજ અંકુશને ધ્વજ નાથ નિરખ્યા છે.
જવ જાંબુ કહિયે કંજ નાથ નિરખ્યા છે. ॥૬॥
પગ બેઉમાં ઉર્ધ્વ રેખ નાથ નિરખ્યા છે.
શોભે અતિશય વિશેષ નાથ નિરખ્યા છે. ।





પગ ડાબે ચિહ્ન સાત નાથ નિરખ્યા છે.
સદા સુખદાયિ સાક્ષાત નાથ નિરખ્યા છે. ॥૭॥
મત્સ ત્રિકોણને વ્યોમ નાથ નિરખ્યા છે.
કલશ ધનુષ ને સોમ નાથ નિરખ્યા છે.
ગોપદ સોતાં ગણિયે સાત નાથ નિરખ્યા છે. ।
સોળે ચિહ્ન એહ વિખ્યાત નાથ નિરખ્યા છે. ॥૮॥
જમણે અંગુઠે નખમાંય નાથ નિરખ્યા છે
શોભે ઉર્ધ્વરેખ એક ત્યાંય નાથ નિરખ્યા છે
બેઉ પાવલિયા પૂનિત નાથ નિરખ્યા છે
ચોટે આંગળિયો જોઈ ચિત નાથ નિરખ્યા છે ॥૯॥
જેવી અરૂણ કમળની કળી નાથ નિરખ્યા છે
એવી શોભે પગ આંગળી નાથ નિરખ્યા છે ।
નખ શ્રેણી મણિ સમ નાથ નિરખ્યા છે.
ઉપડતા ને રૂડા રમ્ય નાથ નિરખ્યા છે ॥૧૦॥
અંગુઠા આંગળિયો બહુ સારી નાથ નિરખ્યા છે.
જોઈ અંતર લિયો ઉતારી નાથ નિરખ્યા છે ।
આંગળી અંગુઠા ઉપર નાથ નિરખ્યા છે
શોભે ઝીણા રોમ સુંદર નાથ નિરખ્યા છે ॥૧૧॥
ફણાતણા લંક જોઈ નાથ નિરખ્યા છે
શોભે ઘુંટિ ઘણું દોઈ નાથ નિરખ્યા છે ।
ગોળ રંગ ચોળ બેપાની નાથ નિરખ્યા છે
શું હું કહું શોભા તેની નાથ નિરખ્યા છે ॥૧૨॥
કાંડા કોમળ બે કહિયે નાથ નિરખ્યા છે
જંઘા જોઈને સુખ લઈએ નાથ નિરખ્યા છે ।
પિંડી સરખીને સુંવાળી નાથ નિરખ્યા છે

નળિ લાગે છે રૂપાળી નાથ નિરખ્યા છે ।।૧૩।।
જોયા જેવા છે બે જાનું નાથ નિરખ્યા છે
ઘુંટણ નામ ધામ શોભાનું નાથ નિરખ્યા છે ।
ડાબા જાનુ પર ચિહ્ન જોઈ નાથ નિરખ્યા છે
મારૂં મન રહ્યું છે મોહી નાથ નિરખ્યા છે ।।૧૪।।
ઊરુ શોભે સુંદર સુંવાળા નાથ નિરખ્યા છે
રંભા સ્થંભ સાથળ રૂપાળા નાથ નિરખ્યા છે
દુંદ ફાંદ દૃગે દેખી નાથ નિરખ્યા છે
મારી ધન્ય કમાઈ લેખી નાથ નિરખ્યા છે ।।૧૫।।
કોમળ કરી કહિયે કેવી નાથ નિરખ્યા છે
જોઈ અંતર ધાર્યા જેવી નાથ નિરખ્યા છે ।
પેરી વળ દઈ પછેડી નાથ નિરખ્યા છે
મારૂં મન બાંધ્યાની બેડી નાથ નિરખ્યા છે ।।૧૬।।
ઉંડી નાભિ ગોળ ગંભીર નાથ નિરખ્યા છે ।
જોઈ જીવ ધરે છે ધીર નાથ નિરખ્યા છે
પેટ રૂડું ને રૂપાડુ નાથ નિરખ્યા છે
પિપળપાન સમ સુવાળું નાથ નિરખ્યા છે ।।૧૭।।
ત્રિવળી પડે છે જો તેમાં નાથ નિરખ્યા છે
પોયણ સમ શીતળ સુખજેમાં નાથ નિરખ્યા છે ।
નળી નિરખિ મોહ્યું મન નાથ નિરખ્યા છે
શોભે સુંદર શ્યામ સ્તન નાથ નિરખ્યા છે ।।૧૮।।
છબીદાર ઉપડતી છાતી નાથ નિરખ્યા છે
પો'ળી રૂપાળી રંગ રાતી નાથ નિરખ્યા છે ।
હેતે ભર્યું અતિ હૈયું નાથ નિરખ્યા છે
તે કેમ કરી જાય કહ્યું નાથ નિરખ્યા છે ।।૧૯।।





કૂખ પડખાં બે બગલું નાથ નિરખ્યા છે
જોતાં સુખ આવે છે ભલું નાથ નિરખ્યા છે ।
ખભા ખૂબ જોયા મેં ખાંતે નાથ નિરખ્યા છે.
શોભા શું વખાણું વાતે નાથ નિરખ્યા છે ।।૨૦।।
ભુજા ભરી બેઉ બળે નાથ નિરખ્યા છે
જોઈ જનમ મરણ ભય ટળે નાથ નિરખ્યા છે ।
અતિ આજાનું બે બાહુ નાથ નિરખ્યા છે
જોઈ બલહારી હું જાઉં નાથ નિરખ્યા છે ।।૨૧।।
ગજ શુંઢ સરીખી શોભે નાથ નિરખ્યા છે
દેખી લોચન મારાં લોભે નાથ નિરખ્યા છે ।
દિલ માન્યું જોઈ ડેડરિયો નાથ નિરખ્યા છે
ગોળ અતોળ વળભરિયો નાથ નિરખ્યા છે ।।૨૨।।
કોણી સુંદર શ્યામ સુંવાળી નાથ નિરખ્યા છે
રૂડી લાગે છે રૂપાળી નાથ નિરખ્યા છે ।
કળાઈ કાંડાં કૈ' એ કરભ નાથ નિરખ્યા છે
જોઈ ગળે મીન મન ગરભ નાથ નિરખ્યા છે ।।૨૩।।
હાથ હથેળી છે રાતી નાથ નિરખ્યા છે
જોઈ રેખા ઠરે છે છાતી નાથ નિરખ્યા છે ।
પાંચે પાંચ આંગળિયો સારી નાથ નિરખ્યા છે
વેઢા વિરા ઉપર વારી નાથ નિરખ્યા છે ।।૨૪।।
તસુ ટેરવાં છે રાતાં નાથ નિરખ્યા છે
નથી કૈ'યે મેં કે' વાતાં નાથ નિરખ્યા છે ।
નખ લાલમણિ સમ સારા નાથ નિરખ્યા છે
તે તો મને લાગે પ્યારા નાથ નિરખ્યા છે ।।૨૫।।
તીખા અગ્રને તેજસ્વી નાથ નિરખ્યા છે

જોઈ જીવમાં ગયા વસી નાથ નિરખ્યા છે ।
કર સુંદર સરખા બેઉ નાથ નિરખ્યા છે
જોઈ દિલ ઉતારી લેઉ નાથ નિરખ્યા છે ॥૨૬॥
કંઠ કંબુ સમ અવલ નાથ નિરખ્યા છે
તેના ખાડા વિચ્ચે તલ નાથ નિરખ્યા છે ।
ગળું રૂપાળું છે ઘણું નાથ નિરખ્યા છે
રૂડું સુંદર સોયામણું નાથ નિરખ્યા છે ॥૨૭॥
દાઢી દેખી દિલડું ઠરીયું નાથ નિરખ્યા છે.
જોઈ વિષયસુખ વિસરિયું નાથ નિરખ્યા છે ।
એવી ચિબુકે ચિત્ત ચોટે નાથ નિરખ્યા છે
મન માન્યું મનોહર કોટે નાથ નિરખ્યા છે ॥૨૮॥
અધર પરવાળાં સમ પેખી નાથ નિરખ્યા છે
દિલડું રીઝયું તેને દેખી નાથ નિરખ્યા છે ।
હેતે ભરી વાણી હોઠે નાથ નિરખ્યા છે
સુણી બીજે મન ન ગોઠે નાથ નિરખ્યા છે ॥૨૯॥
દેખી દાંત તણી આવળિયો નાથ નિરખ્યા છે
કહિયે કુંદ કુસુમની કળિયો નાથ નિરખ્યા છે ।
રૂડા રૂપાળા રસ ભરિયા નાથ નિરખ્યા છે
સારા સુવર્ણે સાંકરીયા નાથ નિરખ્યા છે ॥૩૦॥
રસનાયે છે રૂડી વાણી નાથ નિરખ્યા છે
સુણી ચિત્ત વૃત્તિ લોભાણી નાથ નિરખ્યા છે ।
ચોખું બોલે છે ચતુરાયે નાથ નિરખ્યા છે
સુણી વાણી પર બલ જાયે નાથ નિરખ્યા છે ॥૩૧॥
મુખ ભર્યું મનોહર હાસે નાથ નિરખ્યા છે ।
જોઈ જનમ મરણ દુઃખ નાસે નાથા નિરખ્યા છે ॥





નાસા અણિયાળી છે એવી નાથ નિરખ્યા છે ।
શુકચંચુ દીપશગજેવી નાથ નિરખ્યા છે ॥૩૨॥
તે પર શિળી ચિહ્ન નિહાળો નાથ નિરખ્યા છે ।
જમણે ગાલે તિલ રૂપાળો નાથ નિરખ્યા છે ॥
ગૌર કપોળ છે ગોળ નાથ નિરખ્યા છે ।
જોઈ આવે સુખ અતોલ નાથ નિરખ્યા છે ॥૩૩॥
કર્ણ હરણ દુઃખના કહિયે નાથ નિરખ્યા છે ।
જોઈ મોટા સુખને લઈયે નાથ નિરખ્યા છે ॥
વામ કાને બિંદુ શ્યામ નાથ નિરખ્યા છે ।
અતિ શોભે શોભાધામ નાથ નિરખ્યા છે ॥૩૪॥
કાનબુંટ ચોટે ચિત્ત નાથ નિરખ્યા છે ।
જોઈ મન થાય ચકિત નાથ નિરખ્યા છે ॥
વાંસો-લાસો વાલો લાગે નાથ નિરખ્યા છે ।
જોઈ તિલ મોટો દુઃખ ભાગે નાથ નિરખ્યા છે ॥૩૫॥
આંખ્યો મનગમતી મર્માળી નાથ નિરખ્યા છે ।
રાતી રેખાયે રૂપાળી નાથ નિરખ્યા છે ।
અતિ ભરી છે અમૃતે નાથ નિરખ્યા છે ।
નિહાળી જોઈ છે મેં નિરાંતે નાથ નિરખ્યા છે ॥૩૬॥
પાંપણ ઉપર કરચલિયો નાથ નિરખ્યા છે ।
સારી શોભે છે બે ભલિયો નાથ નિરખ્યા છે ॥
ભ્રકુટિ નયણે નિરખી નાથ નિરખ્યા છે ।
દિસે કામ કમાન સરખી નાથ નિરખ્યા છે ॥૩૭॥
ભાલ વચ્ચે રેખા રૂડી નાથ નિરખ્યા છે ।
મારી મિટ તણી છે મુડી નાથ નિરખ્યા છે ॥
મોટે ભાગ્યે ભર્યું ભાલ નાથ નિરખ્યા છે ।

જોઈ લમણા છઉં નિહાલ નાથ નિરખ્યા છે ॥૩૮॥
નલવટ જોઈ મન લોભાણું નાથ નિરખ્યા છે ।
જાણ્યું દોયલા દિનનું નાણું નાથ નિરખ્યા છે ॥
કેશ કપાળ વચ્ચે કૈ'યે નાથ નિરખ્યા છે ।
ચિહ્ન ચિંતવી સુખ લૈયે નાથ નિરખ્યા છે ॥૩૯॥
તાળુ રૂપાળું છે તેહ નાથ નિરખ્યા છે ।
વાધે વિલોકે સનેહ નાથ નિરખ્યા છે ॥
સુંદર વાળ શ્વેત શ્યામ નાથ નિરખ્યા છે ।
પખી થાય પૂરણકામ નાથ નિરખ્યા છે ॥૪૦॥
શિખા સુંદર છે સારી નાથ નિરખ્યા છે ।
નખ શિખા પર બલિહારી નાથ નિરખ્યા છે ॥
એવી મૂર્તિ મિરાંથ મારી નાથ નિરખ્યા છે ।
લેઉં અંતરે ઉતારી નાથ નિરખ્યા છે ॥
શોભે નખ શિખા શરીર નાથ નિરખ્યા છે ।
ચિતે ચિંતવી ધરું ધીર નાથ નિરખ્યા છે ॥૪૨॥
પુષ્ટ અંગો અંગ સુંદર નાથ નિરખ્યા છે ।
મૂર્તિ મરમાળી મનહર નાથ નિરખ્યા છે ॥૪૨॥
મૂર્તિ ઘણી છે ઘનશ્યામ નાથ નિરખ્યા છે ।
શાંત સ્વભાવે સુખધામ નાથ નિરખ્યા છે ॥
મહારાજની મૂર્તિ ન્યારી નાથ નિરખ્યા છે ।
કરચરણાદિક પર વારી નાથ નિરખ્યા છે ॥૪૩॥
અંગો અંગે અવલોકી નાથ નિરખ્યા છે ।
આવે આનંદ અલોકી નાથ નિરખ્યા છે ॥
નખ શિખા સુખની ખાણી નાથ નિરખ્યા છે ।
જીભે જાય નહિ વખાણી નાથ નિરખ્યા છે ॥૪૪॥





એવી મૂર્તિ મનરંજન નાથ નિરખ્યા છે ।
ચિતે ચિંતવું છું નિશદિન નાથ નિરખ્યા છે ॥
પ્રથમ પોઢી જાગે જ્યારે નાથ નિરખ્યા છે ।
જોઈ જન મગન મન ત્યારે નાથ નિરખ્યા છે ॥૪૫॥
દિયે દરશન દીનદયાળ નાથ નિરખ્યા છે ।
નિજભક્તના પ્રતિપાળ નાથ નિરખ્યા છે ॥
પછી દેહ ક્રિયા કરી આવે નાથ નિરખ્યા છે ।
હાથ મૃતિકાયે મટીયાવે નાથ નિરખ્યા છે ॥૪૬॥
ચોળી એકુકી આંગળિયો નાથ નિરખ્યા છે
ધોઈ શુદ્ધ કરે સઘળિયો નાથ નિરખ્યા છે ॥
પછી દાતણ કરતા શ્યામ નાથ નિરખ્યા છે ।
મુખ ધોઈ લેતા સુખ ધામ નાથ નિરખ્યા છે ॥૪૭॥
વતું કરાવતા વળી નાથ નિરખ્યા છે ।
નખ લેતાં દશ આંગળી નાથ નિરખ્યા છે ॥
અંગે અતર ચોળેલ નાથ નિરખ્યા છે ।
તેલ સુગંધી ફૂલેલ નાથ નિરખ્યા છે ॥૪૮॥
વળી નાહતા ઉન્હે નીર નાથ નિરખ્યા છે ।
લુતાં લાસે પટ શરીરે નાથ નિરખ્યા છે ॥
બીજું પે'રે કોરુ પટ નાથ નિરખ્યા છે ।
ચઢતાં આખડિયે ચટનાથ નિરખ્યા છે ॥૪૯॥
ઓઢી પછેડી પાવન નાથ નિરખ્યા છે ।
આવ્યા જમવાને જીવનનાથ નિરખ્યા છે ॥
બેઠા ચાકળે અવિનાશ નાથ નિરખ્યા છે ।
હતો નિષ્કુળાનંદ પાસ નાથ નિરખ્યા છે ॥૫૦॥

**ઈતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે પ્રથમ : ચિંતામણિ**

શ્રી હરિએ ગઢડા પ્રથમ પ્રકરણના પાંચમાં વચનામૃતમાં કહ્યું છે કે, 'કાયર થઈને ધ્યાનને મુકી દેવું નહીં. એવી રીતના આગ્રહવાળા છે તેની ઉપર ભગવાન્ પોતાની મૂર્તિનાં દર્શન આપવારૂપ મોટી કૃપા કરે છે. આ પ્રમાણે એ ભક્તને જ્યારે ભગવાનનું દર્શન થાય ત્યારે 'સંતોષ' નામનો ગુણ આવે છે અને તૃષ્ણા નામનો દોષનો નાશ થાય છે. એથી ભગવાનનું ધ્યાન કરનારા ભક્તને છતે દેહે ભગવાન સંબંધી સુખ પ્રાપ્ત થાયે છે માટે ભગવાનના ભક્તોએ ધ્યાન કરવામાં વિશેષ કાળજી રાખવી.

એવું ધ્યાન કરતાં થાકે ત્યારે ભગવાનના નામનો અષ્ટાક્ષર મંત્રનો જપ કરે અને તે જપને કરતો થાકે ત્યારે વળી તે ભક્ત ભગવાનનું ધ્યાન કરે. આ પ્રમાણે આગ્રહવાળાને ભગવાન પોતાની મૂર્તિનું સાક્ષાત્ દર્શન આપે છે ને ભગવાન પોતાની મૂર્તિનું સાક્ષાત્ દર્શન આપે છે ને ભગવાનની મૂર્તિને વિષે એ ભક્તના ચિતનો નિરોધ થાય છે કે

ભાવાર્થ કે સર્વ યજ્ઞની જે ક્રિયાઓ વેદ તેમણે કહી છે અને તે યજ્ઞ થકી પણ જપવા યોગ્ય એવા ભગવાનના મંત્ર તે અધિક છે અને તે મંત્ર થકી પણ જ્ઞાન જે ભગવાનના માહાત્મ્યને જાણવું તે અધિક છે. અને તે મંત્ર થકી પણ જ્ઞાન જે ભગવાનના માહાત્મ્યને જાણવું તે અધિક છે. અને માયિક પદાર્થના પ્રસંગે કરીને થયો જે તે પદાર્થને વિષે રાગ તેણે રહિત એવું જે ધ્યાન તે જ્ઞાન થકી પણ અધિક છે. એવા ધ્યાનની પ્રાપ્તિ થયે અનાદિ સિદ્ધ એવું જે ભગવાનનું સ્વરૂપ તેની પ્રાપ્તિ થાય છે કહેતાં ભગવાનની મૂર્તિ સાક્ષાત્ દેખાય છે નેતે મૂર્તિ ને વિષે ધ્યાનના કરનારાનો ચિત્તનો નિરોધ થાય છે. એ ધ્યાનનું પ્રયોજન છે અને ફળ પણ એજ છે.

ભગવાનના ભક્તને જ્યારે ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું ત્યારે ઉપદ્રવે રહિત શુદ્ધ સ્થાનકને વિષે શુદ્ધ આસન ઉપર સ્વસ્તિક આસને પૂર્વ મુખ અથવા ઉતરમુખ બેસીને ઉત્સંગને વિષે (ખોળામાં) બે હસ્ત (બે હાથ) ધારણ કરીને નાસિકાગ્ર બે નેત્રની વૃત્તિને રાખીને સ્થિર ચિત કરીને પ્રથમ આત્મ વિચાર કરવો. સ્થૂલ, સૂક્ષ્મ, કારણ આ ત્રણ દેહ તથા જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ આ ત્રણ અવસ્થા તે થકી પૃથક





(જુદો) ચૈતન્ય, હું આત્મા છું ને હું માયિક આકારથી જુદો છું. કહેતા દેહ દુઃખરૂપ છે અને આત્મા સુખરૂપ છે. દેહ નાશવંત છે અને આત્મા અવિનાશી છે. દેહ જડ છે અને હું ચૈતન્ય છું. આ પ્રમાણે ત્રણ દેહથી નોખો આત્મા જુદો માનીને ત્રણ દેહને ત્રણ અવસ્થાનો પ્રલય કરવો.

શ્રીજી મહારાજનાં બે ચરણારવિન્દનાં તલાં અતિશે રક્ત (લાલ) છે, અતિશે કોમળ છે, જાણે કમલ હોય નહિ શું ! જાણે નવ પલ્લવ હોય નહિ શું ! જાણે અલતો હોય નહિ શું !

શ્રીજી મહારાજના જમણા ચરણકમળને વિષે નવ ચિહ્નો છે. (૧) સ્વસ્તિ (૨) જવ (૩) જાંબુ (૪) ધ્વજ (૫) અંકુશ (૬) અંબુજ (૭) અષ્ટકોણ (૮) વજ્ર (૯) ઉર્ધ્વરેખા આ પ્રમાણે નવ ચિહ્નો છે.

શ્રીજી મહારાજના બન્ને ચરણારવિન્દમાં સોળ ચિહ્નો છે. એ સામુદ્રિક શાસ્ત્રમાં જણાવ્યા છે. તે લક્ષણોથી યુક્ત છે. એ ચિહ્નો વિષે શ્રી હરિવાક્યસુધાસિંધુમાનાં શ્રી હરિ ધ્યાનાહ્જ ભાસ્કરમાં કહ્યું છે કે

ભાવાર્થ જમણા પગના તળામાં અંગુઠાના થડમાં ઊર્ધ્વરેખાને મળતું એક મનોહર યવ (જવ) નું ચિહ્ન છે.

ભાવાર્થ તે જમણા પગના તાળામાં ઊર્ધ્વરેખાની બન્ને બાજુએ કમળ, અંકુશ, ધ્વજ, વજ્ર, અને જંબુફળ સ્વસ્તિક ચિહ્નો છે.

ભાવાર્થ અને તે ડાબા પાદતળમાં ફણાની સમીપે એક વ્યોમનું ચિહ્ન છે, જે ઊર્ધ્વરેખાને અડી રહ્યું છે.

ભાવાર્થ - તે ડાબા પાદતળમાં બીજા પણ ધનૂષ, કળ, મત્સ્ય, ત્રિકોણ, ગોપદ અને અર્ધચંદ્રના ચિહ્નો છે.

ભાવર્થ - સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા ઉત્તમ લક્ષણોથી યુક્ત છે. પ્રત્યેક અંગો અને આકૃત જેની એવા શ્રીહરિનાં ચિહ્નો આ પ્રમાણે કહ્યાં જે ચિહ્નો ધ્યાન કરતાં ચિન્તવન કરવાં.

(૧) શ્રીજી મહારાજના બે ચરણારવિન્દમાં બે ઊર્ધ્વરેખા છે બે ચરણના

અંગુઠા અને આંગળીયોના જે નખ તે તો ઉપડતા છે ને તેજસ્વી છે ને રક્ત (લાલા) છે. બે ચરણના અંગુઠાના સમિપની આંગળીયોના થડમાં ચાંખડીયોના ઘસારાનાં ચિહ્ન છે. ને તે સર્વે અંગુઠા આંગળીયોના ઘસારાનાં ચિહ્ન છે. ને તે સર્વે અંગુઠા આંગળીયોના થડમાં સૂક્ષ્મ રોમનાં ચિહ્ન છે. બે ચરણનાફણા ઉપડતા છે. બે ચરણના લંક અતિશે સુંદર છે. બે ચરણની બે પેનીઓ તે ગોળ અને રક્ત (લાલ) અને કોમળ છે. ને તે બે ચરણના બહારના બે ગુલ્ફ (ઘુંટી) તેને સમિપે બે આસનના ઘસારાનાં ચિહ્ન છે. બે ચરણનાં કાંડા અતિશે શોભાયમાન છે, કોમળ છે. બે ચરણના પીંડિઓને બે નલિઓ ગોળ સુંદર મનોહર છે. ને ઉપર ચડતે ચડતે સ્થુલ અને કોમળ છે.

(૨) બે જાનુ અતિશય ગોળ શોભાયમાન છે.

(૩) બે સાથળ તે તો જાણીયે કેળના સ્તંભ હોય નહિશું ! એવા કોમળ મનોહર છે.

(૪) બે કટિતટ તે અતિશે શોભાયમાન સ્થુળ અને કોમળ છે.

(૫) ઉદર (પેટ) તે તો પિપલના પાનના આકારે છે ને પોયણના પત્ર સરખું અતિશે શિતળ અને કોમળ મનોહર છે.

(૬) ઉદરને વિષે ગોળ ઊંડીને ગંભીર એવી નાભિ અતિશે શોભાયમાન છે.

(૭) ઉદરને વિષે અતિશે સુંદર અને મનોહર એવી ત્રિવળી (ત્રણ વળ) અતિશે શોભાયમાન છે.

(૮) શ્રીજી મહારાજના હૃદય (છાતી) ને વિષે શ્રીવત્સનું રોમનું ચિહ્ન છે.

(૯) શ્રીહરિના અતિશે મનોહર બે સ્તન શોભાયમાનને તેને ચારેકોર રોમના ચિહ્ન છે.

(૧૦) શ્રી હરિની છાતી વિશાળ ઉપડતી ને તેજસ્વી છે. ને તે છાતી વચ્ચે અર્ધચંદ્ર આકારે પાચતસુ પહોળું ને જરાક રક્ત (લાલ) એવું ચિહ્ન છે.

(૧૧) શ્રી હરિના બે ભુજદંડ (હાથ) ને જાનુ (ઢીંચણ) પર્યંત દીર્ઘ (લાંબા) છે. ને પૂષ્ઠ (જાડા) એવા અતિશે શોભાયમાન મનોહર છે.

(૧૨) બે ભુજદંડ (હાથ) અતિશે બળવાન છે ને બે બાહુ ને વિષે છાપનાં બે





ચિહ્ન છે.

(૧૩) ને બે કોણીયો શ્યામ એવી શોભાયમાન મનોહર છે. બે હાથના કાંડા ઉપર આઠ તસુ ઉંચા બે છાપનાં ચિહ્ન છે ને બે હાથના બે કાંડા અતિશે શોભાયમાનમનોહર, કોમળ બળવાન છે. બે હાથની હથેળીયો રક્ત (લાલ) કોમળ અને મનોહર છે. બે હાથની આંગળીઓને અંગુઠા રક્ત (લાલ) કોમળ અને મનોહર છે. બે હથેળીઓમાં શામ્રુ રેખાઓ છે ને બે હાથના અંગુઠા આંગળિયોના થડમાં સુક્ષ્મ રોમનાં ચિહ્ન છે. ને બે અંશ તે પૂષ્ટ (જાડા) છે.

(૧૪) શ્રી હરિના બે પુષ્ટ તે અતિશે કોમળ ને મનોહર શોભાયમાન છે.

(૧૫) શ્રી હરિનો કરોડો તે અતિશે શોભાયમાન છે.

(૧૬) શ્રી હરિનો કંઠ તે તો કંબુ (શંખ) સરખો છે. ને શંખના આકારે ત્રિવલીએ યુક્ત અતિશે મનોહર છે.

(૧૭) શ્રી હરિની ચિબુક (હડપચી) જાણે મણિ હોય નહિ શું ? એવી અતીશે સુંદર છે.

(૧૮) શ્રી હરિના અધર (બે હોઠ) જાણે લિંબફળ હોય નહિ શું ? એવા રક્ત (લાલ) છે.

(૧૯) શ્રી હરિના દાંતની જે આવળી તે તો જાણે કુંદ કુસુમ નીકળીઓ હોય નહિ શું ? જાણે મોતની પંક્તિ હોય નહીં શું ! એવી અતિશે દંતની પંક્તિ મનોહર શોભાયમાન છે.

(૨૦) શ્રી હરિની જીવ્હા (જીભ) જાણે કમળની પાંખડી હોય નહીં શું ? એવી રક્ત (લાલ) મનોહર છે.

(૨૧) શ્રી હરિના અધર (હોઠ) ઉપર સ્મશ્રુના રોમનાં ચિહ્ન છે.

(૨૨) શ્રી હરિની નાસિકા (નાક) જાણે દિપકની શીખા હોય નહીં શું ? જાણે શુક્ની ચંચુની હોય નહીં શું ? એવી અતિશે શોભાયમાન મનોહર છે.

(૨૩) શ્રી હરિના બે કપોળ (ગાલ) પુષ્ટ અને ગોળ શોભાયમાન મનોહર છે. તેમાં જમણા કપોળમાં નાસિકાને સમિપે શ્યામ બિંદુનું ચિહ્ન છે.

(૨૪) શ્રી હરિના બે કરણ (કાન) તે તો જાણીએ જલેબીના ધુળી હોય નહિ શું ! એવા શોભાયમાન છે. તેમાં ડાબા કરણ (કાન) ને વિષે શ્યામ બિંદુનું ચિહ્ન છે.

(૨૫) શ્રી હરિનાં બે નેત્ર (આંખ) તે જાણે કમળની પાંખડીઓ હોય નહીં શું ! એવા રક્ત (લાલ) છે, જાણે ખંજન પક્ષી હોય નહી શું ! એવા ચપળને કરુણાએ યુક્ત મનોહર અને દર્શનિય, શાન્ત, અનુપમ અને સુખકારી છે. ને બે નેત્રની ઉપર અને નીચે પાંપણોમાં જીણી જીણી કરચલીઓ પડે છે. ને બે ભ્રકુટિઓ તે શ્યામ છે તે કરડીને મનોહર એવા શોભાયમાન સુંદર અનુપમ છે.

(૨૬) શ્રી હરિનું ભાલ (કપાળ) તે અતિશે વિશાળ દિર્ઘને ઉપડતું તેજસ્વી છે ને તે ભાલને વિષે તિલકને આકારે ઉભી બે રેખાઓ છે અને આડી ત્રણ રેખાઓ છે અને સુંદર કેશર તિલક કુમકુમના ચંદ્રકે સહિત જેને વિષે રહ્યું છે. એવું શ્રી હરિનું ભાલ સદા ધ્યાન કરવા યોગ્ય છે.

(૨૭) શ્રી હરિનું મસ્તક અતિશે શોભાયમાન મનોહર અને અનુપમ સદા ગાન કરવા યોગ્ય છે અને ધ્યાન કરવા યોગ્ય છે ને તે મસ્તકને મધ્યે સુંદર શિખા છે તે અતિશે મનોહર ચિન્તવન કરવા યોગ્ય છે ને શિખાની નીચે લંકેયુક્ત ને મનોહર એવી કંધરા છે તે અનુપમ અતિશે શોભાયમાન છે, પછે આખી મૂર્તિનું ધ્યાન કરવું ને તે મૂર્તિ માંથી ખુબજ શીતળ શાંત પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરવું.

આવી રીતે પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે એકતા કરીને ધ્યાન કરવું.

જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થઈ જાય છે. ને જેમ શુરો રણને વિષે ટુકટુક થઈ જાય છે તેમ પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકરસ કરી નાખે ત્યારે એ અક્ષરના ગુણ આત્માને વિષે આવે છે. એ અક્ષર શ્રીહરિના સ્વરૂપને વિષે સ્થિર થઈને રહ્યા છે. ને શ્રી હરિની યથાર્થ મરજીને જાણે છે ને તેજ પ્રમાણે યથાર્થ વર્તે છે ને શ્રી હરિની સેવામાં અખંડ રહ્યા છે. અને શ્રી હરિના અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે અને અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિવાળા છે. ને માયાના આવરણે રહિત છે. એવા અનેક અક્ષરને વિષે ગુણ છે. તે આત્માને વિષે આવે છે. એવી જીવમાં શ્રેષ્ટ સમજણ આવે તો એ ભગવાનને રહેવાનું પાત્ર થયો ને એના હૃદયમાં





ભગવાન અખંડ રહે છે. માટે અક્ષરબ્રહ્મ સાથે પોતાના આત્માને એક કરીને તેને વિષે અંતરદૃષ્ટિ કરીને શ્રી હરિની મૂર્તિને જોયા કરવું જે હું અક્ષરબ્રહ્મ છું ને મારે વિષે શ્રી હરિ અખંડ રહ્યા છે. ને શ્રીહરિનું એક એક અંગ જોતા જવું બે વખત લાંબે શ્વાસેઉચ્છવાસે સ્વામિનારાયણનું નામ લેતા જવું.

બીજુ ધ્યાનની વાત સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ કરેલ જે પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પરશુદ્ધ ચૈતન્ય અક્ષરબ્રહ્મ માનીને શ્રીહરિનું ધ્યાન કરવું. આ પ્રમાણે અભ્યાસ કરવામાં આવે તો આત્મામાંથી ઠંડા ઠંડા શેરડાં પડે, ને સુખેથી ભજન થશે. ઉપર લખ્યા પ્રમાણે અભ્યાસ કરતી વખતે દાંતને અને જીભને હાલવા દેવા નહી અને બહુ પ્રકારની વાર્તાઓના સંકલ્પો પોતાના અંતઃકરણમાં થવા દેવા નહીં. એક જ વિચાર રાખવો. ગમે તો આત્માનો અને ગમે તો પરમાત્માનો અને ગમે તો વૃત્તિનો એક વિચાર કરવો.

એક વિચાર કરવામાં મુખ્ય સાધનએ છે કે ખાતાં,પીતાં, હાલતાં ચાલતાં સર્વ ક્રિયામાં 'જાણ પણામાં' રહી એક વૃત્તિ ભગવાનમાં રાખ્યા કરવી. અને બીજી વૃતિથી દેહ સંબંધી ક્રિયા કરવી. એટલે અભ્યાસ કરનારા ભક્તે દેહ સંબંધી ક્રિયા કરતા પણ વૃત્તિનો નિરોધ કરી ભગવાન સંભાળવાનો અભ્યાસ ભૂલવો નહીં.

હવે આપણા શરીરમાંથી 'જ્યાંથી પ્રાણ ઉપડે છે ને બહાર નીકળે છે' તે ભેળી શ્રીજી મહારાજની મૂર્તિ બાહેર જોવી અને જ્યારે શ્વાસ પાછો ઠેલાય તે ભેગી મૂર્તિને જાણપણામાં કહેતા અંતરમાં જોવી. એ મૂર્તિને ઉંચી નીચી થવા દેવી નહીં. માટે વૃતિ સ્થિર રાખવી. તે શ્રી હરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૧૦ ના વચનામૃતમાં વૃત્તિ સ્થિર કરવાનો ઉપાય જણાવ્યો છે કે જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેને પ્રથમ દૃષ્ટિ સ્થિર કરવી. તે દૃષ્ટિ સ્થિર કરવાને માટે ત્રાટક ક્રિયા કરનારા ભક્તોએ પોતાની સામે ભીત ઉપર એક ચોરસ કાગળના મધ્ય ભાગમાં કાળું ટપકું કરે છે. કેટલાક કાચની સામે પોતાના પ્રતિબિંબને જુએ છે. કેટલાક ભગવાનની મૂર્તિ સામુ મટકાએ રહિત જુવે છે. એ પ્રમાણે અભ્યાસ કરે છે. પછી એક ને એક આકાર જોતા થકાં દૃષ્ટિ સ્થિર થઈ જાય ત્યારે તે ભેળું અંતઃકરણ સ્થિર થાય ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારવી.

તેમાં ધારણ કરનારા યોગીને પ્રયાસ ન પડે સુખે ધરાય છે. અને જો પ્રથમથી અભ્યાસ કરીને અંત:કરણ સ્થિર ન કરે તો જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે બીજા પણ કેટલાંક ટિખળ આડા આવીને ઉભા રહે માટે યોગ શાસ્ત્રનો એ સિદ્ધાંત છે જે 'પ્રથમ અભ્યાસ કરીને વૃત્તિ સ્થિર કરવીને એ વૃત્તિને ભગવાનમાં જોડવી. પછે આંખ કે મુખાર્વિંદ આદિ એક અંગમાં વૃતિ સ્થિર કરવી ને નાક બીડ્યા વિના શ્વાસને રોકી રાખવો જેટલી વાર શ્વાસ રોકાય તેટલી વાર શ્વાસ રોકવો ને એક એક અક્ષરે લાંબા શ્વાસે સ્વા.....મી.....ના.....રા......ય.....ણ નું નામ લેવુ જેથી અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડશે ને આનંદ આનંદ વર્ત્યા કરશે.

શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરતી વખતે શ્રી હરિની મૂર્તિના ચરણારવિન્દને કે નેત્રને એક સામટા જોઈએ તો સંકલ્પે રહિત આનંદયુક્ત ધ્યાન થાય.

તે સ.ગુ.ગોપાળાનંદ સ્વામીએ કહેલ છે કે પ્રતિલોમ ધ્યાન સહેલાઈથી થાય તેની સમજ આ પ્રમાણે છે. આપણું લલાટ (કપાળમાં) કાચમાં (દર્પણમાં) જોઈએ છીએ તે દર્પણમાં જોવું તે અનુલોમ જાણવું. ને કાચ વડે (દર્પણ વડે) આપણા લલાટમાં (કપાળમાં) પાછી વૃત્તિયે કરીને તિલક કરવું. તે પ્રતિલોમ જાણવું. તે બુદ્ધિવાળો હોય તેમણે શાન્ત રહી ને દર્પણમાં પ્રતિબિંબ પડ્યું છે, તેના લલાટને જોતી વખતે આપણા નેત્રની વૃત્તિ જેવી રીતે બહાર નીકળે છે ને આપણા ખરા લલાટ ઉપર તિલક કરતાં જેવી રીતે પાછી વૃતિ વળે અંતરમાં ધ્યાન કરીને અંતરમાં મૂર્તિ જુએ તો તુરત સમજાય. ને તેજ પ્રમાણે આત્માને દર્પણ ઠેકાણે રાખીને શ્રીજી મહારાજના સામટા નેત્ર તથા ચરણારવિન્દને જુએ તો થોડીકવાર સમાધિ જેવું સુખ આવે છે. ને એ અભ્યાસ વધારવા માંડે તો ઉત્તરોત્તર અધિક સુખને પામેને આનંદ વર્ત્યા કરે

ત્યાર પછી કહ્યુ કે, આત્મામાંથી વૃત્તિ નીકળે છે. ને કંઠમાંથી નેત્ર, નાસિકા (નાક) શ્રોત્ર (કાન) આદિક દ્વારમાં વહેંચાય જાય છે તે જો વહેંચાવા ન દઈએ ને તે વૃતિને સ્થિર કરીએ તો સારૂં ધ્યાન થાય. વળી કહ્યું છે કે આત્મામાંથી વૃત્તિરૂપી દોરીથી વિષયરૂપી પતંગને ઉડાડે છે. એ વિષે વૃત્તાલયના ચોથા વચનામૃતમાં શ્રી





હરિએ કહ્યું છે કે ધ્યાન કરનારા ભક્તે પોતાની ભ્રકુટિના મધ્યને વિષે મૂર્તિને ધારે એમ કરતાં આળસ કે નિદ્રા જેવું જણાય તો વળી મૂર્તિને દૃષ્ટિ આગળ છેટે ધારે પછી જેમ છોકરા પતંગને ઉડાડે છે તેવી રીતે મૂર્તિરૂપી પતંગને પોતાની વૃત્તિરૂપી જે દોરી તેણે કરીને મૂર્તિને ઉંચી ચડાવે વળી પાછી મૂર્તિને નાસિકાને અગ્ર ધારે ને ત્યાંથી ભ્રકુટીમાં લાવીને હૃદયને વિષે મૂર્તિને ઉતારે અને અંતરને વિષે સાક્ષીરૂપ જે મૂર્તિ અને બહારની મૂર્તિએ બેયને એક કરે પછી અંત:કરણની બે પ્રકારે વૃત્તિ હોય તે એક થઈ જાય છે ત્યારપછી ઈન્દ્રિયો અંત:કરણએ સર્વને સાંખ્ય વિચારે કરીને જુદાં કરીને એકલા ચૈતન્યને વિષે જ ભગવાનની મૂર્તિને ધારે અને તે ભગવાનની મૂર્તિને અંતરમાં કે બહાર ધારી હોય અને તે સમે કોઈક વ્યવહાર સંબંધ વિક્ષેપ આડા આવે તો તે વિક્ષેપનું મૂર્તિને ધારવા પણે કરીને જ સમાધાન કરે પણ વિક્ષેપને વિષે પોતાની યોગકળાનો ત્યાગ ન કરે. આ પ્રમાણે શ્રી હરિએ જણાવ્યું છે તે પ્રમાણે જે ભક્ત માયીક પંચવિષયોનો ત્યાગ કરીને ભગવાનની મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ કરે તો એ ભક્તની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે અને માયિક વિષયોમાં વૃત્તિ જાય તો એ વૃત્તિને આત્માને વિષે ખેંચવી. આ પ્રમાણે અભ્યાસ કરનારાની વૃત્તિઓ નિયમમાં આવે છે. ત્યારે એને ભગવાનની મૂર્તિનું અખંડ સુખ પ્રાપ્ત થાય છે ને આનંદ વર્ત્યા કરે.

બીજુ સ.ગુ. ગોપાળાનંદસ્વામીએ વાત કરી કે 'ધ્યાન કરવામાં આવતાંવિઘ્નો અને તેને ટાળવાના ઉપાય'

આપણા સંપ્રદાયમાં શ્રીજી મહારાજે ધ્યાન ધારણ સિદ્ધ કરવાના અભ્યાસો પ્રવર્તાવ્યા છે. એ ધ્યાન તથા માનસી પૂજા કરવાની પ્રણાલિકા પરંપરાથી આજ સુધી ચાલી આવે છે. એની સાથે સદ્‌ગુરૂઓ તરફથી પણ ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય આદિક સિદ્ધ કરવાના ઉપદેશો નિરન્તર થાય છે એવા સંતોના સમાગમથી જ્ઞાન અને ધ્યાન સિદ્ધ થઈ શકે છે. જ્ઞાન અને ધ્યાન એ બન્ને સગા ભાઈઓ છે અને તેની એકબીજાને મદદ મળે છે. એકલું માત્ર જ્ઞાન જ હોય તે નકામું છે. જ્ઞાન તો વસ્તુ વિવેકની સમજણ માટે છે. કારણ કે જ્ઞાની ભક્તે સાંખ્યશાસ્ત્રના વિચારે કરીને પ્રકૃતિના કાર્યના સર્વ

પદાર્થોને નાશવંત જાણીને મન ઉદાસીન કરી નાંખેલું હોય તેવા જ્ઞાની ભક્તને ભગવાનની મૂર્તિમાં વૃત્તિ ચોટે નહીં. માટે એવા જ્ઞાની ભક્તે પ્રેમ શિખવો જોઈએ. એ પ્રેમ ઉદય કરવાનો ઉપાય ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે અને અતિશય હેતે સહિત ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ત્યારે ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે. માટે જ્ઞાની ભક્તે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું કારણ કે ધ્યાન એ યોગનું મુખ્ય અંગ છે. એમ વચનામુતમાં કહેલ છે.

ને તૈલધારાની પેઠે અવિચ્છિન કહેતા અખંડ મૂર્તિની સ્મૃતિ રાખવી ને તે ધ્યાન આહાર શુદ્ધિથી થાયે છે ને આહાર સુધ્ધીથી સત્વગુણ વર્તેને સત્વગુણ વર્તે ત્યારે સત્ય એવા ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે. માટે સત્વગુણ વૃદ્ધિ પામવાનો ઉપાય કરવો. હવે ભગવાનના ભક્તને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી હોય અથવા ધ્યાન કરવાની ઈચ્છા થાય ત્યારે પોતાને કયો ગુણ વર્તે છે એનુ અનુસંધાન રાખવું. દરેક મનુષ્યના અંતઃકરણમાં ત્રણ ગુણ વારા ફરતી વર્તા કરે છે. એ ભક્તને જ્યારે સત્વગુણ વર્તતો હોય ત્યારે જ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું એ વિષે શ્રી હરિએ ગ.પ્ર.પ્ર.ના ૩૨ ના વચનામૃતમાં કહ્યું છે કે સત્વગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ નિર્મળ વર્તે. તે વખતે ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન સ્મરણ સુખે થાય અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડોળાઈ જાય ને ઘાટ સંકલ્પ ઘણા થાય. જેથી ધ્યાન ભજન સ્મરણ સુખે થાય નહિ. અને તમોગુણ વર્તે ત્યારે તો અંતઃકરણ શુન્ય વર્તે એટલે ધ્યાન ભજન સ્મરણ કરવા બેસે ત્યારે આળસ નિદ્રા આવે માટે ધ્યાન ભજન કરનારાએ પોતાના ગુણ ઓળખવા એ ત્રણ ગુણના નામ અને તેના લક્ષણો અત્રે આપવામાં આવ્યાં છે. એથી ધ્યાન કરનારા ભક્તો રજ, તમનાં ગુણોનો ત્યાગ કરીને સત્વગુણનાં લક્ષણો સિદ્ધ કરવા તે સત્વગુણી ભગવાનના ભક્તની સાથે પ્રેમ અને સંબંધ રાખે છે. પરંતુ રજ તમના વેગવાળા કુસંગીઓની સોબત રાખતો નથી. સત્વપ્રધાન આહાર કરે છે. સાત્વિક સ્થાન અને સત્પુરુષના સંસર્ગમાં રહે છે. સત્વગુણ વૃદ્ધિ થાય એવાં સત્શાસ્ત્રો વાંચે છે. આ પ્રમાણે સત્વમય વિચારોના પ્રભાવ વડે તેનામાંથી તામસ અને રાજસ ગુણોનો વેગ ઓસરી જાય છે.





એટલે ઈન્દ્રિયો અને મનની વૃત્તિઓનો વેગ શાન્ત થઈ જાય છે પછી સત્વગુણની જ દૃષ્ટિએ સંસારની બધી ક્રિયાઓ કરવા લાગે છે. એથી ભગવાનનું ધ્યાન તથા ભજન સ્મરણ પોતાના મેળે અંતઃકરણમાં અખંડ થવા લાગે છે.

વળી વચનામૃતમાં કહેલ છે કે જે સમે સત્વગુણ વર્તતો હોય તે સમે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને જ્યારે રજોગુણ તમોગુણ વર્તતા હોય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન સ્મરણ કરવું નહીં. તે સમે તો એમ જાણવું કે 'હું તો સંકલ્પ થકી જુદો આત્મા છું ને સંકલ્પનો જાણનારો છું ને મારે વિષે અંતર્યામીરૂપે શ્રી પુરૂષોત્તમ ભગવાન સદાકાળ વિરાજે છે. એમ જાણીને ઉચ્ચે સ્વરથી તાલી વજાડીને ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને રજોગુણ વર્તતો હોય ત્યારે સંકલ્પ ઘણા થાય, તે સંકપને જોઈને મુંઝાવું નહી કેમ કે અંતઃકરણ તો જેવું નાનું છોકરુ તથા વાનરું તથા કુતરું તથા બાળકનો રમાડનાર તેવું ચંચલ સ્વભાવવાળું છે. એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિના પ્રયોજન ચાળા કર્યા કરે. માટે જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેને અંતઃકરણના ઘાટ જોઈને કચવાઈ જવું નહીં. ને જે ભક્તને સત્વ ગુણ વૃદ્ધિ પામ્યો હોય અને ચિત નિર્મળ થયું હોય તેવાને પણ અસત્ દેશકાળાદિકનો યોગ થાયે તો માયીક પદાર્થો સાંભરી આવે, ત્યારે કાચના દર્પણમાં પ્રતિબિંબ દેખાય તેમ દેખાય. એવા ભક્તોને હિંમત રાખવા શ્રી હરિ એ ગ.પ્ર. ૫૬ ના વચનામૃતમાં કહ્યું છે કે મુમુક્ષુ હોય તેને એમ ન વિચારવું જે મારે વૈરાગ્ય નથી તે માટે સ્ત્રી-આદિક પદાર્થ મારા ચિતમાં સ્ફુરે છે એ તો જે સમે જે પદાર્થ આવ્યું તે સ્હેજે સ્ફૂરી આવે છે માટે વૈરાગ્ય અવૈરાગ્યનું કાઇ કારણ નથી. એ તો ચિતનો સ્વભાવ જ એવો છે જે ભલું અથવા ભુંડું સાંભળ્યું તેને ચિંતવે' અને જ્યારે એ પદાર્થનું ચિંતવન કરે ત્યારે તે પદાર્થ જેમ દર્પણમાં દેખાઈ આવે તેમ દેખાઈ આવે તે માટે એમ જાણવું જે હું તો એ ચિત થકી જુદો છું અને હું તો એનો જોનારો આત્મા છું એમ જાણીને ચિતના સારા ભૂંડા ઘાટે કરીને ગ્લાની પામવી નહી. વળી શ્રીજી મહારાજે સારંગપૂરના ૧૨ ના વચનામૃતમાં પ્રતિલોમપણે ધ્યાન કરવાની રીત્ય જણાવી છે કે અંતઃકરણના ઘાટ

સામું જોતાં જોતાં જ્યારે ઘાટ બંધ થઈ જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને જ્યાં સુધી ઘાટ સંકલ્પનું બળ હોય ત્યાં સુધી તો સંકલ્પ સામું જોઈ રહેવું પણ ધ્યાન ન કરવું.

બીજુ સ.ગુ. ગોપાળાનંદસ્વામીની વાતોમાં ધ્યાન કરનારા મુમુક્ષુને ત્રણ દેહને જીવતાનો ઉપાય.

(૧) સ્થુળ દેહને જીતવાનો ઉપાય : ધ્યાન કરવા બેસે ત્યારે શરીર ઉપર કીડી, મચ્છર બેસે તો પણ અડવું નહીં તેમ હાલવું નહી તો સ્થુળ દેહ જીત્યો કહેવાય.

(૨) સુક્ષ્મદેહને જીતવાનો ઉપાય : અંત:કરણમાં સંકલ્પ ન થવા દેવા તો સુક્ષ્મ દેહ જીત્યો કહેવાય.

(૩) કારણદેહને જીતવાનો ઉપાય : નિદ્રા આળસ આવવા ન દેવી તો કારણ દેહ જીત્યો કહેવાય.

ત્યારપછી એ ભક્તને ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પર એવો પોતાનો આત્મા જુદો જણાય છે. એ પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે એકતા કરીને મહારાજની મૂર્તિનું ઉત્સાહપૂર્વક ધ્યાન કરે તો તે ભક્તને મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે.

પરમહંસે પૂછ્યું જે, 'હે મહારાજ કેવા ભક્ત હોય તે કેવા ધામને પામે ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'અક્ષરરૂપ પોતાના આત્માને માનીને પુરૂષોત્તમ ભગવાનની મૂતિને અખંડ તેલધારાની પેઠે સંભારતા હોય એવા જે એકાંતિક ભક્ત તે તો અક્ષરરૂપ થઈને પુરૂષોત્તમ નારાયણની હજુર સેવામાં રહે છે તે ભક્તને ભગવાન કેવું સુખ આપે છે ? તો જેવું ભગવાન પોતે પોતાની મૂર્તીનું સુખ લે છે તેવું સુખ ભક્તને આપે છે. તેમાં જે નિર્વાસનિકપણામાં કસર હશે તો બીજા ધામને પામે છે. પણ અક્ષરધામને પામતા નથી માટે આપણે નિર્વાસનીક થવું.

વળી સ.ગુ. ગુણાતીતાનંદસ્વામીની વાતોમાં પ્રકરણ ૪ માં ૩૨ મી વાત છે. કે પ્રત્યક્ષ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિનું ચરણારવિંદથી મસ્તક સુધી પૃથક પૃથક ધ્યાન કરવું. મન પ્રાણ આદિ ઈન્દ્રિયોને નિયમમાં કરીને રાત્રીને વિષે, દિવસને વિષે ધ્યાન કરવું કેવી રીતે તો? ચકોર, બપૈયો, પતંગ આદિક પોતપોતાના વિષયમાં અતિ





નિમગ્ન થાય છે. તેવી રીતે યોગીએ શ્રી હરિનું ધ્યાન કરવું. અને વળી સમુદ્રમંથન કરવા સારૂં દેવતાઓ ને અસુરો તત્પર થઈને અમૃત કાઢવા, મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા. તેવી રીતે યોગીયે તથા ભક્તોએ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો અભ્યાસ રાખવો ને રસાસ્વાદ, નિદ્રા, હિંસાને વિક્ષેપ એ ધ્યાનના વિરોધી છે. તેનો ત્યાગ કરે ત્યારે ધ્યાન થાય. નહી તો ન થાય.

અને પાંચ ઈંદ્રિયોને છઠ્ઠું મન તેને જીતીને વશ કરીને પીંડ બ્રહ્માંડને પંચ વિષય તેમને જડ, તુચ્છ દુ:ખમય, નાશવંતને વિષ્ટારૂપ જાણીને ત્યાગ કરીને સત્-ચિત-આનંદ સૂક્ષ્મને નિર્ગુણ-એવું જે પોતાના જીવાત્માનું સ્વરૂપ તેને જાણીને, ને જે જીવાત્મારૂપ થઈને મુની થકા, શ્રી હરિનું ધ્યાન કરવું ને માન આદિનો ત્યાગ કરીને સમગ્ર સાધુ સત્સંગિના દાસ થઈને રહે છે તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને અનંત કોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો શ્રી હરિની મૂર્તિના એક રોમના સુખની કોટિમાં ભાગની બરાબર આવે નહિ. એવું શ્રી હરિની મૂર્તિમાં સુખ છે. માટે પાંચ ઈંદ્રિયોને છઠ્ઠું મન તેને નિયમમાં રાખીને ધ્યાન કરે તો જ ધ્યાન થાય નહીં તો એક ઇન્દ્રી મોકળી હોય તો પણ ધ્યાન સ્રવી જાય છે. માટે સર્વને નિયમમાં રાખે તો જ ધ્યાન થાય. નહીં તો ન થાય.

બીજુ શિક્ષાપત્રી ભાષ્યમાં લખ્યુ છે કે ભગવાન ભજ્યા વિના એકક્ષણ જાય તો પણ અતિરુદન કરવા યોગ્ય છે. કેવી રીતે ? તો જેમ ચોર આપણો માલ લુંટી જાય તેમાં અતિ શોક થાય અને રૂદન કરવા યોગ્ય છે તેવી રીતે ભગવાનનું ભજન કર્યા વિના એક ક્ષણ જાય તો પણ તેવો શોક કરવા યોગ્ય છે.

બીજુ ચાર પ્રકારનો પ્રલય કરીને આપણે ધ્યાન કરવું તે પ્રલય કેવી રીતે કરવો ? તો જેમ ચાર પ્રકારના પ્રલયમાં કાંઈ પણ વસ્તુ રહે નહીં, તેવી રીતે આપણે એમ જાણવું કે કાંઈપણ પદાર્થ છે જ નહિ. તો શેમાં મોહ થાય ? એમ જાણીને સર્વ પદાર્થમાંથી વાસના ટાળીને એક શ્રીહરિને વિષે જ પ્રિતી કરવી.

બીજુ શિક્ષાપત્રી ભાષ્યમાં લખ્યુ છે કે જેની ધ્યાન કરવું હોય તેને જમવું તે ઔષધ જમીએ તેમ, જમવું પણ અતિ આહાર ન કરવો. જો અતિ આહાર કરીએ તો

ઉંઘ આવે તેથી ભગવાન બરાબર ભજાય નહીં.

ભુજના સ.ગુ. અક્ષરજીવનદાસજીસ્વામી પાસેથી સાંભળેલી વાત તે સદ્ નંદકિશોરદાસજી સ્વામીએ કરી છે કે સ.ગુ.ગોપાળાનંદસ્વામીએ પોતાના એક શિષ્યને પૂછ્યું કે, તમે ધ્યાન કરો છો ? ત્યારે તેમણે કહ્યું કે, 'ના, સ્વામી, ધ્યાન તો હું નથી કરતો ને આ સેવા આદિ ભક્તિ કરૂં છું માટે મારો એકાંતિક મોક્ષ નહીં થાય ?' ત્યારે સદ્.ગોપાળાનંદ સ્વામિએ કહ્યું કે, 'મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના બળતી નથી ને તે વાસના બળ્યા વિના અક્ષરધામમાં રહેવાતું નથી. માટે ધ્યાન કરવું, પછી તે સંત ધ્યાન કરવા લાગ્યા.'

વળી સ.ગુ. પ્રેમાનંદસ્વામી ભણવા બેઠા. તે મહીનામાં પંચ સિદ્ધિ ભણી ગયા. પણ મૂર્તિ દેખાતી હતી તે ન દેખાણી. પછી મુંઝાવા લાગ્યા. ત્યારે મહારાજ કહે 'સ્વામિ તમે ભણવાનું રહેવા દ્યો' પછી ભણવાનું મેલી દીધું ને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હવા. તે શ્રીજી મહારાજનો તે જ આગ્રહ છે કે, ભગવાનનું ધ્યાન કરવું.

બીજુ સુંદરીયાણાના અ.મુ. હેમરાજ શાહ અને અ.મુ. પૂંજા શાહના વંશના પ.ભ.શ્રી બાપાલાલભાઈ અમદાવાદથી સંવત ૨૦૦૪ ના જેઠ માસમાં ભૂજ આવ્યા હતા. તેમણે વાત કરી કે 'મહારાજની મૂર્તિને વિષે વૃત્તિ સ્થિર થયા વિના અક્ષરધામમાં જવાશે નહી. ને ભગવાન દયા કરીને તેડી જાશે તો પણ ત્યાં રહેવાશે નહીં. માટે ધ્યાન કરવાનો નિત્યે અભ્યાસ કરવો. દિવસને વિષે, રાત્રિને વિષે ધ્યાન કરવું ને ધ્યાન કરતાં સુવું ને વળી જાગી જવાય તો હાથ પગ, મોઢું ધોઈને વળી ધ્યાન કરવા બેસવું ને ઉંઘ ન આવે તો ધ્યાન કર્યા કરવું. ને વહેલું હોય ને ઉંઘ આવે તો થોડીવાર સૂઈ જવું. ને વળી જાગીને ધ્યાન કરવું.' એવી રીતે નિત્યે અભ્યાસ કરવો પણ થોડા દિવસ કર્યું ને વળી મેલી દીધું એમ ન કરવું. એ તો નિત્યે કરવું ને થોડા દીવસ કરીને મેલી દે ને વળી ફરી ધ્યાન કરે ત્યારે એટલી જ મહેનત પડે માટે નિરંતર અભ્યાસ કરવો. ને કોઈક સમયમાં રોગાદિ આપતકાળ આવી પડે તો બેસીને આસન વાળીને ધ્યાન ન થાયે તો વાંધો નહિ. પણ મહારાજની મૂર્તિની સ્મૃતિ જેટલી રહે તેટલી રાખવી. ને શરીર સારૂં થઈ રહે ત્યારે વળી પહેલાની પેઠે ધ્યાન કરવાનો અભ્યાસ





કર્યા કરવો. પણ અભ્યાસ મેલી ન દેવો. એમને એમ ધ્યાન કર્યા કરવું. તથા મહારાજે પ્રથમ પ્રકરણના ૧૫ મા વચનામૃતમાં કહેલ છે કે 'સો વરસ થાય તો પણ ધ્યાન કર્યા કરવું પણ કાયર ન થાવું ને બીજાનો વાદ ન કરવો. આપણે આપણું કર્યા કરવું.'

વળી સ.ગુ. ગુણાતીતાનંદસ્વામીની વાતોમાં પાંચમાં પ્રકરણમાં ૧૨૩ મી વાત છે તેમાં લખેલ છે કે જેમ હજાર કુતરા, મિંદડા ને ઉંટીયા તે સડી ગયા હોય તે જેવાં ભૂંડા લાગે તેવા વિષય લાગે ત્યારે ધામમાં જવાશે.

બીજુ સંવત ૨૦૦૫ ના શ્રાવણ માસમાં સદ્ગુરૂ સ્વામીની વાતોમાં પાંચમું પ્રકરણ વંચાતું હતુ તેમાં વાત આવી કે 'રામકૃષ્ણાદિ અવતારમાં ને આ શ્રીજી મહારાજ અવતારીમાં કેમ ભેદ છે' ? ત્યારે કોઈ કહે 'જેમ ભવાઈયોને વેશ ત્યારે બીજા કહે એમ નહિ, એ તો રાજાને રાજાનો ઉમરાવ તીરને તીરનો નાખનારો એમ ભેદ છે. ત્યારે કેટલાક કહે, 'ભવાયો ને વેશ એમાં શું બાધ છે. ભગવાન એક જ છે, પણ મહારાજના ચરિત્ર સર્વોપરી છે તેથી તે અવતારી કહેવાય, પણ ભગવાન એક જ છે. એમ ઘણીવાર સુધી સંવાદ થયો. પછી સદ્ શ્રીવલ્લભદાસજી સ્વામી કહે કે, 'એમ સમજીયે તો અવતાર અવતારીમાં ભેદ કેમ પડે? અમોને તો સ.ગુ. અક્ષર જીવનદાસજી સ્વામી તથા સદ્ગુરૂ ભક્તિપ્રિયદાસજી સ્વામીએ સમજાવ્યું છે કે રામકૃષ્ણાદિક અવતારને શ્રીજી મહારાજ અવતારીમાં તીરને તીરનો નાખનારો અને રાજાને રાજાનો ઉમરાવ એમ ભેદ છે. તે ગાંઠ છુટે એમ નથી એમ કહ્યું તો પણ કેટલાક શંકા કરવા લાગ્યા. પછી સદ્ગુરૂ મોરલી મનોહરદાસજી સ્વામી સભામાં બોલ્યા કે, ગમે એમ તાણીને એક કરશો તો પણ તે અવતાર અવતારી એક ક્યારેય નહીં થાય. પછે બધા શાંત થયા. માટે સદ્ગુરૂ અક્ષરજીવનદાસજીએ આમ અવતાર અવતારમાં ભેદ સમજાવ્યો છે. તો એમજ આપણે સમજવું. ગમે તેવા શાસ્ત્રના શબ્દ આવે ને બીજા થકી ગમે તેવા શબ્દ આવે તો પણ આ સમજણ ફરવા ન દેવી. તે જ ચોખ્ખી ઉપાસના છે ને સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી જાણવા, એજ શાસ્ત્રોનો ખરો સિધ્ધાંત છે.

ભુજમાં સભામાં સંવત ૨૦૦૪ ના વૈશાખ માસમાં વચનામૃત ગ.મ.૪૯ કથામાં વંચાણું. તેમાં એમ આવ્યું કે, 'માયિક આકારના જે જોનારા છે ને માયીક

આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંત કોટિ કલ્પ સુધી નરક ચોર્યાસીમાં ભમે છે.' ત્યારે સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામિએ પ્રશ્ન પૂછ્યો કે, 'આપણે આ સેવા કરીયે તે તો ભગવાનને સંતના સંબંધવાળી હોય પણ તે સેવા કરતાં ભગવાનની સ્મૃતિ રાખવી. તે તો બહુ કઠણ છે. ત્યારે તે માયીક કહેવાય ? એમ પૂછ્યું ત્યારે સદ્‌ગુરૂ શ્રી વલ્લભદાસજી સ્વામીએ કહ્યું કે તે ક્રિયા ભગવાન સંબંધી હોય તો પણ ક્રિયારૂપ થઈને કોઈ ક્રિયા ન કરવી. એમ ક્રિયાનો ફેર ન ચડાવી દેવો. ભલે ક્રિયા ઓછી થાય તો પણ ભગવાનની સ્મૃતિ રાખતાં રાખતાં સેવા કરવી એમ મહારાજનો ને મોટા સંતોનો સિદ્ધાંત છે. માટે ભગવાનની સ્મૃતિએ સહિત સેવા કરવી.'

શ્રીજી મહારાજે સત્સંગીયો ઉપર કાગળ લખ્યો જે સર્વે સત્સંગીયોને માલુમ થાય કે તમો કથા, વાર્તા સાંભળવાનો આગ્રહ રાખજો તથા ત્યાં કને સાધુ આવે તેનો સમાગમ રાખજો. જ્યારે એવો સમાગમનો યોગ ન હોય ત્યારે વચનામૃત તથા ભક્ત ચિંતામણી આદિક જે શ્રીજી મહારાજનાં ચરિત્ર તથા લીલા છે. જેને વિષે એવા જે ગ્રંથ તે વાંચવા સાંભળવાનો અભ્યાસ નિરંતર રાખવો. વળી સદરૂચીવાળા સાચા સાચા ભગવત્‌ભક્ત ભેળા થઈને જ્ઞાનગોષ્ટિ નિરંતર કરવી ને ભગવાનનો મહિમા અલૌકિક સમજીને પોતાને ત્રણ શરીર ને ત્રણ અવસ્થાને ત્રણ ગુણથી પર જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનીને, ને તે આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને તેને વિષે પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ ધારીને અંતરવૃત્તિએ કરીને ધ્યાન ભજન કરવાનો અભ્યાસ રાખવો. ને દેહાદિક માયીક આકાર સર્વેનો ચાર પ્રકારનો પ્રલયે કરીને નાશવંત જાણીને સ્થિતિકાળમાં પણ દુઃખદાયક ને જન્મ મરણાદિક કલેશનાં દેનારા એવા સ્ત્રી-ધનાદિક વિષયને અંતરમાંથી ખોટા કરી નાખીને પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિને અનંત,અપાર, અલૌકિક સુખમય જાણીને તેમાં દ્રઢ પ્રિતી કરવી અને તે વિના બીજે ક્યાંય પ્રિતી ન રાખવી. ને દેહ કરીને વ્યવહાર કરવો પણ અંતરમાંથી તો વ્યવહારને ખોટો કરી નાખવો. ને જો દેહાદિક માયીક વ્યવહારની અંતરમાંથી વાસના ટળશે તો જ ભગવાનને વિષે દ્રઢ પ્રીતિ થાશે. અને ભગવાનને વિષે દ્રઢ પ્રિતી થાશે ત્યારેજ ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે. અને ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે ત્યારે ભગવાનના





કલ્યાણકારી શુભ ગુણ તે સર્વે આવશે. અને અનાદિકાળના માયાના રજ તમ ના જે દોષ જે કામક્રોધાદિક સર્વે વિનાશ થઈ જશે. ને ભગવાનની આજ્ઞાને ભગવાનની મૂર્તિનું ધ્યાન તેણે કરીને જ કારણ શરીર આદિક ત્રણ શરીરને વિષે વાસના છે તે નાશ થઈ જશે. ને ચૈતન્યમય ભાગવતી તનું બંધાશે. ને અક્ષરધામને વિષે પુરુપોત્તમ ભગવાનની સેવાને વિષે અખંડ રહેવાશે. અને કોઈક માયીક વાસના રહેશે તો ભગવાનના ધામમાં જાતા વિઘ્ન થશે. માટે ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગ સહિત નિષ્કામ ભક્તિએ ચાર સંપૂર્ણ થાશે ત્યારે વાસના તમામ, નાશ પામી જાશે. ને એક ભગવાનની સેવાની વાસના દ્રઢ થાશે. માટે અતિશય દુર્લભમાં દુર્લભ આ સત્સંગ આપણાં ને પ્રાપ્ત થયો છે. તેમાં પણ એકાંતિકપણું આવવું એ અતિ દુર્લભમાં પણ દુર્લભ છે. કેમ કે અનાદિ કાળથી જીવ માયામાં વૈષ્ટિત છે.

ને જગતની વાસનાએ કરીને વ્યાપ્ત થઈ ગયો છે તે માટે એ સર્વે જગતની વાસના ટાળીને એક પુરૂષોત્તમ ભગવાનની જ વાસના કરવી તે અતિ કઠાણ છે. ને ઇંદ્રિયો અંતઃકરણને જીવ એ માયાને વિષે સદાય આસક્ત છે. માટે પોતાને બ્રહ્મરૂપ માનીને પુરૂષોત્તમ નારાયણનું ધ્યાન કર્યા કરવું ને તે અંગ નિરંતર વૃદ્ધિને પામે તેને અર્થે નિરંતર સંત સમાગમ તથા નિરંતર કથા વાર્તાનો યોગ રાખવો. એમાં કોઈ વાતની આળસ રાખવી નહી. માટે ઉપર લખ્યા પ્રમાણે સર્વે વર્તજો.

બીજુ ધ.ધુ. પુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની વાતોમાં વાત છે કે આપણે ઉંઘવું છે એવો ઠરાવ ન રાખવો ને ભગવાનનું ધ્યાન કરતાં ઉંઘ આવે તો આવવા દેવી પણ ઉંઘવાનો આગ્રહ ન રાખવો.

એક સમયને વિશે મહારાજ ગઢપુરને વિશે પાંચસો પરમહંસે સહિત બિરાજમાન હતા. ને બસો પાર્ષદો હતા. ને સંતોની રસોઈ તે સંતો કરીલે ને પાર્ષદને માટે ત્યાં આસુબાઈ સત્સંગી હતા. તેમને પાસે તે પાર્ષદોની રસોઈ કરાવે તે પાર્ષદો જમી આવે તે બાઈને ભગવાનને વિશે હેત ઘણું હતું. તે માનસીપૂજા આદિમાં ઘણીવાર થઈ જાય તે રોટલા મોડા કરે, તે વાત પાર્ષદોએ મહારાજને કહી કે તે બાઈ મોળા રોટલા કરે છે. પછે મહારાજ કહે તપાસ કરશું, પછે એક સમયને વિશે અખાત્રીનો દિવસ

આવ્યો. તે મહારાજ પિતાંબર પહેરીને સભામાં ઢોલીયા ઉપર બેઠા તે સંતોએ સુગંધીમાન ચંદનથી મહારાજને આખા શરીરે ચંદનના વાઘા કર્યા. ને તે માંહી ચિત્ર વિચિત્ર શોભાયમાન કર્યા. ત્યાં તે આશુંબાઈ મહારાજના દર્શન કરવા આવ્યાં. તે દર્શને કરીને તે બાઈને ભગવાનમાં અતિ હેત તેથી દેહનું ભાન ભૂલી ગયાં ને બે કલાક થઈ ગયા પછે મહારાજે જાણ્યું કે આ બાઇને દેહની ખબર નથી પછે મહારાજે તે બાઈનું રૂપ લઈને તેને ઘરે ગયા ને રોટલાં બનાવ્યાને પાર્ષદોને જમાડયાં. તે પાર્ષદો કહે આજના રોટલા સમાન કોઈ દિવસ આવો સ્વાદ નથી આવ્યો. પછી તે જમીને જાતા હતા ને બાઈ માર્ગમાં સામા મળ્યાં. ને તે બાઈ વિનયથી કહેવા લાગ્યા ને કહે કે મને આજ મોડું થઈ ગયું તે માફ કરજો. ત્યારે પાર્ષદો કહે કેમ તમે હમણાં અમોને જમાડયા ને તે બાઇ કહે ક્યારે જમાડ્યા ના ના હું ન હતી. ત્યારે પાર્ષદો કહે તમેજ હતાંને પછે તે બાઇ કહે ઠીક પછી ઘરે આવ્યા. તે થોડા રોટલા વધેલા હતા. તે દીઠાં પછી જાણ્યું કે મહારાજ આવ્યા હશે પછે મહારાજ પાસે ગયા ને કહ્યું કે તમોએ મારા સાટે રોટલાં બનાવ્યા ત્યારે મહારાજ કહે તમો અમારા દર્શનમાં આશક્ત થયા હતા. તેથી કર્યું. એમ જે ભગવાનને ભજે છે તેની ભગવાન સર્વે પ્રકારે રક્ષા કરે છે.

બીજુ કોઈ ગામમાં પરોક્ષ ભગવાનના ભક્ત સખુબાઈ હતા. તે કોઈક મોટો દિવસ હતો તે સર્વે મનુષ્ય મહારાજના દર્શન કરવા જાય તે આ બાઈ પણ દર્શન કરવા જાવા લાગ્યા. તે તેમના સબંધીએ જાવા ન દીધા. ને દોરડેથી બાંધી મૂક્યા પણ આ બાઈને દર્શન કરવાની બહુ ઈચ્છા હતી તેથી મહારાજે તેમનો સંકલ્પ અંતર્યામીપણે જાણી ને એક સ્ત્રીનો વેશ લઈ ને તે બાઈ પાસે આવ્યા ને કહે કેમ બાઈ તમે દર્શને નથી ગયા ત્યારે પોતાની વાત કહી. ત્યારે તે કહે મને બાંધો હું દર્શન કરી આવી છું. ને તમે જાઓ ભગવાન તે દોરડાંને અડ્યા તેથી તે દોરડુ છૂટી ગયુ ને ભગવાને તે બાઈનુ રૂપ લઈને બંધાણા તે બાઈ દર્શને ગયા તે દર્શન કર્યા. તે ભગવાનમાં અતિ હેત તે ભગવાનની મૂર્તીમાં તદલીન થઇ ગયા ને દેહ મેલી ગયા. તે અગ્નિસંસ્કાર કરી આવ્યા, ને અહીં તે સ્ત્રીરૂપે ભગવાનને તેના સંબંધીએ છોડ્યા. તે ભગવાન સ્ત્રી





રૂપે સર્વે ઘરનું કામ કરે ને ભગવાન ભજ્યાની વાત કરે તે સૌ સંબંધીને હેત થઈ ગયું. પછી તે બાઈની રાખ જ્યાં હતી, ત્યાં જીવુબા ગયા ને ત્યાં પાણી છાંટ્યું તેથી તે બાઈ સજીવન થયા અને તેને જીવુબા કહે તારે સાટે મારા પતિ ભગવાન તારા ઘરનું કામ કરે છે માટે તારે ઘરે જા. તે બાઈ આવતા હતા તે માર્ગમાં મહારાજ તે બાઈના વતી પાણીની હેલ ભરવા આવતા હતા. તે બાઈએ તે હેલ લઈ લીધી ને માફી માગી ને ઘરે ગયા પછે ભગવાન પોતાના સ્થાને ગયા એમ જે ભગવાન ભજે છે, તેની રક્ષા ભગવાન કરે છે.

એક સમે ગામ ઉમરેઠમાં ગોપાળાનંદ સ્વામીએ વાત કરી કે ભગવાનની મૂર્તિ વિના બધુ વીખ જેવું કરી નાંખવું, ને એમ ન મનાય તો પણ એમ કર્યા કરવું, એમ કરતા કરતા સિદ્ધ થાય.

એક સમયને વીશે વ્યાપકાનંદ સ્વામી રાત્રે ધ્યાન કરતા હતા ત્યારે એક સંતે કહ્યું કે સ્વામી સુઈ જાઓ ત્યારે સ્વામી કહે સુતામાં શું માલ છે મહાપુરૂષ, સુખ માત્ર તો ભગવાનના ધ્યાનમાં છે.

તે ધ્યાનની વાત શ્રી હરિનું ધ્યાન અખંડ થાય એ સમાધીથી પણ અધિક છે. કેવળ મહામંત્રનો જાપ કરતાં પણ મૂર્તિનું ધ્યાન અધીક છે. ધ્યાન કરનાર માણસને બીજી સાધનની જરૂર નથી. એ ધ્યાન કેવું હોવું જોઈએ તેનો ખરો ખ્યાલ હું અત્રે આપીશ. શ્રીજી મહારાજ શ્રી સર્વોપરી ભગવાન સ્વામીનારાયણની આપણને પ્રિય એવી જે મૂર્તિ મંદિરમાં દર્શન કર્યા હોય તે આપણા અંત:કરણમાં ધારવી. તે મૂર્તિ ચોસઠ તસુ ઉંચી ધારવી અને મહારાજનું મુખારવિંદ હાથપગ વિગેરે તમામ અવયવો ધારવા પછે તે મૂર્તિમાંથી ખુબ જ તેજ નીકળતું ધારવું જે તેજને લીધે આજુબાજુની કંઈ વસ્તુ જણાય નહી એમ ધારવું. મહારાજની મૂર્તિના તેજથી આપણને દેહનું પણ ભાન ન રહે અને આપણા આત્માને વીશે મહારાજની મૂર્તિ હાથોહાથને ચરણ ચરણ એમ નખથી શીખા પર્યંત વ્યાપેલી ધારવી. મૂર્તિ અતિશય શીતલ તેજથી ભરપૂર ધારવી. આવી રીતે ધારવાથી અંત:કરણ શાંત થઈ તમારા મનના તમામ ઘાટ બંધ થઈ સુખ સુખ જેવું લાગશે. બોલતા ચાલતાં વિગેરે ક્રિયામાં પણ તે મૂર્તિને આત્મામાં

ધારીને ક્રિયા કરીએ છીએ એવું ધારવું જેટલી મહારાજની આપણા ઉપર વધુ કૃપા તેટલો વધુ વખત આ ધ્યાન રહી શકે. આસ્તે આસ્તે અહર્નિસ આવી રીતે ધ્યાનમાં રહેવાની ટેવ રાખવી. આને સર્વોતમ ધ્યાન કહેલું છે. ને આ રીતે જેને અખંડ ભગવાનનું ધ્યાન થતું હોય તેને દેહ છતા અક્ષરધામ મળ્યું છે એમ માનવામાં જરાપણ શંકા નથી. તે કીર્તન છે જે......

*રહ્યું છે, મારા હૃદિયામાં રૂપ તમારુ, રૂપ તમારૂં*
*એક હૃદિયામાં રાખ્યું. મેં તો બીજુ સર્વે કાઢ્યું છે બારૂં* (૧)
*જગના જીવનવાલા તમને જોઈને,*
*વારી મનડું લોભાણું છેમારૂં* (૨)
*તમવિના શામળીયા રે વાલા,*
*મુને બીજું નથી લાગતું સારૂં* (૩)
*દુરીજન લોક ઘોળ્યાં દાઝી મરે છે.*
*તેની ધડક હૈયામાં શીદ ધારૂં* (૪)
*માથું જાતે રે મન માન્યા રે માંવા*
*કેદિ હેતમાંયથી નવ હારુ* (૫)
*બ્રહ્માનંદ કહે મારા પ્રાણ સંગાથી,*
*ઘડી તમને તે કેમ વીસારૂં* (૬)

હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી,
વાલો લાગો છો લટકાળા રે લાલા
મારાં નેણાં ઠરે છે ભાળી ભાળી,
આઠે પહોર આવી વસી અંતરમાં,
વહાલા મૂર્તિ તમારી મરમાળા:...હૈડા (૧)
બાંધ્યા છે બાજુ કાજુ ફુલડાની માળા,





ગળે લાગે છે અતી રૂપાળા
મનડાં હરો છો તમે મોરલી વગાડતાં,
વળી ગાતાં નાખો છો રંગ ઢાળી; ....હૈડા (૨)
શું રે કરે સંસારીયો કુંડો,
મેં તો લોકની તે લજ્યા ટાળી.
બ્રહ્માનંદના વ્હાલા તમસંગ રમતાં,
મારે દહાડી દહાડી તે દીવાળી, .... હૈડા (૩)

બીજુ એક સમયને વીશે મહારાજ અદાભાઈને ઘરે માનકુવે પધાર્યા ત્યાં વાત કરી કે ભગવાનને રાજી કરવા સૌ ઈચ્છે છે પણ ભગવાન કેમ રાજી થાય છે તે કહીયે છીયે. તે જુઓને નારદ સનકાદીકે તપ કરીને ભગવાનને રાજી કર્યા માટે અંતરમાંથી સર્વે પ્રવૃત્તિનો ત્યાગ કરી રજોગુણ આદી સંગનો ત્યાગ કરીને સારી ગુફા તથા એકાંત ઠેકાણે બેસીને અષ્ટાંગયોગ સાધી ને કામ ક્રોધ આદિનો ત્યાગ કરીને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેણે કરીને ભગવાન અતીશે રાજી થાય છે. ને આગળ સંતો યે ટાઢ તડકો હરખ શોક માન અપમાનનો ત્યાગ કરીને જે દુઃખ સુખ આવે તેને સહન કરવાને દેહના સુખની લાલચનો ત્યાગ કરીને સુખીયા રહેવું ને વળી એમ ન સમજવું કે માંદા થાશું કે વૃદ્ધ થાશું ત્યારે કોણ ચાકરી કરશે એ તો જેણે ગર્ભવાસમાં રક્ષા કરી હતી તેજ રક્ષા કરશે ને જે ધ્યાન કરે છે તેને અનંત આશ્ચર્ય દેખાય છે. તે ધ્યાન કરવાની રીત કહીયે છીએ તે ભક્ત પ્રથમ તો મૂર્તિને દ્રષ્ટિ આગળ ધારે ત્યારે ભગવાનની મૂર્તિ તેવી જ દેખાય છે. પછી જેમ જેમ વૃત્તિ રાખે છે તેમ તેમ મૂર્તિ જેમ જાળીયામાંથી ઘરમાં પડેલા સૂર્યની કીરણ વડે સૂર્ય દેખાય છે. તેમ તે મૂર્તિ અગ્ની સરખી રાતા પ્રકાશવાળી જણાય છે. ચંદ્રમાં સરખા તથા અતિ શ્વેત શીતળ પ્રકાશવાળી મૂર્તિ ભાસે છે. માટે જે ધ્યાન કરતાં પદાર્થ આડાં આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો પણ ધ્યાનમાં અંતરાય થાવા દેવાં નહી.

વળી બીજી વાત કરી કે સુખ માત્ર તો પાછી વૃત્તી વાળીને ભગવાનની

મૂર્તિની સ્મૃતી રાખવી એમાં જ સુખ છે બીજુ સુખપુરના જેઠા ભક્તની વાત કરી તે હાલતાં હાલતાં ઉભા થઈ રહે ને મૂર્તિમાં તલ્લીન થઈ જાયને કહે કે ભગવાનનું સુખ બહું આવે છે માટે અંતરવૃત્તિ વાળા ઉપર શ્રીજી મહારાજનો બહું જ રાજીપો છે ને એમ ન થાય તો નવ પ્રકારની ભક્તિમાં મનને જોડી દેવું પણ ક્ષણમાત્ર મનને નવરૂં રહેવા દેવું નહીં. તે શાસ્ત્રમાં કહ્યું છે કે સો કામ મૂકીને નાહી લેવું હજાર કામ મૂકીને જમી લેવું ને લાખ કામ મૂકીને દાન કરી દેવું ને કરોડ કામ મૂકીને ભગવાન ભજી લેવા. ને પાછી વૃત્તિવાળી ને શ્રીજી મહારાજની મૂર્તિને સંભાળવાનો અભ્યાસ રાખવો ને દરેક ક્રિયામાં શ્રીજી મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી ને આલોકનાં કાર્ય અધૂરા રહેશે તેનો ઠપકો શ્રીજી મહારાજ આપણને નહીં દીયે પણ મોક્ષ સંબંધી જે કાર્ય તેમાં જો અધુરું રહેશે તેનો ઠપકો શ્રીજી મહારાજ આપણાને જરૂર આપશે. માટે મોક્ષ સંબધિ કામ કરવામાં વિશેષ કાળજી રાખવી.

બીજુ આપણે એમ માનવુ કે, મારૂ સ્વરૂપ સચ્ચિદાનંદરૂપ છે. એ ભાવના રાખીને ધ્યાન ભજન કરવાનો અભ્યાસ રાખવો. ને એમ વિચાર કરવો કે હું આ સંસાર ચક્રમાં શું કરવા આવ્યો છું ? ને શું થાય છે તે ઉપર બહુ જ સુરત રાખવી ને પોતાને આત્મારૂપ માનીને ભગવાનની સેવામાં હજુર રહેવું ને એવી ભાવના કરવી જે હું આત્મા છુ અક્ષર છું ને મારે વીશે ભગવાન સદાય બીરાજમાન છે ને હું તેમનો દાસ છું ને એ મારા સ્વામી છે એવી ભાવના આપણે અહોનીશ કરવાની છે ને એમ કરવાથી જ આજીવ ભગવાનની સેવામાં રહેવાને પાત્ર થાય છે ને એમ કરવાથી જ પંચ વિષયની સર્વ વાસના નાશ થઈ જાય છે ને ભગવાનને વીશે પ્રીતી થાય છે ને મુકામ મુકવું નહી ને નિશાન ચુકવું નહી કેતાં અક્ષર બ્રહ્મરૂપ પોતાના આત્માને માનવો તે રૂપ જે નીશાન તે મુકવું નહીં ને તેમને વીશે રહ્યા જે ભગવાન તેમને વીશે જે વૃત્તીરૂપ જે નિશાન તે ચૂકવું નહીં એજ ધ્યાન કરવાની રીતી છે.

બીજુ સાચું સુખ તો શ્રીજી મહારાજના અક્ષરધામમાં છે ને ત્યાં પહોંચવાથી આપણને નિર્ભય સુખ મડશે ને અહીંનું સુખ તો અનંત કલેશનું ને ઉપાધીનું ભરેલું છે માટે આલોકમાં તથા દેહમાં તથા દેહ સંબંધી પદાર્થમાં ક્યાંય પ્રીતી રાખવા જેવી





નથી ને પ્રીતી તો એક શ્રીજી મહારાજના ચર્ણાવિંદમાં જ રાખવી ને એમને વિશે જ હેત કરવું એ જ ખરૂં કરવાનું છે જે અંતે એજ ભેગું ચાલશે માટે તેવી રીતે કરવું બીજું આપણું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે ને આ લોકમાં તો આપણે વિદેશ કમાણી કરવા આવ્યા છીયે પણ આપણે આના દીકરા છીયે કે આ ગામના છીયે. આના પિતા છીએ એવી ભાવનાનો વ્યવહાર પુરતી જ રાખવી પણ સાચી રીતે એ સર્વે ખોટું છે ને આ તો ભવાયાની પેઠે માત્ર થોડીવાર વેશ લીધો છે એમ માનીને ઉપરથી વ્યવહારની ફરજ બજાવવી ને અંતરમાં એથી નોખું પોતાનું સ્વરૂપ સમજીને શ્રીજી મહારાજને હૃદયમાં ધારવા. ને તે કામ સિદ્ધ કરવા માટે આપણને ભગવાને સત્સંગમાં જન્મ આપ્યો છે માટે એટલું જ કામ આપણે કરવાનું છે. બીજુ ભગવાનનું ધ્યાન કરવાનો આગ્રહ રાખવો કારણ કે ધ્યાન કર્યા વિના આ જીવ શુદ્ધ થાતો નથી ને શુદ્ધ થયા વિના ભગવાનનાં ધામમાં રહેવાતું નથી માટે પ્રતિલોમ વૃત્તિથી ભગવાનનું ધ્યાન કરવાનો ઘણો જ ખટકો રાખશો કારણ કે જેવું ધ્યાનમાં સુખ છે તેવું બીજે ક્યાંય નથી માટે સર્વ શાસ્ત્રનું મંથન કરીને તેમાંથી એજ તાત્પર્ય છે ને એટલું જ લેવાનું છે કે ધ્યાન કરવું ને આગળ મોટા મોટાનો પણ એજ સિદ્ધાંત હતો ને અત્યારે પણ શ્રીજી મહારાજ એમ કરવાથી વિશેષ રાજી થાશે.

બીજુ અમદાવાદના ત્રીજા ૩ વચનામૃતમાં કહ્યું છે કે ઉપશમવાળાને ગમે તેવા વિષય હોય તો પણ ટકી શકતા નથી ને ભગવાનનું મહાત્મય જાણવું તે, અમદાવાદના બીજા ૨ વચનામૃતમાં કહ્યું છે કે નાહી ધોઈને એટલે ત્રણ દેહના ભાવ ટાળી ને ભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે ને દેહાત્મ બુદ્ધિ સહિત ભક્તિ તે ન્યુન છે.

બીજુ મધ્યના ૫૦ ના વચનામૃતમાં કહ્યું છે કે એક ચૈતન્ય તેજ નો રાશી છે તેને વિશે અક્ષરધામ તેને વિશે જે પુરૂષોત્તમ ભગવાન તેને વિશે પ્રીતી કરવી. તથા લોયાના ૧૪ ના વચનામૃતમાં છે કે અધો ઉર્ધ્વ ચારે કોરે પ્રમાણે રહિત તેજનો સમોહ છે તેને વિશે દીવ્ય સિંહાસન ઉપર ભગવાન વીરાજમાન છે. તેને વિશે અમારી પ્રીતી તે તેજ કેવું છે ? તો છેલ્લા પ્ર.ના ૩૧ ના વચનામૃતમાં આ વાત છે કે સમુદ્રના મોટા મોટા તરંગ ઉઠે તેવી રીતે તેજના તરંગ ઉઠે છે એવુ તેજ છે, ને આજ મારે ઓરડે રે,

આવ્યા અવિનાશી...... તે કીર્તનના ૩ જા પદમાં કહ્યું કે મારૂં ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ....

બીજુ છેલ્લા પ્રકરણના ૩૦ વચનામૃતમાં છે કે અમારા મનમાં બે વાત ગમે છે ને ત્યાં મન અટકે છે તેમાં એક એ જે એક ચૈતન્યના તેજનો રાશિ એટલો સમોહ છે ને તેના મધ્યે શ્રી પુરૂષોતમ ભગવાનની મૂર્તિ છે તે તેજનો રાશિ એ જ અક્ષરધામરૂપ પોતાને માનવું ને પોતાના હાથ, પગ આદિ અંગથી રહિત નિરાકાર તે તેજ ના સમોહરૂપ થઈને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાથી દેહનો ભાવ ટળે છે પણ તે વિના ટળતો નથી તથા પાંચ વાર્તાનું અનુસંધાન રહે છે, એમ તે વચનામૃતમાં કહેલ છે.

બીજુ પ્રથમ પ્રકરણના ૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે આવી રીતે અક્ષરધામરૂપ થઈને એક વૃત્તિ ભગવાનની મૂર્તિમાં રાખવી ને બીજી વૃત્તિથી દેહ આદિ ક્રિયા કરતા જવું તે પાણીયારી તથા ઘોડાચડનું દૃષ્ટાંત છે તે વાત છે. તથા ગ.પ્ર.પ્ર.ના ૧૦ ના વચનામૃતમાં છે કે તે કૃતઘ્ની સાધુયે અપકાર કર્યો તો પણ મહારાજે તેના ઉપર ઉપકાર કર્યો. તથા છેલ્લા પ્ર. ૯ વચનામૃત માં છે કે, અમારા મોટા મોટા પરમહંસા છે તે જાણપણારૂપ ધામનો દરવાજો ત્યાં અખંડ ઉભો છે ને હૃદયમાં બીજુ કાંઈ પેશવા દેતા નથી.

તે અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગીએ કીર્તનનું ત્રીજુ પદ છે તે મુક્તાનંદ સ્વામીનું કિર્તન છે તેમાં કહેલ છે કે,

'અનુભવીને અંતરે રહે રામ વાસેરે,
તે બોલે તે સાંભળે દ્રષ્ટિ પ્રકાશે રે' ...અનુ
જ્યાં જુવે ત્યાં રામજી બીજું કાંઈ ન ભાશે રે,
ભ્રાત દેખી ભુલે નહી અનુભવ ઉજાશે રે, ...અનુ
કેશરી કેરા ગંધથી કરી કોટ ત્રાશે રે,
તેમ આત્માના ઉધ્યોતથી અજ્ઞાન નાશેરે, ... અનુ
હું ટળે હરિ ઢુંકડા તે ટળાય દાશે રે,





મુક્તાનંદ કહે મહા સંતને પ્રભુ પ્રગટ પાસેરે ... અનુ

આવી રીતે પ્રતિલોમ વૃતિ વડે ધ્યાન કરે તો તેના અંતરમાં ભગવાન અખંડ રહે છે.

બીજુ એક સમયનો વિશે ગઢડામાં નીમની એકાદશીના સર્વે સંતોયે માળા આદિના નીમ લીધાં. તેમાં સચ્ચિદાનંદ સ્વામીયે એવું નીમ લીધુ કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે સાંભળી મહારાજ બહું જ રાજી થયા ને બોલ્યા કે ચાર વેદ કંઠે કરે છ શાસ્ત્ર કંઠે હોય જપ તપ આદિ સાધન છે. તે પણ આ ધ્યાન સમાન ન થાય, તેવી જ રીતે સિદ્ધાનંદ સ્વામીયે પણ અખંડ ધ્યાન કરવાનું નીમ લીધુ તેથી તે સંતો ઉપર મહારાજ બહુ રાજી થયા.

બીજુ એક સમયને વિશે શ્રીજી મહારાજે ગઢપુરમાં અન્નકોટનો ઉચ્છવ કર્યો તે સર્વે બાયું જીવુબા આદિ અન્નકોટની સામગ્રી કરે તે પાપડ વણે ને મહારાજનું ચીંતવન કરે ને સેવું વણે ને ભગવાનનું ચિંતવન કરે તે વણતાં વણતાં મહારાજની મૂર્તિ અંતરમાં સ્ફુરી આવે તે થાળી ઉપર વેલણું રહી ગયું ને સ્થિર થઈ ગયાં ને સેવ વણતાં મહારાજની મૂર્તિ સ્ફુરી ને સ્થિર થઈ ગયા ને વળી સંતો હરિ ભક્તો ભગવાનના દર્શન કરવા આવે તે મહારાજની ઘુંટી આદિ અંગનું ચિંતવન કરતાં જાયે ને દર્શન કરે તે એક એક અંગમાં સ્થિર થઈ જાય ને મહા આનંદને પામે તે સુખને મૂકીને બીજું અંગ ધારવા સમર્થ ન થાય એવું મહારાજની મૂર્તિમાં અલૌકિક દિવ્ય સુખ રહ્યું છે ને દાદાખાચર પ્રેમથી મહારાજને નાના પ્રકારના વસ્ત્રો અલંકાર ધરાવે તે મહારાજ હેતે કરીને તેમના મનોરથ પુરા કરે.

બીજું છેલ્લા પ્રકરણના ૯ માં વચનામૃતમાં કહ્યુ છે કે, જાણપણાંરૂપ ધામને દરવાજે રહેવું. ને બીજું પણ પ્રસાદીના વચનામૃતમાં કહેલ છે કે સર્વે શાસ્ત્રમાં તો ધ્યાન અધિક કહ્યું છે તે જ્ઞાનતઃ ભજનતઃ સર્વ ક્રિયા થકી ધ્યાન અધિક કહ્યું છે તે ધ્યાન તે શું ? તે ભગવાનને શુ? કે, જોઈ રહેવા તે ધ્યાન કે, બીજું ભગવાનને જાણવા તે જ્ઞાન કહીયે. હવે વર્તમાન પાળવો તે કઠીન નથી ને ઉપવાસે પણ દેહ સુકાવી નાંખે છે વળી નામ રટણ પણ જીભ ત્રુટી જાય ત્યાં સુધી કરે પણ ધ્યાન કરવું

કઠીન છે. જેમ ભરવાડને વગડામાં ફરવું તે કઠણ નથી પણ ઘરમાં સાંજ સુધી બેસાડી મુકીયે તો કેવો કઠીન પડે છે તેમ ધ્યાન કરવું કઠીન છે. અને કીર્તન ગાઈને, વળી લખીને, વાત કરીને, તથા એ ઓસરીથી એ ઓસરીમાં જાય એમ કરીને દિવસ પુરો કરે છે તેને અંતરે કેમ સુખ રહેતું હશે માટે હાલતાં ચાલતાં સુતાં જાગતાં, ખાતાં પીતાં એ સર્વેમાં ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું એમ ધ્યાન કરવું.

બીજું શ્રીજી મહારાજ લોજપુરમાં સંતોને ધ્યાનમાં બેસારતા તે જેને ઉંઘ આવે તેને વઢે ને કહે તમોને ભગવાનની મૂર્તિના ધ્યાનનું સુખ મુકીને ઉંઘ કેમ આવે છે. અમને તો કાળનો બહું ભય લાગે છે તે સુઈયે છીએ તોય ઉંઘ આવતી નથી. તમને તો ભજન કરતાં ઉંઘ આવે છે એ અમને આશ્ચર્ય લાગે છે.

બીજું જે સંતને બ્રહ્મચર્ય પાળવું હોય તેને તો યુક્ત આહાર કરવો તે એક ટંક જમવું તે શરીર ટકાવવા માટે, ને શરીરમાં બળ હોયે તો મન માંજ ઘાટ થઈ જાયે તેનો દિવસમાં વિચારીને સંકલ્પ ટાળે પણ અતિ બળ હોય તો સ્વપ્નમાં જો ઘાટ થાયે તો વીર્યપાત થઈ જાય. બીજુ નાના બાળકને ઘાટ નથી પણ દુધ, ઘૃત ખાયે છે તેને બળે ઇંદ્રીયો ઉભી થાયે માટે બ્રહ્મચર્ય વાળાને તો દેહ નિર્વાહ માત્ર જમવું. ને પીંડ બ્રહ્માંડને મિથ્યા જાણે ને આત્માને સત્ય જાણે ને વર્તમાને યુક્ત રહેને ભગવાનનું ધ્યાન નિરંતર અખંડ રાખે તેને કાંઇ કાર્ય કરવુ રહેતુ નથી. તે સંત શ્રેષ્ટ છે.

બીજું હનુમાનજીને સીતાજીયે હાર આપ્યો તેમાં રામ જોવા માંડ્યા તે સીતાજી કહેવા લાગ્યા "આમાંતો કાંઈ રામ હોય?" બીજુ આત્માનંદ સ્વામી આદિ થોડા સંતોને મહારાજે કહ્યું કે ખાંણ ગામ જાઓ ને તે ગામનું નામ લખી દઈયે ત્યારે સ્વામી કહે ના મહારાજ એ તો યાદ રહેશે. પછે રસ્તામાં ભુલા પડ્યાને હેરાન થયા. બીજુ રાજકોટના માવજી ભક્ત તે વાણમાં બેસીને જતા હતા તે કાંઠે બેસીને માનસી પુજા કરતા હતા. તે વાણ ચાલ્યું ગયું પછે તે તપની માળા ફેરવતા હતા તે વાણવાળા ને શ્રીજી મહારાજે એમ દેખાડ્યુ કે કોઈ કપડી કરે છે એટલે વાણને ઉભું રાખવા માટે વાવટો ઉંચો કરે છે તેથી તે વાણ પાછું લાવ્યા ને તે માવજી ભક્તને વાણમાં બેસારી ગયા ને ભગવાને તે ભક્તની રક્ષા કરી.





બીજુ તુલસીદાસને કોઈક ભક્તે કહ્યું કે તમો વાત કરો ત્યારે તે કહે ભગવાન ક્ષણમાત્ર ભુલાઈ તે મોટી ખોટ છે તે અખંડ ભગવાન ભજતા.

બીજુ લોધીકાના જીજીભાના દીકરા અભેસીંગજી તે પ્રથમ માંસનું ભક્ષણ કરતા પછે ગોપળાનંદ સ્વામીની દયાથી બે પોરનું ધ્યાન સિદ્ધ થયું. તેવી સંતોની દયાથી થાય છે. બીજુ કહેલ છે કે,

રટ રટને મન બાંવરે તે કીર્તન માં કહ્યું છે કે...

"હે મન ગાંડુ તુ ભગવાનનું ભજન કર". વળી કહ્યુ કે....

મારે આનંદનો દિન આજ રે ......

પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે .....

વળી કહ્યુ કે....

આવો રૂડો અવસર રે ઓળખવા એક હરિ....

માંઘો મનુષ્યતન રે નાવે તારે ફરી ફરી....

તે સિદ્ધાનંદ સ્વામી તે અખંડ ભજન કરતા હતા. સચ્ચિદાનંદ સ્વામી તે પણ અખંડ ભજન કરતા હતાં. તેવી રીતે આપણે ભજન કરવાનો આગ્રહ રાખવો.

બીજુ અમદાવાદમાં દરવાજા પાસે લીંમડાના ઝાડ નીચે નટ રમાડ્યા તે નટે વાસડા ખોડ્યા દોરણ બાંધ્યુ બે નટ દોરડા ઉપર ચડ્યા. એક બીજાને અડ્યા નહી ને ખુબ જ સારી રમત કરી. તેથી તેમના ઉપર શ્રીજી મહારાજ ખુબ જ રાજી થયા ને તેને શ્રીજી મહારાજે મોજ આપી.

બીજુ અમદાવાદમાં શ્રીજી મહારાજે મંદિર કરી નરનારાયણદેવ પધરાવ્યાને સર્વેને સુખીયા કર્યાને શ્રીજી મહારાજ રસ્તામાં જાયે ત્યારે દુકાનના વેપારી ભગવાન દર્શન કરતા તેમાં વૃત્તિ સ્થીર થઇ જતીને બહું જ તે વેપારીઓને આનંદ આવતો.

વળી કહ્યુ છે કે....

આદિત સમ ઉદે થયા, સ્વામી સહજાનંદ ॥
અજ્ઞાન તીમીર ટાળવા લે મુનીના વૃંદ ।૧।
સત્સંગ ચારે ખુણમાં, કરાવ્યો કાઢી કુસંગ ॥

સતયુગ ધર્મ સ્થાપીયો, કરી કળી નો ભંગ ॥૨॥
જીવ જઈને જે ને ઓળખો જીત્યા જુલમી કામ ॥
એ એંધાણીયે ઓળખો ભૂમાનંદનો શ્યામ ॥૧॥

વળી ગ. પ્ર. પ્ર. ૨૭ ના વચનામૃતમાં કહેલ છે કે પૂર્વ જે જે આશ્ચર્ય થઈ ગયા તે સર્વે મને મળ્યા જે ભગવાન તેનાથી થાય છે.

વળી સારંગપુર ના પહેલા વચનામૃતમાં લખેલ છે કે અનંત કોટી બ્રહ્માંડનાં સુખ તે નિમીષ માત્ર ભગવાનના દર્શન તેના ઉપર વારીફેરીને નાંખી દઈએ એવા પ્રત્યક્ષ ભગવાન તે મને મલ્યા છે.

બીજુ એક મનુષ્યને એક કિંમતી હિરો મળી ગયો. તે હિરો લઈને નાહવા જતો હતો તે હિરો એક કૂવામાં પડી ગયો. તેમાં બહું જ પાણી હતું. તેથી નીકળે તેમ ન હતો. તેથી તે માણસ અતિ શોક કરવા લાગ્યો, ને રોવા લાગ્યો. તેવામાં એક મોટા મહાત્મા આવ્યા ને પૂછયું કે કેમ ભાઇ રોવો છો. ત્યારે તે હિરાની વાત કહી ત્યારે તે મહાત્મા કહે કે તે હિરો તો એમાંથી નહી નીકળે. પણ તું મારા ભેળો ચાલ, સર્વે સારૂ થાશે. ત્યારે તે મહાત્મા ભેળો તે ગયો ને તેને ખાવાં-પીવાનું આપ્યું. પણ તે હિરાના શોક વળે ખાયે નહી ને કહે તે હિરો જ્યારે મળશે ત્યારે સુખ થાશે. પછે એક નાનો વિરડો હતો ત્યાં તે બન્ને ગયાને તે મહાત્માએ કહ્યું કે આના તળીયેથી મૂઠી ભરી લે, તેથી તેને મૂઠી ભરીતો તે સર્વે હિરા હતા. તે લઈને રાજી થયો પછે એક બેટ હતું ત્યાં બેય ગયાને તે ત્યાં હિરાની પૃથ્વી તેને ત્યાં રાખ્યો જે અતિ રાજી થયો. ને તેણે ઘણાક હીરા લીધાને રાજી થયો. ત્યારે તેને પેલા એક હિરો ખોવાઈ ગયો હતો તેનો તેને કાંઈ શોક થયો નહિ. તેમ ભગવાનના અક્ષરધામમાં ભગવાનની મૂર્તિનું અપારસુખ જણાય તો આ લોકના સર્વે સુખમાં કાંઈપ્રિતી ન રહે.

તથા ગ.પ્ર.પ્ર.ના ૨૭ માં વચનામૃતમાં કહ્યું છે કે જેની આજ્ઞાએ સૂર્ય,ચંદ્રમાં ઉગે છે. આદિ મહિમા કહ્યો છે તે આવો ભગવાનનો મહિમા જે ભક્ત સમજે તેને નાક-કાન કાપીને ગધાડે બેસાડે તોય ભલેને હજારો મનુષ્ય માને તોય ભલે તેમાં તે હર્ષ શોકને ન પામે તે તો અખંડ ભગવાનના સુખમાં જ પ્રિતી રાખે.





તથા ગ.પ્ર.પ્ર. ૬૧ માં લખેલ છે કે બલી રાજાને ક્ષણમાત્ર ભગવાને બાંધ્યા હતા તો તેની ભક્તિને વશ થઈને અખંડ ભગવાન બલીને દરવાજે ઉભા છે. તથા ગ.મધ્યના ૨૮ વચનામૃતમાં છે કે જે ખરા ભક્ત હોય તેને તો શ્રી હરિ કહે કે, "હું પણ ભક્તનો ભક્ત છું ને ભક્તની ભક્તિ કરૂ છું."

વળી એક છોકરો બ્રહ્મરૂપ થઈને ધ્યાન કરતો તેનું નામ જ્ઞાનેશ્વર મહાત્મા હતું. ને તે બ્રહ્મરૂપ થયા હતા પણ બીજા અજ્ઞાની લોકોને આવી ખબર ન હતી તેથી આને કઠણ વચન કહે ને વઢે ત્યારે આ કાંઈ ક્રોધ ન કરે ને કહે હા હું એવો છું ત્યારે કહો છો ને પણ જરાયે ક્ષોભ ન પામે ને આનંદમાં ભગવાન ભજે તે એક વાર પાણાની ઓટલી ઉપર બેસીને દાતણ કરતા હતા તે તેમને મળવા બીજા મહાત્મા આવતા હતા તે તેમને સામા ગયા તે ઓટલીને કહે ચાલ તે ઓટલી ચાલી ને ઓટલી ઉપર બેસીને ત્યાં ગયા તે જોઈ ને સર્વ આશ્ચર્ય પામ્યા એમ આપણે અખંડ ભગવાન ભજવા તેથી આનંદ આવે ને બીજો કાંઈ પણ ક્ષોભન પામવો.

બીજુ ભગવાનના ભક્તને ધ્યાન કરવાની રીત તે નીચે લખી છે તે જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે પ્રથમ સાંખ્ય વિચાર કરવો તે પોતાના ત્રણ દેહને ઈશ્વરના દેહને વિશે લીન કરવા તથા પ્રકૃતિમાંથી થયા જે જે યત્કીંચીત પ્રદાર્થ માત્ર સ્થાવર જંગમ તેને પૃથ્વીને વિશે લીન કરવા તે પૃથ્વી આદિને અક્ષર બ્રહ્મને વીશે લીન કરવા તે અક્ષરબ્રહ્મના એક રૂવાડાંમાં અનંત કોટી બ્રહ્માંડ અણુની પેઠે ઉડતાં ફરે છે તે બ્રહ્માંડમાં જે જે સ્ત્રી પુરૂષ મોટર તથા અનેક પ્રકારના મેવા ઘરેણા આદિ અનેક વસ્તુથી તે એક બ્રહ્માંડ કેવાય એવા અનંત કોટી બ્રહ્માંડ તે અક્ષર બ્રહ્મના રૂવાડાંમાં ઉડતાં ફરે છે તે અક્ષર બ્રહ્મ ની સાથે પોતાને એક્તા કરવી ને તે જે આત્મા છે તે સર્વે અક્ષર બ્રહ્મને વિશે લીન થાય છે તે માટે હું આ માયીક પદાર્થમાં શું સુખ માનું તે અક્ષરબ્રહ્મ કેવું છે તે અતિ તેજોમય છે ને અત્યંત પ્રકાશવાન છે. અતિશ્વેત છે. સચ્ચિદાનંદરૂપ છે જેને ચીદાકાશ કહે છે. તે અનાદી છે શ્રી હરિ ને રહેવાનું ધામ છે તે અક્ષર બ્રહ્મ ની સાથે પોતાને એક્તા કરવી ને હું કેવો છું તો અરૂપ છું તે કાંઈ પણ રૂપ નથી તથા અલીગ છું તે અલીંગનો એ અર્થ છે કે હાથ પગ નેત્ર કાન આદિ કાંઈ

આકાર નથી નિરાકાર છે ને તેજના સમોહરૂપ પોતાને માનવું તથા દીવ્ય સ્વરૂપે ભગવાનની સેવામાં રહ્યો છું. પણ આ દેહ હું છું કે આ તેજ નોખું છે એમ ન માનવું તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મધામ છે. તેને આત્માની સાથે એકતા કરીને આત્માને વિશે ભગવાન અખંડ રહ્યા છે, એમ ધારીને ધ્યાન કરવું. ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જવું.

બીજુ ૧૮૬૨ ના શ્રીજી મહારાજે માનકુવા ગામથી મુક્તાનંદ સ્વામી આદિ ઉપર કાગળ લખ્યો છે તેમાં એમ લખ્યું છે કે શ્વાસોઉચ્છાસે ભજન કરવાનો આગ્રહ રાખજો ને અંત:કરણનો જાણતલ સાક્ષી છે ત્યાં જ તેજનું ઘર છે. તેજ ઠેકાણે જ્યોતીનો ઢગલો છે તેજ ઠેકાણે અનંત ચંદ્ર સૂર્ય સમાન તેજ છે. તેજ ઠેકાણે બ્રહ્મલોક જવાનો માર્ગ છે તેજ ઠેકાણે જીવ રહ્યો છે તેજ ઠેકાણે તેજને વિશે પ્રત્યક્ષ પુરૂષોત્તમની મૂર્તીધારીને નખ શીખા પર્યંત સર્વે અંગનું ચીંતવન કરવું. ને નાભીયે સહીત નામ લેવું. એટલે સ્વામિનારાયણનું નામ લઇ એટલે તે મુર્તી દેખાય. આવી રીતે અભ્યાસ કરવાથી જરૂરમૂર્તિ દેખાય.

બીજુ શ્રીજી મહારાજે પોતાનાં ભક્તને ધ્યાન કરવું તથા સર્વે ક્રિયામાં પોતાને આત્મસતારૂપ ને અક્ષર બ્રહ્મ સંગાથે પોતાને એકતા કરવી તથા તે તેજોમય એવું જે અક્ષરધામજે તેજ પુંજને વિશે શ્રી પુરૂષોત્તમ શ્રીજી મહારાજની મૂર્તિ ધાર્યા કરવી ને એનું અનુસંધાન કર્યા કરવું પણ એ વાત ભુલવી નહી ને સતારૂપને નીરવયવને અલિંગ પોતાનું સ્વરૂપમાનીને તે નીરવયવનો તથા અલિંગનો એ અર્થ છે કે પોતાના હાથ પગ આદિ કાંઈ અંગ નથી ને કાંઈ આકારપણ નથી એક તેજનો મોટો ઢગલો છે. તે તેજનો ઢગલો તેજ હું છું ને ધામમાં ભાગવતી તનુયે શ્રીહરિની સેવામાં રહ્યો છું. પણ બીજો આ દેહનો આકાર કાંઈ નથી. ને તે તેજમાં ભગવાનને ધારીને જોયા કરવું તે ગોપાળાનંદસ્વામીને શ્રીજી મહારાજે એમ કહ્યું જે પોતાને સદા આકારે રહીત માનવું ને ભગવાનના સ્વરૂપમાં જોડાવું, ત્યારે ગોપાળાનંદ સ્વામીયે શ્રીજી મહારાજને એમ કહ્યું જે, હે મહારાજ તમારી મર્તિ ભુલી જવાશે તો ? ત્યારે શ્રીજી મહારાજ ના નેત્ર સજ્જડ થઈગયાં ને ગદ્‌ગદ્ કંઠે થૈને એમ બોલ્યા જે એવી રીતે ભગવાનની





મૂર્તિમાં જોડાય તે શું ભગવાનની મૂર્તિ ભૂલી જવાશે? નહિ ભુલી જવાય, એમ મહારાજનું વચન સાંભળીને ગોપાળાનંદસ્વામી કહે એ વચન મારા અંત:કરણમાં ખુંચી રહ્યું છે ને સદા એમ જ વર્તાય છે ને વચનામૃતનો પૂર્વાપર જોતાં ઠેકાણે ઠેકાણે એજ સિદ્ધાંત છે. જે અક્ષરબ્રહ્મ તેજોમય આત્માને વિશે ભગવાનની મૂર્તિનું ધ્યાન કર્યા કરવું.

બીજુ ધર્મને વિશે સ્થિતિવાળા તથા અક્ષર બ્રહ્મ સંગાથે એકતાને પામેલા એવા જે મુક્તોના જેવી સ્થિતિ કરવી તથા તે મુક્તો ના જેવો દીવ્ય દેહ માનવો ને ત્રણ દેહ થકી વિલક્ષણ રહેવું. એવા જે પોતાનો જીવાત્મા તેને અક્ષરધામ સંગાથે એકતા કરીને દીવ્ય છે આકાર એવી મૂર્તિ જેની એવા જે સ્વામિનારાયણ ભગવાન તેનો સુવર્ણ સમાન છે અતિ પ્રકાશ જેનો એવી જે મૂર્તિ તેને તેજના સમોહને વિશે ધારવી ઈત્યાદિક સિદ્ધાંત જોતાં પોતાને અરૂપ માની ને ભગવાનને ભજવા ને ધામમાં ભાગવતી દેહે કરીને સેવામાં રહેવું. માટે જે પોતાને સાવયવ માને કેતાં હાથ પગ નેત્ર આદિ મારા અંગ છે એમજો માને તો પોતાના માયીક આકારની કેતાં પોતાના માયીક એવા હાથ પગ આદી અંગની ભાવના ટળે નહિ ને ત્યાં સુધી કારણ શરીરના રાગ ટળે નહી ને તે મનને કરીને દ્રઢ થાય છે તે મહારાજે ગઢડા મધ્ય પ્ર. ના ૩૧ ના વચનામૃતમાં કહ્યું છે કે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મના ગુણ આવે છે માટે સત્તારૂપ પોતાને માનવું અને શ્વેતદ્વીપને વિશે નિરન્ન મુક્ત છે તે નિરંતર સત્તારૂપે રહીને ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગ ટાળે છે ત્યારે કોઈક એમ કહેશે જેને ભગવાનની માનસીપુજા કરવી તે સમયને વિશે ભગવાનને સ્નાનાદિક ક્રિયા કરાવવી ને વસ્ત્ર ઘરેણાં ધરાવવા તથા થાળ જમાડવા, આરતી ઉતારવી, દંડવત કરવાં આદિ ક્રિયા કરાવવી તે પોતાના સાવયપણા વિના કેતાં પોતાના હાથ પગ નેત્ર આદિ અંગ વિના કેમ બને ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ તો પોતાના અંત:કરણની વૃત્તીયે કરીને થાય છે ને તેમાં કાંઈ સ્થુલ શરીરના અવયવનું કેતાં સ્થુલ દેહના હાથ પગ આદિ અંગનું કામ પડતું નથી માટે પોતાને આકારે રહીત માનવું કેતાં હાથ પગ આદિ અંગ તે મારે વિશે કાંઈ નથી એક તેજ તેજનો ઢગલો છે એમ

પોતાને તેજ રૂપ માનવુ ને ધામમાં દીવ્ય દેહે શ્રી હરિની સેવામાં રહેવું. ને અંતઃપુજન જે માનસી પુજા તે તો અંતઃકરણની વૃત્તીયે કરીને થાય છે માટે તેમાં શંકાનો માર્ગ નથી એમ જાણવું એમ શ્રીજી મહારાજે કહ્યું તે આ વાત તે એમ જ છે. તે આ વાત અહીં મેં મોટા સંતોને પુછી, ત્યારે તેમણે પણ તેમજ કહ્યું કે હા આ વાત તે બરાબર છે એમ મોટા મોટા સંતો આગળ કહેતા તે પ્રમાણે કરવું.

બીજુ લાધા ઠક્કરે પ્રશ્ન પુછ્યો જે હે મહારાજ અસત્ પદાર્થને વિશે વાસના બંધાણી છે તે કેમ ટળે ? પછે શ્રીજી મહારાજ બોલ્યા જે ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારી ને ભજન કરે ત્યારે તેને સ્ત્રી આદિકની વાસનાનું બળ મટે નહીં ને જ્યારે ભજનનો કરનારો દૃષ્ટા જે જીવાત્મા તેને તેજોમય એવું જે અક્ષરધામ તે સંગાથે એકતા કરીને તે પોતાને નિરાકાર સમજીને તેજ નો સમોહ છે તે જ હું છું. ને ધામમાં ભાગવતી દેહે શ્રી હરિની સેવામાં રહેવું પણ તેજમાં ભળી ન જવું. ને આ હાથ, પગ આદિ અંગવાળો દેહ તે હું નથી એવી ભાવના કરીને તેજ ને વિશે મૂર્તિ ધારે ને દિવ્ય દેહે ભગવાનની સેવામાં રહ્યો છું પણ આ હાથપગ વાળો દેહ નથી દેહ તો બળી ગયો એમ ભાવના કરીને તેજના સમોહને વિશે મૂર્તિ ધારે ત્યારે સ્ત્રી આદિ ની વાસનાનું જોર નાશ થઈ જાય જેમ પંખીનું કાચું ઇંડુ હોય તો ફુટે ત્યારે અંદરથી પાણી નીકળે પણ બીજો કાંઈ આકાર રહે નહીં તેમ જે તેજોમય અક્ષરધામ રૂપ પોતે થઈ ને તેજ ને વિશે મૂર્તિ ધારે તો આ માયીક દેહ જે હાથ પગ વાળો છે તેનો આકાર ટળી જાય છે ને પોતે તેજોમય અક્ષરધામ રૂપ થઈ જાય છે ને તે પંખીનું પાકું ઇંડુ હોયને તે ફુટે તો તેમાંથી બચ્ચુ નીકળે તેનો આકાર ટળે નહીં કેતાં આ હાથપગ આદિ માયીક અંગવાળા દેહની ભાવના ટળે નહીં. તેમ જે દ્રષ્ટા જે આત્મરૂપ થઈ તેજ ને વિશે મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો તેનો આકાર રહે નહી કેતાં દેહભાવ રહે નહીં ને અક્ષરધામરૂપ તેજ નો સમોહ તેજ પોતે થઈ જાય અને જો બાહેર મૂર્તિ ધારે કે આ હાથ પગ વાળો માયીક દેહ તે હું છું ને આ તેજોમય ધામ છે ને તેમાં મૂર્તિ છે તેનો ઘાટ તે પાકા ઇંડા જેવા તેમાં મૂર્તિ છે તેનો ઘાટ તે પાકા ઇંડા સરખો તેનો આકાર મટે નહી કેતાં તે ઇંડાનું બચ્ચું થાય તે આકાર રહે તેમ જો બહાર મૂર્તિ ધારે





તો કદાચ બાર મૂર્તિ દેખાય પણ દેહમાં જે અવ્યક્ત કારણ શરીરના રાગ છે તે ટળે નહીં. તેમાં એમ સમજવું કે દ્રષ્ટારૂપ જે તેજોમય એવું અક્ષરધામ તેજ હું છું ને તેજના સમોહ છે તેજ તેજનો સમોહ છે તેજ હું છું ને ભાગવતી દેહે શ્રી હરિની સેવામાં રહ્યો છું. આ દેહનો આકાર કાંઈ નથી ને તે તેજોમય અક્ષરધામરૂપ એવો જે હું તે મારે વિશે આ પ્રત્યક્ષ ભગવાન સદાય બીરાજમાન છે. ને હું દીવ્ય દેહે સેવામાં રહ્યો છું. આ માયીક દેહ નહી ને બહાર દર્શન આપે છે તે તો ભક્તના ઉપદેશને અર્થે છે પણ ભગવાન તો સદાય અક્ષરધામ રૂપ એવો જે હું તે મારે વિશે અખંડ રહ્યા છે. ને હું દિવ્ય દેહે સેવામાં છું એવી રીતે સમજે તેની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે.

જેમ વરકન્યાનું સગપણ કર્યું હોય તે એકબીજાની વૃત્તિ તે એક બીજામાં રહે છે. તેમ આપણે ભગવાનમાં અખંડવૃત્તિ રાખવી તે આ વાત અહીં મોટા મોટા સંતોને પુછી ત્યારે તેમણે આમાં જે લખ્યું તેમજ કહ્યું કે એવીજ રીતે અંતરમાં મૂર્તિ ધારવાથી રાગ ટળે છે. વળી મુક્તાનંદ સ્વામીયે પુછ્યું કે ભગવાનની પ્રાપ્તિ થયા કેડે ભગવાનના ભક્તને કામ ક્રોધાદિક વિકાર કઈ રીતે ટળે ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે આ ઉપર લખ્યું તેવી રીતે દેહના ભાવ ટાળીને અંતરમાં મૂર્તિ ધારે તો તે વિકાર ટળે પણ તે વિના તો ભગવાનના ધામમાં જાય તો પણ સુખ ન થાય આ ધ્યાન ની વાત છે તે આવી રીતે ધ્યાન કરે તો મૂર્તિ રાતી પીળી આદિ આકારે યુક્ત દેખાય.

બીજુ ગામ ભાદરાના રતના ભક્ત હતા તે પણ ધ્યાન કરતા ને અક્ષરધામની સમાધી થાતી ને અક્ષરધામમાં જાતા પણ અંદરથી કારણ શરીરના રાગ ટળેલ નહીં તેથી પોતાના ઘરના મનુષ્ય દેહ મૂકી જાય તે વળી બીજી સ્ત્રી કરી આવે એમ ચાર વખત કર્યું તે રતના ભક્ત એક વખત ગઢડા ગોપાળાનંદ સ્વામીના દર્શન કરવા ગયા ત્યારે સ્વામી તે ભક્તને કહે કે તમે સમાધીવાળાને આવું શું છે. વાસના છે કે શું ? ત્યારે તે કહે વાસના હશે ત્યારે જ આ વિષય ભોગવાય છે. નહીંતર આમ ન થાય ત્યારે સ્વામી કહે તમો સમાધી કરીને અક્ષરધામમાં જાઓ છો તે ત્યાં મને દેખો છો ત્યારે કહે હા ત્યાં બીજે સ્વરૂપે તમને દેખું છું ત્યારે સ્વામી કહે ત્યાં મને પૂછજો તે અક્ષરધામમાં પૂછ્યું કે આ રાગ કેમ ટળે ત્યારે સ્વામી કહે તમે બહાર મૂર્તિ સિદ્ધ કરી

છે તેથી આ દેહના ભાવ ટળ્યા નથી તે માટે હવે તમે આ ત્રણ દેહના ભાવ ટાળીને પોતાના આત્માને તેજોમય એવું અક્ષરધામ સંગાથે એકતા કરીને અંતરમાં ધ્યાન કરો ત્યારે તેમણે એવી રીતે અંતરમાં ધ્યાન કર્યું તે અવ્યક્ત રાગ ટળી ગયા ને તે સાધુ થયા ને વિજ્ઞાનદાસજી સ્વામી નામ પાડ્યું. ને અંતરમાં ધ્યાન કર્યું ને તે દેહને અંતે અક્ષરધામને પામ્યા.

તેવી જ રીતે માનતળી દેશના પ્રતાપભાનુ નામે રાજા હતા તે ભગવાનની મૂર્તિ તે ઉપર લખી જે રતના ભક્તની વાત તેવી રીતે બહાર મૂર્તિનું ધ્યાન કરતા ને ૬ (છ) માસની સમાધી થાતી પણ અંતરમાંથી કારણ શરીરના અવ્યક્ત રાગ ટળ્યા ન હતા તેથી છ મહીને ધ્યાન માંથી જાગેને વળી રાજ્ય સ્ત્રી પુત્ર આદિ માયીક વસ્તુ સાંભળે એટલે પાછા દેહમાં આવે ને તે રાજ્યના જે સર્વે પંચ વિષયના માયીક સુખ ભોગવે તે વાત મહારાજે જાણીને સિદ્ધ દશાવાળા જે શતાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે આ રાજા ના રાગ ટળાવીને એનો મોક્ષ કરો એમ કહ્યું ત્યારે શતાનંદ સ્વામી તે રાજા પાસે ગયા ને કહ્યું કે તમોયે બહાર મૂર્તિનું ધ્યાન કરીને બાર મૂર્તિ સિદ્ધ કરી છે તેથી અંતરમાં અવ્યક્ત રાગ ટળ્યા નથી તેથી આ થાય છે ત્યારે તે રાજાને શતાનંદ સ્વામીયે અંતરમાં ધ્યાન કરતાં શીખવાડ્યું તેથી પોતાના દેહનો ભાવ ટળી ગયો ને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા થઈને તેજોમય ભગવાનની મૂર્તિનો હૃદયમાં સાક્ષાત્કાર થઇ ગયો તેથી તેમના અવ્યક્ત રાગ ટળી ગયા ને તે અક્ષરધામમાં ગયા.

તેવી જ રીતે આગળ પરોક્ષના ભક્ત ખટવાંગ નામે રાજા હતા તેને મોટા સત્પુરૂષો મળ્યાને તેને પણ આ અંતરમાં ધ્યાનની યુક્તી બતાવી ને તેને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દીધો ને તેનો મોક્ષ કર્યો.

તેવી જ રીતે રહુગુણ રાજા પણ પોતાના ગુરૂ જે કપીલ ભગવાન પાસે જ્ઞાન લેવા જતા હતા તેને રસ્તામાં ભરતજી મળ્યાને તેને પણ ધ્યાન ભજનની યુક્તિ બતાવી ને આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને તેનો મોક્ષ કર્યો.

તેવી જ રીતે સચ્ચિદાનંદ સ્વામી તથા તેમના શિષ્ય સિદ્ધાનંદ સ્વામીયે પણ





પ્રથમ બહાર મૂર્તિ સિદ્ધ કરી હતી તેથી તેમને ક્યારેક જરા વિક્ષેપ થઈ આવતો પણ જ્યારે ગોપાળાનંદ સ્વામીયે અંતરમાં ધ્યાન કરવાની રીત શીખડાવી ત્યારે દેહભાવ ટળી ગયોને આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થયોને અંતે અક્ષરધામને પામ્યા.

તેવી જ રીતે શતાનંદ સ્વામી આવી રીતે અંતરમાં ધ્યાન કરતા તેથી તેમને કાંઈપણ આવરણ આડુ આવતું નહીં.

તેવી જ રીતે કચ્છમાં સુખપુર ગામના પટેલ દેવજીભાઈ હતા તે પણ ધ્યાન કરતાં તે જ્યાં જાયે ત્યાં તેજના સમોહને વિશે ભગવાનની મૂર્તિ જ દેખતા.

તેવી જ રીતે કેરાગઢમાં સદાબા હતા તે પણ સ્થાવર જંગમ સર્વમાં ભગવાનની મૂર્તિ દેખતાં. ને કારીયાણીના વચનામૃત ૧૧ માં કહ્યું છે કે આવો ભક્ત થાય તે જેમ ભગવાન વિના રહી ન શકે. તેમ ભગવાન પણ તેવા ભક્ત વિના રહી ન શકે ભક્ત ભેળા જ ભગવાન જાયે. ગોવર્ધનભાઈ તથા પર્વતભાઈ પણ અખંડ મૂર્તિ દેખતા.

બીજુ સ.ગુ. સ્વરૂપાનંદસ્વામી એક વખત ગામડે ફરીને ગઢડા આવ્યા ત્યારે તેમને મહારાજે પૂછ્યું કે દેશમાં સત્સંગ કેવો ત્યારે તે સ્વરૂપાનંદ સ્વામી કહે મનુષ્ય તો આ લીંબડી નીચે દેખ્યા હે ત્યારે બીજા સંતો કહે મનુષ્ય નથી દેખ્યા ત્યારે જીવના કલ્યાણ કેમ કર્યા હશે. ત્યારે મહારાજ કહે બીજા સંતો વાતો કરીને વર્તમાન પળાવીને કલ્યાણ કરે ને આ સ્વરૂપાનંદ સ્વામી ઉપરથી વાયરો વાઈને જાય ને તે વાયરો જેને અડે તેનો પણ મોક્ષ થાશે. તે સ્વામી ભગવાનની મૂર્તિ અખંડ સ્થાવર જંગમમાં દેખતાં પણ બીજું કાંઈ દેખતા નહીં.

વળી એક સમયને વિશે શ્રીજી મહારાજે આનંદાનંદ સ્વામીને કહ્યું કે તમોને ક્રિયા કરવાનું કહીયે તો કેમ કરો ત્યારે સ્વામી કહે કે હે મહારાજ તમે જેમ કહો તેમ કરીયે વળી મહારાજે સદ્ગુરૂ સ્વામી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે તમોને ક્રિયા કરવાનું કહીયે તો કેમ કરો ત્યારે તે સ્વામી કહે હે મહારાજ હું તો જો તમારી મૂર્તિમાંથી એક વેંત વૃત્તિ બારી કાઢું તો પછે એક હાથ પાછી વૃત્તીવાળું ત્યારે માંડ માંડ તમારી મૂર્તિમાં વૃત્તિ રહે. વળી મહારાજે સદ્ગુરૂ સ્વામી સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે તમને ક્રિયા કરવાનું કહીયે તો કેમ કરો ત્યારે તે સ્વામી કહે હું તે ક્રિયા બરાબર કરૂં પણ તે

વસ્તુ ન દેખાય ને જ્યાં જોવું ત્યાં તમારી મૂર્તિ દેખાય પણ બીજી વસ્તુ ન દેખાય ત્યારે મહારાજ કહે તે સર્વેને કેમ સમજાય ત્યારે સ્વામી કહે જેમ તીરમાં લીંબુ દેખાય તે જેમણી વૃત્તિ કરૂં, તે લીંબુ જ દેખાય તેનો સિદ્ધાંત એ છે કે આ દેહ ખોટો કરીને તીરરૂપી અક્ષરધામને લીંબુ રૂપ ભગવાનની મૂર્તિને સ્થાવર જંગમ આદિ સર્વેમાં દેખાય પણ બીજી કાંઈ વસ્તુ તથા મનુષ્ય પશુ આદિ કોઈનો આકાર દેખાય નહી ત્યારે મહારાજ રાજી થયા ને મુક્તાનંદ સ્વામીયે અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી એ કીર્તનના ત્રીજા ૩ પદ માં કહેલ છે કે જ્યાં જુવે ત્યાં રામજી બીજું કાંઈ ન ભાસે રે, ભાત દેખી ભુલે નહી અનુભવ ઉજાશે રે તેનો પણ એજ અર્થ છે કે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં એક ભગવાનની મૂર્તિ જ દેખે પણ તે વિના આ બ્રહ્માંડમાં બીજું કાંઈ ન દેખે જેને અક્ષર બ્રહ્મ સંગાથે એકતા થઈ ગઈ છે તે એમ જાણે જે આ બ્રહ્માંડમાં સ્ત્રી પુરૂષ પશુ મોટર ઝાડ પર્વત,ઘરો આદિ સર્વે માયીક વસ્તુથી આ એક બ્રહ્માંડ થયું છે તે એ એવા અનંત કોટી બ્રહ્માંડ તો તેજોમય એવું જ અક્ષરધામ તે વિશે એવા બ્રહ્માંડો એક રૂંવાડામાં ઉડતાં ફરે છે એવો ભગવાનનો મહીમાં સમજીને આ બ્રહ્માંડોમાં જે માયીક વસ્તુમાં હું શું પ્રીતી રાખું તે આ સ્થિતિ કરવાની છે પણ કહેવા માત્રથી નથી તે અનુભવી આનંદમાં તેનું ત્રીજુ પદ છે.

વળી વડતાલના ૧૬ ના વચનામૃતમાં વાત છે કે ચૌદ લોકના રાજ્ય કરતા ભગવાનનું ધ્યાન કરવું તેમાં વધારે સુખ છે.

તથા ભગવાનના ભક્તને અક્ષરધામને પામ્યાની સાત ભૂમિકા છે તે નીચે મુજબ છે.

દેહ અને આત્મા વચ્ચે જ્ઞાન સ્વરૂપી વિચાર અખંડ સ્થિર રહે એ (શુભ ઈચ્છા) ને એ વિચાર ગમે તેવા નિમિત્તેપણ ભુલાય નહીં ને ઉપાસ્ય મૂર્તિના બળનું તથા આત્મ નિષ્ઠાના શ્રવણ મનન નિધિધ્યાસનો અખંડ અભ્યાસએ (વિચારણ) આત્મા પરમાત્માના આકારે જ થયેલ વૃત્તિ સ્વરૂપને છોડીને બીજે જાય જ નહીં (એ તનુ માનસા) પ્રકૃતિનાં કાર્ય માત્રને ગંધર્વનગરવત જાણીને જનકરાજાની પેઠે હર્ષ શોકથી રહીત થકો એક પરબ્રહ્મ કારજ અખંડ વૃત્તિ રહેએ (સત્વાપતિ)૪ પરબ્રહ્મનો





સાક્ષાત અનુભવ થાય અને વૃત્તિ કેવળ આત્મ સન્મુખ જ રહી પરમાત્માને જ જોઈ રહે અને તે બળથી બીજાને પણ એ અનુભવ કરાવે (અક્ષં શક્તિ) પદાર્થ માત્ર તેમજ ઐશ્વર્ય માત્રના પ્રવૃત્તિથી તદ્દન ઉદાસ રહેને આત્મવિચારનો પણ લય થઈ જાય ને વાસનાલીંગ દેહનો પણ નાશ થઇ જાય ને અખંડ બ્રહ્મકારનો અનુભવ થવાથી દેહની વ્યવસ્થા બીજાને હાથ રહે પોતાને કશી ખબર રહેતી નથી (એ પદાર્થ ભાવના) ૬, અખંડ બ્રહ્મસ્થિત દ્રઢ થવાથી ઈયળ ભમરી વત શરીરનાં પ્રારબ્ધનો પણ લય થઈ સાક્ષાત પરબ્રહ્મના આનંદમાં ગરકાવ થઈ રહે છે એ (તુયોગ) ૭ આ ભૂમિકા સદ્ગુરૂની વાતુંમાં છે. આ સાતમી ભુમિકાને પામે છે તેને ૨૧દિવસમાં જો ભગવાનના અક્ષરધામમાં જવાની ઈચ્છા હોય તો તેને ભગવાન અક્ષરધામમાં તેડી જાય છે, ને તે ભક્તને અહિંયા રહેવાની ઈચ્છા હોય તો રહી પણ શકે છે.

આ સાતમી ભૂમિકાને મળતી વાત તે કારીયાણીના પ્ર.૧ માં વાત છે કે ભક્ત આવી રીતે તેજોમય એવું જે અક્ષર બ્રહ્મરૂપધામ રૂપ પોતે થઈને જો ધ્યાન કરે તો ભગવાનના જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે કેતા દિવ્ય થઈ જાય છે જેમ ઈયળ તેને તે દેહે ભમરી થઈ જાય છે કોઈ અંગ ઈયળનું રહેતુ નથી તેમ ભગવાનનો ભક્ત દિવ્ય થાય છે. સ્વામી સેવક ભાવ રહે છે. એમ કારીયાણીના પેલા વચનામૃતમાં લખેલ છે.

બીજુ ભગવાનની દયાથી આવો દિવ્ય જોગ આપણને મળ્યો છે માટે અખંડ ધ્યાન કરવું ને દરેક ક્રિયામાં શ્રી હરિની મૂર્તિને સંભાળવી ને આને આ દેહે કરીને ભગવાન ભજી લેવા ને દેહને અંતે શ્રીહરિની સેવામાં રહેવાયે તે કામ કરી લેવું. એ જ આ મનુષ્ય જન્મનો મોટો લાભ છે. પછી ફરી ફરીને આવો જોગ મળશે નહી. માટે શ્રી હરિનો અપાર મહિમા સમજીને આ લોકની સર્વે વાસના ટાળીને કથા વાર્તા તથા ધ્યાન ભજન કરવું. ને જો ખટકો રાખી ભજન કરશું તો આને આ જન્મે જ ભગવાન ભજીને છેલ્લો જન્મ થઇ જશે ને આને આ જન્મે સર્વે કામ પૂરા થયા કહેવાય માટે કથા-વાર્તા ધ્યાન ભજન કરવાનો વિશેષ ખટકો રાખવો.

તથા સારંગપુરના ૧૧ ના વચનામૃતમાં કહ્યુ છે કે ॥શ્રુતિ॥ નિરંજન : પરમં

સામ્ય મુ.પૈતિ તેનો અર્થ એ છે જે અંજન જે માયા તે થકી રહીત થઈને તેજોમય એવું જે અક્ષર બ્રહ્મધામને તે સંગાથે પોતે એકતા કરીને તેવી રીતે સુવર્ણના સમાન છે મુર્તિ જેની એવા સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે છે તે ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તે ભક્ત શુભ અશુભ કર્મે બંધાય નહી જેમ લક્ષ્મી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે કે તાં પોતાને સાવ ભૂલી જાય છે ને એક ભગવાનની મૂર્તિને જ દેખે છે તથા સ.ગુ. ગોપાળાનંદસ્વામીની વાતુમાં છે. કે જે ઉત્તમ સ્થિતિવાળા મુક્ત છે તે એવી જ રીતે એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. એ અતિ ઉત્તમ સ્થિતિ છે. એમ સદ્‌ગુરૂ સ્વામી શ્રી વલ્લભદાસજી સ્વામી પણ કેતા ને તે લક્ષ્મીજી ક્યારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે તેમ આ ઉપર ધ્યાન કરવાનું કહ્યું તેમ જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તો તે ભક્ત પણ અતિશે હેતે કરીને ભગવાનને વિશે ક્યારેક તો લીન થઈ જાય છે કેતાં પોતાને ભુલી જાય છે. ને ક્યારેક તો ભગવાનની સેવામાં રહે છે. તે ભગવાન સ્વતંત્ર છે તેમ તે ભક્ત પણ સ્વતંત્ર થાય છે. તે આવી સામર્થી તે ભક્તમાં આવે છે. તે તો તેના ઉપર ભગવાનની અતિ કૃપાથી આવે છે ને પોતે તો ભગવાનનો દાસ છે એમ સમજવું.

ને મધ્ય પ્ર. ના ૨૦ ના વચનામૃતમાં છે કે અક્ષરબ્રહ્મધામનો એવો પ્રતાપ છે કે કાષ્ટમાં તથા પાષાણમાં તે પ્રવેશ કરે તો તે પાષાણ પણ હાલે ચાલે એવો તે બ્રહ્મનો પ્રતાપ છે તે અક્ષર બ્રહ્મધામ નીસાથે પોતાને એકતા કરવી. તે આવી સ્થિતિ કરવાની છે તે આવો મોટો મહીના સમજી આ માયીક પંચ વિષયમાં હું શું પ્રીતી રાખું. તથા પ્ર. પ્ર.ના ૬૩ માં તથા પ્ર.૬૪ માં વાત છે કે આવો ભક્ત તે ભગવાનના સાર્ધમ્ય પણા ને પામે છે. તે સદ્‌ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાતુમાં પા. ૨૧૦ તથા ૧૧૨ મી વાત છે કે પરમેશ્વર વિના બીજો મનમાં આકાર ધરાઈ ગયો હોય તો જાણપણામાં રહીને મુકતો સહીત શ્રીજી મહારાજનું ધ્યાન કરે ને આ બ્રહ્માંડની સર્વે આકૃતિ ને પોતે સ્વપ્નતુલ્ય જાણે ને અતિ દુઃખ આપનારી છે. એમ જાણવું તે ઉપર મધ્ય પ્ર.ના ૫૫ ના વચનામૃતમાં વાત છે કે આલોકનાં સુખ તો સર્વે રાખના પડીકા જેવાં છે તથા પ્ર.પ્ર. ના ૪૪ ના વચનામૃતમાં છે કે જેને ભગવાનમાં અતિ સ્નેહ થયો





હોય તેને ભગવાન વિના બીજું કાંઈ સાંભળે તો કપાળમાં બળબળ તો ડાભ દેને તે કેવો વસમો લાગે તેવું ભગવાન વિના બીજું સાંભળે તો વસમું લાગે તો તેને બીજું કેમ સાંભળે? ન જ સાંભળે. તથા મધ્યના ૫૭ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભજનમાં આડું આવે તેનો ત્યાગ ન કરે તો તેનો સર્વે ત્યાગ વૃથા છે. તથા ગ.છે. પ્ર. ના ૩૦ ના વચનામૃતમાં છે કે પાંચ વાર્તાનું અનુસંધાન રહે છે તે વાત છે. તથા સદ્‌ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાતુમાં ધ્યાન લખ્યું છે કે તીર્થ જજ્ઞ તથા જ્ઞાન તથા વાંતું કરવી તે સત્સંગ વધારવો આદિ સર્વે થકી ધ્યાન કરવું તે અધિક છે તે તેમાં લખ્યું છે કે ધ્યાન કરતાં જે જે અંતરાય આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો એમ મોટા સંતોનો સિદ્ધાંત છે તે વડતાલના ૧૬ ના વચનામૃત છે કે ચૌદ લોકના રાજ્ય કરતાં પણ ભગવાનનું ધ્યાન કરવું તે અધિક છે.

વળી મધ્ય પ્ર.ના ૨૨ ના વચનામૃતમાં છે કે અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા ને ચોરાસી કરીને ત્યાંથી ચાલી નીકળ્યા તે ગણેશ ધોડકાની રાણુંમાં રાત રહ્યા ને આત્મસત્તા રૂપે રહી ને સર્વે પ્રવર્તી વિસારી મેલી આપણે પણ આવી સ્થિતિ કરવાની છે. આવી સ્થીતી ન થાયે ત્યાં સુધી દાસભાવ રાખવો તથા સારંગપુરના ૧૦ ના વચનામૃતમાં છે કે બાર વૃત્તિવાળાની સમજણ સત્ય છે, ને અંતર વૃત્તિવાળાની સમજણ મીથ્યા છે. માટે અંતરવૃત્તિવળે ધ્યાન કરવામાં કાળજી રાખવીને બાર વૃત્તિવાળાની સમજણ મિથ્યા છે. ને અંતરવૃત્તિવાળાની સમજણ ઉત્તમ છે. અંતરવૃત્તિવાળાને ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ પાસે જ છે માટે તે સર્વે થકી શ્રેષ્ઠ છે માટે તે વિશેષ ખટકો રાખીને કરવું. તથા ગુફામાં એકાંતમાં બેસીને ધ્યાન કરે તેમાં પણ એજ છેકે આવું ધ્યાન થાય તે સર્વે થકી શ્રેષ્ઠ છે.

ધ્યાન કર્યા વિના અંતરમાંથી રાગ ટળતા નથી તે કારીયાણીનાં વચનામૃત૧૨ના માં વાત છે કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. તથા મોટા સત્પુરૂષનો સમાગમ કરીને તથા ધ્યાન ભજન કરીને પોતાના જીવને શુદ્ધ કરવો ને પોતાને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા થઈ જાયને કોઈપણ અવ્યક્ત રાગ પોતાના અંતરમાં ન રહેને અખંડ ભગવાન સાંભળે એવો પ્રથમ અભ્યાસ કરવો, એવું પેલા કામ કરવું

એજ શ્રીજી મહારાજ સિધ્ધાંત છે ને સંતોએ આવું પહેલાં કામ કરી ને પછે ભલે વાતુ શીખવી. તથા કારખાના કરવા શીખવું. આદિ બીજું સર્વે પછે શીખવું. કેમ કે આવું ધ્યાન ભજન ન થાતું હોય ને આપણે બીજી વાતું કરીને સત્સંગ વધારીયે આદિ પ્રવૃત્તિ કરવામાં વૃત્તિ ફેલાઈ જાય તો આ ધ્યાન બરાબર ન થાય ને ધ્યાન બરાબર ન થાય ત્યાં સુધી જીવમાં કારણ શરીરના અવ્યક્ત રાગ છે તે નિર્મુળ થતા નથી ને તે રાગ નિર્મુળ થયા વિના અક્ષરધામમાં પુરૂષોત્તમ નારાયણની સેવામાં રહેવાતું નથી. માટે સંતોએ ધ્યાન ભજન કરવામાં વિશેષ કાળજી રાખવી. તથા ભુજમાં સ્વામી બાલમુકુંદદાસજી હતા તે આવી રીતે અખંડ ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરી હતી તે તેમના દર્શન કરવા મોટા મોટા ન્યાયાધીશો તથા મોટા મોટા શેઠો આવતા પણ તેમને એટલી જ વાત કરતા કે શિક્ષાપત્રી પ્રમાણે વર્તજો ને આ ધ્યાન કરો આ ધ્યાનમાં ઘણું સુખ છે.

તે સારંગપુરના પ્ર. ૧ ના વચનામૃતમાં કહ્યુ છે કે એક આંખનું મટકું ભરીયે એટલીવાર પણ જો ભગવાનનું ખરેખરૂં સુખ ભોગવ્યું હોય તો અનંત કોટી બ્રહ્માંડનાં વિષય સુખવારી ફેરી ને નાંખી દઈયે એવું સુખ ભગવાનમાં છે.' તથા સદ્ગુરૂ ગોળપાળાનંદ સ્વામીની વાતુમાં વાત છે કે ભગવાનનો ભક્ત એવી રીતે ધ્યાન કરે ને તેને સમાધી થાય ને આંખનું મટકું ભરીયે એટલીવાર જો ભગવાનનું સુખ ભોગવ્યું હોય તો તે ભક્તને અહીં આવે ત્યારે એમ થાય કે મેં હજારો લાખો વર્ષ ભગવાનનું સુખ ભોગવ્યું એવું ભગવાનના ધામમાં સુખ છે માટે આ લોકના સુખમાં ક્યાંય પ્રીતિ ન રાખવી. ને તે ભગવાનનું ધ્યાન કરતા ઘાટ સંકલ્પ થાય તો ભગવાનની મૂર્તિના અંગો ઉતાવળા જલદી ધારવાને ભૂલથી મનમાં સંકલ્પ થાય તેવો અવકાશ રહેવા દેવો નહીં ને અખંડ ભગવાન સંભાળવા. ને દેહ આત્માને નોખો કરીને આત્માને અક્ષર બ્રહ્મ સંગાથે એકતા કરવી ને ધ્યાન ભજન કરવું ને સંકલ્પ કાંઈ હાથ પગમાં થતાં નથી તે તો હૃદયમાં જ થાય છે માટે તે હૃદયમાં તો એક ભગવાનની મૂર્તિજ રાખવી એમ શુકાનંદ સ્વામીનું વચન છે તથા સૂર્ય અગ્નિ ચંદ્રના તેજનો સમોહનો લોચો પોચો ઢગલો કરીને તેને મધ્યે ભગવાનની મૂર્તિ જોવી તે આવું ધ્યાન જરાવાર થાય





તો પણ આખો દિવસ ખુમારી રહે છે તે દુધમાં સાંકર નાખીને પીધું હોય તો બહુ સારૂ લાગે માટે પેલા ધ્યાન કરવું એમ શિક્ષાપત્રીમાં કહેલ છે બીજુ અખંડાનંદ બ્રહ્મચારી તથા શ્રીજી મહારાજને મળેલા જે ભુજના સુતાર નારાયણજીભાઈ તે કહેતા કે પાંચ વખત માનસી પુજા કરે તો તેને બ્રહ્માંડ તુટી પડે તેવું દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખ નાશ થાય છે.

તથા ગોપાળાનંદસ્વામીની વાતુંમાં છે કે કામ ક્રોધાદિક શત્રુનો ત્યાગ કરીને પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને ભગવાનની મૂર્તિનું ધ્યાન અખંડ થાશે ત્યારે જ શ્રીજી મહારાજને વરણીય થવાશે. તથા સદ્ગુરૂ સ્વામી અક્ષરજીવનદાસજીયે પણ સંતો ઉપર કાગળ લખ્યા છે તેમાં પણ એમજ લખ્યું છે કે આવા ચોખ્ખા થાશો ત્યારે શ્રીજી મહારાજની સેવામાં રહેવાશે તે વિના અક્ષરધામમાં તેડી જાશે તોપણ આપણાથી ત્યાં રહેવાશે નહી માટે આ ધ્યાન અવશ્ય કરવું તે સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીની વાતુંમાં છે કે ત્રણ પ્રકારનું ધ્યાન તેમાં ઉત્તમ ધ્યાન એ છે કે સર્વે માયીક પદાર્થનો ત્યાગ કરીને પોતાના જીવાત્માને તેજોમય એવું અક્ષરધામ તે રૂપ થઈને પોતાને નિરાકાર સમજીને અંતરમાં ધ્યાન કરે તો તેને પૂર્વ પશ્ચિમ આદિ ભાવ ટળી જાય છે. ને ભગવાનની સેવામાં રહે છે.

બીજુ ભગવાનનો ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા ન રાખે તે મુક્તિતે શું તો ભગવાનને સમીપે રહેવું ભગવાનના સરખું રૂપ પામવું ભગવાનના લોકમાં રહેવું ને ભગવાનના જેવું ઐશ્વર્ય પામવું એ પણ ઈચ્છા ન રાખે એક ભગવાનની સેવાને જ ઈચ્છે તે મુક્તિની પણ ઈચ્છા ન રાખે તો તે ભક્ત આ બ્રહ્માંડના સ્ત્રી પુત્ર ધન આદિની શું ઈચ્છા રાખે ? ન જ રાખે તે ગ.પ્ર.પ્ર.ના ૪૩ના વચનામૃતમાં કહેલ છે. કે આવી રીતનો જે ભક્ત થયો તે આંખનું મટકું ભરીયે એટલીવાર પણ ભગવાનથી છેટે રહી ન શકે જેમ માંછલું પાણી વિના રહી ન શકે તેમ આવી રીતનો જે ભક્ત થયો તે ભગવાન વિના રહી ન શકે ને તે ભક્ત ભલે વાતું ન કરે તો પણ તેના દર્શન માત્રથી જ અનંત જીવનો ઉદ્ધાર થાય છે. તે ત્યાં કહેલ છે કે સદ્ગુરૂ સ્વરૂપાનંદસ્વામીના ઉપરથી વાયરો વાય ને તે જે વાયરો જેને અડે

તેનો પણ મોક્ષ થાય. તે માટે આ ધ્યાન સર્વેથી શ્રેષ્ઠ છે. આવી રીતે ભગવાનનું ધ્યાન કરતાં ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. તે ભક્તિ ચિંતામણી ના. પ્ર.૧૪૧ ના માં વાત છે કે પીજ ગામના અવલબાઈ હતા તે આવું ધ્યાન કરવાથી ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો ને પોતાના દેહનું ભાન ભુલી ગયાં ને કહે કે હું સહજાનંદ છું. એમ બોલવા મંડ્યા ને જ્યારે દેહનું ભાન આવ્યું ત્યારે કહે હું તો મહારાજની દાસી છું. તથા ભાગવત દશમસ્કંધમાં ગોપીયોની વાત છે તે આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતવન કરવાથી તે ગોપીયું પોતાના દેહભાવને ભૂલી ગઈ ને એક બીજી ગોપીને કહેવા મંડી કે હું શ્રીકૃષ્ણ છું મેં જ ગોવર્ધન ધાર્યો તથા કાળીનાગ નાથ્યો. આદિ ચેષ્ટા કરવા મંડીને જ્યારે પોતાના દેહની સ્મૃતિ થઈ ત્યારે કહેવા લાગી. કે આપણે તો ભગવાનની દાસી છઈયે તે આમ કાંઈ પોતે જ ભગવાન થાય તેમ નથી ભગવાન તો એક જ સ્વામિનારાયણ છે. તેને વિશે જ એક પતિવ્રતાની ટેક રાખવી પણ આવું અખંડ ભગવાનનું ચિંતવન કરવાથી પોતાના દેહનું ભાન ભુલીને એક ભગવાન જ દેખાય તે પોતે દાસ ભાવ ભુલી જાય ને જેમ તેમ કરે તો તે નરકમાં પડે છે. તેવી જ રીતે દુર્વાસા રૂષી હતા તે ૧૬૦૦૦ સોળ હજાર ગોપીયોના થાળ ને પોતાના જીવાત્માને વિશે ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનને જમાડી દીધા તે બીજા સર્વેને એમ જણાયું. કે તે રૂષી જમી ગયા પણ રૂષી તો આવી રીતે ભગવાનને ધારીને જમ્યા તેથી તે સદાય ઉપવાસી કહેવાણા તે વાત ગ.પ્ર.પ્ર.૭૩ ના વચનામૃતમાં છે તેવી જ રીતે માંગરોળના વાણિયા ગોવર્ધનભાઈ પણ કારીયાણી ગામમાં ભગવાનની મૂર્તિને પોતાના જીવાત્માની અંદર ધારીને કેટલીક સુતરફેણી ભગવાનને જમાડી દીધી ત્યારે મહારાજ કહે તમે જમો ને ત્યારે તે ગોવર્ધન ભાઈ કહે હું તો હજી નાહીશ પુજા કરીશ પછી જમીશ તે બીજા સર્વે ને એમ જણાયું કે ગોવર્ધનભાઈ જમ્યા પણ તે તો સર્વે મહારાજને જમાડ્યું ને પોતે તો બપોરે જમ્યા તે વાત સદ્‌ગુરૂ સ્વામી નિર્ગુણદાસજીની વાતુંમાં છે તેવી જ વાત તથા સદ્‌ગુરૂ સચ્ચિદાનંદ સ્વામી પણ ગઢડામાં હજાર મનુષ્યનું જમી ગયા ને પોતે ઉપવાસ કહેવાણા, તે પંચાળાના જથા વચનામૃતમાં છે કે ... "અહં વૈશ્વા નરો ભુત્વા પ્રાણી નામ દેહ માશ્રીતઃ આદિ એમાં પણ તેજ ભાવ





છે કે જે ભગવાન કહે છે. કે જઠરા અગ્નિરૂપ હું તે સર્વ પચાવું છું એવી રીતે ભગવાનને ધારવાની વાત છે તે આ સ્થિતિ થાય તેની વાત છે. સ્થિતિ ન થઈ હોય ને વિષયમાં પ્રીતિ હોય ને આમ કરે તો તેને નરકમાં જાવું પડે માટે આપણે આવી રીતે ધ્યાન ભજન કરવામાં કાળજી રાખવી.

તેવી જ રીતે ભક્ત ચિંતામણીમાં નીર સ્નેહી માં વ્રતમાન કહ્યું છે કે સંતો યે સંસાર સુખની ઉલટી કરી નાંખી છે તે શું ? તો સ્ત્રી, પુત્ર, ધન આદિ માયીક વસ્તુનો ત્યાગ કર્યો છે તે તેની જે ઈચ્છા રાખે તે શ્વાનના સમાન કહેવાય તે વાત છે. તથા કારીયાણીના વચનામૃત ૩ ત્રીજામાં છે કે ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા જોગ જે વિષય જે સ્ત્રી દ્રવ્ય આદિની ઈચ્છા રાખે તો તે ખડ ખાય છે કેતાં તે ઢોરાં જેવો છે તે વાત છે તથા ભક્ત ચિંતામણીના પ્રકરણ બીજામાં ૨, જેમ સાધુના લક્ષણ કહ્યાં છે તેવા ગુણ સંતોયે શીખવા તે વાત છે. તથા નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથમાં ૬૪ ચોસઠ પદીમાં પ્ર. પહેલું તથા બીજું ૨ તેમાં જેમ સાચા સંતના લક્ષણ કહ્યા છે તેવા ગુણ સંતોએ શીખવા તે વાત છે. તથા ગ.પ્ર.પ્ર.ના ૬૨ ના વચનામૃતમાં લખેલ છે. કે આપણા પતિ એવા જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેને વિશે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી ને તે ભગવાન વિના બીજા કોઈની સામું હેતે કરીને ન જોવું ને સંતોએ તેનો ઘાટ બંધાવા ન દેવો ને કોઈ હરિ ભક્તો તથા બીજા જે કોઈ દર્શન કરવા આવે તો નીચી દૃષ્ટિ કરીને હેતે કરી ને જય સ્વામિનારાયણ કહેવા પણ સંતોએ તેનો ઘાટ બંધાવા ન દેવો ને રસ્તામાં ચાલતાં જે જે મનુષ્ય આવે તેનો ઘાટ ખોટો કરીને તેમાં ભગવાનની મૂર્તિ જોવી તથા દુકાન, ઘર, ઝાડ પર્વત આદિમાં અજાણથી વૃત્તિ જાય તો તે દુકાન આદિનો આકાર ખોટો કરીને ત્યાં અક્ષરધામના તેજનો સમુહધારીને તેમાં ભગવાનને ધારવા તથા ગાય આદિ દેખાય તો તેમાં માણકી ઘોડીનો આકાર ધારીને તેના ઉપર ભગવાન બિરાજમાન છે એમ ધારવું. આ અતિ ઉત્તમ પતિવ્રતાની સ્થિતિ છે તે ધીરે ધીરે શીખવી. તે આ વાત સુખપુરના વાલજીભાઈયે સિધ્ધ કરી હતી તે વાલજીભાઈ એક વખત ભુજ દર્શન કરવા આવતા હતા તે સદ્‌ગુરૂ સ્વામી શ્રી વલ્લભદાસજીનું મંડળ સુખપુર જતું હતુ તે આ વાલજીભાઈ મહારાજની મૂર્તિ ધારીને

ચાલ્યા જતા હતા તે આ સ્વામી સામા મળ્યા પણ તેમણે સ્વામીને દેખ્યાં નહી પછી સદ્‌ગુરૂ સ્વામી શ્રી વલ્લભદાસજીયે જયશ્રી સ્વામિનારાયણ કહ્યા ત્યારે સામું જોયું જૂઓ આ ભક્તે સંતોને પણ ન દેખ્યા તે બીજી શું આ લોકની માયીક વસ્તુને જોતા હશે ? નજ જોતા હોય તે આવા સ્થિતિવાળા ગૃહસ્થાશ્રમમાં હતા તે આ વાત સદ્‌ગુરૂ સ્વામી શ્રી વલ્લભદાસજી પાસેથી સાંભળી છે તેવી રીતે આપણે પણ આવી રીતે ધ્યાન કરવાનો અભ્યાસ રાખવો.

બીજુ યુધિષ્ઠીર રાજાને શ્રી કૃષ્ણ ભગવાન કહે આ શહેરમાં જોઈ આવો કોઈ ખરાબ મનુષ્ય હોય તો તેને શિક્ષા કરીયે તે સાંભળીને તે શહેર આખું જોઈ આવ્યા પણ તેમને કોઈ પણ દોષવાળા મનુષ્ય દેખાવામાં આવ્યા નહી ને ભગવાનને કહે આ ગામમાં સર્વે સારા છે. કોઈ દોષવાળા નથી. પછે શ્રીકૃષ્ણ ભગવાને દુર્યોધનને કહ્યું કે આ ગામમાં જોઈ આવો કોઈ સારા મનુષ્યને તેડી આવો તો એને ઈનામ આપીએ ત્યારે તે આખા શહેરમાં જોઈ આવ્યા પણ તેની દ્રષ્ટિમાં કોઈ સારા મનુષ્ય દેખ્યામાં ન આવ્યાં. તે પાછા આવીને કહે કે આ ગામમાં કોઈ સારા માણસ નથી બધાય ખરાબ છે તે શું બધાયે ખરાબ હતા ન હતા ઘણાયે સારાં મનુષ્ય હતા પણ આ પોતામાં અતિદોષ તેથી તેને કોઈ સારા જોવામાં ન આવ્યા. ને યુધિષ્ઠિર રાજાની દ્રષ્ટિમાં કોઈ ખરાબ જોવામાં ન આવ્યું. તે શું બધાય સારા હતા ઘણાયે ખરાબ હતા પણ પોતામાં કાંઈ પણ દોષ નહી તેથી સર્વે નિર્દોષ દેખાડા બીજુ કૌરવ પાંડ્વની લડાઈ ચાલતી હતી ત્યારે દુર્યોધન તે યુધિષ્ઠિર રાજાને કહે કે તમારૂં મોત કેમ થાય તે કહો ? ત્યારે આ તો મહાસત્યવાદી તે પોતાનું મોત કહી દીધું કે આમ કરશો તો હું મરીશ, પણ ભગવાને તેમને મરવા ન દીધા ને રક્ષા કરીને દુર્યોધને બીજું પૂછ્યું કે હું કેવી રીતે કરૂં તો મારૂં મોત ન થાય તો તે પણ કહી દીધું એવા યુધિષ્ઠિર રાજા મહાસત્યવાદી હતા તે યુધિષ્ઠિર રાજાનું ભગવાને સારૂં કર્યુ એવાતે અજાતશત્રુ જે કોઈ શત્રુ જ નહી ને દુર્યોધનો નો નાશ થયો. બીજુ શ્રીજીમહારાજે ભક્તચિંતામણી ના પ્ર.બીજામાં સાધુના લક્ષણ કહ્યાં છે ત્યાં પણ કહ્યું છે કે સગા સૌના શીતળતા અપાર. નિર્વિકારીને લઘુ આહાર તથા ચોસઠ પદીમાં પેલામાં ૧ માં તથા ૨ બીજામાં





પણ કહ્યું છે એવા સંત સૌના સગા રે. પર ઉપકારી પુરા છે. જેના દીલમાં નહી કોઈ દગા રે સત્ય વાતમાં સુરા છે આદિ વાત છે તેવી રીતે આપણે એવા ગુણ શીખવા. તેવી જ રીતે કચ્છમાં ભવાનીપર ગામમાં કાનજીભાઈ પણ એવી જ સ્થિતિવાળા હતા.

બીજુ સુખપુર ગામના જેઠો ભગત બહું જ સારા ભક્ત હતા તે સંતો પાસે વાતું સાંભળવા બેસે તે સાધુ જ્યાં સુધી ભગવાનની વાતો કહે કે ભગવાનના ચરિત્રની કથા સંભળાવે ત્યાં સુધી એકદમ ખટકો રાખીને સાંભળે પણ તે સાધુ વાત કરતાં અજાણતા જો કોઈના જરા અવગુણ અભાવની વાત કરે કે કોઈ ગુણ અવગુણની વાત કરે કે ભગવાન વિના બીજી વાત કરે તો ત્યાંથી સ્વામિનારાયણનું નામ લઈને આઘા જતા રહે પણ એવી વાત ક્યારેય પણ સાંભળે નહીં કેમ કે જો તેવી વાત સાંભળે તો કોઈનો અવગુણ આવે તો પછે ધ્યાન ભજન બરાબર ન થાય અથવા તેનામાં અવગુણના સંકલ્પ વિકલ્પ થાય તો પણ બરાબર ધ્યાન ભજન ન થાય તે કારણપણ માટે આપણે પણ એવા ગુણ શીખવા. તથા સદ્‌ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાત છે કે સર્વે સંતો તથા સર્વે નાના મોટા સત્સંગીયો એ કોઈના અવગુણની વાત સાંભળવી નહિ. તથા સદ્‌ગુરૂ સ્વામી શ્રી વલ્લભદાસજી પણ કેતાં કે આ સત્સંગમાં શ્રીજી મહારાજ છતાંના સાત ધામના મુક્ત છે તે સર્વે સંતોની તથા સર્વે હરિભક્તોને કાંઈ એક સરખી સમજણ પણ ન હોય તે સર્વેની એક સરખી સ્થિતિ પણ ન હોય માટે સંગની શુદ્ધિ રાખીને ઉપર કહ્યા પ્રમાણે તે સર્વેનો મહિમા સમજીને સર્વેને વિશે નિર્દોષ બુદ્ધિ રાખે તો પોતે સર્વે દોષથી રહીત થઈ જાય ને તેને આઠે પહોર આનંદ વર્તે તથા સદ્‌ગુરૂ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની વાતુમાં છે કે જે બે ચાર વખત પણ સ્વામિનારાયણનું નામ લેશે તેનો પણ મોક્ષ કરવો છે.તથા ગ.પ્ર.પ્ર.ના ૫૬ ના વચનામૃતમાં છેલ્લી વાત છે કે જો અંતકાળે તે એકવાર પણ જો મહિમા સમજી સ્વામિનારાયણનું નામ લેશે તો તેના સર્વે પાપ બળી જાય છે ને મોક્ષ થાય છે તે માટે આવો મહિમા સમજવો. ને ક્ષણમાત્ર ભગવાનની મૂર્તિ ભુલવી નહિં માટે સર્વે થકી ધ્યાન અધિક છે તે ધ્યાનમાં અંતરાય કરે એ સર્વેને શત્રુની પેઠે ત્યાગ કરવો ને સાત પ્રકારની ભૂમિકામાં છે કે જનકરાજાની પેઠે હર્ષ શોકથી રહીત રહેવું ને છઠ્ઠી

ભૂમિકામાં છે કે પદાર્થ માત્ર તથા ઐશ્વર્ય માત્રની પ્રવૃત્તિથી ઉદાસ રહેવું ને અખંડ ભગવાન સામું જોઈ રહેવું તે સ્વરૂપાનંદ સ્વામીની પેઠે જ્યાં વૃત્તિ જાય ત્યાં ભગવાન દેખાય. તેમ અભ્યાસ કરવો. ને જે જે મનુષ્યનો તથા બીજો જે જે આકાર હોય તે સર્વેને ખોટો કરીને તેમાં ભગવાનની મૂર્તિ જોવી. દુકાન,રસ્તો આદિ જે વસ્તુને તેજના સમૂહ રૂપ ધારીને તેમાં ભગવાનની મૂર્તિ જોવી. તથા પતિવ્રતા સ્ત્રીને પેઠે ભગવાન વિના બીજો ઘાટ ન બંધાવા દેવો. તે એક પતિવ્રતા સ્ત્રીએ બીજા પુરૂષને જરા વાર જોયો તો તેના પતિવ્રતા ના ધર્મમાં ખોટ આવી. માટે ભગવાન વિના બીજા સર્વે મનુષ્ય સામું દૃષ્ટિ માંડીને ન જોવું. નીચી દૃષ્ટિથી જોવું. ને સંતો પાસે કોઈ હરિભક્તો આવીને બેસે તો તેને પાંચ મિનિટ તથા પંદર મિનિટ વાત કરવી. પણ વધારે નહીં, કેમ કે સંતો બીજાને વાત કરવા જાય પણ જ્યાં સુધી પોતાના સ્વભાવ ટળ્યા ન હોય ને બીજાને સમાસ કરવા જાય તે બરાબર ન કહેવાય. પ્રથમ પોતાના જીવને સંતોનો સમાગમ કરીને ધ્યાન ભજન કરી સર્વે માયીક ઘાટ ટાળી નાંખવા. ને અખંડ ભગવાનની મૂર્તિ સાંભળે તેવું પ્રથમ પોતાને કરવું. તે વચનામૃતમાં કહ્યું કે હમણાં કાળ આવશે ને આ દેહ પડી જશે, માટે પહેલાં તો પોતાની સર્વે કસર ટાળવીને જો પોતાની કસર ન ટળે ને દેહનો અંત આવે તો તે કસર પોતાને ભોગવવી પડે તેટલા માટે તે ભગવાન ભજવાનું કામ પહેલું કરવું, તે ડાહ્યો કહેવાય. અને તેમ ન કરે ને બીજુ કરે તે બરાબર ન કહેવાય. ને સંતોએ બીજાને વાતો કરવી, તો એવી ભાવના કરીને કરવી કે આ અહીં મુક્તોએ સહિત મહારાજ બેઠા છે તે મહારાજને રાજી કરવા માટે ભગવાનના ગુણ ગાવું છું. પણ આ મોટા મોટા મનુષ્ય બેઠા છે તેને કહું છું એમ ન ધારવું. કેમ કે એમ કરવાથી તેમાં માન આવી જાય તો સારૂ નહીં. ને આવી રીતે અખંડ ભગવાન સંભાળેને તે જોવાતું ન કરે તો પણ તેના દર્શનથી જ અનેક જીવના ઉદ્ધાર થાય છે. તથા જે અખંડ ભગવાન સંભાળતા હોય એવા સંતોજો હરિભક્તોને કાગળ ન લખે અને ત્યાં રહેલા ભક્તો તે જો આવા સંતોનું સ્મરણ કરે તો પણ કાગળ કરતા વધારે તેનું સારૂ થાય છે. માટે સર્વે થકી ધ્યાન અધિક છે. તથા આવી રીતનું સંતો ધ્યાન કરે તેને મોટા મોટા શેઠો તથા મોટા





મોટા રાજાઓ તથા આખો સત્સંગ તથા બ્રહ્માંડ સર્વે તેને માને ને તે કહે તેમ સર્વે કરે તો પણ તે પ્રવૃત્તિમાં તથા તે ઐશ્વર્યમાં ક્યાંય લેવાવું નહી. તેજ શ્રીજી મહારાજને વર્ણીય થાય છે. ને તેમાં લેવાઈ જાય ને બાહ્યવૃત્તિ થઈ જાય તો તેવી સ્થિતિ ન રહે માટે પોતાને એમ જાણે કે હું તો તુચ્છ છું. ને આ સર્વે ગુણ છે તે તો ભગવાન તે મોટા સંતોના છે. એમ જાણીને પોતે આવું ધ્યાન કરવાનો અભ્યાસ કરે તો તે ઈયળ ભમરી થઇ જાય. તથા લક્ષ્મીજીને પેઠે ભગવાનની મૂર્તિમાં સંલગ્ન થઈ જાય ને એક ભગવાનની મૂર્તિને જ દેખે તો પણ પોતાને એમ જાણે કે હું તો અતિ તુચ્છ છું ને આ સર્વે જે ગુણ છે તે તો ભગવાન ત. સંતોના છે. એમ જાણીને પોતામાં ભગવાનના જેવું ઐશ્વર્ય આવે તો પણ જે સત્સંગમાં કાલ આવ્યો હોય, ને તે કાંઈ ન જાણતો હોય તેને એક ભગવાનનો આશરો હોય પણ બીજા કાંઈ ગુણ ન હોય તો પણ તે કાલ આવ્યો હોય તેને મોટો જાણે ને પોતાને તેની આગળ તુચ્છ જાણે તેને વિઘ્ન ન લાગે ને એમ ન જાણે ને પોતાને સર્વેથી મોટો સમજીને બીજા જે મોટા-નાના સંતોને પોતાથી નાના જાણે તો તે પડી જાય છે. ને આવા ગુણ આવે તો પણ પોતાને મોઢે પોતાના વખાણ ન કરવા તથા સંતોએ ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ કરવું. તે શું ? તો તે ઉત્તમ બ્રહ્મચર્ય વાળાને જાગૃત આદિ ત્રણ અવસ્થામાં જુવાન આદિ સ્ત્રીને દેખે તો પણ જરા વિકાર ન થાય. ને સ્વપ્ન આદિ અવસ્થામાં પણ વિર્યપાત ન થાય તે ઉત્તમ બ્રહ્મચર્ય કહેવાય. ત્યારે જ અક્ષરધામમાં રહેવાશે બીજુ આ દેહના ભાવ ટાળીને પૂજા કરે તે શ્રેષ્ઠ છે. તથા ભગવાનનું ધ્યાન કરતા બીજા ઘાટ થાય તો જલદી જલદી ભગવાનની મૂર્તિ ધારવી ને એક પણ સંકલ્પ થાય તેટલો પણ મનને અવકાશ આવવા ન દેવો ને સર્વે સંતોનો તથા સર્વે હરિભક્તોનો એકપણ અવગુણ ન જોવો. ને તેના ગુણ જ જોવા તો તેને આઠે પહોર આનંદ વર્ત્યા કરે ને તેવા ભક્તને ભગવાન વિના બીજા ક્યારેય સંકલ્પ ન થાય તો ધ્યાન કરતા કેમ થાય ? ન જ થાય. માટે કોઈના અવગુણની વાત સાંભળવી નહી ને કોઈની આગળ કહેવી નહી બીજુ તુલસીદાસજીએ કહ્યુ છે કે પોતાના ઈષ્ટદેવનું જે કોઈ નામ લે, તો પોતાના ચામડીના જોડા કરવી દે એવો ભગવાનનો મહિમા આપણે સમઝવો.

ને સર્વેને નમસ્કાર કરવા ને હાલતા ચાલતા બેસતા, જમતાં, સૂતાં આદિ શુભ ક્રિયામાં તથા અશુભ ક્રિયામાં પણ તેજના સમૂહને વિશે ભગવાનની મૂર્તિને ધારીને જ સર્વે ક્રિયા કરવી. પણ ક્ષણમાત્ર તે તેજને વિશે જે મૂર્તિ છે તેને ભૂલવી નહી. ને શ્વાસોઉચ્છાસે સ્વામિનારાયણની મૂર્તિનું ચિંતન કરવું ને આવી રીતની શ્રીજી મહારાજની દયાથી સ્થિતિ થાય તો પણ પોતાને જ્યાં સુધી ખાવા પીવાનું કે નાહવાનું આદિ કાર્યનું ભાન રહે ત્યાં સુધી પોતાનો ધર્મ તથા પોતાના વર્તમાન તેમાં ખબરદાર રહેવું. પણ કોઈની સોબતમાં લેવાઈ જવું નહીં. ને સંતોયે પોતાની જે કથાવાર્તા, માળા, માનસીપુજા, ચેષ્ટાના પદો, પ્રદક્ષિણા, બાહ્યપુજા, આદિના નિયમોમાં જરા પણ ભંગ પડવા દેવો નહી. ખબરદાર થકા કરવા.

ધ્યાન કરનારાચે ભકત સુવર્ણ સમાન ક્રાંતિવાળાને અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા અને સર્વેના નિયંતા તેમજ પુરૂષાકૃતિ અને વેદ તેમજ અક્ષરબ્રહ્મ અને માયાના કારણરૂપ તેવા ભગવાનનું ધ્યાન કરીને જ્યારે અક્ષરબ્રહ્મ સ્વરૂપ પોતાના આત્મામાં સાક્ષાત્કાર કરે છે ત્યારે તે જ્ઞાની ભક્ત શુભ અને અશુભ કર્મને નિવૃત્ત કરીને માયાનાઅંજન થી રહીત થઈ પરબ્રહ્મ પરમાત્મા શ્રી પુરૂષોત્તમ નારાયણ ભગવાનના સામર્થ્યપણાને પામી જાય છે.

બીજુ એક સુરદાસ તે દેખતા ન હતા તેનો ભગવાને હાથ ઝાલ્યો પણ ભગવાને તેનો હાથ છોડાવી લીધો તેથી તે સુરદાસ બોલ્યા....

"બાંય છોડાવી ચલ ગયે, અંધે જાણી મોય,
પણ હૃદયમાંથી જાયો તો, મડદ બખાનું તોય"

એ સાંભળી ભગવાને તેને દર્શન આપ્યાં ને પછે ભગવાન અંતર ધ્યાન થઈ ગયા ને પછે તે સુરદાસ ત્યાંઘણુંક રહ્યા ને પછે ત્યાં દેહ મેલી ગયાને ભગવાનના ધામને પામ્યા.

એક સમયને વિશે મહાનુભાવાનંદ સ્વામી મહારાજ સારંગપુરમાં હતા ત્યાં દર્શન કરવા ગયા ને મહારાજના ચરણ દાબવા ગયા ત્યારે મહારાજે ચરણ તાણી પછે તે સ્વામી દિલગીર થયાને બોલ્યા કે આચરણ સારૂ તો એમે સુખ દુઃખ વેઠીયે છીયે





માટે આચરણ કેમ ખેંચીં લો છો ત્યારે મહારાજ કહે કે તમે વાણીયાની દુકાનની પેઠે કરો છો તે વાણીયાની દુકાનના ઓટલાને થોડો એક માણસે વારીને રાત્રે બેઠો પછે સવારે વાણીયાને કહે મેં આ તમારી દુકાન વારી છે તેનું મને સવામણ સોનું આપો તેમ તમે એની પેઠે કરો છો પણ આચરણ તો બહું જ મોંઘા છે આચરણ તો વૈરાટ નારાયણે વૈરાટ બ્રહ્માનાં ૫૦ વરસને દોઢ પહોર દિવસ સ્તુતિ કરી ત્યારે આવ્યા છે.

બીજુ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની વાતુમાં વાત છે કે આપણે ઉંઘવું છે એવો ઠેરાવ ન રાખવો ને ભગવાનનું ધ્યાન કરતાં ઉંઘ આવે તો આવવા દેવી પણ ઉંઘવાનો આગ્રહ ન કરવો.

બીજું મહારાજ ગઢપુર મંદિર પોતાને હાથે કરાવતા હતા તે એક સમયને વિશે ઘેલા નદીમાં સ્નાન કરવા ગયા હતા પછે મહારાજે મસ્તક ઉપર પથરો લીધો ત્યારે બીજા સંતો કહે લાવો અમારે સેવા કરવી છે. ત્યારે મહારાજ કહે તમારે સેવા કરવી હોય તો બીજો પથ્થર લ્યો પછે સંતોએ બીજા પથ્થર લીધાં ને જે સંતો બીજા પાસે મંદિરનું કામ કરાવતા ને પોતે કામ કરતા તે સંતો ને મળતા ને છાતીમાં ને મસ્તકે ચરણારવિંદ રાજી થઈને આપતા.

બીજુ માંગરોળના આણંદજી સઘાડીયાયે છ મહીના સુધી ઉંઘ ન કરી ને ધ્યાન કરતા. ને માંગરોળના ગોવર્ધન શેઠની વાત, તે અખંડ ભગવાનની મૂર્તિ દેખતા, પોતે વાણીયા હતા વેપાર માં કોઈ પૈસા ન આપે તો હસ્તે સ્વામિનારાયણ લખતા તે બધાય ભગવાન ન હતા પણ આ ભક્તની આવી સ્થિતિ તે અખંડ ભગવાનની મૂર્તિ દેખતા અને દેહનું ભાન ભુલી જતાં તે એક સમય મહારાજ કહે આ સાકર જમો, તે મુઠ્ઠી ભરી સાકર જમ્યા પછે મહારાજે મીઠાની થારી ભરી હતી તે માંથી જમાડીને પછે મહારાજ કહે "શું જમ્યા" તે કહે સાકર જમ્યો તે મીઠાની કે સાકરની ખબર નપડી.

બીજુ ધર્મપુરવાળા કુશળકુંવરબાઈ, તે દ્રષ્ટિ પલટાવીને મૂર્તિ અંતરમાં ઉતારતા હતા. તેવી રીતે આપણે અંતરમાં મૂર્તિનું ધ્યાન કરવું.

મુળજી બ્રહ્મચારી ને મહારાજને વિશે અતિ પ્રીતિ તે મુળજી બ્રહ્મચારીને

મહારાજે કહ્યું કે આવો પ્રેમ રાખશો તો ભૂત થાશો ભુત ત્યારે તે બ્રહ્મચારી કહે કે ભુત થાઈશ તો પણ તમને જ વળગીસ. બીજુ એક સમય મહારાજ સભામાં બીરાજમાન હતા અને જોર થી મહારાજે મુળજી બ્રહ્મચારી ને બોલાવ્યા ત્યાંતો મુળજી બ્રહ્મચારી મહારાજની ઉપાડીને દોડ્યા મહારાજે પુછ્યું "આમ કેમ કર્યું" ત્યારે બ્રહ્મચારી બોલ્યા કે મને સ્વપ્ન આવ્યુ કે કોઈ ઠેકાણે બેઠાછીએ ત્યાં આગ લાગી તેથી તમોને બચાવા માટે તમોને ઉપાડીને દોડ્યો. મહારાજ કહે આ બ્રહ્મચારીને ત્રણ અવસ્થામાં અમારી મૂર્તિ દેખાય છે ને તે બ્રહ્મચારી ઉપર મહારાજ બહુ રાજી થયાં.

એક તેજબાઈ નામે બાઈ હતા તે રોટલા ઘડતા હતાં તે એક મઠનો રોટલો ફુલ્યો તે સારો થયો તેથી તે બાઈએ સંકલ્પ કર્યો કે આ રોટલો ભગવાન જમે એવો સારો છે. ને બાઈનો પ્રેમ જોઈ મહારાજ રસ્તામાં મળ્યા ને આ બાઈનો રોટલો પ્રેમથી જમ્યા. બીજુ માનકુવામાં એક ભક્તે મહારાજને માનસીપૂજામાં ઉની કઠી રોટલો જમાડ્યો તેથી ઉની કઠીથી મહારાજ જરા બળી ગયા બીજા ભક્તે માનસીપુજામાં ઉનો દૂધપાક જમાડ્યો તેથી મહારાજ જરા દાઝ્યા.

બીજી લાલાબાબુની વાત તે લાલાબાબુના પિતા ગંગાગોવિંદસિંહજી તે બંગલાદેશના રાજા હતા તે લાલા બાબુનું પેલાં કૃષ્ણસિંહજીનું નામ હતું. ને પછે એક સમયને વિશે મહારાજ વનમાં ફરતાં હતા ત્યાં ગયેલા હતા તે ગામબારે ઉતર્યા હતા તે સમયને વિશે ગંગાગોવિંદસિંહજી પોતાના મહેલ ઉપર બેઠેલા હતા ત્યારે તેમણે બ્રહ્મચારીને વેશે મહારાજ ને દુરથી દેખ્યાં પછે તેમણે પોતાના મનુષ્યને મોકલ્યા કે ત્યાં બેઠેલા જે બ્રહ્મચારી તેમને આહી જમવા બોલાવી લાવો, પછે તે માણસે આવીને મહારાજને વાત કહી કે ચાલો તમને રાજા જમવા બોલાવે છે ત્યારે મહારાજે કહ્યું કે અમે કોઈનું જમતાં નથી માટે અમે ત્યાં નહી ચાલીયે પછે માણસ રાજા પાસે આવ્યા ને સર્વે વાત કહી પછે તેમણે ફ્રૂટ દઈ મોકલ્યું તે મહારાજ જમ્યા ને પછે મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા ને પછે ગંગાગોવિંદસિંહજી દેહ મેલી ગયા ને લાલાબાબુ જે કૃષ્ણસિંહજીને ગાદીયે બેઠા ને પછે તે કૃષ્ણસિંહજીએ વૃંદાવનને વિશે ભગવાનનું મંદિર કરાવ્યું ને મૂર્તિ પધરાવીને આજીવિકા આદિ સર્વે પોતે કરાવ્યું ને ત્યાં સદાવ્રત





આપતા એ આદિમાં રૂા. સાત કરોડ વાપર્યા. પછે તે કૃષ્ણસિંહજીને એમ થયું કે આ સર્વે ખોટું છે માટે આપણે ત્યાગી થઈને ભજન કરીયે એમ વિચારીને રાજ્યનો ત્યાગકરીને વૃંદાવનને વિશે ગયા ને, ત્યાં સદાવ્રતમાં જમતા ને મંદિરનો વહેવાર કરતા પછે કૃષ્ણસિંહજી ગુરૂ પાસે ગયા ને કહ્યું કે મને સાધુ કરો, ત્યારે ગુરૂ કહે તમે સાધુ થાવા બરોબર યોગ્ય નથી. પછે તેમણે વિચાર્યું કે શું ભૂલ હશે ? પછે થયું કે મેં આ મંદિર કરાવ્યું છે ને આ સદાવ્રતમાં જમું છું. એમ જાણીને મંદિરનો વહેવાર બીજાને આપી દીધો ને સદાવ્રતમાં જમતા તે પણ ત્યાગ કરી દીધો ને ભિક્ષા માંગીને જમતા. ને પછે બાર મહીના પછી ગુરૂ પાસે ગયા ને કહ્યું કે સાધુ કરો પછે ગુરૂ કહે હજી તમો બરાબર યોગ્ય નથી પછે વિચાર્યું કે શું ભુલ છે ? પછે જણાણું કે પોતાને કોઈક શેઠ સાથે પેલા તકરાર હતી તેને ઘરે ભિક્ષા માંગવા ન જાતા હતા. પછે તે લાલા બાબુ તેને ઘરે માંગવા ગયા ને નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ એમ કહી ને ઉભા રહ્યા પછે તે શેઠના નોકરોએ વિચાર્યુ કે આમને શેઠ સાથે તકરાર છે ને પૂછ્યા વિના આપશું તો શેઠ વઢશે એમ જાણીને આપ્યું નહી. ને શેઠને વાત કહી કે લાલાબાબુ માંગવા આવ્યા છે. પછે શેઠ આવ્યાને માફી માંગી કે મેં તમને કહ્યુ હતું તે માફ કરજો. એમ કહીને સન્માન કરીને ભિક્ષા આપી પછે લાલાબાબુએ તેમની માફી માંગી ને ગયા પછે લાલાબાબુ ગુરૂ પાસે ગયા ને પછે ગુરૂએ સાધુ કર્યા. આ વાત વિચારી આપણીજે કશર હોય તે ટાળી નાંખવી.

બીજુ મૂળીદેશને વિશે લખતર ગામ છે ત્યાં મૂળીના સ્વામી બાલકૃષ્ણદાસ આદિ થોડા સંતો ગયેલા હતા તેમાં એક સંત નિષ્કામ ચરણદાસજી કરીને ભોળા જેવા હતા ને ગામને વિશે ગણપતરામ બ્રાહ્મણ હતા તે મોટા અમલદાર પોલીસના ઉપરી હતા તે દર્શન કરવા આવે ત્યારે ભગવાનનાં દર્શન ઉભા ઉભા કરે ને નમે નહી ને સાધુને પગે ન લાગે ને આર્શીવાદ આપે તેની પેઠે જય સ્વામિનારાયણ કરે એમ નીત્યે કરે પછે એક દિવસ તેમને તે નિષ્કામચરણદાસજીયે કહ્યું કે કેમ નમતા નથી પછે બળદ થાશો ત્યારે પટેલ નમણી બાંધી નમાડશે ને કુતરા થાવું પડશે. એમ વાત કરતા હતા બીજા સંતો ત્યા કહે હાં હાં આ મોટા સાહેબ છે પછે તે સ્વામી કહે સાહેબ

સાહેબ કરીને તેમને કહ્યું નહી તેથી એમનું ભૂડું કર્યુ પછે તે સાહેબ ક્રોધાયમાન થઈ ગયા ને જેમ તેમ બોલવા માંડ્યા પછે સાહેબને ભાન થયું ને સંતને કહ્યું કે કેમ કરીયે તો બળદના જન્મ ન આવે ? ત્યારે સ્વામી કહે આ ભગવાનનું ધ્યાન કરો પછે કે કેમ ધ્યાન કરૂં ત્યારે સ્વામીયે મૂર્તિ સામા ઉભા રાખ્યા તે પાંચ મિનીટ ઉભા રહી શક્યા એમ નીત્યે અભ્યાસ કરતાં હતા પછે બરોબર સત્સંગ થયા ને ૩૬ કલાકનું ધ્યાન સિધ્ધ કર્યુ. એવા મોટા હતા પણ સત્પુરૂષના આશીર્વાદથી ધ્યાન સિધ્ધ થયુ તે આપણે પણ એવો ધ્યાન કરવાનો અભ્યાસ કરવો. ને વિચારવું કે તે સાહેબ કેવાં હતા ને સંતના સમાગમ થકી સારા થયા.

બીજુ "હોલી હોલાની પારાધીત સીંચાણા થકી રક્ષા કરીતે વિશે સાખી ઉડગનકી

બાત સીંચાન ગ્રહે, તલ ખેંચ કમાન ઉભો ભીલ રે,

બપરી હોલરી પીયું કું સમરે, અબ તો સમરે મોરલી ઘરરે,

કાળ કુકાળ ભોયંગ ડસ્યો, ડગા બાજ કું લાગે ગયો સરરે,

જીનકું રક્ષ પાલ ગોપાલ ધની તીન કું બળ ભદ્ર કહા ડર રે" એમ ભગવાને રક્ષા કરી. બીજુ એક સમયને વિશે વેરોભાઈ સવારમાં વેલા ઉઠીને ધ્યાન કરવા લાગ્યા ત્યારે કામક્રોધ મૂર્તિમાન નીકળ્યા ને કહ્યું કે અમે અહીં બળીયે છીએ. તમો ભગવાનનું ધ્યાન કરો છો તેથી અમો બળીએ છીએ ને દોષો બધા નીકળી ગયાં. તો આપણે પણ આવું ધ્યાન કરીએ તો સર્વે દોષો નીકળી જાય.

બીજુ ગુણાતીતાનંદ સ્વામી વાતુંમાં પ્ર. માં ૩૨ ની વાત છે પ્રત્યક્ષ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિનું ચર્ણાર્વિદથી મસ્તક સુધી પ્રથક પ્રથક ધ્યાન કરવું મન પ્રાણ આદિ ઈન્દ્રિયોને નિયમમાં કરીને રાત્રીને વિશે દિવસને વિશે ધ્યાન કરવું કેવી રીતે ? તો ચકોર બપૈયો પતંગ આદિક પોત પોતાના વિષયમાં અતિ નિમગ્ન થાય છે. તેવી રીતે યોગીએ શ્રી હરિનું ધ્યાન કરવું અને વળી સમુદ્ર મંથન કરવાં સારૂં દેવતાયો ને અસુરો તત્પર થઈને અમૃત કાઢવા મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા તેવી રીતે યોગી જે તે મનમાં દ્રઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો અભ્યાસ રાખે. ને શિક્ષાપત્રી ભાષ્યમાં આવ્યું હતું કે ભગવાન ભજ્યા વિના એકક્ષણ જાય તો પણ





અતિ રૂદન કરવા યોગ્ય છે. કેવી રીતે તો જેમ ચોર આપણો માલ લુંટી જાય છે તેમાં અતિ શોક થાય ને રૂદન કરવા યોગ્ય છે તેવી રીતે ભગવાનનું ભજન કર્યા વિના એક ક્ષણ જાય તો પણ તેવો શોક કરવા યોગ્ય છે. ને ચાર પ્રકારનો પ્રલય કરીને આપણે ધ્યાન કરવું તે પ્રલય કેવી રીતે કરવો ? તો જેમ ચાર પ્રકારના પ્રલયમાં કાંઈ પણ વસ્તુ રહેજ નહી તેવી રીતે આપણે એમ જાણવું કે કાંઈ પણ પદાર્થ છે જ નહી તો શેમાં મોહ થાય એમ જાણીને સર્વ પદાર્થમાંથી વાસના ટાળીને એક શ્રીહરિને વિશે જ પ્રીતી કરવી.

બીજુ સદ્ગુરૂ અક્ષરજીવનદાસજી સ્વામી પાસેથી સાંભળેલા જે વાત તે સ્વામીનંદ કિશોરદાસજીયે કરી કે સદ્ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીયે પોતાના એક શિષ્યને પૂછ્યું છે કે તમે ધ્યાન કરો છો ? ત્યારે તેમણે કહ્યું કે ના સ્વામી ધ્યાન તો હું નથી કરતો ને આ સેવા આદિ ભક્તિ કરૂં છું માટે મારો એકાંતીક મોક્ષ નહીં થાય ? ત્યારે ગોપાળાનંદ સ્વામીયે કહ્યું કે મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના બળતી નથી ને કારણ શરીરની વાસના બળ્યા વિના અક્ષરધામમાં રહેવાતું નથી માટે ધ્યાન કરવું પછી તે સંત ધ્યાન કરવા લાગ્યા. ને અખંડ મૂર્તિ સિધ્ધ કરી.

બીજુ પ્રેમાનંદ સ્વામી ભણવા બેઠા તે મહીનામાં પંચ સિદ્ધિ ભણી ગયા પણ મૂર્તિ દેખાતી હતી તે ન દેખાડી પછે મૂંઝાવા લાગ્યા. ત્યારે મહારાજ કહે ભણવાનું રે વાદ્યો પછે મેલી દીધું ને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા. મહારાજનો તે જ આગ્રહ છે. બીજુ સુંદરીયાણાના હેમરાજ શાહ ને પુંજા શાહના વંશના બાપાલાલભાઈ અમદાવાદથી સંવત ૨૦૦૪ ના જેઠ માસમાં આવ્યા હતા તેમણે વાત કરી કે મહારાજની મૂર્તિને વિશે વૃત્તિ સ્થિર થયા વિના અક્ષરધામમાં જવાશે નહી ને ભગવાન દયા કરીને તેડી જાશે તો પણ ત્યાં રહેવાશે નહી માટે ધ્યાન કરવાનો નિત્યે અભ્યાસ કરવો, દિવસ ને વિશે રાત્રીને વિશે કરવું ને ધ્યાન કરતાં કરતાં સુવું ને વળી જાગી જવાય તો હાથ પગ મોઢું ધોઈને વળી ધ્યાન કરવા બેસવું ને ઉંઘ ન આવે તો ધ્યાન કર્યા કરવું ને વહેલું હોય ને ઉંઘ આવે તો થોડીવાર સુઈ જાવું ને વળી જાગીને ધ્યાન કરવું

એવી રીતે નિત્યે અભ્યાસ કર્યા કરવો પણ થોડા દિવસ કર્યું ને વળી મેલી દીધું એમ ન કરવું એ તો નિત્યે કરવું ને થોડા દિવસ કરીને મેલી દે ને વળી કરે ત્યારે એટલી જ મહેનત પડે માટે નિરંતર અભ્યાસ કરવોને ક્યારેક શરીરમાં રોગાદી આપત્તકાળે આવી પડે તો બેસીને આસનવાળી ને ધ્યાન ન થાય તો વાંધો નહી. મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી ને શરીર સારૂ થઈ રહે ત્યારે વળી પૈલાંની પેઠે અભ્યાસ કરવો પણ ધ્યાન કરવુ મેલી ન દેવું એમને એમ કર્યા કરવું. મહારાજે પ્રથમ પ્ર.ના ૧૫ ના વચનામૃતમાં કહેલ છે કે સો વરસ થાય તો પણ ધ્યાન કરવું પણ કાયર ન થાવું ને બીજાનો વાદ ન કરવો. આપણે આપણું કર્યા કરવું.

સંવત ૨૦૦૪ ના વૈશાખ માસમાં વચનામૃત મધ્ય પ્રકરણનું ૪૯ મું કથામાં વંચાણું તેમાં એમ આવ્યું કે માયીક આકારના જે જોનાર છે ને માયીક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંત કોટી કલ્પ સુધી નરક ચોરાસીમાં ભમે છે. ત્યારે સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીયે પ્રશ્ન પૂછ્યો કે આપણે આ સેવા કરીયે તે તો ભગવાનને સંતના સંબંધવાળી હોય પણ તે સેવા કરતાં ભગવાનની સ્મૃતિ રાખવી તે તો બહું કઠણ છે ત્યારે તે માયીક કહેવાય, એમ પૂછ્યું ત્યારે સ્વામી શ્રી વલ્લભદાસજી સ્વામીયે કહ્યું કે તે ક્રિયા ભગવાન સંબંધી હોય તો પણ ક્રિયારૂપ થઈને કોઈ ક્રિયા ન કરવી એમ ક્રિયાનો ફેર ન ચડાવી દેવો ભલે ઓછી થાય તો પણ ભગવાનની સ્મૃતિ રાખતાં રાખતાં સેવા કરવી. એમ મહારાજનોને મોટા સંતનો સિદ્ધાંત છે. માટે સ્મૃતિયે સહિત સેવા કરવી.

સર્વ સત્સંગી ઉપર ઉપદેશ બાબતનો સદ્‌ગુરૂનો કાગળ ॥ સર્વે સત્સંગી ઉપર લખીયે છીએ સર્વે સત્સંગીની માલમ થાય જે તમો કથા વાર્તા સાંભળવાનો આગ્રહ રાખજો તથા ત્યાં કને સાધુ આવે તેમનો સમાગમ રાખજો અને જ્યારે એવો સમાગમનો જોગ ન મળે તેમ હોય ત્યારે વચનામૃત તથા ભક્ત ચિંતામણી આદિક જે શ્રીજી મહારાજનાં ચરિત્ર તથા લીલા છે જેને વિશે એવા જે ગ્રંથ તેને વાંચવા સાંભળવાનો અભ્યાસ નિરંતર રાખવો. વળી સદરૂચીવાળા સારા સારા ભગવાનના ભક્ત ભેળા થઇને જ્ઞાન ગોષ્ટી નિરંતર કરવી ને ભગવાનનો મહીમા અલૌકિક સમજીને પોતાને





ત્રણ શરીર ને ત્રણ અવસ્થા ને ત્રણ ગુણથી પર જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનીને આત્માને અક્ષર બ્રહ્મ સંગાથે એકતા કરીને તેને વિશે પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ ધારીને અંતરવૃત્તિ કરીને ધ્યાન ભજન કરવાનો અભ્યાસ રાખવો ને દેહાદીક માયીક આકાર સર્વેને ચાર પ્રકારના પ્રલય કરીને નાશવંત જાણીને સ્થિતિ કાળમાં દુખદાયક ને જન્મ મરણાદીક કલેશનાં દેનારાં એવાં સ્ત્રી ધનાદીક વિષયને અંતરમાંથી ખોટા કરી નાખીને પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિને અનંત અપાર અલૌકિક સુખમય જાણીને તેમાં દૃઢ પ્રિતી રાખવી ને દેહે કરીને વહેવાર કરવો. પણ અંતરમાંથી તો વહેવારને ખોટો કરી નાખવો. ને જો દેહાદીક માયીક વ્યવહારની અંતરમાંથી વાસના ટળશે તો જ ભગવાનને વિશે દૃઢ પ્રીતિ થાશે અને ભગવાનને વિશે દ્રઢ પ્રિતી થાશે ત્યારે ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે અને ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે ત્યારે ભગવાનના કલ્યાણકારી શુભ ગુણ તે આવશે અને અનાદીકાળના માયાના રજ તમના જે દોષ જે કામ ક્રોધાદિક એ સર્વે વિનાશ થઈ જાશે ને ભગવાનની આજ્ઞાને ભગવાનની મૂર્તિનું ધ્યાન તેણે કરીને કારણ આદિક ત્રણ શરીરને વિશે વાસના નાશ થઇ જાશે. ને ચૈતન્યમય ભાગવતીતનું બંધાશે ને અક્ષરધામને વિશે પુરૂષોત્તમ ભગવાનની સેવાને વિશે અખંડ રહેવાશે અને કોઈક માયીક વાસના રહેશે તો ભગવાનના ધામમાં જાતાં વિઘ્ન થાશે. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય એ ત્રણ અંગે સહીત નિષ્કામ ભક્તી એ ચાર સંપૂર્ણ થાશે ત્યારે વાસના તમામ નાશ પામી જાશે ને એક ભગવાનની સેવાની વાસના દૃઢ થાશે માટે અતિશે દુર્લભમાં દુર્લભ આ સત્સંગ આપણને પ્રાપ્ત થયો છે. તેમાં પણ એકાંતીકપણું આવવું એ અતિ દુર્લભમાં દુર્લભ છે કેમ કે અનાદીકાળથી જીવ માયા વેષ્ટિત: છે.

તે કહ્યુ છે કે,

અનાદીકાળ તો જીવો માયયા પરિ વેષ્ટિત :

કદાસ્ય માયાઓ ગોડભતૂ ઈતી પ્રશ્નોન ઓચિત: ॥ (૧)

જે જગતની વાસનાયે કરીને વ્યાપ્ત થઈ ગયો છે તે માટે એ સર્વે જગતની વાસના ટાળીને એક પુરૂષોત્તમ ભગવાનની જ વાસના કરવી તે અતિ કઠણ છે ને

ઇંદ્રિયો અંત:કરણને જીવ એ માયાને વિશે સદાય આશક્ત છે. માટે પોતાને બ્રહ્મરૂપ માનીને પુરૂષોત્તમ નારાયણનું ધ્યાન કર્યા કરવું ને તે અંગ નિરંતર વૃદ્ધિને પામે તેને અર્થે નિરંતર સંત સમાગમ તથા નિરંતર કથા વાર્તાનો જોગ રાખવો એમાં કોઈ વાતની આળસ રાખવી નહી.

બીજુ સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામીની વાતુમાં વાત છે કે ભગવાનની મૂર્તિના ધ્યાન કર્યા વિના અનંત કોટી બ્રહ્માંડોનો પ્રલય થાય એટલી આવરદા ભોગવે તથા કરોડો કલ્પો જાય તે પણ ધ્યાન કર્યા વિના અવ્યક્ત રાગ ટળતા નથી. તથા કારીયાણીના વચનામૃત ૧૨ નામાં પણ તેજ વાત છે કે તે ધ્યાન કર્યા વિના કારણ શરીરના રાગ ટળતા નથી તે રાગ ટળ્યા વિના શ્રીજી મહારાજ ધામમાં તેડી જાશે તો પણ ત્યાં રહેવાશે નહિં માટે હવે તો જેમ બને તેમ ધ્યાન કરવાનો વિશેષ ખટકો રાખવો તે આજ વખત સારો છે. ને આપણાને જેવો જોઈએ તેવો યોગ મળ્યો છે. માટે આપણે ધ્યાન કરવામાં વિશેષ કાળજી રાખવી.

બીજુ અપારાનંદસ્વામી વાતું ન હોતા કરતા તો પણ તેમના દર્શનથી તથા તેમના વર્તાત જોઈને કેટલાંક ઉમરેઠના ભણેલા બ્રાહ્મણો સત્સંગી થયા ને બીજા મોટા મોટા શાસ્ત્રી આદિથી ન થયા તે આ સ્વામીથી થયા. તથા સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાત છે કે બીજાને જેમ એક ક્ષણમાત્ર દેહ નથી વીસરતો તેમ અમને ક્ષણ માત્ર ભગવાન વીસરતા નથી તે ગુણ શીખવા. તથા સદ્‌ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાતુમાં છે કે જગતનાં સુખથી અનાદીકાળનું અંત:કરણ વસાઈ ગયું છે તે અંત:કરણ અભડાઈ ગયું છે તે આવી રીતે ધ્યાન કરવાથી શુદ્ધ થાય છે.

તથા મુક્તાનંદ સ્વામીએ પગે ઘુઘરા બાંધ્યા તથા હાથે કડતાલ લીધુ ને ગાન કરતા જાય ને પગે કરીને ગુલાલ ઉપર હાથીનું ચિત્ર કર્યુ તેમ ભગવાનમાં વૃત્તિ રાખવીને દેહ સબંધી ક્રિયા કરવી. ને ભગવાનની મૂર્તિ સંભાળવાનો અભ્યાસ રાખવો.

તથા પ્ર.પ્ર.ના ૨૬ ના વચનામૃતમાં વાત છે કે ભગવાનનું ચિંતવન કરતાં કરતાં શૂન્ય ભાવને પામી જાય ને શૂન્યમાં પ્રકાશ દેખાય છે ને પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાયં છે માટે બીજું સર્વે મૂકીને અખંડ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.





બીજુ ગ.પ્ર.પ્ર.ના ૨૭ ના વચનામૃતમાં છે કે આવું ધ્યાન કરે છે તેના નેત્રમાં ભગવાન જોનારા છે તથા પગમાં ચાલનારા બોલનારા આદિ સર્વે ઇંદ્રીયોમાં ભગવાન અખંડ રહ્યા છે. તથા પુરૂષોત્તમ પ્રકાશનાં ૪૧-૪૨ ના પ્રકારમાં પણ છે કે સંત બોલે તે ભેળો હું બોલું છું. જોવે તે ભેળો હું જોઉં છું. ચાલે તે ભેળો ચાલુ છું જમે તે ભેળો હું જમું છું ને સંત હું અને સંતમાં હું એમ સર્વે ઇંદ્રીયોમાં ભગવાન આવા સંતમાં રહે છે ને ગૃહસ્થ હોય ને આવુ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે તો તેના અંતરમાં પણ ભગવાન અખંડ રહે છે. ત. પંચાળાના ૪ થા વચનામૃતમાં બ્રહ્માનંદ સ્વામીયે પૂછ્યું કે ભગવાનનો નિશ્ચય કેમ કરવો ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે તેજોમય એવું અક્ષરધામ તેને વિશે તેજોમય મૂર્તિ છે તે કેવા છે તો આ ચક્ષુયે કરીને તે દેખાય તે વાનથી તથા આ કાને સંભળાય તેવા નથી. તથા આ ત્વચાયે સ્પર્શ થાય તેવા નથી તથા આ નાસીકાયે સુગંધ લેવાય તેવા નથી. તથા આ જીભ વર્ણન કરાય તેવા નથી તથા મનના સંકલ્પમાં આવે તેવા નથી. તથા ચિત્તના ચિત્તવનમાં આવે તેવા નથી તથા બુદ્ધિના નિશ્ચયમાં આવે તેવા નથી તથા અહંકારે કરી અહંકાર ધરાય તેવા નથી આદિ ઇંદ્રીયો અંત:કરણથી અગોચર છે કેતાં તે દેખાય તેમ નથી. ત્યારે કેમ દેખાય? તો આ માયીક ઇંદ્રીયો જે નેત્ર આદિક બુદ્ધિ આદિને બાળીને પોતે નિરાકાર તેજના સમોહરૂપ જે અક્ષરધામ તે રૂપ પોતે થઈને જેમ માનસી પુજા વૃત્તિ દ્વારે કરાય તેવી જ રીતે આ ધ્યાન પણ વૃત્તિ દ્વારા કરવું. ને તેમ ન કરે ને આ માયીક નેત્રે જુવે તો તો તે પોતાના નેત્ર આદિનો આકાર ટળે નહી ત્યાં સુધી અવ્યક્ત રાગ ટળે નહી તેવી જ રીતે લોયાના સાતના વચનામૃતમાં પણ તેજ વાત છે કે આ માયીક ઇન્દ્રીયો અંત:કરણથી પર જે જીવ સતા જે અનુભવ જ્ઞાને કરીને ભગવાન જણાય છે તથા ગ.પ્ર.ના ૫૧ના વચનામૃતમાં પણ કહેલ છે કે ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે. તે તો સર્વેનો ભાવાર્થ એ છે કે આ ચક્ષુ આદિ ઈન્દ્રિયો તથા બુદ્ધિ આદિ અંત:કરણ પર જે તેજોમય અક્ષરધામરૂપ થઈને વૃત્તિ દ્વારા જેમ માનસીપૂજા કરાય તેવી જ રીતે વૃત્તિ દ્વારા ધ્યાન કરવું પણ આ માયીક નેત્ર આદિથી જોવાય તેવા નથી ને અંતરમાં ઉંડી વૃત્તિથી તેજોમય અક્ષરધામ રૂપ તેજના સમોહ ને વિશે તેજોમય

મૂર્તિ ને વૃત્તિ દ્વારા જુએ ત્યારે જ માયીક નેત્ર આદિ આકારવાળા દેહનો નાશ થાય છે. ને ત્યારેજ અંતર ઓગળે છે. ને અવ્યક્ત રાગ ટળે છે. તે વિના બીજા કોટી ઉપાયથી રાગ ટળતા નથી. ને ત્યાં સુધી ભગવાનની સેવામાં રહેવાતું નથી. ને તે મૂર્તિને કેવી રીતે જુએ તો પોતે જેમ ધ્યાન કરવા બેસે ત્યારે બેઠો હોય તેમ તેજને વિશે બેઠા જુએ, તથા ઉભો હોય તેમ મૂર્તિને ઉભા જુએ, ચાલતો હોય ત્યારે ભગવાનને ચાલતા જુએ, સૂતો હોય ત્યારે તે તેજને વિશે ભગવાનને સુતા જુએ આદિ ક્રિયામાં તે તેજને વિશે મૂર્તિ પાછી વૃત્તિથી વૃત્તિ દ્વારા જુએ પણ આમ પોતાની સામે આ માયીક નેત્રની સામે ન જુએ ને આ માયીક નેત્રથી ન જુએ, વૃત્તિ દ્વારા જુએ એમ ગ.મ.પ્ર. ૧૩ ના વચનામૃતમાં કહેલ છે તે આવુ ધ્યાન થાશે ત્યારે જ રાગ ટળશે ને ભગવાનની સેવામાં રહેવાશે.

બીજુ ચુડાના દીવાન હતા. તે અઠાર કલાક સુધી એક જ આસને બેસીને ધ્યાન સિદ્ધ કર્યુ હતું તેવો અભ્યાસ આપણે ધ્યાન કરવાનો રાખવો તો જરૂર ધ્યાન થાશે.

બીજુ સદગુરૂ ગુણાતીતાનંદ સ્વામીની વાતુમાં વાત છે કે ભગવાનની મૂર્તિના ધ્યાન કર્યા વિના અનંત કોટી બ્રહ્માંડોનો પ્રલય થાય એટલી આવરદા ભોગવે તથા કરોડો કલ્પો જાય તો પણ તે ધ્યાન કર્યા વિના શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે તો પણ ત્યાં રહેવાશે નહીં માટે હવે તો જેમ બને તેમ તે ધ્યાન કરવાનો વિશેષ ખટકો રાખવો. માટે આજ વખત સારો છે. માટે ખુબજ કાળજી રાખી ધ્યાન કરવું.

અપારાનંદ સ્વામી વાતું નહોતા કરતા તો પણ તેમના દર્શનથી તથા તેમના વૃતાંત જોઈને કેટલાક ઉમરેઠના ભણેલા બ્રાહ્મણો સત્સંગી થયા, જે બીજા મોટા મોટા શાસ્ત્રી આદિથી ન થયાં તે આ સ્વામીથી થયા.

બીજુ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાત છે કે બીજાને જેમ એક ક્ષણમાત્ર દેહ નથી ભૂલાતો તેમ અમને ક્ષણ માત્ર ભગવાન વિસરતા નથી તે ગુણ શીખવા.

ગ. છે પ્ર. ના ૩૧ મા વચનામૃતમાં છે કે સમુદ્રમાં પાણીના મોટા મોટા તરંગ ઉછડે છે તેમ પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને ભગવાનની





મૂર્તિમાંથી તથા અક્ષરધામરૂપ જે પોતાનો જીવાત્મા તેમાંથી તેવા જ તેજના મોટા મોટા તરંગ ઉછળે છે. તેમાં ભગવાનની તેજોમય મૂર્તિ છે તેને જોવી.

તથા માળીયાના મોળજી ઠાકોર સારા ભક્ત હતા,તે અખંડ મૂર્તિ દેખતાં હતા પણ નાના છોકરાને દંડવત કરતા એવો મહીમા સમજે તેને વિઘ્ન ન લાગે ને પોતાને મોટો જાણે તો વિઘ્ન લાગે.

બીજુ સમુદ્રના જેવી સ્થિતિ કરવી. તે સમુદ્રમાં ચોમાસામાં ગમે તેટલી નદીઓ આવે તો પણ જરાયે વધે નહીં તેવી રીતે માન અપમાન, હાની-વૃદ્ધિમાં એક સ્થિતિ રાખવી.

હંસના જેવા ગુણ શીખવા તે શું તો હંસ હોય તે મોતી ચણે પણ જીવડા ચણતા નથી જીવડાં મૂકી દે છે. તથા દુધ પાણી ભેળા હોય તો પણ હંસ દુધ પીએ પણ પાણીને નોખું કરી નાંખે છે. તેવી રીતે દુધ રૂપી તથા મોતી રૂપી જે સારા ગુણો તે સર્વમાંથી લઈ લેવા ને જીવડા તથા પાણી રૂપી જે દુર્ગુણો તેને જોવા નહીં તે ગુણ શીખવા.

ત. વાલીયો ભીલ હતા તે પ્રથમ તો બહુજ પાપી હતા, તે પંચ મહાપાપ કરેલા હતા પણ તેને નારદજી મળ્યા તો તેને નારદજીએ કહ્યું કે તમો આ આંબલીના ઝાડને પ્રદક્ષિણા ફરોને અખંડ રામનું નામ લ્યો, તો સર્વ પાપ બળી જાશે ને ભગવાન દર્શન દેશે. તે વિશ્વાસ રાખીને અખંડ રામનું નામ લેતાં પ્રદક્ષિણા કરવા લાગ્યા ને વળી નારદજીએ કહ્યું કે આ ને આંબલીના જેટલા પાન છે તેટલા જુગ જાશે ત્યારે ભગવાન દર્શન દેશે એમ કહ્યું તો પણ તે વાલીયો ભીલ અતિ રાજી થયાને તે વાલીયાની આવી શ્રદ્ધા જોઈ ભગવાને તત્કાળ દર્શન દીધાં ને તે વાલીયાના સર્વ સાધન પૂરાં થઈ ગયાં.

બીજુ મુક્તાનંદ સ્વામીએ પગે ઘૂઘરા બાંધ્યા તથા હાથે કરતાલ લીધું ને ગાન કરતા જાય ને પગે કરીને ગુલાલ ઉપર હાથીનું ચિત્ર કર્યુ. તેમ ભગવાનમાં વૃત્તિ રાખવી ને દેહ ક્રિયા કરવી. પણ ભગવાન ભુલીને દેહ ક્રિયા ન કરવી.

બીજુ હૃદય પ્રકાશ ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે જ્યાં સુધી

અંતઃકરણ છે ત્યાં સુધી ઘાટ રહે છે. પણ તે જો આવું ધ્યાન, ભજન અતિ કરે તો જ તે અંતર ઓગળી જાય છે ત્યારે જરા પણ ભગવાન વિના બીજો ઘાટ થાતો નથી, ત્યારે તેના શરીરની પોતાને ખબર રહેતી નથી. ને પ્રારબ્ધનો પણ નાશ થઈ ભગવાનના ધામમાં જાય છે. તે માટે હવે તો બીજા સર્વે કામ મૂકીને આ એક જ અખંડ ભગવાનનું ચિંતવન કરવાનો અભ્યાસ વિશેષ રાખવો ને આ વાત ગઢડા પ્ર.પ્ર.ના ૨૬ ના વચનામૃતમાં કહેલ છે.

સવારે ઉઠીને પલાંઠીવાળી ને સાવધાન થઈને થોડીવાર ધ્યાન કરવું પણ પરબારૂ ઓઠીંગણ ન દેવું, ને આ લોકમાં કોઈ મનુષ્ય જેમ ઉઘડું કામ લે, તે રાત દિવસ, તથા ટાંણું-કુટાંણું, ટાઢ તડકો જોયા વિના જેમ જલદી કામ કરે છે તે એમ જાણે છે કે આ કામ જલદી કરી લઉં તો મને ઘણા રૂપિયા મળે તેવી જ રીતે આપણે પણ દિવસ, રાત, ટાઈમ વગર ટાઈમ, ટાઢ તડકો આદિ દુઃખ ન ગણીને હમણાં કાળ આવશે એમ જાણીને જેમ બને તેમ આ અખંડ ભજન કરવાનો અભ્યાસ રાખશો ને તેઓને તો રૂપિયાનો લોભ હતો, તે તો નાશવંત હતો પણ આપણે તો અવિનાશી જે ભગવાનનું ધામ પામવું છે માટે આપણે ભજન કરવામાં કાળજી રાખવી. બીજુ આથી પહેલાં ચોર્યાસી લાખ જન્મ ઊંઘમાં તથા આળસમાં તથા આ લોકમાં દેહના તાલ પૂરા કરવામાં ત. વિષય ભોગવવામાં ખોઈ નાંખ્યા છે ને હવે જો ભગવાન ભજવાનો ખટકો બરાબર નહિં રાખીએ તો કસર રહી જાશે તો નવ મહિનાની કેદ ભોગવવી પડશે કેતાં જન્મ લેવો પડશે એમ જાણીને બરાબર ખટકો રાખવો ને અતિમાંદા થઈએ તો પણ બેસીને કદાચ ન થાય તો સુતા સુતા પણ આવું ધ્યાન તથા ચિંતવન અતિ વેગે કરીને કરવું પણ તે સિવાય આ લોકમાં અવશ્ય ન ચાલે તેટલું બોલવું-જોવું, સાંભળવું પણ વધારે નહિં ને દેહના સુખનું કાંઈપણ ચિંતવન કરવું નહિ ને ભગવાનનું જ અખંડ ચિંતવન તથા પ્રાર્થના કરવી.

બીજુ આત્મારૂપે થઈને ધ્યાન, ભજન, ભક્તિ કરવી તે આત્માની વિગતી એ છે કે હું ધર્મી નથી, અધર્મી નથી. આ કામ કર્યુ છે કે આ કામ કરવું છે આદિ કોઈ સંકલ્પ ન રાખે ને અખંડ ભગવાનનું ચિંતવન કરે. બીજુ આપણે એમ વિચાર કરવો





કે હું તો આત્મા છું, મેં કાંઈ જોયું નથી તથા કાંઈ સાંભળ્યું નથી કહ્યું નથી એમ વિચારીને તે વિક્ષેપને ટાળી નાંખવો. બીજુ માણસાના નરસિંહભાઈ હતા તે આવી રીતે ઉત્થાન ટાળીને ધ્યાન કરતા તે છ કલાક સુધી ખબર ન પડતી તથા ચુડાના દિવાન હતા તેમણે અઢાર કલાક સુધી એકજ આસને બેસીને ધ્યાન સિદ્ધ કર્યુ હતું એવો અભ્યાસ આપણે ધ્યાન કરવામાં રાખવો.

બીજુ ભગવાન કહે છે કે, જેને આત્મા પરમાત્માનું યથાર્થ જ્ઞાન છે તે તો દિવ્ય દેહે કહેતાં ભાગવતી તનુએ મારા અક્ષરધામમાં મારી સેવામાં રહે છે ને તે ભક્ત એક મારે સુખેજ સુખીયો છે. તેજ ભક્ત મને અતિ પ્રિય છે એમ ભગવાને કહ્યું છે તેવી જ રીતે આપણે પણ ધ્યાન કરવા બેસવું, તે કેવી રીતે, ભાવના કરવી, તે સદ્ગુરૂ નિર્ગુણદાસજી સ્વામીએ ધ્યાન કરવાનું કહ્યું છે તેમાં તથા તેમની વાતુમાં જેમ ધ્યાન કરવાનું કહ્યું છે તથા સદ્ગુરૂ સ્વામી ગોપાળાનંદ સ્વામીએ ધ્યાન કરવાની રીત કહી છે આદિ સર્વેમાં એમ છે કે પોતાના આ માયિકદેહના ભાવ ટાળવા, તે માટે પોતાને નિરાકાર કહેતા આ માયિક હાથ, પગ આદિ ઈન્દ્રિયોવાળો દેહ તે બળી ગયો ને હું તો તેજોમય જે અક્ષરધામ છું, તેજ મારું સ્વરૂપ છે તેને વિશે તેજોમય દિવ્ય દેહે ભગવાન અખંડ રહ્યા છે તેને વૃત્તિ દ્વારા ધારવા, તે પોતાને નિરાકાર અક્ષરધામ રૂપ માનવું, તે તો આ દેહને માયિક ભાવ ટાળવા માટે છે. પણ આપણે જ્યારે ધામમાં જાશું ત્યારે તો જેવો મહારાજનો તથા મુક્તોનો જે દિવ્ય આકાર જે ભાગવતી તનું છે તેવો જ આપણો દિવ્ય દેહે જે ભાગવતી તનુ વડે તે ભગવાનની સેવામાં રહેવું એવી ભાવના રાખવી એમ ગ.પ્ર.પ્ર.પહેલા વચનામૃતમાં કહેલ છે. તે ભકત ભાગવતી તનુએ મારી સેવામાં રહે છે, એમ જ આપણે ભાવના કરવી કે તેજોમય ભાગવતી તનુવાળા જે મુક્તો તે જેમ ભગવાનની સેવામાં રહેલા છે તેવી રીતે આપણે પણ દેહને અંતે ત્યાં શ્રી હરિની સેવામાં દિવ્ય દેહે રહેવું છે એમ ભાવના કરવી. ને તેજોમય જે દિવ્ય મૂર્તિ તેનેજ તે તેજને વિશે જોયા કરવી એજ શ્રેષ્ઠ ધ્યાન છે. ને તે મૂર્તિને જ સુખે સુખીયા રહેવું ને તે મૂર્તિ વિના ભલે એ તેજોમય ધામ દેખાય તથા ભલે અનંત મૂક્તો દેખાય તો પણ તેમાં કાંઈ લોભાવું નહીં

બીજુ આત્મારૂપ જે ગુણ આવે તો સર્વે ગુણ આવે આદિ ઘણાંકમાં કહેલ છે. તે માટે આપણે પણ જ્ઞાને કરીને આત્મારૂપ જ પોતાનું સ્વરૂપ માનવું પણ આ દેહને તથા દેહના સંબંધી ત. નાત, જાત, આદિ કાંઈ પણ માનવું નહિં, તે ગઢડા છે. પ્ર. ના ૩૯ ના વચનામૃતમાં કહેલ છે કે આત્મા બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, આદિ કાંઈ નથી તે એમ જ છે, એમ ન માને ને દેહરૂપ માને તો સમાધિ થાય તો પણ સુખી ન થાય એમ ગ.પ્ર. ૨૫ ના વચનામૃતમાં છે. તે ધામમા જાય તો પણ ત્યાં રહી ન શકે. ને બ્રાહ્મણ જ્ઞાતિનો હોય ને તે જો હરિજન માને તો મુરખ કહેવાય, તેમ આપણે દેહ માનીએ કે દેહની નાત, જાત, સગા, સંબંધી માનીએ તો તે બ્રાહ્મણ પોતાને હરિજન માને તે મુરખ કહેવાય, અજ્ઞાની કહેવાય, એમ આપણે અજ્ઞાની કહેવાઈએ ગ.પ્ર. ૨૦માં છે. આપણે તો પોતાનું રૂપ આત્મા જ માનવું, અક્ષરજ માનવું તે નિષ્કુળાનંદ સ્વામીએ કિર્તનમાં કહ્યું છે કે,

*"મેં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ*
*કોણ કુળને, કોણ સંબંધી, કોણ માતને તાત*
*કોણ ભાઈને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત."*

ત. બ્રહ્માનંદ સ્વામીએ ગોડીમાં કહ્યું છે કે, નાત, જાતનો ત્યાગ કરીને ગુણીયેલને ગમીયા.

બીજુ આપણી મૂળ નાત, જાત તો બ્રહ્મ છે, અક્ષર છે. ત્યાં કહ્યું છે કે 'મુકામ મૂકવું નહિં ને નિશાન ચૂકવું નહિ' ત્યાં પણ મુકામને ઠેકાણે આત્મા છે, અક્ષર છે, તે મુકામ ખરેખર તેમજ છે. તે આત્માનું મૂળ વતનનું ગામ અક્ષરધામ છે. આ તો વચમાં ખોટો ખોટો ભ્રમ પડ્યો હતો પણ હું તો આત્મા જ છું. એમ જ્ઞાને કરીને પોતાને આત્મા માનવું પણ આ દેહ ન માનવું.

ગ. છે. પ્ર. ના ૨૧ ના વચનામૃત માં પણ છે કે આત્મારૂપ જે સોનાનો દોરો તે સદાય અકળ ક્યારેય પણ ઢીલો ન પડે ત. બ્રહ્મવિલાસમાં કહ્યું છે કે

'દેહકો અભ્યાસ મીટત નીજ દાસ,
હું કે શત્રુ, અરૂ મિત્ર નાહિ નાહિ,





મેરા તેરા હૈ આત્માકી ગતિ સાધી ઔર ન ઉપાધી રાખી.

એમ પોતાને આત્મારૂપ માનીને આનંદમાં ભગવાનને સંભારવાને દેહની તો આપણે કાંઈ ચિંતા કરવી નહિં કે સુખ થાશે કે, દુઃખ થાશે, કે માન થાશે કે અપમાન થાશે, આદિ કોઈ સંકલ્પ નથવા દેવો. આપણે જ્યારે વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન અને ધન ને અનેક જન્મના કર્મતો શ્રી હરિને ચરણે અર્પણ કર્યો ત્યારે હવે આ દેહ આપણો કયાં રહ્યો એ નો શ્રી હરિનો જ છે.તે શ્રી હરિની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધને આપણે તો શ્રી હરિના બાળક છીએ તે કિર્તનમાં કહ્યું છે કે અમો તો શ્રીજીના સંતાન અમારા શ્રીજી છે ભગવાન.

બીજુ શ્રીજી મહારાજે ગ.મ. પ્ર. ના ૪૮ ના વચનામૃતમાં કહ્યું છે કે જન્મ ધર્યાનું કાંઈ નિમિત નથી તો પણ જે અખંડ ભગવાન સંભારે છે એવા સંતોના મધ્યમાં જન્મ ધરીને રહીએ.

બીજુ સ.ગુ. અક્ષરજીવનદાસજીસ્વામીએ પણ કાગળમાં લખ્યું છે. આવા જોગમાં રહીને દિક્ષા પામીને શ્રી હરિએ આવા બ્રહ્મવેતા સંતોની સભામાંને બ્રહ્મવેતાની પંક્તિમાં બેસાડ્યા તે આપણા અહો ભાગ્ય માનીને આ સર્વે સંતોના દેહના ગુણ, સ્વભાવ ન જોવા. ને એમ જાણવું કે આ સર્વે બ્રહ્મ વેતાજ છે એમ મુક્તાનંદ સ્વામીએ સત્સંગી શીરોમણી ગ્રંથમાં અ. ૧૮ માં કહેલ છે. તેમાં અદશ્ય પ્રમાણે અપાર ગુણો રહેલા છે.

બીજુ ગ.પ્ર. ના ૩૭ ના વચનામૃતમાં શ્રી હરિએ કહ્યું છે કે, જે અખંડ ભગવાન સંભારે તેવા સંતો તથા ભક્તોના ચરણની રજ નેતો અમે માથે ચઢાવીએ છીએ, ને તેને દુઃખવતાં થકા બીએ છીએ, તેના દર્શનને ઈચ્છીએ છીએ, તેના દર્શનથી અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે તે આવા ગુણ આપણે શીખવા.

બીજુ ગ. મ. પ્ર. ૪૮ ના વચનામૃતમાં કહેલ છે કે આવા સંતોને ઉઠીને અમે દંડવત કરીએ. બીજુ કારીઆણીના ૭ ના વચનામૃતમાં કહેલ છે કે, આવા સંતો સ્થાવર, જંગમમાં મૂર્તિ જ દેખે બીજુ કારીયાણી ૧૧ ના વચનામૃત માં કહ્યું છે કે એવા સંતો એક આંખનું મટકું ભરીએ એટલીવાર પણ ભગવાનને અળગા ન રાખે.

તે આવા સંતો વિના ભગવાનને પણ ન ચાલે ને એવા સંતના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલીવાર પણ ભગવાન દૂર રહી ન શકે ને જ્યાં તે સંત જાય ત્યાં શ્રી હરિ પણ સાથે જ જાય. ને ભક્તો પણ આવી રીતે ભગવાનને સંભાળે તો તેને પણ ભગવાન અખંડ દર્શન આપે.

બીજુ ગ. પ્ર. ૩૭, ૨૭, ના વચનામૃત તથા ગ. મ. ૪૮, ૪૯ તથા ૬૨ ના વચનામૃતમાં છે કે આવા ભક્તને કોઈ મનુષ્ય, કે દેશ, કાળ, કર્મ, માયા આદિ કોઈ તેને દુ:ખ દેવા સમર્થ નથી પણ ભગવાન પોતે જ એ ભક્તની ધીરજ જોવા સારૂ કાંઈક દુ:ખ પ્રેરે તો ભલે પણ બીજો કોઈ દુ:ખ દેવા સમર્થ નથી. જેમ ચક્રવર્તી રાજાની રાણી ત. પાટવી કુંવરને કોઈ પોલીસ કે ન્યાયાધીશનો કાંઈ ભય નથી તેમ આવી ભગવાનની આજ્ઞા પાળીને અખંડ ભગવાન ભજે તેવા ભક્તને કોઈ દુ:ખ દેવા સમર્થ નથી.

બીજુ ગ. મ. ના ૨૨ ના વચનામૃતમાં છે કે એક ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી તો તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે. જેમ કોઈ પાસે ચિંતામણી હોય તો તેને કેટલો કેફ રહે છે. પણ તે તો આ લોકના સુખ આપે છે. ને શ્રી હરિની મૂર્તિરૂપી ચિંતામણી તો આલોક તથા પરલોક આદિ સર્વ સુખ આપે છે. ત. સર્વે સંતો, ત. સર્વે હરિભક્તો આદિ સ્થાવર જંગમના જીવ પ્રાણી માત્રના નાડી પ્રાણ તો મારા પ્રભુ જે ઘનશ્યામ મહારાજ તેના હાથમાં છે. તે મારા પ્રભુતો મારા હૃદયમાં અખંડ રહ્યા છે. તે મારી જરૂર રક્ષા કરશે. તેની મરજી વિના કોઈ એક પાંદડું પણ તોડવાને સમર્થ નથી.

બીજુ કોઈએ ચોરી કરી હોય તો તેને ન્યાયાધીશ કે પોલિસ આદિનો ભય છે. પણ જે રાજાનો કુંવર હોય કે રાજાનો મિત્ર હોય આદિને કોઈનો ભય નથી અને તેની તો તે ન્યાયાધીશ, અથવા પોલિસ તે પણ સહાયતા કરે ને એમ જાણે કે આની સહાયતા કરશું તો રાજા આપણા ઉપર રાજી થશે તેમ જે રાજાના કુંવર આદિને ઠેકાણે આવા એકાંતિક સંત, ત. ભક્ત છે તેને તો સર્વે સંતો, સર્વે હરિભક્તો આદિ મને, વચને, દેહે કરીને દુ:ખ દેતા નથી. તે તો સામું તેના ધ્યાન, ભજનમાં સહાયતા કરે





છે ને અતિ રાજી થાય છે ને અતિ આશીર્વાદ આપે છે. માટે આનંદમાં રહી શ્રી હરિને અખંડ સંભારવા તો તેની શ્રીહરિ સર્વ પ્રકારે રક્ષા કરે છે. તે લખ્યુ છે કે બુરાનપુરમાં હરિભક્તોને કેદમાં પૂર્યા હતા તે શ્રી હરિએ તે સર્વે ને કેદમાંથી છોડાવ્યા એવા દયાળુ ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે.

ઓ હોહો આવા દયાળુ ઘનશ્યામ મહારાજ આપણાને મળ્યા છે તો પણ હજુ ક્યારેક મન ડગમગ કરે છે, કે કાંઈ વિઘ્ન થાશે તો, તે મનને ડગમગ ન થાવા દેવું એ તો શ્રી હરિ ગઢપુર હતા, પણ અક્ષરધામમાં હોય તો પણ એવા ભક્તની રક્ષા કરવા એક મીનીટમાં આવે છે તેજેમ ગજને ગ્રાહથી મુકાવ્યો તેમ ભગવાન ભક્તની રક્ષા કરે છે.

બીજુ એક સિંહનું બચ્ચું હતું તે બકરાના ટોળામાં ભળી ગયું તે પછી જ્યારે સિંહનું ટોળું આવ્યું ત્યારે તેને બીજા સિંહે કહ્યું કે આપણે તો સિંહ છીએ ત્યારે પોતાને ભાન આવ્યું ને પછે બહુ બળ આવી ગયું તેમ આપણે તો આત્મા છીએ, અક્ષર છીએ, શ્રી હરિના દાસ છીએ, એવું જ અભિમા રાખવું પણ આ પંચભૂતના દેહને પોતાનું રૂપ ન માનવું.

બીજુ જેના ઉપર સંતો ત. શ્રી હરિ રાજી થાય છે તે મોટી પદવીને પામે છે તે ગ. મ. ૪૮, ૪૯, ૬૨ આદિમાં કહ્યું છે આવા ભક્તને કાળ, કર્મ, માયા, કોઈ દુ:ખ દેવાને સમર્થ નથી. બીજુ ગ. પ્ર. પ્ર. ના ૫૮ માં કહ્યું કે સંત રાજી થાય તો, રાંક હોય તે રાજા થાય. ગમે તેવું નબળું પ્રારબ્ધ હોય કે ગમે તેવું દુ:ખ આવનારું હોય તો પણ નાશ થઈ જાયને અતિ મોટી પદવીને પામે છે.નારદજી દાસી પુત્ર હતા તો પણ સંતોને રાજી કર્યા, તો અતિ મોટા સંત કહેવાયા. ને શ્રી હરિનું મન કહેવાયા ને નિરાવરણ દૃષ્ટિવાળા થયાં.

બીજુ પ્રહલાદજી દૈત્ય કુળમાં જનમ્યા હતો પણ તેમણે ભગવાનની ભક્તિ કરી તો અતિ મોટી પદવીને પામ્યા ને અગ્નિમાં પણ બળ્યા નહિં. માટે આપણે આનંદમાં રહી ભજન કરવું.

બીજુ વાલ્મિકી ભીલ હતા, તેમણે બ્રાહ્મણ આદિ કેટલાકને મારીને જનોઈની

કોઠી ભરી હતી, આદિ કેટલાંક પાપ કર્યા હતા પણ તેમને જ્યારે નારદ ઋષિ મળ્યાને, રામ ભગવાનનું ભજન કરવા મંડ્યા તો સર્વ પાપ બળી ગયા ને વાલ્મિકી ઋષિ કહેવાયા ને રામ ભગવાનનો જન્મ થયા મોર સપ્ત કોટી રામાયણ કરી એવા ત્રિકાળદર્શી થયા.

બીજુ ધ્રુવજીએ પણ સંતોને રાજી કર્યા તો મોટી પદવીને પામ્યા. વર્તમાનકાળે તો લાખો હરિભક્તો, સંતો ને શ્રી હરિને, ત. મોટા સંતોને રાજી કર્યા તે આ લોકમાં પણ અતિ સુખીયા થયાને પરલોકમાં પણ સુખીયા થયા માટે જે શ્રી હરિને તં. મોટા સંતોને રાજી કરે છે ને તેના આશીર્વાદ મેળવે છે. તે તો ક્યારેય અધોગતિને પામતો જ નથી એ તો અતિ મોટી પદવીને જ પામે છે.

બીજુ ઉપરીચર વસુ રાજાએ કહ્યુંકે, હિંસામય યજ્ઞ પણ કહ્યા છે એમ જરા ખોટુ કહ્યું તેથી પાતાળમાં પેસી ગયા તો પણ ત્યાં રહ્યા થકા પાંચ વખત માનસી પૂજા, ધ્યાન આદિ અખંડ ભગવાન ભજતા તો તેના પાપ બળી ગયાને પહેલાં હતી તેવી જ સ્થિતિને પામ્યા.

બીજુ નાગલપુરના પટેલ કાનજીભાઇ તે કુવામાં મશીનનું લાકડું સરખું કરવા ગયા તે ભાંગી ગયું ને સર્વ મશીનનો ભાર આદિ ઘણોક ભાર હતો પણ આ ભક્ત અખંડ ભગવાનને સંભારવા લાગ્યા તેથી બીજાને ખબર પડી તો, દોરડું કુવામાં નાખ્યું ને તે દોરડું ઝાલ્યુ તે ભેળું તે લાકડું, કુવામાં પડ્યું, પણ ત્યાં સુધી કેટલીયવાર સુધી શ્રી હરિએ રક્ષા કરી તેવી જ રીતે આપણે પણ શ્રી હરિને સંભારવા જેથી શ્રી હરિ સારૂ કરે.

બીજુ ગઢડામાં આત્મપ્રિયદાસજી સ્વામી હતા તે પંક્તિમાં સૌ સંતોની હારે જે મળે તે જમી આવે ને પછી અખંડ ભજન (ભગવાનનું) કરે, તેવી રીતે સંતોયે પણ સૌની હારે જે સેવા થાય તે કરી આવીને આવા બ્રહ્મવેતા સંતોની પંક્તિમાં જે મળે તે જમી આવીને પછી અખંડ શ્રી હરિને સંભારવા પણ કોઈની પંચાત કરવી નહિં ને સાંભળવી પણ નહિં અને આગળ પછી આમ થાશે કે આ સુખ થાશે કે દઃખ થાશે આદિ કાંઈપણ સંકલ્પ ન થાવા દેવો કેમ કે આ દેહનો એક ઘડીનો નિર્ધાર નથી માટે





આજે જે કરવાનું હોય તે કરવું, ને કાલે આમ કરશું કે આમ થાશે આદિ કોઈ સંકલ્પ ન થાવા દેવો ને અખંડ શ્રી હરિને સંભારવા. તો તે સંત તથા ભક્તની ભગવાન સર્વે પ્રકારે રક્ષા કરે છે ને સુખીયા કરે છે.

સત્સંગીજીવનના બીજા પ્રકરણમાં ૫૧ મા અધ્યાયમાં, ચોથા પ્રકરણના ૭૨/૭૩ અધ્યાયમાં નિર્વિકલ્પ સમાધિવાળા જે સિદ્ધ દશાવાળા જે એકાંતિક સંત ભક્તના લક્ષણ કહ્યા છે તે, પોતાના દેહને પણ ભગવાનના આકારે દેખે. બીજા સર્વે મનુષ્ય પશુ આદિ સર્વેને એક ભગવાનરૂપે જે દેખે તે શું સર્વે ભગવાન થઈ ગયા ? ન થયા પણ આવા ભક્તને આવા ધ્યાનના બળે એવી સ્થિતિ છે તેથી તેમ થાય છે તે આપણે એવા ગુણ શીખવા તે આવા ગુણ એક બ્રાહ્મણ આદિ ઉંચી જ્ઞાતિવાળા ને આવે છે એમ નથી એ તો જે આવા ધ્યાનનો અભ્યાસ કરે છે તે સર્વેને આવે છે. નાત જાતનો ભેદ નથી બધાથી ધ્યાન થાય છે.

બીજુ છાંણીમાં તે વડોદરા પાસે તે છાંણી ગામ છે તેજોભાઈ હરિજન હતા તેમને સાત દિવસની સમાધિ થાતી. તે ભગવાન કહે નાત જાતને જાંણું નહિં, મને ભજે તે મારો. તે આવા ભક્તને કોઈ દુઃખ દેતો તેને તો કંઈ નથી પણ ભગવાન ખમી ન શકે તે કહ્યું છે કે હરિજનને હૈયે હોય નહિં દુઃખ દેતલને દુઃખ થાય, જેમ કેગરના કાષ્ઠને બાળતાં અગ્નિ ઓલાય કેગર નામનું લાકડું અતી ઠંડુ હોય તેને અગ્ની બાળી શકે નહી. તેમ આપણે ભગવાનનું ધ્યાન કરીએ તો માયાના વિકાર નડે નહિ.

સંતોએ હાલતાં કોઈને ભટકાઈએ નહિં એટલું જોવું અને ચાલતા થયા એટલે પરબારા તેજને વિશે મૂર્તિ ધારીને જ ચાલવું ને પાંચે કથા બેસે ત્યાંથી ઉઠે ત્યાં સુધી આંખો મીચીને કથા સાંભળવીને ઊંઘ જેવું થાય તો ઉભા થઈને આંખો મીંચીને કથા સાંભળવી. તથા હરિભક્તો એ પણ હાલતા ચાલતા ભગવાનને સંભાળવાનો અભ્યાસ રાખે તો જરૂર ભગવાન દર્શન આપે છે.

બીજુ હૃદયપ્રકાશના પ્ર.૧૨ માં ધ્યાનની વાતમાં કહ્યું છે કે આવી રીતે એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાશે ત્યારે જ સર્વે સંકલ્પ ટળી જાશે ને સર્વે પાપનો નાશ

થઈ જાશે ને ધામને પામશે. તેવી જ રીતે આપણે પણ તેમ કરવાનો અભ્યાસ રાખવો.

બીજુ ગ. પ્ર. ના ૨૬ ના વચનામૃતમાં જેમ અખંડ ચિંતવન કરવાનુ લખ્યુ તેમ ઉપશમ કરવાનો અભ્યાસ રાખવો. તે આ કાને કરીને અખંડ ભગવાનની કથા સાંભળવી, ભગવાનની વાતો સાંભળવી, તે વિના જાણે આ કાને કાંઈ સાંભળતો નથી. ને નેત્રે કરીને અખંડ ભગવાનની મૂર્તિજ જોવી. ને જેમ હૃદયપ્રકાશના ૧૦ના પ્રકરણ માં કહ્યું છે તેમજ કરવું ને તે સિવાય જાણે દેખતો જ નથી. જીભે કરીને અખંડ ભગવાનનાં જ ગુણો ગાવા તે સિવાય જાણે મૂંગો જ છું. સંતોએ જમવું તે અવશ્ય ભૂખ લાગી હોય તેટલું જ જમવું ને અડધો આહાર કરવો, ને ઔષધની પેઠે જમવું ને પછે જો સંકલ્પ કરે તો એમ જાણવું કે કાંઈ વસ્તુ જ નથી. ને હરિભક્તો એ પણ યુક્ત આહાર કરવો પણ બહુ ઘણો આહાર ન કરવો.

બીજુ નાસિકાએ કરીને ભગવાનની પ્રસાદીના પુષ્પની સુગંધી લેવી. ત્વચાએ કરીને ભગવાન અને સંતોના ચરણનો જ સ્પર્શ કરવો તે વિના બીજે કાંઈ નથી. ને હાથે કરીને અખંડમાળા ફેરવવી, ભગવાન અને સંતોની સેવામાં જ રાખવા. પગે કરીને ભગવાન અને સંતોને દર્શને જવું. શ્રી હરિની પ્રદક્ષિણા આદિ સેવામાં જ રાખવા. મનમાં અખંડ ભગવાનનું જ મનન કરવું. બુદ્ધિમાં ભગવાનનો જ નિશ્ચય કરવો. ચિત્તમાં ભગવાનનું ચિંતવન કરવું. અહંકાર તે હું ભગવાનનો ભક્ત છું એવો જ કરવો ને તે વિના આ લોકમાં અવશ્ય ન ચાલે, તથા આ દેહ સંબંધી અવશ્ય ન ચાલે તેવું હોય તો બોલવું, જોવું, સાંભળવું, રાખવું ને તે વિના ભગવાન અને મુક્તો વિના ત્રિલોકીમાં કંઈ પણ વસ્તુ છેજ નહિ એમ જાણીને શ્વાસોઉચ્છાસે અખંડ ભજન કરવાનો, ને મૂર્તિની સ્મૃતિ રાખવાનો ત. ઉપશમ કરવાનો અભ્યાસ રાખવો ને આ લોકમાં તો જડભરતની પેઠે વર્તવાનું સંતો તથા ભક્તો ને કહ્યું છે. એમ કરવું ને સર્વે નાના મોટા હરિભક્તોને મોટા જાણવા ને એમ જાણવું કે આ તો સર્વે અક્ષરધામના મુક્તો છે પણ શ્રી હરિએ તે સર્વેનું ઐશ્વર્ય રોકી રાખ્યું છે. પણ આ તો મોટા છે એમ જાણીને કોઈના દેહના સ્વભાવ જોવે નહિં ને સર્વના દાસનો દાસ થઈ રહે તો જ તેને વિઘ્ન ન લાગે ને બીજાના દોષ જોવા જાય તો સ્થિતિથી પડી જાય. ને અઠવાડીયે





મોટા સંતોની પાસે જઈને પા કલાક વાતું સાંભળવીને ભૂલ હોય તો ટાળવી. ને તે ભજન કરતાં કાંઈ વિઘ્ન થઈ જાય તો તે વિઘ્ન કેમ ટાળવું, તો પં.વ. ચોથામાં છે કે કોઈ વિક્ષેપ થાય તો આવી રીતે શ્વાસોઉચ્છાસે અખંડ ભજન કરવું. ને મૂર્તિની સ્મૃતિ રાખવી તો તે ટળી જાય છે પણ તે વિના બીજા ઉપાયથી બરાબર નથી ટળતી. માટે આવું ભજન અખંડ કરવું, ને ભગવાનની ઉપાસના કરવી ઉપાસનાને એ અર્થ કે સદાય ભગવાનને સમીપે રહેવું એજ સર્વથી શ્રેષ્ઠ છે.

બીજુ કારીયાણીના છઠ્ઠા વચનામૃતમાં છે કે ભગવાનને ભગવાનના ભક્ત વિના સ્ત્રી આદિક જે માયિક સુખ તે તણખલા જેવું લાગે છે તે માટે હવે તે સર્વે સુખનો ત્યાગ કરી ભગવાનનું ભજન કરવું ને છે.પ્ર.ના ૩૧ના વચનામૃતમાં છે કે સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના મોટા મોટા તરંગ, ઉછળે તે આવું તેજોમય અક્ષરધામરૂપ પોતે થઈને તેજના સમૂહને જ ચારેકોરે જોવે ને તેને વિષે સુવર્ણના સમાન તેજસ્વીને અંગોઅંગમાંથી શીતળ તેજનાં કિરણો નીકળે છે એવી ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું તે ગ. પ્ર. ના ૨૬ ના વચનામૃતમાં છે કે આવી રીતે એક ભગવાનનું અખંડ ચિંતવન કરતાં કરતાં શૂન્ય ભાવને પામી જાય છે કહેતાં સ્થિર થઈ જાય છે ત્યારે તેને પિંડ, બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી ને પછી તેમાં તેજોમય પ્રકાશ દેખાય છે ને તે પ્રકાશને વિષે તેજોમય મૂર્તિ દેખાય છે. તેજ મૂર્તિને અખંડ જોયા કરવી. તે નિષ્કુળાનંદ સ્વામીએ હૃદયપ્રકાશમાં પ્રકરણ ૧૨ માં કહ્યું છે તથા ભૂમિકામાં કહ્યું છે કે આ ઉપર કહ્યું તેમ ભગવાનનું ધ્યાન ત. ચિંતવન કરવાથી સર્વે ઘાટ માત્ર ટળી જાય છે ને, ચાર અંતઃકરણ પણ ઓગળી જાય છે કહેતાં તે કાંઈ કરવા સમર્થ થાતા નથી ત્યારે દેહભાન ભુલી જવાય છે ને તે દેહ ભાન ભુલ્યા પછી શરીરના પ્રારબ્ધનો પણ નાશ થઈને ભગવાનના અક્ષરધામને પામે છે આવા ભક્ત આ લોકમાં રહેવાની ઈચ્છા હોય તો ભગવાનની ઈચ્છાથી રહી પણ શકે.

ત. કારિયાણીના ૭ ના વચનામૃતમાં છે કે આવી સિદ્ધ દશાવાળા જે હોય તેને સ્થાવર જંગમ આદિ જ્યાં જોવે ત્યાં ભગવાનની મુર્તી જ તેને દેખાય. ત. વડતાલના ૧૩ ના વચનામૃત માં છે કે આવી સિદ્ધ દશાવાળા હોય તે લાખો ગાઉ દુર

હોય તો પણ તે નજીકની પેઠે વાત સાંભળે, ને લાખો ગાઉ દુર હોયે તો પણ નજીકની પેઠે દેખે તથા આ હાથે કરીને લાખો ગાઉ દુરની વસ્તુ ઉપાડે.

બીજુ સ. ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં છે કે 'ત્યજ ધર્મ મધ્યમયયૈં' તેનો એ અર્થ છે કે જ્યારે ધ્યાન કરવા ત. માનસી પૂજા કરવા બેસવું ત્યારે એમ ધારવું કે હું ધર્મી નથી, અધર્મી નથી, ને મેં સારુ કામ કર્યું છે કે આ ખરાબ કામ કર્યું છે આદિ સર્વે વિચારનો ત્યાગ કરીને આ ઉપર કહ્યું તેમ આત્મ સત્તારૂપ થઈને પોતાને નિરાકાર કહેતાં હાથ, પગ વાળા માયિક દેહને જ્ઞાને કરીને બાળીને તેજના સમુહને વિષે મૂર્તિ જોવી.

બીજુ આ લોકમાં કાંઈ ઉધડું કામ લે ને જેમ ખટકો રાખે તથા નવું મકાન માટીનું ચણ્યું હોયને, વરસાદના દિવસો આવતા હોય ને તેને માળવું હોય તો સાંજ, સવાર, રાત દિવસ આદિ કાંઈ ન જોવે ને તે જલદી કામ કરે તેમ જો બીજું સર્વે કામ મૂકીને આ એક જ કામ કરશું તો જ થાશે, નહિંતર કસર રહી જાશે, તો ભોગવવી પડશે, તે માટે જે કામ હોય તે હેતે કરીને કરવુંને પછી જેમ બને તેમ આ ધ્યાન ભજન કરવું. તથા ગ.મ.ના ૬૨ ના વચનામૃત માં કહ્યું છે તેમાં આત્મનિષ્ઠાના અંગનું એ લક્ષણ છે કે કાશી ત. વડતાલ જેટલી લાંબી વૃત્તિ હોય તે પાછી વાળતા વાળતા તેજોમય અક્ષરબ્રહ્મરૂપ થાય છે ને તેમાં એક જ ભગવાનની મૂર્તિ દેખાય બીજુ, દાસપણાના અંગવાળા હનુમાનજી તથા ઉદ્ધવજી તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ ઘણાક ભક્તો હતા ત. પતિવ્રતાના અંગવાળાના લક્ષણ ગોપીયોના જેવા, થાય તે ભગવાન વિના બીજા સર્વે સ્ત્રી પુરૂષ રાજ્ય આદિના સુખ ઝેર જેવા લાગે છે ત.ઈન્દ્ર જેવો રૂપાળો પુરૂષ દેખાય ત. મોટા મોટા રાજાનું રૂપ દેખાય તો જેમ સડેલું કુતરુ ત. વિષ્ઠા ને દેખીને દ્રષ્ટિ પાછી વળી આવે તેમ ભગવાનને વિષે પતિવ્રતાના અંગવાળા હોય, તે ભગવાન વિના બીજા રૂપને એવા જાણે એમ જાણીને એક ભગાવન ત. મુક્તો ત. સંતો ત. ભક્તો વિના બીજા રૂપને જોવે નહિ. એક ભગવાન ત. મુક્તો ત. સંતો ત. ભક્તો તે વિના બીજા રૂપને જોવે નહિં, જાણે નહિં, વિચારે નહિં, એક ભગવાનનો જે પાંચે પ્રકારે સંબંધ રાખે એ ઉત્તમ





ભક્ત કહેવાય. તેવી જ રીતે કરવાનો અભ્યાસ આપણે રાખવો. તે બેઠા હોઈએ ત્યારે તેજોમય દિવ્ય સિંહાસનને વિષે તેજોમય ભગવાન બેઠા ધારવા, ચાલતા હોઈએ ત્યારે તે તેજને વિષે ભગવાન ચાલ્યા આવે છે એમ ધારવુ ત. સુતા હોઈએ ત્યારે તે તેજને વિષે ભગવાન સુતેલા છે એમ ધારવું.

બીજુ ધ્યાન કરવા બેસવું ત્યારે આત્મ સત્તારૂપ થઈને કરવું. તે આત્મ સત્તાનો એ અર્થ છે કે હું ધર્મી નથી તથા અધર્મી નથી. આ સારું કામ છે કે આ ખરાબ કામ છે તે મેં એ કાંઈ કામ કર્યું નથી. હું તો આત્મા છું તે આવી રીતે માનસી પૂજા તથા ધ્યાન ભજન કરતા હોઈએ ને તેના વચમાં બીજો કાઇ ઘાટ થાય તો તેને કેમ ટાળવો, તે વાત ગ. છે. પ્ર. ના ૧૪ ના વચનામૃતમાં છે કે બીજાને જેમ દેહે કરીને પંચ વર્તમાનમાં ભંગ પડી જાય ને જેમ તેને વસમું લાગે, તેવી રીતે આવા એકાંતિક ભક્તને આ ઘાટ થાય તો વસમું લાગે તથા આવા એકાંતિક ભક્તને ભગવાન વિના બીજાને સુખદાયક નથી જાણતો તો પણ આવા સંકલ્પ થઈ જાય તો ભગવાનનું ભજન કરવાથી ભગવાન રક્ષા કરે છે. ભગવાનની મૂર્તિ વિના બીજો ઘાટ તથા પંચવર્તમાન જે કામાદિક તે સર્વેનો ક્યારેક ઘાટ થઈ જાય તો બીજાને દેહે કરીને ભંગ પડે તેવું તેને વસમું લાગે તથા બહુ જ બળતરા કરે તથા બળબળતા ડામ જેવું વસમું લગાડેને ઉતાવળી મૂર્તિ ધારે અને ઉતાવળું ભગવાનનું નામ લે ને ભગવાન તથા સંતોની પ્રાર્થના કરવાથી ટળી જાય છે ને અંતે ધામમાં જાય છે. તથા ગ. છે. પ્ર. ચોથા વચનામૃતમાં છે કે બાધિતાનું વૃત્તિથી તે સ્ત્રી આદિની સ્મૃતિ થાય છે તે નિર્વિકલ્પ સમાધિથી ટળે છે તેવી જ રીતે ગ.છે.પ્ર. ના પાંચમા વચનામૃતમાં છે કે, ભગવાનનો નિશ્ચય છે ને ભગવાન વિના બીજી કોઈ ઈચ્છા નથી ને એક ભગવાનને જ સુખરૂપ જાણે છે. તો પણ તે કામાદિકનો જે અવ્યક્ત રાગનો સંકલ્પ કયારેક થઈ આવે છે ત્યારે અતિ દાઝે છે ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે તેની તે અવ્યક્ત વાસના છે તેને ટાળવાની ઈચ્છા છે તો અંતકાળે ભગવાન સર્વે કસર ટળાવીને ધામમાં તેડી જાશે.

બીજુ સદગુરૂ સ્વામી સ્વરૂપાનંદ સ્વામીની પેઠે સર્વત્ર મૂર્તિ જ દેખે. ને ચિત્ત

સ્થિર થાયને તેમાં સમુદ્રના તરંગ જેવો પ્રકાશ દેખાય ને તેમાં તેજસ્વી કિરણોવાળી તેજોમય ભગવાનની મૂર્તી દેખાય તે આવું ધ્યાન તે સર્વથી શ્રેષ્ઠ છે.આવા ધ્યાન તૂલ્ય ચાંદ્રાયણાદિક વ્રતો કરે તથા શાસ્ત્ર ભણે તથા ઘણા અશ્વમેઘ આદિ યજ્ઞો કરે તેનાં કરતાં પણ આવું એક નિમિષ માત્ર ધ્યાનની તૂલ્ય ન થાય તે આવું ધ્યાન કરે તેના અતિ કોઈ વખાણ કરે તો પણ તેને વિષે અતિ પ્રિતી ન કરે, ને કોઈક ન માને,ને તેની નિંદા કરે તથા અપમાન કરે, મારે તો પણ તેની સાથે કુહેત ન કરે, તેનું ખરાબ ન ઈચ્છે.

બીજુ મોડજી ઠાકોર ભગવાનની મૂર્તિ અખંડ દેખતા હતા તો પણ નાના છોકરાને દંડવત કરતા ને મહિમા સમજતા. યુધિષ્ઠિર રાજાની પેઠે કોઈજ શત્રુ જ નહિં તેવું થાવું. ને હંસની પેઠે સર્વમાંથી સારા ગુણ શીખવા. પૃથ્વી ત. સમુદ્રના જેવી સ્થિતિ રાખવી. કહેતા માન અપમાનમાં હર્ષ શોક ન કરે ને અખંડ મીર્તિની સ્મૃતિ રાખે.

બીજુ ચાર પ્રકારના ભક્તમાં જ્ઞાની શ્રેષ્ઠ છે. તે જ્ઞાની ભક્ત એક ભગવાનને જ દેખેને તે ભગવાનના જ આનંદમાં રહે તેજ સર્વથી શ્રેષ્ઠ છે. ભગવાનનું ધ્યાન ત. દર્શન કરતા હોઈએ ત્યારે એક ભગવાન જ દેખે છે એમ માનવું પણ બીજા કોઇ દેખે છે એમ ન માનવું. ને બીજા દેખે છે એમ માને તો જરા માન આવી જાય તે સારૂં નહિ.

તથા પોતાને જમવાની તથા નાવાની આદિ ક્રિયાનું ભાન હોય ત્યાં સુધી પોતાના વર્તમાન ધર્મ તથા પોતાના માળા આદિ નિયમમાં ખબરદાર રહેવું. પણ ધ્યાન કરતા દેહનું ભાન ભૂલી જાયે ને તે નીયમ ન પાળી શકે તેને વાંધો નહીં.

બીજુ જે સંત આવું જે ધ્યાન કરેને તે વાતુ ન કરે તો પણ એમના દર્શનથી જ લાખો જીવોનો મોક્ષ થાય છે માટે આજ કામ જે ધ્યાન તે વિશેષ કરવું. આમ કરવાથી લક્ષ્મીજીની પેઠે એક ભગવાનને જ દેખે છે. ને દેહનું ભાન ભુલી જાય છે તે દેહનું ભાન ભુલી જાય ને તેને અખંડ ભગવાન સાંભરે તો તેના દેહના પ્રારબ્ધનો નાશ થઈ જાય છે ને તત્કાળ ધામમાં જવાની ઈચ્છા થાય તો તે ધામમાં જાય છે.





બીજુ ને આપણે જેની સાથે મન બાંધ્યું હોય તે મોટા સંતો પાસે ત. મોટા હરિભક્તો પાસે અઠવાડિયે એકવાર જવું ને એક કલાક અથવા અડધો કલાક ભગવાનની વાતો સાંભળવીને ભુલ હોય તે ટાળી નાંખવી.

બીજુ માનસીપૂજા જેમ વૃત્તિ દ્વારા થાય છે તેમ ધ્યાન પણ વૃત્તિ દ્વારા થાય છે. માટે આપણે અંતર વૃતિ વડે ધ્યાન કરવું.

બીજુ ગ. પ્ર. ના ૨૭ ના વચનામૃતમાં છે કે આવું ધ્યાન કરે છે તેના નેત્રમાં ભગવાન જોનારા છે. આંદિ ઈન્દ્રિયોમાં ભગવાન અખંડ રહ્યા છે. તે પુરૂષોત્તમ પ્રકાશના પ્ર. ૪૧-૪૨ ના પ્રકરણમાં પણ કહેલ છે કે આવા સંત બોલે તે ભેળો હું બોલું છું. જુવે તે ભેળો જોવું છુ. ચાલે તે ભેળો ચાલું છું જમે તે ભેળો જમું છું. આદિ વાતે કરીને સંત ભગવાનને નથી ભુલતા ને ભગવાન સંતને નથી ભુલતા. ને હરિભક્તોએ પણ આવી રીતે ધ્યાન ભજન કરવું.

બીજુ સર્વ ક્રિયામાં તે તેજને વિશે વૃત્તિ દ્વારા મૂર્તિ ધારે પણ આ માયિક નેત્ર સામી ન ધારે. અંતરમાં ઊંડી વૃત્તિથી ધારે પણ આ માયિક નેત્ર આદિથી ન જુએ આદિ. તે તો ઊંડી વૃત્તિથી વૃત્તિ દ્વારા જ ધારે ત્યારે જ પોતે નિરાકાર થયો કહેવાય. ને ત્યારે જ આ માયિક નેત્રવાળા દેહનો ભાવ ટળે છે અને ત્યારે જ કારણ શરીરના રાગ ટળે છે ને અંતર ઓગળી જાય છે. દેહ ભાન ભૂલી જવાય છે ને આવું ધ્યાન કર્યા વિના કરોડો ઉપાય કરેને, કરોડો કલ્પો જાય તો પણ આ ધ્યાન સિદ્ધ થયા વિના કામાદિકના જે અવ્યક્ત રાગ નિર્મુળ થતા નથી. તે આ કામ જો આજ કરીશું તો આ જ જન્મે થાય તેમ છે.ને કરોડો જન્મે પણ આ કામ સિદ્ધ કરીશું ત્યારે અક્ષરધામમાં રહેવાશે તે વિના કદાચ ભગવાન તેડી જાશે તો પણ ત્યાં રહી નહિં શકાય.આવું પોતાને જ સમજવાનું છે ને બીજા સર્વેનો તો એવો મહિમા સમજવો કે આતો સર્વે અક્ષરધામમાંથી આવ્યા છે. તેમનાં સર્વે કામ પૂરાં થઈ ગયાં છે આ તો તેમનાં ઐશ્વર્ય શ્રીજી મહારાજે રોકી રાખ્યા છે નહીંતર તો તે મોટા છે ને ઉપર કહ્યા પ્રમાણે આપણે ધ્યાન કરવું.

બીજુ આ વૃત્તિ દ્વારા ધ્યાન કરવાની વાત વડતાલના ૮ ના વચનામૃતમાં છે

કે એક થાંભલાને ઠેકાણે અંત:કરણ ને બીજા થાંભલાને ઠેકાંણે ભગવાનની મૂર્તિ, નું ધ્યાન કરવું, તે વૃત્તિ દ્વારા જોવું પણ આ નેત્રથી ન જોવું તથા વડતાલના ૪ થા વચનામૃતમાં છે કે જેમ મોટો પર્વત એક સામટો જોઈ રહે તેમજ એક સામટી આખી મૂર્તિ જોઈ રહે ને વિક્ષેપ જેવું હોય તો અંગો અંગ જુવે તથા ગ.મ.ના ૧૩ ના વચનામૃતમાં છે કે તે મૂર્તિ ને તેજને વિશે બેઠી, ઊભી હરતી, ફરતી જુએ તથા ગ.પ્ર.૨૬ ના વચનામૃતમાં છે કે આવું ચિંતવન કરતાં શૂન્ય જે આકાશ જેવો થાય છે તથા લોયાના છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે કે હું તો ભાગવતી તનુએ શ્રી હરિની સેવામાં રહ્યો છું ને અલિંગ છું ને આકાશ જેવો છું તથા મ. પ્ર.૧૩ના વચનામૃત માં કહ્યું છે કે આકાશમાં જેમ વાદળાં છાઈ જાય છે તેમ મારા હૃદયમાં તેજ છાઇ રહુ છે. તથા ગ. પ્ર. પ્ર. ૪૬ ના વચનામૃત છે કે ચીદાકાશનો નાશ થાતો નથી તેનો ભાવ એ જ છે કે પોતાના આ નેત્ર, હાથ, પગ આદિ કોઈ અંગ નથી ને હું તો ભાગવતી તનુએ શ્રીહરિની સેવામાં રહ્યો છું. તેજોમય વાદળાં જેવો છું તેમાં વૃત્તિ દ્વારા મૂર્તિ જોવી તે ગ. છે. ના ૩૦ ના વચનામૃતમાં છે. સર્વથી પર ચૈતન્ય એક તેજનો રાશી છે તેને વિશે તેજોમય સિંહાસન ઉપર તેજોમય જે આ શ્રી હરિની મૂર્તિ છે ત્યાં જ મન અટકે છે ને ભગવાન તો જેમ દુધ-દહીંમાં ઘી રહ્યું છે તેમ ભગવાન પણ ભક્તના હૃદયમાં રહ્યા છે ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનમાં કહ્યું કે મારા હૈડામાં નાથ હંમેશ દર્શન દેજો બ્રહ્માનંદ કહે નટવરવેશ આંખડલીમાં રેજો ને બહાર કામ કરીએ ત્યારે બહાર જોવા બાકી અંતરમાં તો ભગવાન રહેલા છે. પણ દેખાતા નથી તે જેમ દહીંને મથીને તેમાંથી ઘી નીકળે છે તેમ આવું ધ્યાનરૂપ મંથન કરવાથી પોતાના હૃદયમાં તેજોમય ભગવાનની મૂર્તિ દેખાય છે.

જેમ બહાર મૂર્તિ છે તથા અક્ષરધામમાં મૂર્તિ છે તેવીજ મૂર્તિ આપણા જીવાત્મામાં અગોચર રહેલી છે તેને અંતરમાં ધારવી ને વિક્ષેપ જેવું હોય તો બાર મૂર્તિ છે. તેને બાર ધારવી તથા સેવા કરતા હોઈએ ત્યારે નેત્ર આગળ ધારવી, તથા જનકરાજા ના જેવી આપણે સ્થીતી કરવી તથા અંબરિષ રાજાએ ક્રોધ ન કર્યો તેવી સ્થીતી કરવી ને ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, બોંતેર કળા નું જ્ઞાન હોય તથા સાત સમુદ્ર પી જાય





તથા છપ્પન કરોડ યાદવના જેવું બળ હોય આદિ સિદ્ધ કર્યું હોય પણ જો ભગવાન બરાબર ન ઓળખ્યા ને રાગ ન ટળ્યા તો તે સર્વે નકામું છે. તે કહ્યું છે કે જ્ઞાન હૃદયે, ધ્યાન જપે, રાગ દ્વેષો-મળ ત્યાગ, અર્થ જે આત્મા, પરમાત્માનું જ્ઞાનરૂપી મોટો પાંણીનો ધરો હોય તથા જ્ઞાનરૂપી જે જળ તેણે કરી નાહેલો હોય, ને રાગ દ્વેષ રૂપી જે મળ તેનો ત્યાગ કરેલો હોય એવા જે ભક્તો ત. સત્પુરૂષ હોય તે પોતાના હૃદયને તીર્થરૂપ કરે છે અને આવો થાય ત્યારે જ તે ભગવાનની સેવામાં રહે છે. તથા રહુગણ રાજાને જડભરતજીએ ઉપદેશ આપ્યો કે પંચાગ્નિ તાપે તથા વ્રત, દાન, જપ, તપ આદિથી પણ યથાર્થ મોક્ષ નથી થાતો જેવો મોક્ષ આ ઉપર કહ્યા તેવા સંતના સમાગમથી થાય છે.

બીજુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતુમાં છે કે, જીવમાં ભજન કરવાનું કહ્યું છે તે નાભિથી શ્વાસ ઉઠે છે ત્યાંથી લાંબો શ્વાસોઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાનો અભ્યાસ રાખવો. ને ભગવાન વિના બીજો શુભ અશુભ કાંઈ સંકલ્પ થાય તો પણ આવું લાંબા શ્વાસે નાભિ પાસેથી ભજન કરવાથી સર્વે સંકલ્પ ટળી જાય છે.

બીજુ નારણપુરના હરિભક્ત જાદવજીભાઈ હતા તેઅખંડ મૂર્તિ દેખતા તે એક સમય સંઘ કાઢીને છપૈયા આદિમાં યાત્રા કરવા ગયા તે સંઘમાં સર્વેની સેવા કરી તથા કોઈને કહેવું, સાંભળવું તથા સર્વેને નિયમમાં વર્તાવવા આદિ પ્રવૃત્તિ કરી તેથી તે સર્વેની સેવાતો થઈ પણ અખંડ મૂર્તિ દેખતા હતા તે ભૂલી ગયા ને પછી ફરી અતિ અભ્યાસ ધ્યાનનો રાખ્યો ત્યારે મૂર્તિ દેખાંણી, તે એટલી પ્રવૃત્તિ ન કરવી. તથા બોટાદના શિવલાલભાઈ પણ અખંડ મૂર્તિ દેખતા હતા પણ ગઢડામાં પોતે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી તથા ભાવનગરમાં આચાર્ય મહારાજ રઘુવીરજીની પધરામણી કરી તથા સમૈયો કર્યો આદિ પ્રવૃત્તિ કરી તેથી જરા બહાર વૃત્તિ થઈ ગઈ પછી જ્યારે સદગુરૂ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે તમો જાણતા હશો કે મેં આ બે કામ બહુ મોટાં કર્યા પણ જીવમાં તો અડધો સત્સંગ રહ્યો છે તે શું ? તો આવું ધ્યાન બરોબર નહોતું થાતું. પછી અતિ આગ્રહ રાખીને આવું ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરી લીધી

તેથી ભગવાન ત. સ્વામી રાજી થયા બીજુ ધામમાં જતાં રસ્તામાં નાના પ્રકારના વૈભવો લઈને સિદ્ધિઓ દેખાય આદિ ઐશ્વર્યમાં તે ભક્ત ક્યાંય જોવે જાણે નહિં, ને તેમાં ક્યાંય લોભાય નહિં. એક ભગવાનની મૂર્તિ સામું જ જોઈ રહે તો જ શ્રી હરિની વરણી થાય છે. તે ઐશ્વર્યમાં લોભાય જાય તો ધામમાં ન જઈ શકે.

બીજુ અંતકાળે જો ભગવાન વિના બીજું કાઈ સંભારતો થકો દેહ મૂકે તો તેને તેવા દેહની પ્રાપ્તી થાય છે. એક સાધુ એ અંતકાળે બોરને સંભાળ્યું તો તે બોરમાં ઈયળ થયા તથા એક બીજા ભક્ત જે માણસાના નરસિંહભાઈ તે ધામ માં જતા રસ્તામાં મકાઇની ધાણી સામું જોયું, ને ધાણી લેવા ગયા તેથી ભગવાન ચાલ્યાગયા તથા ભરતજીને અંત:કાળે મૃગનું બચ્ચું સંભાર્યું, તેથી તેને મૃગ થવું પડ્યુ. તથા સ્વામી ગોપાળાનંદ સ્વામીની વાતુમાં છે કે સત્સંગનો મમત રાખવો. કોઈ સાધુ હરિભક્તોને દુ:ખ દેતું હોય કે પ્રથાથી કોઈ બીજી રીતે વર્તતું હોય આદિમાં સર્વેનું સારું ઈચ્છવું ને મમત રાખવો. પણ પોતાના જીવનું બગડી જાય એટલો મમત ન રાખવો. જેમ ભગવાનની ઈચ્છા હશે તેમ થાશે. ભગવાન આવા ખરા ભક્તની સર્વે પ્રકારે રક્ષા કરે છે તે અમદાવાદની પ્રતમાં, ગ. પ્ર. પ્ર. ૮ માં વચનામૃતમાં છે કે સત્સંગની વૃદ્ધિ થાય કે ઘટી જાય તો પણ ભગવાન ભૂલવા નહિં. આવા સંતો જે અખંડ ધ્યાન ભજન કરેને તે વાતું ન કરે તો પણ તેનું વર્તન જ વાતુ કરશે, ને તે અપારાનંદ સ્વામી આદિની વાત છે કે તે સ્વામી અખંડ ધ્યાન ભજન કરતા પણ વાતું ન કરતાં તો પણ તેમને જોઈને બ્રાહ્મણો આદિ કહેવા લાગ્યા કે આ કેવું અખંડ ભગવાનનું સુખ ભોગવે છે તે જોઈને કેટલાક બ્રાહ્મણો સત્સંગી થયા.

તથા સુખપુર કચ્છના વાલજીભાઈ પણ બહુ વાતુ ન કરતાં પણ તેમનું વર્તાવ જોઇને સર્વે હરિભક્તો તેમનો ભાર રાખતા ને કોઈ તેમની હાંસી મશ્કરી ન કરતા. ને તેમની આજ્ઞા માનતા.

તથા વડોદરામાં નાથ ભક્ત આ લોકમાં બહું કાઈ જાણતા ન હતાં તો પણ તેને બુદ્ધિવાળા કહ્યા છે ને વડોદરાના દીવાનને મુર્ખ કહ્યા છે તથા એકાંતિક ભક્તના એ લક્ષણ છે કે બ્રહ્મરાક્ષસના વળગાડ જેવું આ લોકનું ડહાપણ જાણે તે માટે આ





લોકમાં બહુ ડાહ્યું ન થવું. કેમ કે બહુ ડાહ્યા થાયે તો આ લોકમાં બંધાઇ જવાયે.

ત. એક ભગવાનદાસ નામે ભક્ત હતા. તે સાધુ થયા. તેના દર્શન કરવા બ્રહ્મા આવ્યા ને કહેવા લાગ્યા કે તમો સ્ત્રી, દ્રવ્યના ત્યાગી છો તે મારાથી મોટા છો તથા એક સમયે આનંદસ્વામી મહારાજને કહે આ સંતો તો મોટા મોટા ઋષિઓ તથા મોટા મોટા ધામોનાં તથા અક્ષરધામના મૂકતો છે. તે એક સમય નાના સંતોમાંથી તેજ નીકળવા લાગ્યું. તે જોઇને બીજા કહેવા લાગ્યા કે આ બહુ મોટા છે પણ આ તો અમોએ તે સર્વેનું ઐશ્વર્ય રોકી રાખ્યું છે.

બીજુ એક બ્રાહ્મણે ભાગવતના અઢાર હજાર શ્લોક કંઠે કર્યા હતા પણ મોક્ષમાં તે એકે કામ ન આવ્યો અને બે છે અક્ષર જેના એવા રામ નામથી મોક્ષ થયો તે માટે તે ભક્તે ભગવાનનું નામ લીધુ. તેવી રીતે આપણે અખંડ સ્વામિનારાયણનું નામ લેવાનો અભ્યાસ રાખવો. ને દેહાભિમાનરૂપ દોષનો ત્યાગ કરવાથી સર્વ દોષનો નાશ થઈ જાય છે ને આત્મારૂપ ગુણ આવવાથી સર્વ ગુણ આવે છે.

બીજુ શિક્ષાપત્રી ભાષ્યમાં લખ્યું છે કે ક્ષણમાત્ર ભગવાન ભુલાય તે જેમ ચોર લાખો રૂપિયા લુંટી જાય ને રાડુ પાડે તથા શોક કરે, તેવો ક્ષણમાત્ર ભગવાન ભૂલાય તો શોક કરવા જેવો છે તેજ ભગવાનના ધામને પામે છે. તથા સાધ્વી, ચકોર, સલભ ત. પતંગ તે પોતાના વિષયમાં નિમગ્ન છે તેવી રીતે ભગવાનમાં હેત રાખવું ને નિમિષ માત્ર ભગવાનનું સુખ ભોગવ્યું હોયે તો તે સુખની આગળ અનંત કોટી બ્રહ્માંડના વિષય સુખને વારી ફેરીને નાંખી દઈએ તથા ચિંતામણી પારસમણી તથા કલ્પતરૂ તથા કામધેનું તેનાં કરતાં પણ આવા ગુણે યુક્ત સંતો ત. ભક્તો શ્રેષ્ઠ છે કેમ કે ચિંતામણી આદિ આ લોકના સુખ આપે પણ અંતે નાશ થઈ જાયને આ સંતો ત. ભક્તો તો અવિનાશી જે અક્ષરધામનું સુખ આપે છે તેથી શ્રેષ્ઠ છે.

એક મનુષ્ય ઘીનો ઘડો ઉપાડીને ચાલ્યો જતો હતો. તે રસ્તામાં સોનાનો પાસો પડ્યો હતો તેથી જાણીને પડી ગયા ને પાસો લઈ લીધો. તેમ પંચ વિષયરૂપ જે ઘીના ઘડાનો ત્યાગ કરીને ભગવાનની મૂર્તિરૂપી પાસો લઈ લેવો તથા દેહના ભાવ ટાળી નાંખવા ને આત્મારૂપે થાવું તે ગમે તેવા શબ્દો આવે તે શબ્દના ગાડા દિક્પાળ

જે આકાશમાં મોકલી દેવા જરા પણ ક્ષોભ ન પામવો ને કોઈ વિના વાંકે વઢે તો એમ જાણવું કે મારું એવું પ્રારબ્ધ હશે. એમ જાણીને તેને કાંઈ કહે નહિં ને મનમાં પણ ક્ષોભ ન પામવોને ભગવાનને ભુલે નહિં તથા કોઈ રાજાનું ઘણાક દરવાજાવાળું નગર હોય તેમાં દરવાજો એક હોય ત્યારે તે રાજા એમ જાંણે કે આ નગર છે ને આ હું છું પણ તે નગર હું નથી. તેમ દેહરૂપી જે નવ દરવાજાવાળું નગર છે તે હું તો તેથી નોંખો આત્મા છું પણ દેહ નથી એમ જાંણીને ભગવાનને ભજે તો તેને વિઘ્ન ન લાગે.

બીજુ સિદ્ધપુરના રણછોડભાઈએ પચાસ હજાર રૂપિયા ખર્ચીને સિધ્ધપુરમાં મંદિર કરાવ્યું હતું પણ અજાણથી અયોધ્યા પ્રસાદજી મહારાજે તેમનું સભામાં અપમાન કર્યુ તો પણ જરાયે ક્ષોભ ન પામ્યાં તેથી અયોધ્યા પ્રસાદજી મહારાજ તે ભક્ત ઉપર ભગવાન અતિ રાજી થયાને બીજા જે કલ્યાણસંગજી ભક્તને એક માણસે બહુ ગાળો દીધી તથા થપાટ મારી તો પણ તેને વાયરે નાંખવા લાગ્યા પણ ક્રોધ ન કર્યો તથા એક બીજા ભક્ત હતા તેને એક માણસે બહુ જ ગાળો દીધી તથા પૂજા કરતા હતા તે પૂજાની મૂર્તિ ઉપર બેસી ગયા તો પણ ક્રોધ ન કર્યો. તથા બીજા એક ભક્તને કોઈએ બહુજ ગાળો દીધી તો પણ ક્ષોભ ન પામ્યા ને તેને કહ્યું કે તેં ગાળો દીધી તે વખતે જ તે ગાળો મેં તમને પાછી આપી દીધી હતી, પણ તેમણે ક્રોધ ન કર્યો. બીજુ ભગવાનની મૂર્તિ સામું અખંડ જોઈ રહેવું તો સર્વે જોગ સધાઈ રહ્યા તથા વાતુ તથા આ લોકના ડહાપણમાં તથા ક્રિયાને તાને ચઢી ન જવું. ને ધ્યાન કરતાં જ સ્મૃતિયે સહિત ધીમે રહીને જ જરાવાર વાતું કરવી પણ તે ધ્યાન તથા સ્મૃતિ ભુલવી નહિં. ને વાતુને તાને ચડી જવાય તો સંતો હરિભક્તો રાજી થાય પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ ન રહે, તે સારૂ ન કહેવાય ને ચિંતામણી ઘરમાં હોય પણ તે ચીંતામણીનો મહિમા જાણ્યા વિના કોઈકની મજુરી કરવા જાય તે સારૂ ન કહેવાય તેમ મૂર્તિ ભુલી જવાયને બીજે, તાનતૂટે તો પેલા શેઠાણીનું તાન બીજે તૂટ્યું તો શેઠે તે શેઠાણીનો ત્યાગ કરી દીધો.

તથા ગઢડા મધ્યના આઠના વચનામૃતમાં છે કે સર્વે ઈન્દ્રિયોને પાછી વૃતિ





વાળીને બ્રહ્મઅગ્નિને વિશે હોમવીને તેજોમય ભગવાન પોતાના જીવાત્માની અંદર દેખાય ત્યારે જ જ્ઞાનયજ્ઞનો અવધિ આવી રહ્યો એજ ખરૂં કરવાનું છે ને ત્યારે જ ધામમાં રહેવાશે.

બીજુ પંચજ્ઞાન ઈન્દ્રિયોરૂપ જે ખારા પાણીની શેડ બંધ રાખવી ને આત્માના સુખરૂપી જે મીઠાં પાણીની શેડ ચાલુ રાખવીને ત. તે મોટું ઝાડ હોય તેને ચારે કોરે ઉપર ઓરડી કરીને હવા બંધ કરે તો તેઝાડ સુકાઇ જાય તેમ બહારના વિષય નેત્ર આદિને બંધ રાખવાથી અંતરના રાગ ટળે છે. બીજુ કોઈ રાજાની પોતાને ઘેર પધરામણી કરવી હોય તો કેટલી સાફ સૂફી કરવી પડે છે તેમ આત્મામાં ભગવાન પધરાવવાના છે તો વિષયનો ત્યાગ બરાબર કરવો. બીજુ વર્ણાશ્રમના માનને મૂકીને ભગવાન ભજવા. બીજુ સંતોને જન્મભૂમિ સાંભરે તો વિચાર કરવો કે આપણા આત્માની મૂળ જન્મભૂમિ તો અક્ષરધામ છે ને ખરા માતા પિતા તો સ્વામિનારાયણ ભગવાન છે. આપણા ખરા સગા સંબંધી તો મુકતો છે એમ માનવું પણ આ ચોરાશી લાખ જાતના મા બાપને ન માનવા. ને શત્રુ મિત્રમાં સમાન બુદ્ધિ રાખવી. ને નામીએ સહિત નામ લેવું ભગવાનનું નામ લઇયે એટલે તે મુર્તી દેખાય તો નામીયે સહીત નામ લીધુ કહેવાય તથા હૃદય પ્રકાશના પ્ર.૧૮ માં છે કે નેત્ર પર પોતાનું રૂપ ન દેખે. એક શ્રી હરિને જ દેખે. ધ્યાન કરતા બીજો ઘાટ ન થાય તેજ મોટો ભક્ત છે. ને તેજ જ્ઞાની છે. ને એક સાધુને અંતકાળે બોર સાંભરી આવ્યું તેથી તેમાં ઈયળ થયા તેથી આપણે બીજું કાંઈ ન સંભારવું.

બીજુ એક સમયને વિષે વ્યાપકાનંદ સ્વામી રાત્રે ધ્યાન કરતા હતા ત્યારે એક સંતે કહ્યું કે સ્વામી સુઈ જાઓ ત્યારે સ્વામીએ કહ્યું કે સુતામાં શું માલ છે ? મહાપુરૂષ ! સુખ માત્ર તો ભગવાનના ધ્યાનમાં છે.

બીજુ શ્રી હરિનું અખંડ ધ્યાન થાય એ સમાધિથી પણ અધિક છે કેવળ મહામંત્રનો જપ કરતા પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન અધિક છે. ધ્યાન કરનાર માણસને બીજા સાધનની જરૂર નથી. એ ધ્યાન કેવું હોવું જોઈએ તેનો ખરો ખ્યાલ હું અત્રે આપીશ.

શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની આપણને પ્રિય એવી જે મૂર્તિ, મંદિરમાં દર્શન કર્યા હોય તે આપણા અંત:કરણમાં ધારવી તે મૂર્તિ ૬૪ તસુ ઊંચી ધારવી અને મહારાજનું મુખારવિંદ, હાથ પગ વિગેરે તમામ અવયવો ધારવા પછી તે મૂર્તિમાંથી ખુબ જ તેજ નીકળતું હોય તેમ ધારવું. જે તેજને લીધે આજુબાજુની કોઈ પણ વસ્તુ દેખાય નહિં એમ ધારવું. મહારાજની મૂર્તિના તેજથી આપણને દેહનું પણ ભાન ન રહે અને આત્માને વિષે મહારાજની મૂર્તિ હાથો હાથ ને ચરણે ચરણ એમ નખથી શિખાપર્યંત વ્યાપેલી ધારવી. મૂર્તિ અતિશય શીતળ તેજથી ભરપૂર ધારવી. આવી રીતે ધારવાથી અંત:કરણ શાંત થઈ તમારા મનના તમામ ઘાટ બંધ થઈ સુખ સુખ જેવું લાગશે. ને બોલતાં ચાલતાં વિગેરે ક્રિયામાં પણ તે મૂર્તિને આત્મામાં ધારીને જ ક્રિયા કરીએ છીએ એવું ધારવું. જેટલી મહારાજની આપણા ઉપર વધુ કૃપા તેટલો વધુ વખત આ ધ્યાન રહી શકે. આસ્તે આસ્તે અહર્નિષ આવી રીતે ધ્યાનમાં રહેવાની ટેવ રાખવી. આને સર્વોત્તમ ધ્યાન કહેલું છે. ને આ રીતે જેને અખંડ ભગવાનનું ધ્યાન થતું હોય તેને દેહ છતાં જ અક્ષરધામ મળ્યું છે એમ માનવામાં જરા પણ શંકા નથી.

આવી જેને ધ્યાન કરવાની ઈચ્છા હોય, તેણે પ્રથમ વૃત્તિ સ્થિર કરવી. તે વૃત્તિ સ્થિર કરવાના ઉપાય શ્રીજી મહારાજે મધ્યના ૧૦ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનની મૂર્તિ અથવા બીજી કોઈ વસ્તુ સામું મેષાન્મેષ આંસુ ચાલ્યા જાય ત્યાં સુધી જોઈ રહેવું ને અનેક પ્રકારના શબ્દ આવે તેને આકાશનો ભાગ જાણીને ક્ષોભ પામવો નહિં. આમ ધ્યાન કરવાનો અભ્યાસ કરતાં કઈ વચમાં વિઘ્ન આવે તો તેને ટાળવાનો ઉપાય ઉપર કહ્યા મુજબ ધ્યાન કરવારૂપ ઉપાય કરવો તો ટળી જાય.

એક સમયને વિશે મહારાજ અદાભાઈને ઘેર માનકુવા પધાર્યા ત્યાં વાત કરીજે ભગવાનને રાજી કરવા સૌ ઈચ્છે છે પણ ભગવાન કેમ રાજી થાય છે તે કહીએ છીએ. તે જુઓને નારદ સનકાદિકે તપ કરીને ભગવાનને રાજી કર્યા. માટે અંતરમાંથી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરીને રજોગુણ આદિના સંગનો ત્યાગ કરીને સારી ગુફા તથા એકાંત ઠેકાણે બેસીને, અષ્ટાંગ યોગ સાધીને કામ ક્રોધાદિકનો ત્યાગ કરીને, ભગવાનના





સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી. તેણે કરીને ભગવાન અતિશય રાજી થાય છે. તે આગળ સંતોએ ટાઢ, તડકો, હરખ, શોક, માન અપમાનનો ત્યાગ કરીને જે સુખ દુ:ખ આવે તેને સહન કરવા અને દેહના સુખની લાલચનો ત્યાગ કરીને સુખીયા રહેવુંને વળી એમ ન સમજવું કે માંદા થશું કે વૃદ્ધ થાશું ત્યારે કોણ ચાકરી કરશે ? એ તો જેણે ગર્ભવાસમાં રક્ષા કરી હતી તેજ રક્ષા કરશે અને જે ધ્યાન કરે છે તેને અનંત પ્રકાર ના ઐશ્વર્ય દેખાય છે. તેમા ક્યાંય લોભાવું નહિ ને અખંડ ધ્યાન કર્યા કરવું. તે ધ્યાન કરવાની રીત કહીએ છીએ.

તે ભક્ત પ્રથમ તો મૂર્તિને દૃષ્ટિ આગળ ધારે છે ત્યારે ભગવાનની મૂર્તિ તેવી જ દેખાય છે. પછી જેમ વૃત્તિ રાખે છે તેમ તેમ મૂર્તિ, જેમ જાળીયામાંથી ઘરમાં પડેલા સૂર્યના કિરણ વડે સૂર્ય દેખાય છે તેમ તે મૂર્તી અગ્નિ સરખી રાતા પ્રકાશવાળી જણાય છે. ચંદ્રમાં સરખી તથા અતિ શ્વેત શીતળ પ્રકાશવાળી મૂર્તિ ભાસે છે. માટે ધ્યાન કરતાં જે પદાર્થ આડા આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો પણ ધ્યાનમાં અંતરાય થવા દેવો નહિં.

બીજું પ્રસાદીના પત્રોમાં કહેલ છે કે સર્વ શાસ્ત્રમાં તો ધ્યાન અધિક કહ્યું છે. તે ધ્યાન તથા ભજન તથા સર્વ ક્રિયા થકી ધ્યાન અધિક કહ્યું છે. તે ધ્યાન તે શું ? જે ભગવાનને નિત્ય સુરતે જોઈ રહેવાં એ ધ્યાન કહીએ. હવે વર્તમાન પાળવા તે કઠીન નથી. તે ઉપવાસ કરીને દેહ સુકાવી નાંખે છે. વળી નામ સ્મરણ પણ જીભ તુટી જાય ત્યાં સુધી કરે પણ ધ્યાન કરવું કઠીન છે. જેમ ભરવાડને વગડામાં ફરવું એ કઠણ નથી પણ ઘરમાં સાંજ સુધી બેસાડી મૂકીએ તો તેને કેવું કઠણ પડે તેમ ધ્યાન કરવું કઠીન છે અને કિર્તન ગાઈને, વળી લખીને, વાત કરીને તથા એ ઓસરીથી એ ઓસરી જાવું એમ કરીને દિવસ પૂરા કરે છે, તેને અંતરે સુખ કેમ રહેતું હશે ?

માટે હાલતાં ચાલતાં, સૂતા, જાગતા, ખાતા પીતા એમ સર્વે ક્રિયામાં ભગવાન સામું જોઈ રહેવું એમ ધ્યાન કરવું.

તથા શ્રી સહજાનંદ સ્વામી મહારાજની મૂર્તિના ચિહ્નો :

શ્રીજી મહારાજના બે ચરણાવિંદનાં તળીમાં ઉર્ધ્વ રેખા છે. તે કેવી છે તો

અંગુઠાની પાસેની જે આંગળીઓ તેની બેય કોરો નીકળી છે ને પાનીને બેય કોરા નીકળી છે અને જમણા પગના અંગુઠાના થડમાં ઉર્ધ્વ રેખાને મળતું જવનું ચિહ્ન છે. અને તેજમણા પગના તળામાં ઉર્ધ્વ રેખાની બેય કોરે, કમળ, અંકુશ, ધ્વજ, અષ્ટકોણ, વજ્ર, સ્વસ્તિક, જાંબુફળ એમ ચિહ્ન છે અને જમણા પગના અંગૂઠાના નખમાં એક ઉભી રાતી રેખાનું ચિહ્ન છે. ને એજ અંગૂઠાને બહારને પડખે એક તિલ અને એ અંગુઠાની પાસેની જે આંગળી તેનું જે અંગૂઠાની કોરનું પડખું તેમાં એક તિલ છે. અને જમણા પગની છેલ્લી આગળના બહારના પડખામાં નખની પાસે એક તિલ છે અને ડાબા પગની ઉર્ધ્વ રેખાની ડાબી કોરે શ્યામ એવા બે ચિહ્ન પાસે છે અને વળી એ ઉર્ધ્વ રેખાને મળતું ફણાના થડામાં એક વ્યોમનું ચિહ્ન છે. અને ડાબા પગના તળામાં ઉર્ધ્વ રેખાની બે કોરે ધનુષ્ય, કળશ, મત્સ્ય, ત્રિકોણ, ગોપદ, અર્ધચંદ્ર એમ ચિહ્ન છે અને બે પગનાં તળીયા રક્ત છે ને બે પગના અંગૂઠા અને આંગળીઓના જે નખ તે રક્ત છે ને ઉપડતા છે ને તેજસ્વી છે અને બે પગના અંગુઠાને આંગળીઓની ઉપર ઝીણાં ઝીણાં ને કોમળ એવા રોમના ચિહ્ન છે અને અંગુઠાને તેની પાસેની બે આંગળીઓ તે ઉપર ચાખડીના ઘસારાનાં ચિહ્ન છે અને બે પગની જે બાહેરની ઘૂંટીઓ ને તેથી હેઠે આસનના ઘસારાના ચિન્હ છે અને જમણા પગની ઘૂંટીથી પાંચ તસુ ઉંચો નળીને ઉપર એક નાનો તિલ છે અને એ પગના સાથળને બહારની કોરે એક મોટું ચિહ્ન છે અને ડાબા પગની ઘૂંટીથી પાંચ તસુ ઊંચો નળીને ઉપર એક મોટો તિલ છે ને તેથી ઉપર પાસેજ એક નાનો તિલ છે અને એ પગના ઢીંચણને બહારને પડખે એક ચિન્હ છે અને કટિભાગને વિષે બેકોરે ધોતિયું પહેર્યાના ઘસારાના શ્યામ ચિહ્ન છે અને સદા શીતળ એવું જે ઉદર તે ઉપર ત્રિવળી પડે છે અને ઊંડીને ગોળ એવી જે નાભિ તેની બે કોરે તિલ છે તેમાં જમણી કોરે તો નાભિના કાંઠા ઉપર છે ને ડાબી કોરે નાભિથી જરાક છેટે છે અને જમણી કુખમાં એક મોટો તિલ છે અને તેની પાસે બીજો નાનો તિલ છે અને નાભિથી ઉપર બે તસુને છેટે ત્રણ તિલ છે તેમાં બે નળીની ઉપર એક એક છે અને એક વચ્ચે છે અને તે વચલા તિલથી બે તસુ ઉપર એક તિલ છે. ડાબે પડખે કુખથી ઊંચે બગલથી હેઠે મોટા ચાર તીલની એક ઉભી હાર





છે ને તેની પાસે બાહેરલી કોરે એક બીજી નાના ચાર તિલની એક ઉભી હાર છે અને તેજ બગલ નીચે ત્રણ તિલની એક ઉભી હાર છે અને હૃદયને વિશે રોમનું શ્રી વત્સનું ચિહ્ન છે અને છાતીની વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળું અને જરાક રાતું અને એક મોટું ચિહ્ન છે તે જમણી કોરે કાંઈક વિશેષ ચઢતું છે અને એ ચિન્હની વચ્ચે જરાક ડાબી કોરે એક મોટો તિલ છે અને એ તિલથી ડાબી કોરે બે તસુ છેટે ડાબા સ્તનથી ઉપર એક તિલ છે અને બે સ્તનની ઉપર છાપના બે ચિન્હ છે અને જમણી ભૂજાની પાસે માંહેલી કોરે ઉભી ઓળે ચાર તિલ છે અને જમણી ભૂજામાં મૂળથી ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્ન છે ને છાપના ચિહ્નને પડખે બાહેરલી કોરે નાના ચાર તિલ છે અને જમણી કુણીથી હેઠાને કાંડાથી ઉંચે બે તિલ છે અને જમણા હાથની ટચલી આંગળીના મૂળથી ઉપર આંગળીને છેટે એક નાનો તિલ છે અને ડાબી ભૂજાના મૂળથી ત્રણ તસુ હેઠું એક છાપનું ચિહ્ન છે અને ડાબી કુણીથી બે તસુ હેઠો હાથને ઉપલે ભાગે એક તિલ છે અને ડાબા હાથની અંગૂઠા પાસેની જે આંગળી તથા વચલી આંગળી એ બેની વચ્ચે એક તિલ છે અને અંગૂઠા પાસેની આંગળીના નખની પાસે માંહેલી કોરે એક નાનો તિલ છે અને ડાબા હાથના પોંચા ઉપર એક તિલ છે અને બે હાથના નખ તે રક્ત છે ને ઉપડતા છે ને તેજસ્વી છે ને તે નખના જે અગ્ર ભાગ તે અતિ તિક્ષ્ણ છે અને બે હાથના તળા તે રક્ત છે ને તે તળામાં જે રેખાઓ તે થોડી થોડી શ્યામ જણાય છે. અને બે હથેલીના મૂળથી ઉપર આઠ તસુ ઊંચા છાપના બે ચિહ્ન છે અને બે કુણીઓ શ્યામ છે અને કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે અને એ તિલથી જરાક છૂટે એક નાનો તિલ છે અને દાઢીથી હેઠો એક તિલ છે અને ડાબા ખભાથી બે આંગળ હેઠો વાંસામાં એક રોમે સહિત એક મોટો તિલ છે. ને એક તિલથી હેઠો તિલ છે ને વળી તેથી હેઠો બીજો તિલ છે અને કરોડથી જમણી કોરે ડોકથી બે તસુ હેઠો એક તિલ છે અને જમણી ખરપડી ઉપર એક નાનો તિલ છે ને નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ છે અને એ તિલથી ઊંચો ને આંખના ખૂણાથી હેઠો પાસે જ એક નાનો તિલ છે અને બે નેત્રની જે હેઠલી ને ઉપલી પાંપણો તેથી ઉપરને હેઠે ઝીણી ઝીણી કરચલીઓ પડે છે અને નાસિકાની ઉપર શીળીના

ચાઠાના ઝીણા ઝીણા ચિહ્ન છે અને મુખમાં જમણી કોરે હેઠલી જે પ્રથમની દાઢ તેમાં શ્યામ ચિન્હ છે અને તે ચિન્હ તે કમળના પત્ર સરખુ રક્ત છે અને તે જીભની ઉપર શ્યામ ચિન્હ છે અને ડાબા કાનની માંહેલી કોરે શ્યામ બિંદુનું ચિન્હ છે અને વિશાળ અને ઉપડતું એવું જે લલાટ તેને વિશે તિલકને આકારે ઉભી બે રેખા છે અને વળી લલાટને વિષે જમણી કોરે કેશથી હેઠું એક ચિહ્ન છે અને જમણા કાનની બૂટી ઉપર એક નાનો તિલ છે અને તાળવાની ઉપર એક મોટો તિલ છે અને શિખાથી આગળ સમીપે એક તિલ છે અને શિખાની પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે અને એ વિના પણ ઝીણા ઝીણા તિલ તે શરીરમાં કેટલાક છે અને શ્રીજી મહારાજની જે મૂર્તિ તે અતિશય રૂપને સુંદરતાને મધુરતા તેણે યુક્ત છે અને તે મૂર્તિ પુષ્ટ છે ને અતિશય શોભાયમાન છે અને તે મૂર્તી ઘનશ્યામ છે ને શાંત સ્વભાવે યુક્ત છે. શ્રીજી મહારાજની મૂર્તિના જે કરચરણ આદિક સર્વ અંગ તે સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા છે તેવાં છે.

### ભક્ત ચિંતામણી પ્રકરણમાં ધ્યાનની ચોપાઈ

ત્યાંથી સંઘને શીખજ કરી પોતે ચાલ્યા પશ્ચિમ દેશ હરિ .....
સારો પહેરી સુંદર સુરવાળ, જગે જરકશી જામો વિશાળ......
માથે બાંધી છે પાઘ સાનેરી કમર કસી કેસર રેટા કેરી
બાજુ કાજુ કુંડળ રૂપાળા, હાથે હેમકડાં બે વળાળાં........
હૈયે હાર અપાર શોભાળા, ઉર ઉતરી મોતીની માળા
કોટે કનકની કંઠી શોભે, શિશે શિરપેચ જોઈ મન લોભે.......
ચઢયા ઘણા ભૂલે હરિ ઘોડે, બીજા સખા અસવાર જોડે
ચાલ્યા વાટમાં એવા ને એવા, સર્વે જનને દર્શન દેવા.......

પ્રકરણ ૬૩ રાગ સામેરી

પછી પ્રભુને પૂજિયા, વળી ચરચ્યાં ચંદનઘણાં
પુષ્પહાર પહેરાવિયા, કર્યા છોગલા ફુલ તણાં........
અંબર સુંદર આભુષણ, અરપિયા અલબેલને





ધૂપ દીપ કરી આરતી, પાય લાગ્યા છબિલા છેલને......

પ્રકરણ ૬૪ - રાગ ચોપાઈ

પછી આવ્યો છે ફાગણ માસ, થયો હોળી રમવા હુલાસ
તિયાં હરિજનને તેડાવ્યા, દશવિશ સંતપણ આવ્યા......
પછી સુંદર આણ્યો સમાજ, રંગ કેશર રમવા કાજ
તેલ ફુલેલ ગુલ્લાબ ઘણા, મેલ્યો સમાજ ન રાખી મણા......
સખા તાકી રહ્યા છે તૈયાર, જમે જીવન એટલીવાર
જ્યારે જમી લિધું છે જીવને, તિયાં આવીને ઘેરિયાં જને.....
લાવ્યા રંગ સુરંગ ગુલાલ ઘેરી લીધાં છે ઘરમાં લાલ
છાંટે રંગ ઉડાડે છોળ્યું ઘણી, ચડી ગરદી ગુલાલતણી......
રંગ સો રંગે રંગ્યા રંગિલો, રસબસ થયા છે છબિલો
પછી નાથ કહે સુણો તમે, માંગો ફગવા તે આપિયે અમે.....
આવ્યા સંત બે નાથે બોલાવ્યા, કહે અમ સારું ભેટ શું લાવ્યા
કહે સંત લાવ્યા ફુલહાર, નાથ કહે આવો લાવો આ વાર.....
પછી અશ્વથી હેઠે ઉતર્યા, સતે પુષ્પના શણગાર કર્યા
કંઠે આરોપ્યાં ફુલના હાર, બાંધ્યા બાજુ તે શોભે અપાર......
તોરા ગજરા ફુલના ધર્યા, કાને ગુચ્છ તે ફુલના કર્યા
બાંયે બેરખા કંકણ સાર, કર્યા ફુલ તણા શણગાર.......
ધૂપ દીપ ઉતારી આરતિ, કરી કર જોડિને વિનંતિ
ફરી પૂજાને લાગિયા પાય, નિર્ખિ નાથને તૃપ્ત ન થાય.....
શ્યામ સલુણો શોભે છે અતી, મનોહર સુંદર મુરતિ
નયણાં ભરીને નિરખે છે જન, જોઈ જીવન થયા મગન.......

પ્રકરણ - ૬૫ - રાગ ચોપાઈ

પછી કઢાવ્યો રંગ સો રંગ, કેસુ કેસર કસુંબો પતંગ
ભર્યા ચરૂ કડાયાને કડા, વળી ગોળા માટલાને ઘડા.......

લાવ્યા તેલ ગુલાલ અબીર, સજ્જ થયા સખા શુરવીર
પછી નાથ કહે સુણો જન, આપો અમને સખા થઈ પ્રસન્ન.....
પછી દશવિશ સખા લીધા, બેઉ ટોડા બરોબર કીધા
સાંખ્ય યોગી સખા શ્યામ સાથે, લીધી હેમ પીચકારી હાથે.....
પછી મંગાવિયો રંગ પાસે, ભરી પીચકારી અવિનાશે
છાંટી એકા એક સહુ માથે, પછી નાંખ્યો છે ગુલાલ નાથે.....
સખા સહુ થયા રંગ ચોળ, પછી મચ્યો છે ખેલ અતોળ
છૂટે પીચકારી બહુ છોળે, એક બીજાને ઝાલિને રોળે.....
નાંખે ઉપર અબીર ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ
વાજે ઢોલને દદામાં ગડે, કાંસા ત્રાંસાની ધ્રોરાજ પડે.....
લથબથ જૂથ રમે હોળી, સામસામી છે સરખી ટોળી
નાથ ઉપર નાંખ્યો છે રંગ, તેણે શોભે છે સુંદર અંગ.....
સર્વે વસ્ત્ર રંગાંણા અંગના, શ્વેત લાલ થયા એકરંગના
મુખ લાલને કમળ નેણ, શોભે સુંદર તે સુખદેણ.....
હસવે દિશે છે દતપંગતિ, ઓપે અનાર કળિથી અતિ
બાધ્યું બોકાનું સુંદર ફેંટે કશી કમર રૂપાળે રેંટે......
છૂટી કસમાં દિસે છે છાતી, તેની શોભા કહી નથી જાતિ
વેઢ વિંટીને કડાં છે હાથે, નાથ રમે છે સખાને સાથે.....
હોડા હોડમાં કોઈન હારે, વચ્ચમાં પડી કોઈન વારે
એમ રમતાં જામ બેઉ ગિયા, મટી બપોર છાયા નમિયા......
પછી નાથે હાથે પાડી તાળી, કરીનામની ધુન્ય રસાળી
કરી ધુન્ય કહે એમ વાલો, સર્વે નદિએ નાવાને ચાલો.....
પછી પોતે ચઢિયા છે ઘોડે, સખા જુથ સરવે છે જોડે
નાવા નીરમાં પેઠા છે નાથ, સહુ નાહ્યા છે શ્યામને સાથ.....
નાહિ નાથ ને નિસર્યા બારે, કર્યો કુંકુંમનો ઈન્દુ ત્યારે





પછી અશ્વે થયા અસવાર, આવ્યા મહારાજ ગામ મોજાર.....

પ્રકરણ ૬૬ - રાગ સામેરી

એક સુંદર આંબો સોયામણો, ત્યાં બાંધ્યો હિંડોળો
હેત શું ! અલબેલો ત્યાં આવિયા, સર્વે સખા સમેત શું .....
હિંડોળે હરિ વિરાજ્યા, ત્યાં આવ્યા જનઅપાર
પારન આવે પેખતાં, બહુ મળિયા, નરનાર......
સંતને આપી આંગન્યા, કરો પૂજા તમે પ્રિત્ય શું
કેસર ચંદન, કુસુમ માળા, ધૂપ દીપ આરતિ રીત્ય શું......
સંત સુંદર સાજ લઈ, કરી પૂજા પરમાનંદની
ચરણ ચરસી ચંદને, છાપી છાતિ મુનિ વૃંદની......
આનંદ આપી અતિ ઘણો, પછી ઉભા થયા અવિનાશ
હરિજન સહુ હાર લઈ, વળી ઉભા હતા હરિ પાસ.....
કૈકે હાર પહેર્યા કંઠમાં અને કૈક બાંધિયાં બાંય
કૈક ચરણે બાંધિયા, એમ ફુલી રહ્યા ફુલ માંય......
હિંડોળે હાર વળગાડીયા, કૈક આરોપ્યા આંબા ડાળ
કૈક બાંધ્યા છડીએ, તેની કરી કાવડ્ય દયાળ.....
એવી રીતે લીલા કરી હરિ, જનને ધરવા ધ્યાન
આપી સુખ એમ અતિ ઘણું, પછી આવિયા ભગવાન......

પ્રકરણ ૬૭ - ચોપાઈ

ચાલે ચટકતા ચાલ્ય ગજગતિ, સ્વેદ બિંદુએ શોભે ભાલ અતિ
આવી બેઠા આસો પાલવ છાંયે, નિરખી નાથ હૈયે હરખ ન માયે....
પછી પૂજા કરવાને જન, પોત્યે હાથે ઉતાર્યા ચંદન
કરી પૂજાને પહેરાવ્યા હાર, નખશિખ કર્યા ફુલ શણગાર.....
ધુપ દીપ ઉતારી આરતી, પછી કર જોડી કરી વિનંતી
વળતા નાવા ચાલિયા નાથ, સર્વે સખા નાહ્યા શ્યામ સાથ.....

પછી પધાર્યા હરિ પુરમાંય, મોટી વાત કરી એક ત્યાંય
કિયાં જનને કિયાં ભગવન, એવું સમજી સંકોચાય જન.....
માટે હરિ શું કરવો સંબંધ, તાત, ગુરૂ સખા ભાઈબંધ
એમ કહી પછી ઉભા થયા, કરી મુનીને મળવાની દયા.....
મળતા મર્મે કરી હરિ હસ્યા, ભેટતાં જન ભૂલ્યાં દેહ દશા
એવી લીલા અલૌકિક કરી, પછી પંચાળે પધાર્યા હરિ......

પ્રકર ૬૮ - સામેરી

રમવા રાસ હૈયે હુલાસ, પહર્યાં અંબર સુંદર અતિ ભલાં
પાઘ પેચાળી અતિ રૂપાળી, છાજે તિયાં બહુ છોગલાં ......
ફરે ફુંદડી રંગ ઝડી, ગુલાલની કરે ઘણી
પછી દિન વળતે કરી, જને પૂજા જીવનતણી......
ચંદન ચરચી, હાર સુંદર, પ્રભુને પહેરાવિયા
ધુપ દીપને આરતી, ઉતારવા જન આવિયા......
પૂજા કરીને પાય લાગ્યાં, ચરણ છાતીએ છાપિયાં
સનમુખ બેસી શ્યામળે, અલબેલે સુખ આપિયાં.....
હસતાં રમતાં સહુ જમતાં, વીતે દન સારી પેઠય
એમ કંઈક દિન વીતે, આવી પછી કપિલા છઠય.....
પછી પ્રભુ પ્રકટ થઈ, દિધાં દર્શન દાસને
જન જોઈ મગન થયાં, અલબેલા અવિનાશને.....
પછી જીવને કહ્યું જનને, આ રમવાની રીત્ય નહિં
કરો તડાં તેવ-તેવડાં, તો અમે પણ રમિયે સહિ.....
પછી બાંધી બે મંડળી, વળી શ્યામ સખા સજ્જ થયા
ચાલે બહુ પીચકારિયો, લાલ ઢાલ આડી દઈ રહ્યા....
પછી ફાંટુ માંડી ફેંકવા, ગુલાલની લાલે ઘણી
તેની ગગનમાં ગરદી ચઢી, સોરંગ રંગ રાતા તણી.....





કનક કંઠી કોટમાં, વળી રૂડી લાગે રમતાં
રસ બસ થયા રસિયો ઘણુ સખાને મન ગમતાં......

પ્રકરણ ૭૧ ચોપાઈ

કરી પૂજાને જોડ્યા છે હાથ, જન ગાય છે જય જય ગાથ
પછી રચ્યો છે હિંડોળો સાર, વાલો ઝુલે છે વન મોઝાર.....
શોભે શામળિયો ભીને વાન, વાલો ત્રોડે છે તાળીનું તાન
કરે કરતા લટકાં કાજુ, જોઈ જન તણું મન રાજું......
પછી ઊભા થયા અલબેલ, સ્થંભ ગ્રહિને દીધી છે ઠેલ
હાલે હિંડોળો ઝૂલે છે હરિ, જન જય રહ્યા જન કરી......
એમ કરે છે લીલા અપાર, નીરખી સુખ લીયે નરનાર
પછી અલબેલા આગળે જન કરી નૃત્ય ને કરે પ્રસન્ન......
પછી રાજી થયા બહુ રાજ, મળ્યા સંત મંડળને મહારાજ
પછી સંત ચંદન ઘસી લાવ્યા મળી પ્રભુને પૂજવા આવ્યા......
પ્રેમે પુજ્યા પ્રાણ આધાર, કંઠે આરોપ્યા ફુલના હાર
ચર્ચ્યા ચંદને ચરણ દોય, જેને ઉરમાં છાપિયાં સોય......

પ્રકરણ ૭૩ ચોપઈ

તિયાં આવ્યો ઉત્સવનો દન, કર્યું રસિયે રમવાનું મન
ભરી ઝોળી ઉડાડે ગુલાલ, તેણે સખા થયા સહુ લાલ.....
નાંખે પીચકારી ભરી રસ, રંગે સખા કીધા રસ બસ
સખા શોભે છે સુંદર રંગે, રમે અલબેલો ઉછરંગે......
પછી સખે કર્યો તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો
બાર બારણે ઓપે અનુપ, જોયા જેવું છે જાળિનું રૂપ.....
પાંચ શિખરે શોભે નિદાન, જાંણીય વૈકુંઠનું વિમાન
કાજુ કનકના કોટિમાં લેકે, બહુ ફુલ ને હાર તે બેકચ......
રૂડો રચ્યોમળી મુનિરાજ, એવે હિંડોળે બેઠા મહારાજ

પછી ધર્યો મુગટ સુજાણે, શોભે સૂર્ય તેજ પરમાણે.......
અતિ શોભા દિયે છે અપાર, નંગ પંગતિનો નહિ પાર
જડ્યાં મણિ માણેકને મોતી કરે છે હીરા જવેર જ્યોતિ.....
જોઈ વજ રુચકની જાત્ય, લાલ,નીલે,પીળે પાડી ભાત્ય
નંગ ઝગમગ કરે જ્યોત, જાંણુ રવિ શશી થયા ઉદ્યોત......
એવાં રૂડાં રતનનો જડ્યો, ઘણે ઘણે હેતે કરી ઘડ્યો
એવો મુકુટ ધર્યો છે નાથે, પહેર્યાં કનકનાં કડાં બે હાથે.....
કરે વેઢ વિંટી, બાંયે બાજુ મકરાકૃત કુંડળ કાને કાજુ
શિરપેચને સોનેરી તોરો,કેડયે બાંધ્યો કનક કંદોરો.....
હૈયે પહેર્યાં છે હેમના હાર, શોભે ફુલની માળા અપાર
કર્યો તિલક કેસર તણાં, તેણે શોભે છે સુંદર ઘણાં........
પછી જને કરી છે આરતી, થાય જય જય શબ્દ ત્યાં અતિ
મળ્યાં જન ત્યાં અતિ અપાર,લઈ ઉભા છે ફુલના હાર......
પણ પ્રભુને કેમ અપાય, અતિ ભિડ્ય પાસે ન જવાય
તેના મનોરથ પૂરા કીધાં, હાથ છડી વડ્યે હાર લીધા......
પછી માથેથી મુગટ ઉતારી, સુંદર સોનેરી પાઘ તે ધારી
તેનાં દીધાં સહુને દર્શન, કર્યાં જનના મન પ્રસન્ન......
પછી સહુની પુરવા હામ, ઝુલે હિંડોળે સુંદર શ્યામ
હાલે હિંડોળો વાયુને વેગ, થઈ મગન ઝરે તિયાં મેઘ......
તિયાં આવીને થોભ્યાં વિમાન, ગાય ગાંધર્વ ત્યાં ગુણવાન
તિયાં બોલે છે જન, એમ લીળા કરે છે જીવન......
વીતિ એમ આનંદમાં રાત્ય, ઉગ્યો સુર હવું પરભાત્ય
ત્યારે શામળિયો સજ્જ થયા, સખાને સંગે રમવા રહ્યા......

પ્રકરણ ૭૪ સામેરી

લાવ્યા ગુલાલના ગાડલાં, તે વહેંચી આપ્યા સંતને





ભર્યા હો જ બેઉ રંગના, રમવા ભક્ત ભગવંતને......
પછી અલબેલો ઉભા થઈ, વળી ફેંકી ફાંટુ ગુલાલની
તે સમાની શોભ મુખથી કહી ન જાયે લાલની......
પછી સખા સજ્જ થયા, ખેલ ખુબ ખરો મચાવિયો
લાગી ઝડી બહુ રંગની અરૂણ વર્ણ અંબર થયો.......
પરસ્પર પીચકારીઓની છૂટે શેડ્યું સામટી
આંખ ન દીયે ઉઘાડવા જાંણુ આવ્યો જન ઘણો ઉલટી......
ગુલાલ લાલ નાખે ઘણો, ઝળકે કરમાં કડાં વળી
થાય સલાવા તેહના, જાંણુ ચમકે ઘનમાં વિજળી.......
રસ બસ થયા સસિયો, શોભે સખા રંગમાં લાલ
આનંદ દેવા દાસને, એવો કરે અલૌકિક ખ્યાલ......

પ્રકરણ ૭૬ સામેરી

એમ શોચ કરીને સંત સુતા, તેને સ્વપ્નમાં આવ્યા હરિ
સખા સંગે શ્યામળો, જાંણુ પધાર્યા દયા કરી......
શ્વેત વસ્ત્ર પહેરી લેરી, જાંણુ આવ્યા અશ્વે ચડી
સંત મન મગન થઈ કરે, ધન્ય ધન્ય આજ ઘડી......
એક કહે મહારાજને મેં, ગુંજાહાર પહેરાવીયા
બાજુ કાજુ કુંડળ કરી, ફુલના તોરા ધરાવિયા.......
એક કહે જાણું ચંદન ઘસી, ચરચ્યું મારા હાથ શું
એક કહે જાંણુ અલબેલાને, ભેટિયો ભરી બાથ શું ........
એક કહે જાણું નાથનાં, ચરણ છાપ્યાં છાતિએ,
એક કહે એવી દીઠી મૂર્તિ, તે તો નવ જાય કહ્યો......
એક કહે મેં સખા દીઠા, સંગે સુંદર શ્યામને
એમ સંતે સ્વપ્નમાંહી, દીઠા પુરણ કામને........
પ્રભાતે ઊઠી પરસ્પર,વાત કરવા લાગિયા

જાંણ્યું પધાર્યા વાલ્યમો, સંત સહુનાં દુખ ભાગિયાં.......
પછી સંત સુખડ ઘસી, લાવ્યાતા ભાજન ભરી
મરજી જોઈ મહારાજની, સર્વે અંગમાં અર્ચા કરી......
સુંદર હાર સુમનના, પ્રભુને પહેરાવિયા
પોંચી, બાજુ કાજુ કુંડળ, ગજરા તોરા ધરાવિયા......
ધૂપ દીપ કરી આરતિ, સહુ લળિ પાયે લાગિયાં
પછી પ્રભુજી ગામમાં ઘોડે ચડી જમવા ગિયા.....

પ્રકરણ ૭૭ ચોપાઈ

તિયાં સુદર વેદી રૂપાળી, આવી બેઠાં તિયાં વનમાળી
જય જય બોલે જન વૃંદ, જાણું પ્રગટવા પુરણચંદ્ર......
દીપે દીપ જ્યોત ત્યાં અપાર, જાણ્યું બન્યુ ઘણું તેજનું અગાર
પ્રકાશ થાયે મંદિર માંયે શોભે મૂરતિ અતિ શોભાયે......
અંબર આભૂષણ અંગે જેહ, સર્વે તેજોમય દીઠાં તેહ
એમ લૌકિક માંઈ અલૌકિક જોઈ જનમન રહ્યાં છકી......
દીધાં દર્શન એવાં દયાળે, દયાસિંધુ જન પ્રતિપાળે
સર્વે જન થયાં છે સનાથ, જોઈ નટવર સુંદર નાથ.....

પોતાની મનોવૃત્તિને નખશિખ પર્યન્ત મૂર્તિમાં રાખવાનો અભ્યાસ કરવો ને પરબ્રહ્મ પુરૂષોત્તમ પરમાત્મા કલ્યાણકારી, સર્વસુખના નિધિ સર્વેના કારણ, સર્વેના નિયામક, સર્વેના આધાર જેની આજ્ઞામાં રવિ, શશી, તારા, સમુદ્ર, બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિગેરે રહેલા છે. જેના ગુણ શારદા, તથા શેષજી હંમેશા ગાયા જ કરે છે. જેની સેવામાં રાધા, રમા તથા અનંત કોટિ અનાદિ મુક્તો અનિમેષ નયને હાજર રહેલા છે. મહામુનિઓ હંમેશાં જેનું ધ્યાન કરે છે. આવા મહિમાએ સહિત તેમાં) મારી મનોવૃત્તિને હું સ્થાપું છું એમ ભાવના કરવી. ધારણા કરતાં કરતાં મૂર્તિ આખી શુભ્ર પ્રકાશથી વસાઇ જાય, ત. કાનમાં ત. મસ્તક વિશે થતા નાદનું શ્રવણ થવા માંડે, ને અંત:કરણ





દિવ્ય આનંદથી ભરપુર થવા માંડે ત્યારે જાણવું જે હવે ધારણાનો પરિપક્વ થવા આવ્યો છે એટલે કે આપણે ધ્યાન કરવાના અધિકાર થયા છીએ.

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા, જતન કરીને જીવન મારા, જીવ માંહી પ્રોઉં વહાલા, ચિન્હ અનુપમ અંગો અંગના સુરતે સંભારું વહાલા, નખ શિખ નીરખી નૌતમ મારા ઉરમાં ઉતારુ. વહાલા અસણ કમળ સમ જુગલ ચરણથી શોભા અતિ સારી વ્હાલા ચિંતવન કરવા આતુર અતિ મનવૃત્તિ મારી વ્હાલા પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિન્હ વહાલા, ઉર્ધ્વ રેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા પાનીને બે કોરે જોતાં ભક્તને મન ભાવી વ્હાલા, જુગલ ચરણમાં કહુ મનોહર ચિન્હ તેના નામ વહાલા શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા અષ્ટકોંણને ઉર્ધ્વ રેખા, સ્વસ્તિ જાંબુને જપ વહાલા, વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા, ત્રિકોણ કળશને ગોપદ સુંદર, ધનુષને મીન વહાલા, અર્ધ ચંદ્રને વ્યોમ, સાત છે ડાબે પગે ચિન્હવાળા જમણા પગના અંગુઠાના નખમાંહિ ચિન્હ વ્હાલા, તે તો નિરખે જે કોઈ ભક્ત, પ્રિતીએ પ્રવીણ વહાલા એજ અંગંઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા, પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે પ્રાણ લઈ વારુ વ્હાલા.

ચરણકમળની છબી ચિંતવતા, લાગે અલૌકિક સારી વહાલા, સર્વે ચિન્હ સંભારી ધારુ, અંતસમાની મુડી વ્હાલા, જમણા પગના અંગુઠા પાસેની આંગળીએ વહાલા, ડાળે પડખે તિલ એક સુંદર, નિરખી દુ:ખડાં વામયે વ્હાલા.

જમણા પગની છેલી આંગળીની બ્હારે વ્હાલા
તિલ એકનખને પાસે જોતા, વ્હાલપ વધારે વ્હાલા
ડાબા પગની ઉર્ધ્વ રેખાની, ડાબી તે કોરે વ્હાલા
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિતડાને ચોરે વ્હાલા
બે પગની આંગળીયુંને તળાં, મનોહર રાતાં વ્હાલા
અંગુઠા આંગળીના નખ, રાતાસે ચડિયાતા વ્હાલા
બે ચરણના અંગુઠાને, આંગળીયું ઉપર વ્હાલા

જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વ્હાલા
બે અંગુઠાની પાસેની બે, આંગળીયે જોઉં વ્હાલા
ચાખડીયુ ના રૂડાં ચિહ્ન, તે પાંપણીએ પ્રોઉ વ્હાલા
બે પગની બહારની ઘૂંટી, તે હેઠે કેવા વહાલા
આસનના ઘસારાના ચિહ્ન, તે જોયા જેવા વહાલા
જમણાપગની ઘૂંટી ઉપર, પાંચતસુ છે જો વહાલા
નળિને ઉપર તિલ એક તેમાં, મન મારૂં રહેજો વ્હાલા
મોટું એક ચિહ્ન જમણા પગના સાથળને બારે વ્હાલા
પ્રેમાનંદ કહે પ્રિતે નિરખું, વારે ને વારે વ્હાલા

પદ-૩

શોભા નીરખી નેણાં મારા, તૃપ્ત ન થાયે વ્હાલા
મનડું મગન થયું છે હૈડે, હરખ ન માયે વ્હાલા
ડાબા પગની ઘૂંટી ઉપર, પાંચ તસુ કહીએ વ્હાલા
નળી ઉપર મોટો તિલ છે, મનમાં ધારી લઈએ વ્હાલા
તેની પાસે નાનો તિલ છે, તેમાં ચિત્ત ચોટ્યું વ્હાલા
એ પગના ઘૂંટણની બારે, એક ચિહ્ન છે મોટું વ્હાલા
શ્યામ કહી રૂપાળી જોઈને, કંદર્પ લાજે વ્હાલા
શીતળ ઉદર માંહી ત્રીવળી, સુંદર બિરાજે વ્હાલા
ઊંડી ગોળ અનુપમ નાભિ, તેની બે કોરે વ્હાલા
બે તિલ છે બહુ રૂપાળા, તે ગમિયા મન મોરે વ્હાલા
નાભિથી પણ બે તસુ ઉપર, ત્રણ તિલને ધારૂ વ્હાલા
બે તિલ ઉપર, એક એક છે, એક વચ્ચે સંભારુ વહાલા
વચલા તિલથી બે તસુ ઊંચો, એક તિલ નીરખીને વહાલા
જમણી કુખમાં બે તિલે મોટા, તે જાઉં હરખીને વહાલા
ડાબે પડખે કુખથી ઉપર, મોટા તિલ ચારે વહાલા





તેની પાસે બીજા નાના, ચાર તિલ એક હારે વહાલા
રોમ તણું રૂપાળું શ્રી વત્સ, ચિન્હ એક ઉર માંહી વહાલા
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા
છાતી વચ્ચે એક ચિહ્ન અર્ધચંદ્ર આકારે વહાલા
પાંચ તસુ પહોળું જોઈ, પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા.

પદ-૪

એક ચિન્હ વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા
સુંદર એક તિલ મોટો, મારા ચિત્તને ચોરે વહાલા
એક તિલને જોતાં સર્વે, ભવ દુઃખને મેટે વહાલા
બે તિલથી બે તસુ છેટે, ડાબી કોર માંહી વહાલા
સ્તન ઉપર એક તિલ તેમાં, ચિત ચોંટ્યું જોઈ વહાલા
બે સ્તનથી ઉપર છે, બે છાપ તણા ચિહ્ન વહાલા
એ છબી જોવા સારુ, મારુ મન છે આધીન વહાલા
કરિના કર સરખી ભુજા, તે દીર્ઘને ઉદાર વહાલા
સંભારતાં તરત તો, ઉતારે ભવપાર વહાલા
જમણી ભુજાને પાસે છે, માંહે ઉભી તે હાર વહાલા
જોયા જેવા સુંદર મોટા, તિલ રૂડા ચાર વહાલા
જમણી ભુજાના મૂળ થકી છે ત્રણ તસુ હેઠે વહાલા
એક છાપનું ચિહ્ન જોતાં, જન્મ મરણ મટે વહાલા
તો છાપનું ચિહ્ન રૂડુ, તેને પડખે બારે વહાલા
નાના તિલ છે ચાર તેને, જોઉં વારે વારે વહાલા
કોણીયુ છે શ્યામ બેઉ કર, કઠણ છે પોંચા વહાલા
બે તિલ છે બહું રૂડા, જમણા પોંચાથી ઊંચા વહાલા
જમણા હાથની છેલ્લી આંગળી તીલ ઉપર સારો વહાલા
પ્રેમાનંદ કહે મોટો તિલ એક લાગે અતી પ્યારો વહાલા

રૂપાળા છો રાજીવ લોચન, ધર્મ તણા કુમાર વહાલા
શોભાની છો સીમા મારા, નેણ તણા શણગાર વહાલા
ડાબી ભુજાની મુખથી હેઠે, ત્રણ તસુ છે જો વહાલા
છાપ તણા એક ચીહ્નમાંઈ, નિત્ય મન મારું રહેજો વહાલા
ડાબી કુણીથી હેઠો નૌતમ, ઉપરલે ભાગે વહાલા
તિલ એક જોતાં મારા મનને, સારો બહુ લાગે વહાલા
ડાબા હાથના અંગુઠા, પાસેની આંગળીએ વહાલા
નખની પાસે નાનો તિલ,મનમાં ધારી લહીએ વહાલા
એ આંગળીને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા
એક તિલ છે અતિ નૌતમ, જોયા જેવા છે જો વહાલા
ડાબા હાથના પોંચા ઉપર, સંદર એક તીલ છે વહાલા
એ માંહી તે મનડું મારું, વળગ્યું વિશેક વહાલા
બે હાથની હથેળી છે, રાતી સુખધામ વહાલા
હથેળીમાં રેખા થોડી થોડી, છે જો શ્યામ વહાલા
બે હથેળીના મૂળ ઉપર, આઠ તસુ જોતાં વહાલા
છાપ તણા બે ચિહ્ન અનુપમ, ચિત્તમાં પરોયાં વહાલા
બે હાથના નખ છે નૌતમ; છે રાતા ચડિયાતા વહાલા
અગ્ર ભાગે તીક્ષ્ણ છે, અતિ રૂડા દેખાતા વહાલા
કંઠ વચ્ચે એક તિલ નૌતમ, જોતાં દુઃખ જાયે વહાલા
તેની પાસે નાના તિલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા

પદ - ૬

રૂપ તમારું રસિયાજી, નીરખતાં સુખદાઈ વહાલા
ચિહ્ન તણો નહિં પાર વધારે, વાલપ ઉર માંહી વહાલા
ડાબા ખભાથી હેઠો, વાંસામાં છે મરમાળો વહાલા
રોમ સહિત મોટો તિલ રૂડો, જોતાં તે રૂપાળો વહાલા





એ તિલથી હેઠો વાંસામાં, એક તિલ છે બીજો વહાલા
તેને હેઠે જોયા જેવો, એક તિલ છે ત્રીજો વહાલા
કરોડની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા
સુંદર એક તિલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા
જમણી ખરપડી ઉપર નૌતમ, એક તિલ છે નાનો વહાલા
પ્રીત કરીને નિહાળુ મારા, મન માંહી છાનો વહાલા
કરોડની જમણી કોરે, વાંસના માંહી સારો વહાલા
ચાર તિલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા
દાઢીથી હેઠો એક તિલ છે અતિશે અનુપ વહાલા
દાઢી ઉપર કેષની રેખા, સુંદર સુખરૂપ વહાલા
હસતું કમળ સરીખું મુખ, હસતુ આવું દેખું વહાલા
મુખ માંહે જમણી કોરની, હેઠલી જે દાઢ વહાલા
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી ચાડ વહાલા
શ્યામ ચિહ્ન જોયા જેવું, જીભમાં સુખકારી વહાલા
સુંદર વદન કમળ પર જાયે, પ્રેમાનંદ વારી વહાલા

પદ-૭

હરિજનના જીવન છો મોહન, ભક્ત ચિંતામણી વહાલા
શી કહું શોભા સુંદરવરની અંગો અંગ તણી વહાલા
જમણી કોરે કપોળમાં, નાસિકા પાસે વહાલા
એક મોટો તિલ જોતાં સરવે દુઃખ મારા નાસે વહાલા
એ તિલને પાસે એક નાનો, તિલ તેને જોઈએ વહાલા
નેત્ર તણા ખૂણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા
બે નેત્રની પાંપણ ઉપર ભૃકુટનો થડે વહાલા
તોને હેઠે ઉપર ઝીણી, કરચલીયું પડે વહાલા
નાસિકા ઉપર છે ઝીણાં, ચિહ્ન તે અભિરામ વહાલા

ડાબા કાનમાં શ્યામ બિંદુ તે, છણી તણું ધામ વહાલા
અરૂણ કમળ દળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા
કંદર્પની કમાન સરખી, ભૃકુટી મે ભાળી વહાલા
ચડિયાતા વિશાળ ભાલમાં,રસાળી તે શોભે વહાલા
તિલક આકારે ઉભી રેખા બે, જોઈ ચિત્ત લોભે વહાલા
ભાલ માંહી મનોહર જાતાં, જમણી તે કોરે વહાલા
કેષથી હેઠું એક અનુપમ, ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા
કેસર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા
કુંકુમને ચાંદલીયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા
પ્રેમાનંદ કહે મારું મન, ત્યાં રહ્યું જોઈ મોહી વહાલા

પદ-૮

શોભાના શણગાર હરિ મારા, હૈયાના છો હાર વહાલા
ધર્મ તણા કુમાર મારા, પ્રાણ તણા આધાર વહાલા
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા
છબી ઉપર બલહારી જાયે, શારદાને શેષ વહાલા
શિખાને સમીપે રૂડો, એક તિલ છે આગે વહાલા
એ છબી નીરખતાં મારાં સર્વે દુઃખ ભાગે વહાલા
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા
ત્રણ તિલ છે અતિ રૂડા, સામું જોઈને રહીએ વહાલા
નખ શિખ નીરખી સુંદર સર્વે, ચિહ્ન મેં ગાયા વહાલા
ચિંતવન કરી નિત્યે મારા, ચિત્તમાં ઠેરાવ્યા વહાલા
બાવન છે સર્વે ચિહ્ન, ત્રેંસઠ તિલ છે જો વહાલા
રૂપ શીલને ગુણે સોતાં, અંતરમાં રહેજો વહાલા
એ વિના ઝીણા તિલ ચિહ્ન છે અંગમાં અપાર વહાલા





ગાયા મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા
આવી રીતે મુર્તિને જે અંતરમાં ધારે વહાલા
પ્રિત કરીને ચિહ્ન અનુપમ સરવે સંભારે વહાલા
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા
કામ ક્રોધને કાળ માયા, તે સહુ પામે નાશ વહાલા
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીતે કરીને ગાશે વહાલા
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા

**સ્વામિનારાયણ ભગવાનનો મહિમા**

***'જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે.***
***છે નામ મારા શ્રુતીમાં અનેક સર્વોપરી એજ ગણાય એક'***

જો સ્વામિનારાયણ એક વાર રટ્યાં બીજા નામ હજારવાર, જપ્યા થકી જે ફળ થાય તેનું કરી શકે વર્ણન કોણ તેનું સુખી કરે સંકટ સર્વે કાપે અંતે વળી અક્ષરધામ આપે, ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ જાણે જ તેનો મહિમા મહેશ જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય આ કાળમાં તો જપ એ જ થાય. જો અંતકાળે શ્રવણે સુણાય પાપી તણો તે પણ મોક્ષ થાય. શ્રી સ્વામિનારાયણ જે કહેશે ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ષડાક્ષરી મંત્ર મહાસમર્થ જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ, છ એ ઋતુમાં દિવસે નિશાએ સર્વ ક્રિયામાં સમરો સદાયે ષડાક્ષરો છે. ષટશાસ્ત્ર સાર તે તો ઉતારે ભવ સિંધુ પાર. પવિત્ર દેહે અપવિત્ર દેહે તે નામ નિત્ય સમરવું સ્નેહે જેળે કરીને તન મેલ જાય તે નામથી અંતર શુદ્ધ થાય. જેણે મહાપાપ કર્યા અનંત જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનું સંત તે સ્વામિનારાયણ નામ લેતાં લાજી મરે છે મુખેથી જ કહેતાં. શ્રી સ્વામિનારાયણ નામ સાર, પાપને તે પ્રજળાવનાર, વળી ઘણું અંતર હોય તેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું.

**શ્રીજીનો પત્ર**

"સબ પરમહંસ તથા સબ બાત કે કરનેવાલે, ગૃહસ્થ સો લાલસું કરતા. જો ભજનને કરને વાલે સત્સંગી હૈ ઈનકુ પહેલે સિદ્ધ આસન કરકે બેઠાવના - નાસિકા

અગ્ર દૃષ્ટિ રખાવના. હૃદય બીચ દેખ રહના. દેખતે દેખતે આંખકું મીચ જાન ને હૃદય કી માંહી જ્યાં હાં પ્રાન આવનકી જો ગાંઠ હૈ ત્જીસ જગે દેખ રહેના, દેખતે દેખતે જો સંકલ્પ શુભ અશુભ ઉઠે તિસકું ખોટા કરના સાસ ઉસાસ ઉઠાના હૈ તિસકુ ખોટા કરના. સાસ ઉસાસ ઉઠાના હૈ તિસકુ દેખ દેખતે દેખતે જો દેખનેવાલા હૈ તિસમેં સુરત રખના. તિસ દેખનેવાલામે જબ મૂર્તિ દેખાય તબ મૂર્તિ દેખના. અરુ પ્રાન અપાનકા ઉઠના અસ બેઠના તિસકુ સ્મૃતિ રખના. વિસ્મૃતિ ન હોને દેના. દુસરા જો દેખને વાલસુ મૂર્તિ જુદી દેખાય તો મૂર્તિકું ભી ખોટા કરના. ખોટે કરતે કરતે જો મૂર્તિ નહીં હલે તીસ મૂર્તિકું દેખના. કલ્પનારૂપ મૂર્તિ દેખના નહિ. સંકલ્પ શુભ અશુભ પ્રાન-અપાન તિસસુ જુદા જો દૃષ્ટા તિસમેં ખેખ રહના. તીસ સ્વરૂપકો આપના સ્વરૂપ માનના-પ્રાન અપાન કો બેઠના તિસકુ દેખ રહના. જુદા હોય કર સંકલ્પ, સુષુપ્તિ પ્રધાન, સ્વપ્ન પ્રધાન, જાગ્રત પ્રધાન, તિસસુ જુદા હોય કર સંકલ્પ કે પ્રવાહ કુ દ્રષ્ટારૂપ હોય કર દેખના શુભ અશુભકી ભાવના છોડકર દેખનેવાલે મેં દેખ રહના - સુરત કર ઈસ રીતસુ સત્સંગી કુ ભજનમેં બેઠાવના.

**શ્રીજીનો પત્ર**

"જે દેહે કરીને વર્તમાન વિવવેકમાં કદી ફેર પડવા દેવો નહિં. ધ્યાન માટે - આસન સિદ્ધ જીતવો, નાસીકાગ્રે દૃષ્ટિ રાખવી, મટકા જીતવા, મુરતી, ભગવાનની આંખ આગળ ઠેરાવવી. તેનું નખશીખ પર્યંત ચિંતવન કરવું. દૃષ્ટિ મૂર્તિમાં ચકોરની પેઠે રાખવી. આંખમાંથી પાણી નીસરવું તથા દુ:ખવા આવે તોય પણ આંખમાં મટકા આવવા દેવા નહિં. આસન તો જેમ પાણાની મૂર્તિ સિદ્ધાસને બેસી હોય તેના પગ નથી સલસમતા કે હાલતા નથી તેમ પગને જીતવા તેમજ પગ ઉપર હાથ રહ્યા હોય તે હલાવા દેવો નહિં. ને જેમ પાણાની મૂર્તિના પગ, હાથ, કોટ, કેડ ડગતી નથી તેમજ આસન જીતવું. મુવાળો પણ ફરકવા દેવો નહિં એમ રાત્રિમાં બેસવું. પ્રથમ અડધો કલાક પછી કલાક, ૨ કલાક, એમ કરતાં અભ્યાસ વધુ કરશો તો ૭ થી ૮ કલાક સુધી બેસી શકાય. આવી રીતે ગમે તેમ કરીને અભ્યાસ કરવો જેથી આસન જીતાય. શા માટે તે કામદેવને જીતવા સારૂ. સંતોએ અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય સિધ્ધ થઈ





જશે. જ્યારે સિદ્ધાસન જીતાય ત્યારે બિરજ ખસે નહિં. તે જ્ઞાન સમુદ્રમાં શિવે પારવતીને કહ્યું છે માટે સિદ્ધાસન કર્યું શા માટે ? જે નિષ્કામી વર્તમાન દ્રઢ રહે એ સિદ્ધાસનથી પુરૂષને સ્વપ્નમાં એ પણ બિરજ ખસે નહિ. શા માટે જે સિદ્ધાસન જેમ થીર થાએ પોર રાત્રિનું કહેતા ત્રણ કલાકનું ત્યારે બધી નાડિયે દરેક મોવાડે મોવોડે અગ્નિ પ્રગટ થાય છે. તે અગ્નિ ધ્યાન જોગથી તે બિરજ માત્ર શરીરમાંથી બાળી નાંખે છે. ત્યારે એ કાયા, જેવો છ મહિનાના બાળક જેમ કામથી રહિત હોય તેમ થઈ જાય છે. જેમ તે બાળકને બિરજ ખસે નહિં ને સ્ત્રી બાળકી તે સ્ત્રી ધર્મમાં આવે નહિં. તેમજ જે રુધિર તે સ્ત્રીની નાડીમાંથી બળી જાયે તે સારુ નિષ્કામી તો ત્યારે જ થશો જ્યારે સિદ્ધાસને બેસસો અને આસન જીતશો ત્યારે જ ને જે શૂરવીર હો તો બિરજ ખસે તે દિ ઉપવાસ કરવો. આ બધી વાત સંતો માટે છે.

બીજુ સત્સંગીયે દિવસમાં જગતનો ધંધો કરવોને રાત્રિમાં ભજનનો અભ્યાસ કરવો જેમ સાંખ્યયોગી કરે તેમ કરવો.

બીજુ પ્રસાદીના કાગળમાં લખ્યું છે કે અંત:કરણના જાણતલ સાક્ષી ત્યાં મનનો જે સંકલ્પ ઉઠે છે તે મનના સંકલ્પને જાણે છે ત્યાં પ્રાણ અપાન વાયુની ગાંઠ્ય જ્યાં પડે છે ત્યાં જ તેજનું ઘર છે. તેજ ઠેકાણે પ્રણવ છે. તેજ ઠેકાણે અનહદ ચક્ર છે ને ત્યાં જ વજ્ર કમડ છે. તેજ ઠેકાણે જ્યોતિનો ઢગલો છે. તેજ ઠેકાણે અનંત સૂર્ય ચંદ્ર સમ તેજ છે. તેજ ઠેકાણે દશમો દ્વાર છે. તેજ ઠેકાણે ખટચક્રનો માર્ગ છે. ત્યાંજ વંક નામનો માર્ગ છે. તેજ ઠેકાણે બ્રહ્મલોકમાં જવાનો માર્ગ છે. તેજ ઠેકાણે સુષુમણા નામે નાડી રહી છે.

તેજ ઠેકાણે જીવ રહ્યો છે. તે ઠેકાણે પ્રત્યક્ષ પુરૂષોત્તમની મૂર્તિને ધારીને નખશીખા પર્યન્ત સર્વે અંગનું ચિંતવન કરવું ને પોતાના જીવાત્મામાં અક્ષરબ્રહ્મના ગુણ ધારવા. અક્ષરથી પર પ્રત્યક્ષ પુરૂષોત્તમ તેની આંખ વડે તેને જોવા. હીરે હીરો વીંધવો. હું તો જીવ ચૈતન્યરૂપ છું. એક પ્રભુના તદાત્મકપણાને પામ્યો છું એવી રીતે નિરંતર ભજનમાં રહેવું. તેનું નામ જ ભક્તિ કહીએ, આવી રીતે ધ્યાન કરવું પોતે તો ભગવાનનો દાસ છું એમ માનવું ને ધ્યાન તો મહારાજની મુર્તિનું જ કરવું.

શ્રીજી મહારાજે કહ્યું છે કે બ્રહ્મરૂપ થઈને ધ્યાન કરવું તે ધ્યાન કેવી રીતે કરવું તે શિક્ષાપત્રીના ૧૧૬ માં શ્લોકમાં કહ્યું છે કે બ્રહ્મરૂપ થઈને ધ્યાન કરવું. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. બ્રહ્મરૂપ કેવી રીતે માનવું તે વચનામૃતમાં કહેલ છે. કે પોતે એમ માને કે હું બ્રહ્મ છું ચૈતન્ય છું ને મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો ધીરે ધીરે અભ્યાસ કરતા બ્રહ્મરૂપ થવાય છે ને તે ધ્યાન કરવા બેસવું ત્યારે સાંખ્ય વિચારે કરી જગત લોક દેહ બ્રહ્માંડ આદિને ખોટું કરવું તે મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪ના વચનામૃતમાં કહ્યું છે કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તેને આલોક બ્રહ્માંડ દેહ કાંઈપણ નજરમાં ન આવે ને કહ્યું છે કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તેને પ્રકૃતિને પ્રકૃતિ પુરૂષનું કાર્ય કાંઈપણ દેખવામાં ન આવે ને એકરસ ચૈતન્ય ભાસે છે એમ જ્ઞાન પ્રલય વિચારે કરીને કરવો ને વળી લોયાના ૧૪ ના વચનામૃતમાં કહેલ છે કે અધો ઉર્ધ્વ ચારેકોર તેજનો સમુહ છે તે તેજના સમુહ ને વિષે એક ભગવાનની મૂર્તિ જ દેખાય છે. વળી ગ.મ.શ્રીના ૧૩ ના વચનામૃતમાં કહેલ છે કે મારા આત્માને વિષે એકલું તેજ વ્યાપી ગયું છે ને એ તેજને વિષ ભગવાનની મૂર્તિ છે તે મૂર્તિ જ દેખવામાં આવે પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખવામાં ન આવે તે દેખવામાં આવ્યું નથી. વળી ગ.પ્ર.પ્ર.ના ૨૬ ના વચનામૃતમાં કહેલ છે આવી રીતે ભજન કરતાં શૂન્ય ભાવને પામી જાય છે. કેતા આલોકમાંથી વૃત્તિ સંકોચનને પામે છે. વળી શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૨૦મા વચનામૃતમાં કહ્યું છે કે અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ તો પોતાના સ્વરૂપને જે નથી જોતો એજ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો મૂર્ખમાં મૂર્ખ નીચમાં નીચ છે. ત્યારે શુકમુનીએ આશંકા કરી કે પોતાનું સ્વરૂપ જોવુ તે શું પોતાના હાથમાં છે. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે જેને સત્સંગ થયો છે તેને તો પોતાનું સ્વરૂપ જોવું તે પોતાના હાથમાં છે. કયે દિવસ કરવા મંડ્યા ને ન થયું. અભ્યાસ કરે તો આત્મા દેખાય ને આત્માને વિશે રહેલા પરમાત્મા પણ દેખાય. વળી શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૫ માં વચનામૃતમાં લખ્યું છે કે ધ્યાન કરવું. ધ્યાન કરતા મૂર્તિ ન દેખાય તોય ધ્યાન કરવું. એવી રીતે અભ્યાસ કરે તો મૂર્તિ આત્માને વિશે જરૂર દેખાય. વળી ગ.પ્ર.પ્ર. ના ૧૫ ના





વચનામૃતમાં કહેલ છે કે ધ્યાન કરતાં ૫ વર્ષ, ૧૦ વર્ષ, ૨૫ વર્ષ કે ૧૦૦ વર્ષ થાયે તો પણ ધ્યાન કરવું મુકે નહિ તો તેને જરૂર અંતરમાં મૂર્તિ દેખાય છે. વળી ગ.પ્ર.પ્ર.ના ૧૨ ના વચનામૃતમાં કહ્યું છે કે આકાશમાં જેટલા તારા છે તેટલા સૂર્ય હોય ને સમગ્ર પૃથ્વી બીલોરી કાચની હોય ને તે પ્રકાશ કેવો હોય તેવા પ્રકાશને વિશે મૂર્તિ ધારવી. વળી ગ.પ્ર.પ્ર.ના ૨૨ મા વચનામૃતમાં કહ્યું કે મૃદંગ, સારંગી, સરોદ, આદિ વાજીંત્ર વગાડીને જે ભજન કીર્તન કરે છે તેમાં જો ભગવાનની મૂર્તિની સ્મૃતિ ન રાખે તો તે ગાયુ તે પણ ન ગાયા જેવું છે. વળી ગ.પ્ર.પ્ર.ના ૨૩ ના વચનામૃતમાં પણ કહ્યું છે કે થોડીવાર એકાગ્ર ચિત્તે ભજન કરે ને વળી જગતનું ચિંતવન કરે તેને એવી સ્થિતિ થાય નહિ પણ પાણીની ઝીણી સેર અખંડ વહેતી હોય તો પણ પાણીનો ઘડો ભરાઈ જાય. તેમ દરેક ક્રિયામાં ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. વળી ગ.પ્ર.પ્ર.ના ૨૫ના વચનામૃતમાં કહેલ છે કે વીસ કોંસનાં જુદા જુદા પ્રવાહ ચાલતા હોય તેમાં જોર ન હોય પણ વિશે કોશના પાણીનો એક પ્રવાહ હોય તો નદીનાં જેવો બળવાન પ્રવાહ થાય તેમ આપણી વૃત્તિ માયિક પદાર્થમાંથી પાછી વાળીને એક ભગવાનની મૂર્તિમાં રહે તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય. ને અંતરમાં આનંદ વર્તે વળી ગ.પ્ર.પ્ર.ના ૨૭ ના વચનામૃતમાં કહેલ છે કે આવી રીતે ભગવાનની મૂર્તિનું જે સંત ધ્યાન કરે છે તો તેના ઉપર ભગવાનની બહુજ કૃપા થાય છે. ને તેના નેત્રમાં જોનાર ભગવાન છે. પગમાં ચાલનારા ભગવાન છે એમ દરેક ઈન્દ્રિયોમાં ભગવાન છે ને એવા સંતતો બ્રહ્માંડમાં આધાર છે. આવું ધ્યાન કરે છે તો તેના અંતરમાં ભગવાનની મૂર્તિનું સુખ આવે છે.

વળી ગ.પ્ર.પ્ર.ના ૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનાં ભક્ત વિષય સુખ ભોગવે છે ને જગતના જીવો પણ વિષયનું સુખ ભોગવે પણ તેમાં ઘણો ફેર છે. ભગવાનનાં ભક્ત ભગવાનની મૂર્તિ સંબંધી પંચ વિષયનું સુખ ભોગવે છે ને જગતના જીવો જગત સંબંધી પંચ વિષયનું સુખ ભોગવે છે તે બંનેમાં ઘણો ફેર છે. ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિ સંબંધી જ પંચ વિષયનું સુખ ભોગવે તો એ ભગવાનનો ભક્ત કહેવાય ને વળી તે વચનામૃતમાં લખ્યુ કે કથાવાર્તા રૂપી ચારો કરી ભગવાનની

મૂર્તિ રૂપી માળો કે ખીલો તેમાં વિરામ કરો છો કે બીજે જ્યાં ત્યાં વિરામ કરો છો તેમાં લખ્યું કે ભગવાનની કથાવાર્તા રૂપી ચારો ચરીને ભગવાનની મૂર્તિ રૂપી માળામાં જ વિરામ કરીએ છીએ તે ખીલાને ઠેકાણે બહાર મૂર્તિનું ધ્યાન કરવું ને માળાને ઠેકાણે અંતરમાં ધ્યાન કરવું. વળી ગ.પ્ર.પ્ર.ના ૩૭ના વચનામૃતમાં કહેલ છે કે જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે આત્માની કોઈ નાત નથી જાત નથી, આત્માનું કોઈ સગુ નથી. માટે પોતાના સ્વરૂપને આત્મારૂપી માનવું. આવી રીતે માને છે તેની આત્માની અંદર પ્રકાશમાન ભગવાનની મૂર્તિ દેખાય છે ને તે ભક્ત ભગવાનના સુખે સુખીયા થાય છે. ને એવા ભક્તના દર્શન કરે તેને ભગવાનના દર્શન કર્યા બરાબરનું પૂણ્ય થાય છે.

ગ.પ્ર.પ્ર.ના ૪૪ ના વચનામૃતમાં કહ્યું છે કે સ્નેહનું શું રૂપ છે. ત્યારે તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કર્યો કે પીંડ બ્રહ્માંડથી નિસ્નેહ રહેવું. તે સ્નેહ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે એ સ્નેહનું રૂપ ન કહેવાય. સ્નેહનું રૂપ તો એ કહેવાય કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે.તે કિર્તનમાં કહેલ છે કે રૂડુ સ્વામિનારાયણનું નામ નિત્યે સંભારળીયે હરતાં ફરતાં કરતાં ઘરનું કામઘડી ન વિસારીયે. વળી નિષ્કુળાનંદ સ્વામીએ કહેલ છે કે હવે મારા વ્હાલાને નહિ રે વિસારૂ, શ્વાસોઉશ્વાસે નિત્ય સંભારૂ. આપણે પણ આવી રીતે અભ્યાસ કરવાથી જરૂર ભજન થાય છે. એમ મોટા સંતો કહેતા માટે આપણે સાવધાની રાખી ભજન કરવું. વળી ગ.પ્ર.પ્ર.ના ૪૬ ના વચનામૃતમાં કહેલ છે કે આપણે ધ્યાન ભજન કરવા બેસીયે ત્યારે કાચબાના અગની પેઠે વૃત્તિ સંકોચ કરીને ભજન કરવું. કાચબો જ્યારે વિકાસને પામે છે ત્યારે તેના પગ, મોઢું આદિ દેખાય છે. ને જ્યારે તે કાચબો સંકોચને પામે છે. ત્યારે રૂઢમુંઢ થઈ જાય છે તેનું એ કે અંગ દખવામાં નથી આવતું. તેમ આપણે ધ્યાન ભજન કરવા બેસીએ ત્યારે આપણી સર્વે વૃત્તિઓનો સંકોચ કરીને ભગવાનની મૂર્તિને આકારે કરવી. વળી ગ.પ્ર.પ્ર.ના ૪૯, ના વચનામૃતમાં લખ્યું છે કે ભગવાનનાં ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાનની મૂર્તિમાં જ રહે છે. જેની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં ન રહે તે ભગવાનનો ખરો ભક્ત ન કહેવાય. વળી પ્રશ્ન પૂછ્યો, જે ભગવાનમાં વૃત્તિ





રાખ્યાનું શું સાધન છે. તો તેના ઉત્તરમાં કહ્યું કે તેનું સાધન તો અંતર વૃત્તિ છે. તે અંતરવૃત્તિ કોને કહેવાય તો બહાર અથવા અંતરમાં ભગવાનની મૂર્તિ સામુ જોઇ રહે તેને અંતરવૃત્તિ કહેવાય. તે અંતરવૃત્તિ રાખવાનો અભ્યાસ કરીએ તો જરૂર થાય છે. વળી ગ.પ્ર.પ્ર.ના ૫૦ ના વચનામૃતમાં કહ્યું છે કે જેની કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્ર બુદ્ધિ કોની કહેવાય. તો જે પોતાના જીવના કલ્યાણ અર્થે જતન કરે તે જ કુશાગ્ર બુદ્ધિવાળો કહેવાય. ને જે પોતાના જીવના કલ્યાણ અર્થે જતન ન કરે તેને જાડી બુદ્ધિવાળો જાણવો. વળી જીવનું કલ્યાણ કેમ થાય તો ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખે તો જ જીવનું કલ્યાણ થાય. વળી કહ્યું છે કે જગતના જીવો સુતાં છે તેમાં ભગવાનના ભક્ત જાગ્યા છે. ભગવાનના ભક્તો ભજન કરે છે. તેમાં જગતના જીવો ભજન નથી કરતાં. વળી ગ.પ્ર.પ્ર.ના ૫૧, હીરે કરી હીરો વેધાય છે તે વચનામૃતમાં લખ્યું છે તેમાં પૂર્ણાનંદ સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે ભગવાનને નિશ્ચય કેમ થાય ત્યારે તેનો ઉત્તર કર્યો કે ભગવાનનો ભક્ત સત્સંગ કરતાં તથા સંત સમાગમ કરતાં બ્રહ્મરૂપે થઈ જાય છે ને એ ભક્તના ઈન્દ્રિયો અંત:કરણ ભગવાનની મૂર્તિની આકારે થઈ જાય છે. તે અભ્યાસ કરતાં કરતાં તે ભક્ત એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. બીજો કાંઈ આકાર દેખતો નથી. એક ભગવાનની મૂર્તિ જ દેખે તે લખ્યું છે કે હીરે કરીને જ હીરો વેંધાય છે તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. તે ભક્તની વૃત્તિ સર્વેમાંથી તુટી ને એક ભગવાનની મૂર્તિમાં જ જોડાય છે તે કિર્તનમાં કહે છે કે અનુભવીને અંતરે રહે રામ વાસે રે જ્યાં જુવે ત્યાં રામજી બીજું કાંઈ ન ભાસે રે તે શું બધાયે ભગવાન થઈ જાય, ના થાય પણ તે ભક્તની આવી સ્થિતિ થાય છે. તેથી તેને ભગવાનની મૂર્તિ વિના કાંઈ દેખાતું નથી. આ પણ અભ્યાસ કરવાથી જરૂર થાય છે.

બીજુ જ્ઞાની ભક્તને ભગવાનને કહ્યું છે કે જ્ઞાની મારો આત્મા છે. "જ્ઞાની મને પ્રિય છે હું જ્ઞાનીને પ્રિય છું" વળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે જ્ઞાની તેને ગણીયે જેને હરિ મૂર્તિનું જ્ઞાન છે. જેને ભગવાનની મૂર્તિનું જ્ઞાન હોય તે જ ખરો જ્ઞાની કહેવાય.

વળી સારંગપુરના પહેલાં વચનામૃતમાં કહેલ છે કે એક નિમિષ માત્ર જો ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યું હોય તો એમ થાય કે તે સુખ લાખો વર્ષો સુધી ભોગવ્યું એવું ભગવાનની મૂર્તિમાં સુખ છે. વળી સારંગપુરના બીજા વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનાં દર્શન ગદ્ગદ કંઠે ને રોમાંચિત ગાત્ર થઈને ઈન્દ્રિયો અંત:કરણને એકાગ્ર રાખીને કરે તો એના અંતરમાં આનંદ વર્ત્યા કરે. તે ગદ્ગદ્ કંઠે કોને કહેવાય ? તો તે ભગવાનની પ્રાર્થના કરતાં હૃદય ભરાઈ જાય ને અંતરમાં ભગવાનના સુખનો આનંદ આવે. ને વળી રોમાંચીત ગાત્ર કોને કહેવાય ? તો ભગવાનની પ્રાર્થના કરતાં શરીરના સર્વે રૂંવાડા ઉભા થઈ જાય. ને ભગવાનની મૂર્તિના સુખ વડે અંતરમાં આનંદ વર્ત્યા કરે. વળી બીજા વચનામૃતમાં કહેલ છે કે ભગવાનની મૂર્તિનાં દર્શન કરવા, તે ધર્મપુરના કુશળ કુંવરબાઈ હતા. તે દ્રષ્ટિ પલટાવીને દર્શન કરતાં તે દ્રષ્ટિ પલટાવી કેવી રીતે તો ભગવાનની મૂર્તિના દર્શન કરીએ. વળી આંખો મીંચીને અંતરમાં મૂર્તિના દર્શન કરીએ તે જેવા બહાર દર્શન કર્યા હોય તેવા જ અંતરમાં ભગવાન અખંડ દેખાય. તેથી તે ભક્તના અંતરમાં ભગવાનના સુખ વળે આનંદ વર્ત્યા કરે. માટે ભજન કરવામાં કાળજી રાખવી. વળી સારંગપુરના ૭ ના વચનામૃતમાં કહ્યું છે કે જ્યાં ભગવાનનાં એકાંતિક સંત રહેતા હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. ત્યાં જપતપ આદિ કરે તેનું ઘણું ફળ થાય છે, વળી સારંગપુના ૧૦ ના વચનામૃતમાં કહ્યું છે કે બહાર વૃત્તિથી જોઈએ તો ભગવાનનું ધામ ઘણું છેટું છે ને અંતરવૃત્તિથી જોઈએ તો એક અણું જેટલું પણ દૂર નથી. જે સંત એમ માને કે મારા આત્માને વિશે ભગવાન અખંડ વિરાજમાન છે તો તેના થકી એક અણું માત્ર પણ ભગવાન દુર નથી. માટે અંતરવૃત્તિવાળાની સમજણ છે તે સત્ય છે. માટે અંતરવૃત્તિરાખી ભજન કરવું. વળી સારંગપુરના ૧૧ના વચનામૃતમાં કહેલ છે કે લક્ષ્મીજી ક્યારેક તો બહાર રહા થકા ભગવાનની સેવામાં રહે છે. ને ક્યારેક તો ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે. ત્યારે પોતાને કાંઈ દેહની ખબર પડતી નથી, તો લક્ષ્મીજીના પેઠે અંતરવૃત્તિથી ભજન કરીએ તો પોતાના શરીરની પણ ખબર ન પડે. ને એક ભગવાનની મૂર્તિ જ દેખાય. વળી કારીયાણીના પહેલા વચનામૃતમાં





કહેલ છે કે ભમરી ઈયળ લાવીને દરમાં રાખી ગુંજારવ કરે છે તેથી ભમરી જેવી જ ભમરી થઈ જાય છે પણ કોઈ અંગ ઈયળનું રહેતું નથી તે દૃષ્ટાંત છે કે ભગવાનનો ભક્ત ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કરે તો ભગવાનનો ભક્ત આને આ દેહે એકાંતિક ભક્ત બની જાય છે. ને બ્રહ્મરૂપ થઈ એકાંતિક ભક્ત થઈ જાય છે. વળી કારિયાણીના પાંચમા વચનામૃતમાં કહેલ છે કે ભગવાન પોતાના પ્રેમી ભક્તના જેવા જેવા મનોરથો હોય તેને પૂર્ણ કરવાને માટે જ આ પૃથ્વી ઉપર પધારે છે. તો આપણે સાચા એકાંતિક ભક્ત થાશું તો આપણા પણ મનોરથો ભગવાન જરૂર પુરા કરશે. વળી કારીયાણીનાં ૭ ના વચનામૃતમાં કહેલ છે કે આત્યંતિક કલ્યાણને પામ્યા હોય તેના કેવા લક્ષણો હોય તો તેમાં લખ્યું છે કે તે ભક્તની વૃત્તિ ભગવાનને આકારે થઈ જાય છે ને સ્થાવર જંગમ સર્વત્ર જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં તે ભક્ત ભગવાનની મૂર્તિ જ દેખે પણ બીજું કાંઈ દેખે નહીં તે સિદ્ધ દશાવાળાનાં લક્ષણ છે વળી કારિયાણીનાં ૧૧માં, વચનામૃતમાં કહેલ છે કે તેમાં સચ્ચિદાનંદ સ્વામીનો પ્રશ્ન છે કે ભગવાનને વિશે પ્રિતિ હોય તેના શા લક્ષણો છે ? તેમાં કહ્યું છે કે પ્રીતિનું એ લક્ષણ છે કે પોતાના ઈષ્ટદેવની જે આજ્ઞા છે તે બરાબર પાલન કરે. વળી બીજો પ્રશ્ન તે જ વચનામૃતમાં છે. તેમાં પૂછયું છે કે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની મૂર્તિના દર્શન વિના એકક્ષણ માત્ર દૂર રહી શકે નહિ. તેને ભગવાન આજ્ઞા કરે કે અમ થકી દુર જાઓ તો તે દૂર જાય તો ભગવાનનાં દર્શન આદિ ન થાય ને પાસે રહે તો ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી ન કહેવાય. તેવા ભક્તે શું કરવું ? તો ત્યાં કહ્યું છે કે એવો જે ભક્ત હોય તે ભગવાનની મૂર્તિના દર્શન વિના એકક્ષણ માત્ર પણ રહી ન શકે તો એવો ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને દૂર જાએ તો ભગવાન પણ એવા ભક્ત ભેળાને ભેળા જ જાય. જેમ ભક્તને ભગવાન વિના નથી ચાલતું તેમ ભગવાનને પણ એવા ભક્ત વિના એક ક્ષણ માત્ર નથી ચાલતુ. ભગવાન પણ એ ભક્ત ભેળા ને ભેળા જ જાયે છે. એક આંખનું મટકુ ભરીએ એટલીવાર પણ ભગવાન એવા ભક્ત વિના દૂર રહી શકતા નથી. વળી કારિયાણીનાં ૧૨ ના, વચનામૃતમાં કહ્યું છે કે કારણ શરીરની વાસના જે છે તે વ્રજ સાર જેવી છે તે ક્યારેય

નોખી પડતી નથી. પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન અંતરવૃત્તિથી કરે ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરે. તો જરૂર એ કારણ શરીરની વાસના બળી જાય છે. તેમાં આંબલીયાનું દૃષ્ટાંત આપ્યું કે આંબલીયાની છાલ નોખી પડતી નથી. પણ આંબલીયાને જરા શેકે તો નોખી પડી જાય છે. તેમ ભગવાનનો ભક્ત ભગવાનના સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરે તો તેણે કરીને કારણ શરીરની વાસના જરૂર બળી જાય છે ને તે એકાંતિક ભક્ત થાય છે ને ભગવાનને સુખે સુખીયા થાય છે. માટે ધ્યાન જરૂર કરવું. વળી લોયાના ૧૪ ના વચનામૃતમાં કહેલ છે કે અધો ઉર્ધ્વ પ્રમાણે રહીત તેજનો સમુહ છે તે તેજના સમુહના મધ્ય ભાગને વિશે એક મોટું સિંહાસન છે તેની ઉપર દિવ્ય મૂર્તિ શ્રી પુરૂષોત્તમ નારાયણ વિરાજમાન છે. વળી પંચાળાના પ્રથમના વચનામૃતમાં કહ્યું છે કે વૈકુંઠ ગૌલોક આદિમાં સુખ રહેલું છે. તેના કરતા સર્વથી અધિક સુખ તો ભગવાનનાં અક્ષરધામમાં છે તે અક્ષરધામનાં સુખમાં દૃષ્ટિ પહોંચાડીને આ લોકના ક્ષણિક સુખમાંથી પાછી વૃત્તિ વાળવીને મધ્યના ૪ થા વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખે તો ધર્મ પણ રહે અને ભક્તિ પણ રહે. માટે અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. વળી ગ.મ.પ્ર.ના ૧૩ ના વચનામૃતમાં કહેલ છે કે અમારા અંતરમાં એકલુ તેજ વ્યાપી રહ્યુ છે તે તેજ શીતળ ને શાંત છે. તે તેજને વિશે ભગવાનની પ્રકાશમાન મૂર્તિ દેખાય છે. પણ આ ગઢડું શહેર કે આ ઓસરીએ કાંઈ દેખાતું નથી. એક તેજને વિશે મૂર્તિ જ દેખાયે તે મુર્તી ક્યારેક હરતી ફરતી દેખાય છે ક્યારેક બેઠી દેખાય ઉભી દેખાય એમ શ્રીજી મહારાજે કહ્યું તે એ ભગવાનને તો કાંઈ કરવાનું હતુ નહી. પણ આપણને કેવી રીતે વર્તવાનું શીખવ્યું છે. વળી ગ.મ.પ્ર.નાં ૨૨ ના વચનામૃતમાં કહ્યું છે કે બે સેના પરસ્પર લડવા તૈયાર થઈ હોય તેમાં શુરવીરને સામાનું નિશાન લેવા પર દૃષ્ટિ છે તેમ ભગવાનનાં ભક્ત જે શુરવીર હોય તે અંતર શત્રુ સાથે લડાઈ કરે છે તે લડાઈ કરતાં કરતાં માયાને જીતી લઈને ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે. તેમાં લખ્યું કે સામાવાળાનું નિશાન લેવું ને પોતાની જીત કરવી. તે દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે અંતરશત્રુ સાથે લડાઈ લઈને જીત કરીએ તો ભગવાનનું ધામ ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય છે. વળી શ્રીજી





મહારાજે કહ્યું કે અમે અંતરવૃત્તિ રાખવા માંડી તો અંતરવૃત્તિ વડે દરેકનો નાશ થઈ ગયો અને અંતરમાં એક ભગવાનની મૂર્તિ જ દેખાવા માંડીને એમ લાગ્યું કે કાંકરીયા તળાવે ઉતર્યા ન હતા ને મેળો પણ ભરાણો ન હતો. તે અંતરવૃત્તિ વડે એક ભગવાનની મૂર્તિ દેખાવા માંડી તો આપણે પણ એવી રીતે ભગવાનની મૂર્તિ જોવાનો અભ્યાસ રાખવો.

બીજુ ગ.મ.પ્ર.ના ૪૮ ના વચનામૃતમાં પ્રેમાનંદ સ્વામીયે વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ એ ગરબી ગાઈ રહ્યા પછી શ્રીજી મહારાજે કહ્યું કે આવી રીતે જેને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહે છે તેને તો અમે ઉઠીને દંડવત કરીએ અને આવી રીતે જેને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહે તેનાં માતા-પિતાને પણ ધન્યવાદ છે કે આવા પુરૂષે તેના ઘરે જન્મ લીધો વળી શ્રીજી મહારાજે તેમાં જ કહ્યું કે અમારે જન્મ ધર્યાનું કોઈ નિમિત્ત નથી. છતાં કોઈ નિમિત્ત ઉભુ કરીને આવા સંતના મધ્યમાં જન્મ ધરીએ. વળી ગ.મ.પ્ર.ના ૪૯ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિને માયિક આકાર એમાં ઘણો ફેર છે. તે માયિક આકારના જોનારા છે માઈક આકારનું ચિંતવન કરનારા છે તે અનંત કોટીકલ્પ સુધી નરક ચોરયાસીને વિશે ફરે છે. ને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરનારા જે છે તે તો કાળકર્મ માયાના બંધન થકી રહિત થઈને અભયપદને પામે છે ને ભગવાનની મૂર્તિને સુખે સુખીયા થાય છે ને વળી કહ્યું છે કે અમારે તો ભગવાનની કથાવાર્તા, કિર્તન કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી. તો આપણે એવી રીતે કાળજી રાખી ભજન કરવું. વળી ગ.મ.પ્ર.ના ૫૦ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે અમારું જે રહસ્ય છે તે અમારા જાણીને તમોને કહીએ છીએ. જે જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે ને સતીને પતંગ અગ્નિને વિશે બળી જાય છે ને શૂરો રણને વિશે ટુક ટુક થઈ જાય છે. તેમ એક રસ પરિપુર્ણ એવુ જે તેજોમય અક્ષર બ્રહ્મધામ ? તેને વિશે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે અને તે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મધામ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરૂષોત્તમ ભગવાનને વિશે અખંડ પ્રીતિ જોડી રાખી છે ને વળી લખ્યું છે કે જે અમારી સોબત રાખશે તેના અંતરમાં જગતનો લોચો રહેવા

દેવો નથી. માટે સાવધાન રહેવું. વળી ગ.મ.પ્ર.ના ૫૪ માં વચનામૃતમાં કહ્યું છે કે હું જેવો સત્સંગે કરીને વશ થાઉ છું. તેવો કોઈ સાધને કરીને વશ થતો નથી. તે સત્સંગ એટલે શું ? તો સત્ય એવો જે આત્મા ત. સત્ય એવા જે પરમાત્મા તેને વિશે પ્રિતી થાય તે જ સત્સંગ કર્યો કહેવાય.

વળી ગ.મ.પ્ર.ના ૫૭ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનને વિશે પ્રીતિ કરવી. તે એક સત્તારૂપે રહીને ભગવાનની ભક્તિ કરવી. જેમ દિવાના પ્રકાશમાં ગરોળી હોય તે જે જીવજંતુ આવે તેનો નાશ કરે છે તેમ એક રસ આત્માના પ્રકાશને વિશે પરમાત્માની મૂર્તિ વિના બીજું કાંઈ પેસવા દેવું નહી.

વળી ગ.મ.પ્ર.ના ૬૬ ના વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનું ભજન કરતાં કરતાં માયાના સંબંધ છૂટી જાય છે ને બ્રહ્મરૂપે વર્તે છે તે જેવો ભગવાનનો મહિમા છે. જેવા ભગવાન સ્વતંત્ર છે તેવો જ તે ભક્ત ભગવાનની ઈચ્છાથી થાય છે ને ભગવાનની મૂર્તિના જ સુખે સુખીયો થાય છે ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય છે. વળી ગ.મ.પ્ર.ના ૬૭ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનનો ભક્ત ભગવાનનું ભજન કરતાં સિદ્ધ થાય છે. તો પણ સ્વામી સેવકપણું રહે છે ને ભગવાનના ધામમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ ભોગવે તો પણ સ્વામી સેવકપણું રહે છે.ને એમ જાણે કે આ મારા સ્વામી ભગવાન છે ને હું તો તેનો દાશ છું. એમ માની ભગવાનનું ભજન કર્યા કરે.

વળી વડતાલના ૪ થા વચનામૃતમાં કહ્યું છે કે પતંગનું દૃષ્ટાંત જેમ છોકરા પતંગને ઉડાડે ને ઉચી ચડાવે અડખે પડખે ડોલાવે. એમ મૂર્તિરૂપી પતંગને વૃત્તિરૂપી દોરાથી વૃત્તિ કેળવે વળી ત્યાં કહ્યું છે કે ભગવાનનો ભક્ત બહાર મૂર્તિ જુએ. વળી અંતરમાં મૂર્તિ જુએ એમ અભ્યાસ કરતાં વૃત્તિ ભગવાનમાં સ્થિર થાય છે. ને ભગવાનનું ભજન કરતાં કાંઈ વિક્ષેપ થાય તો પણ મૂતિને ધારવા વડે જ તે વિક્ષેપ ટાળે. પણ મૂતિને ભૂલે નહિં વળી વડતાલનાં ૮ ના વચનામૃતમાં દૃષ્ટાંત છે કે કરોળીયો હોય તે પોતાની લાળને એક સ્થંભ થી બીજા સ્થંભ સુધી  લાળ લાંબી કરે પછે તે કરોળીયો ક્યારેય કે તો આ સ્થંભ ઉપર જાય ક્યારેક તો બીજા સ્થંભ ઉપર





નીચે જાય ને ક્યારેક બન્ને સ્થંભને મધ્યે બેસે તેમ કરોળીયાને ઠેકાણે જીવ છે ને એક સ્થંભ ને ઠેકાણે ભગવાનની મુર્તી છે ને બીજા સ્થંભને ઠેકાણે પોતાનું અંત:કરણ છે ને લાળને ઠેકાણે વૃત્તી છે તે વૃત્તી દ્વારા ધ્યાન કરે તે વડતાલનાં ૧૬ના વચનામૃતમાં કહ્યું છે કે આંખો મીંચીને ભગવાનનું ધ્યાન કરવું તેના જેવુ બીજે ક્યાંય સુખ નથી તે ધ્યાન કરવું તે સર્વથી અધિક છે.

વળી અમદાવાદના વૃચનામૃત ૩ માં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનું કહેલ છે તે ધ્યાન કરતાં કરતાં, તે ભક્ત ઉપશમ અવસ્થાને પામી જાય છે તે ઉપશમ કોને કહેવાય ? તો તે ભક્ત ધ્યાન કરતાં કરતાં ભગવાનની મૂતિને વિશે તલ્લીન થઈ જાય છે ને આલોક દેહ આદિનું કાઇ ભાન રહે નહિં. એક ભગવાનની મૂતિને વિશે જ નિમગ્ન થઈ જાય તેને ઉપશમ કહેવાય. તે ઉપશમથી જન્મ મરણનાં ફેરા ટળી જાય છે. ને પંચવિષયની વાસના બળી જાય છે.

ત. ગ.છે.પ્ર. ૫ના વચનામૃતમાં લખેલ છે કે બે પ્રકારના ભક્ત છે તેમાં એક ભક્તને આત્મ દર્શનાદિકની ઈચ્છા છે ને તેના બીજા દોષો ટળી ગયા છે. બીજો ભક્ત છે તેને ભગવાનની મૂર્તિ વિના બીજી કાઈ ઈચ્છા નથી. પણ તેમાં થોડા થોડા દોષ રહે છે. તે બેમાં કયો ભક્ત શ્રેષ્ઠ છે ? તેના ઉત્તરમાં કહ્યું કે ભગવાન વિના બીજી અંતરમાં ઈચ્છા નથી. તેને થોડા બીજા દોષ છે તે દોષો શ્રીહરિ ટળાવી નાંખશે. માટે તેજ ભક્ત શ્રેષ્ઠ છે. બીજો ભક્ત ન્યુન છે. તથા ગ. છે. પ્ર. ના ૮ ના વચનામૃતમાં કહ્યું છે કે વૈરાગને સ્વ.ધર્મે કરીને ઈન્દ્રિયો અંત:કરણ નીયમમાં કર્યા હોય તો તે સદાય સુખી રહે છે. વળી ગ.છે.પ્ર.ના ૯ ના વચનામૃતમાં કહેલ છે કે અમારા મોટા મોટા પરમહંસો જે છે તે સદાય જાણપણા રૂપ જે ધામનો દરવાજો ત્યાં અખંડ ઉભા રહે છે. જે ઠેકાણે ભગવાનની મૂર્તિ અંતરમાં ધારી છે ત્યાં માયિક પદાર્થ કાંઈ પેસવા દેતા નથી. અખંડ ત્યાં ઉભા રહ્યા થકા ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે. તે દૃષ્ટાંત છે ને ઘોડેસ્વાર હોય તે હાથમાં લગામ હોય તેની સુરત રાખે છે. રસ્તામાં ખાડો ટેકરો આવે તેની પણ સુરત રાખે ને પોતે પડી ન જાયે તેની પણ સુરત રાખે છે. વળી પાણીયારી પાણી ભરવા જાય છે તે ઘડો ફુટી ન જાય. પોતે પડી ન

જાયને બીજી વૃત્તિથી પાણી સીંચે છે એવી રીતે આ સંતો ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે. તેવી રીતે વૃત્તિ કેળવવી. વળી રાજા પાસે સેવક હોય તે જો ગાફલાઈ રાખે તો રાજા પાસે ચોર ચકોર પહોંચી જાય. તો તે ચાકરની ચાકરી ખોટી થાય માટે હરિ ભક્તોને કાળજી રાખવી ને જે ઠેકાણે ભગવાનની મૂર્તિ ધારી છે તે ઠેકાણે બીજા કોઈ જગતના પદાર્થ અંતરમાં પેસવા ન દેવાં. એ જ ખરો ભક્ત કહેવાય. માટે સાવધાની રાખવી.

તથા ગ. છે. પ્ર. ૧૩ ના વચનામૃતમાં કહ્યું છે કે શ્રીજી મહારાજ બોલ્યા કે અમને મેડી હવેલી આદિમાં રહેવું ગમે નહિં પણ વન હોય, પર્વત હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં ગમે ને મનમાં એમ ધારીએ કે અહીં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ એજ શ્રેષ્ઠ છે.

વળી ગ. છે. પ્ર. ના ૩૦ના વચનામૃતમાં કહેલ છે કે અમારા મનમાં આ બે વાત ગમે છે તેમાં એક ચૈતન્ય તેજનો રાશિ છે. તેના મધ્યને વિશે શ્રી પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય વિરાજમાન છે. એવો દ્રઢ નિશ્ચય હોય બીજું જે એવા ભગવાનની ઉપાસના દ્રઢ કરતો હોય, તપ કરતો હોયે પંચ વિષયના અભાવને કરતો હોય, વૈરાગવાન હોય આદિ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો હોયે તેવાને દેખીને અમારૂ મન રાજી થાયે છે. વળી પાંચ વાર્તાનું નિરંતર અનુસંધાન રહે છે. તો તેમાં એક તો એ કે આપણે આ દેહ મુકી જરૂર મરી જવું છે. તેનો વિલંબ નથી જણાતો એમ નિશ્ચયે જણાય છે. વળી આ ઘડીકે આ ક્ષણમાં જરૂર મરી જવું છે. બીજું એમ જે આપણે મરીશું તેમાં આટલું કામ કર્યું છે ને આટલું બાકી છે. તે કરવું છે. ત્રીજુ એમ જે અમારા મનમાં પંચ વિષયની વાસના ટળી ગઈ છે કે બાકી છે ને જો ટળી ગઈ હોય તો તે વિષયની ક્રિયા કેમ થાય છે? ત્યારે રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંતન અનુસંધાન રહે છે. ચોથું એમ જે મુક્તાનંદ સ્વામી આદિ સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્તો એ જે સર્વે છે તેને પંચ વિષયની વાસના ટળી ગઈ છે કે નહિં અને આની વાસના ટળી છે ને આની વાસના નથી ટાળી એમ સર્વેના હૃદમાં જોયા કરવું એમ અનુસંધાન રહે છે ને ૫ પાંચમું એમ જે હું મારા મનને





ઉદાસી કરવા લાગુ તો કોણ જાણે ક્યાંય જતુ રહેવાય ને દેહ પણ પડી જાય. માટે એમ જાણીએ છીએ કે મન ઉદાસ ન કરવું કેમ કે, ભલા અમારે યોગ કરીને સર્વે બાઈ ભાઈ પરમહંસરાજીપે બેઠા ભગવાનની ભક્તિ કરે છે. તો એ ઠીક કરે છે. ને ભગવદ્ ભક્તિ કરતા દેખીને મનમાં બહુજ રાજીપો થાય છે. જે મરી તો સર્વને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે. એમ નિરંતર અનુસંધાન રહે છે.

વળી ગ. છે. પ્ર. પ્ર. ના ૩૧ ના વચનામૃતમાં કહ્યું છે કે હરિ મેરે હાલર કી લકરી તે હાલર નામનું એક પક્ષી છે. તેના નાના બચ્ચા હોય તે જન્મથી નાનકડી લાકડી જેવું હોય તે અખંડ પકડી રાખે તે ક્યારેય છોડે નહિ એમ મોટા સંતો થકી વાત સાંભળેલી છે. વળી લખ્યું કે જમુના કે તીર ઠાડો તેનો અર્થ મોટા સંતોએ કરેલ કે જમુના નદીને કિનારે શ્રીકૃષ્ણ ભગવાન ઉભા છે. તેને તેમના ભક્ત સંભાળે છે તે બંને દ્રષ્ટાંતનો સિદ્ધાંત કે ભગવાનની મૂર્તિને અંતરમાં પકડી રાખવી. એ કીર્તન ગાયું ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે જમુના કે તીર ઠાડો વળી તેમા કહ્યું છે કે કોટી કોટી સૂર્ય ચંદ્ર અગ્નિ તેના જેવો પ્રકાશ છે. તેવું તેજોમય બ્રહ્મરૂપ જે ભગવાનનું ધામ તેમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તેવું ધ્યાન કરવાથી અંતરમાં આનંદ આવે છે. વળી છેલા પ્ર.ના ૩૯ના વચનામૃતમાં કહેલ છે કે આત્મા પરમાત્માનો વેગ લગાડવો.

વળી ગ. મ. પ્ર. ના ૧૦ વચનામૃતમાં કહેલ છે કે ધ્યાન કરવામાં ઘણાંક વિઘ્નો આવે છે તેથી વૃત્તિ સ્થિર રહેતી નથી તે વૃતિ.

સ્થિર કરવા માટે ત્રાટક કરવું જોઈએ તે ત્રાટક કોને કહેવાયે તો ભગવાનની મૂર્તિ અથવા બીજી કોઈ વસ્તુ સામું મટકાયે રહિત જોઈ રહેવું. એમ ત્રાટક કરવાથી આંખ બળે આંસુ આવે આદિ જરા આંખમાં તકલીફ થાયે પણ જો તે અભ્યાસ કરવો છોડે નહિં તો અંતરમાં શાંતિ થાયે ને અંતઃકરણ શુદ્ધ થાયે ને શ્વાસોઉશ્વાસે ભજન સ્વામિનારાયણ ભગવાનનું પોતાની મેળે થયા કરે ને અંતરમાં શાંતી વર્ત્યા કરે. માટે તે અભ્યાસ કરવો. આવી રીતે કરવાથી વૃત્તિ સ્થિર થાય છે ને સુખેથી ધ્યાન થાય છે. એમ મોટા સંતો કહેતા માટે આપણે મળતે અવકાશે આ ઉપર કહ્યું જે ત્રાટક તે પણ

કરવામાં કાળજી રાખવી ને અંતરમાં જગત ન ભરવું. અંતરમાં તો ભગવાનની મૂર્તિ જ રાખવી. આ દરેક વસ્તુ કરવાથી જ અંતરમાં અનુભવ થાય છે ને તેથી જ શાંતિ થાય છે. માટે કાળજી રાખી ભજન કરવું.

વળી અક્ષરધામના મુક્તના સુખનું તારમ્યપણું કહીએ છીએ તે ચાર પ્રકારના મુક્ત છે. તેમાં (૧) એકતો ભગવાનના દર્શન કરે ને બીજા મુક્તનાં પણ દર્શન કરે અને (૨) બીજા જે મુક્ત છે તે ભગવાનને મેષોન્મેષ જોઈ રહે પણ સન્મુખ બેઠા જે મુક્ત તેને પણ દેખે તેમાં પ્રથમ કહ્યા તેથી બીજાને અનંતગણુ સુખ આવે અને (૩) ત્રીજા જે મુક્ત છે તે તો કેવળ ભગવાનને જ દેખે છે. પણ બીજા કોઈને ન દેખે પણ પોતાના દેહની સ્મૃતિ રહે અને તેને ભગવાનનું સુખ બીજા મુક્ત કરતાં કોટિગણું વધારે આવે છે અને (૪) ચોથા જે અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જે મુક્ત છે તેને તો કેવળ ભગવાનની મૂર્તિ વિના કોઈ મુકતની તથા પોતાના દેહની ખબર ન રહે ને તેને ભગવાનનું સુખ કેવું આવે તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું સુખ પોતાને આવે છે, તેવું ભગવાનનું સુખ એ ભક્તને આવે છે. ને તે ભગવાનની મુર્તીના સુખમાં તદ્લીન બની જાય.

વળી ભગવાનનું ધ્યાન કરવું તેના ત્રણ ભેદ છે તેમાં બહાર લીલાનું ચિંતવન કરીને ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સ્થૂળ દેહને ધક્કો લગાડે અને મનન દ્વારા ભગવાનનું ધ્યાન કરે તેણે કરીને સૂક્ષ્મ અને સ્થૂળ એ બેયને ધક્કો લગાડે અને ઈન્દ્રિય અંત:કરણ તથા માયિક ભાવે રહિત કેવળ સતારૂપ થઈને પોતાને અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાનને પ્રતિલોમ વૃત્તિયે કરીને ધ્યાન કરે તો તે ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે ને કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થઈ જાય છે એ શ્રેષ્ઠ ધ્યાન છે.

અને ભગવાનના ભજનમાં પણ ત્રણ ભેદ છે. તેમાં એક તો એમ જે જીહ્‌વાએ કરીને ભજન કરે તે સ્થૂળદેહને બાળે અને કંઠમાં ભજન કરે તે સૂક્ષ્મ તથા સ્થૂળ એ બેયને બાળે અને જીહ્‌વા તથા કંઠને્ ન હાલવા દે ને હૃદયને વિષે શ્વાસ ઊઠે છે ત્યાં ભજન કરવું, તે કેવું છે ? તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું





છે. માટે બુદ્ધિવાન હોય તે આ વાતને વિચારીને જીવમાં ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય છે ને તે વિના કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીર ન બળે.

ને જે ભગવાનનો ભક્ત હોય તે દ્રષ્ટિ આગળ મૂર્તિ ધારે ત્યારે પ્રથમતો જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જ દેખાય છે. જો તે જ્યારે મૂર્તીને વિષે વૃત્તિ સ્થિર થાય ત્યારે જેમ સૂર્યની કિરણ જાળીએ થઈને ઘરમાં પડે છે ને એ કિરણ તથા સૂર્યની એકતા દેખાય છે. તેમ જે ભક્તને અખંડ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રહે છે ત્યારે એ ભક્તને મૂર્તિ અગ્નિ સરખી રક્ત ભાસવા લાગે છે ને પછી તેમાંથી પ્રકાશ ઘણો પ્રગટીને સૂર્ય જેવી તે મૂર્તિ ભાસે છે પછી ચંદ્રમાં જેવી શીતળને મોટો તારો ખરે તેવી ઉજ્જવળ પ્રકાશમાન તે મૂર્તિ ભાસે છે. પછી એ મૂર્તિ જ્યારે હૃદયમાં પાછી ફરે છે ત્યારે આખ્યું ચક્રની પેઠે ફરીને અંતરદ્રષ્ટિ થઈ જાય છે ને જ્યારે એ ભક્તના હૃદયમાં મૂર્તિ દેખાય છે. પછી તે મૂર્તિને જોતાં જોતાં તેના હૃદયમાં રોશનાઈ જેવો પ્રકાશ દેખાય છે. તેમાં પચાસ કરોડ જોજન પૃથ્વીને લાખ જોજનનો મેરુ ને તે મેરુની ઉપર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ને શિવનાં ધામ તથા સાડાબાર કરોડ ઊંચો લોકાલોક પર્વત ને તેની માંહીલી કોરે જે સાત સમુદ્ર તથા ઇંદ્ર, યમ, વરુણ અને કુબેરની પુરીઓ તે સર્વે તથા પૃથ્વી ઉપર જે સ્થાવર, જંગમ સમગ્ર તે ભાસે છે. પણ જેમ બહાર સર્વ પદાર્થનો ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિ જ દેખે છે.

વળી એક સમે લાધા ઠક્કરે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે 'હે મહારાજ ! અસત્ પદાર્થને વિષે વાસના બંધાણી છે. તે કેમ ટળે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા 'ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારીને ભજન કરે ત્યારે તેને વાસનાનું બળ મટે નહી. પણ જ્યારે ભજનનો કરનારો જે દ્રષ્ટા જે આત્મા તેને વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થઈ જાય. જેમ પંખીનું કાચું ઇંડું હોય ને તે ફુટે ત્યારે પાણી હોય ને કાંઈ આકાર રહે નહિ ને તે ઇંડું પાકું હોય ને ફુટે ત્યારે તેમાંથી બચ્ચું નિસરે તેનો આકાર ટળે નહિ તેમ જે દ્રષ્ટામાં જે આત્મામાં મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઇંડા સરખો છે તેથી તેનો આકાર રહે નહિ ને જો બહાર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ પાકા

ઇંડા સરખો છે, તેથી તેનો આકાર મટે નહિ. એમ સમજવું જે દ્રષ્ટારૂપ જે અક્ષરધામ તેમાં ભગવાન સદાય રહે છે અને બાહ્ય દર્શન આપે છે. તે તો ભક્તના ઉપદેશને અર્થે છે. એવી રીતે સમજે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે.'

તે એમ જાણે કે, 'મારા પતિ એવા જે ભગવાન તે દ્રષ્ટા જે આત્માને વિશે રહ્યા છે.' તો તે ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે. અને સર્વ વાસના નાશ થઈ જાય છે. 'પછી શુકમુનિએ પૂછ્યું કે 'બાહ્ય મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે ને દ્રષ્ટામાં મુર્તી ધારે તેના ઘાટનો આકાર નથી બંધાતો તેનું શું કારણ છે ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે 'બાહ્યમૂર્તિ ધારે છે ત્યારે મનુષ્યપણાનો ભાવ આવતો હોય. તેને કેમ કરવું ?' 'પછી શ્રીજી મહારાજ બોલ્યા જે જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્યભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશે બળિયો છે. માટે તે તો બાહ્ય મૂર્તિ ધારે તથા દ્રષ્ટામાં મૂર્તિ ધારે તે બેય બરાબર છે.'

તથા શ્રી હરિનું ધ્યાન અખંડ થાય એ સમાધિથી પણ અધિક છે. કેવળ મહામંત્રનો જાપ કરતાં પણ મૂર્તિનું ધ્યાન અધિક છે. ધ્યાન કરનાર માણસને બીજા સાધનની જરૂર રહેતી નથી. એ ધ્યાન કેવું હોવું જોઈએ તેનો ખરો ખ્યાલ અત્રે આપીશું.

સર્વોપરી શ્રી સ્વામીનારાયણ ભગવાનની આપણને પ્રિય એવી જે મૂર્તિ મંદિરમાં દર્શન કર્યા હોયને તેને આપણા અંત:કરણમાં ધારવી. તે મૂર્તિ સવા ચોસઠ તસુ ઊંચી ધારવી અને મહારાજનું મુખારવિંદ હાથ-પગ વગેરે તમામ અવયવો ધારવા. પછી તે મૂર્તિમાંથી ખૂબ જ શીતળ તેજ નીકળતું ધારવું. જે તેજને લીધે આજુબાજુની કોઈ અન્ય વસ્તુ જણાય નહિ, એમ ધારવું. ને મહારાજની મૂર્તિના તેજથી આપણને દેહનું પણ ભાન ન રહે અને આપણા આત્માને વિશે મહારાજની મૂર્તિ ધારવી. મૂર્તિ અતિશય શીતળ તેજથી ભરપૂર ધારવી. આવી રીતે ધારવાથી અંત:કરણ શાંત થશે અને મનના ઘાટ બંધ થઈ સુખ, સુખ ને સુખ જેવું લાગશે. બોલતાં-ચાલતાં વગેરે દૈનિક તમામ ક્રિયામાં પણ તે મૂર્તિને આત્મામાં ધારીને જ સર્વે ક્રિયા કરીએ છીએ એમ ધારવું. જેટલી મહારાજની આપણા ઉપર વધુ કૃપા તેટલી વધુ





વખત આ ધ્યાન રહી શકે. આસ્તે આસ્તે અહોર્નિશ આવી રીતે ધ્યાનમાં રહેવાની ટેવ રાખવી. આને સર્વોત્તમ ધ્યાન કહેલુ છે ને આ રીતે જેને અખંડ ભગવાનનું ધ્યાન થતું હોય તેને દેહ છતાં જ અક્ષરધામ મલ્યું છે એમ માનવામાં જરાપણ શંકા નથી.

વળી એક સમયને વિષે સ.ગુ.વ્યાપકાનંદ સ્વામી રાત્રે ધ્યાન કરતા હતા ત્યારે એક સંતે કહ્યું કે, 'સ્વામી સુઈ જાઓ' ત્યારે સ્વામી બોલ્યા, 'સુતામાં શું માલ છે ? મહાપુરૂષ' સુખ માત્ર તો ભગવાનના ધ્યાનમાં છે.

તે જેને ધ્યાન કરવાની ઈચ્છા હોય તેને પ્રથમ વૃત્તિ સ્થિર કરવી. તે વૃત્તિ સ્થિર કરવાના ઉપાય શ્રીજી મહારાજે વચનામૃત (ગ.મ.પ્ર.૧૦) માં કહેલ છે.

કે 'ભગવાનની મૂર્તિ સામું મેષોન્મેષ આંસુ ચાલ્યા જાય ત્યાં સુધી જોઈ રહેવું. ને અનેક પ્રકારના શબ્દ આવે તેને આકાશનો ભાગ જાણીને જરાપણ ક્ષોભ ન પામવો, ને આમ ધ્યાન કરવાનો અભ્યાસ કરતાં કોઈ વચમાં વિઘ્ન આવે તો તેને ટાળવાનો ઉપર કહ્યા મુજબ ઉપાય કરવો તો ટળી જાય છે.'

કિર્તન

રહ્યું છે મારા હદિયામાં રૂપ તમારું - ટેક
રૂપ તમારું એક હદિયામાં રાખ્યું,
મેં તો બીજુ સર્વે કાઢ્યું છે બારું રહ્યું ૧
જગના જીવન વ્હાલા તમને જોઈને વારી,
મનડું લોભાણુ છે મારું રહ્યું ૨
તમ વિના શામળિયા રે વ્હાલા,
મુને બીજું નથી લાગતું સારું રહ્યું ૩
દુરિજન લોક ધોળ્યા દાઝી મરે છે,
તેની ધડક હૈયામાં શીંદ ધારું રહ્યું ૪
માથું જોતાં રે મન માન્યા રે માવા,
કે'દિ હેતમાંથી નવ હારું રહ્યું ૫
બ્રહ્માનંદ કહે મારા પ્રાણ સંઘાથી,

ઘડી તમને તે કેમ વિસારું રહ્યું ૬

(૨)

હૈડામાં મુને વહાલા લાગો છો વનમાળી ટેક.
વ્હાલા લાગો છો લટકાળા રે લાલ,
મારાં નેણાં ઠરે છે ભાળીભાળી હૈડામાં ૧
આઠે પહોર આવી વસી અંતરમાં,
વાલા મૂર્તિ તમારી મર માળી હૈયામાં ૨
બાંધ્યા છે બાજુ કાજુ ફુલડાંની માળા,
ગળે લાગે છે અતિ રૂપાળી હૈડામાં ૩
મનડા હરો છો તમે મોરલી વગાડતા
વળી ગાતા નાખો છો રંગ ઢાળી, હૈડામાં ૪
શું રે કરે સંસારી રે ધોળ્યાં,
મેં તો લોક ની લજ્જા સર્વે ટાળી, હૈડામાં ૫
બ્રહ્માનંદના વહાલા તમ સંગ રમતાં,
મારે દહાડી દહાડી તે દિવાળી, હૈડામાં ૬

બીજુ સદ્‌ગુરુની વાતોમાં આ વાત લખી છે કે - એક સમયને વિષે મહારાજ અદાભાઈને ઘરે માનકુવે પધાર્યા. ત્યાં વાત કરી કે ભગવાનને રાજી કરવા સૌ ઈચ્છે છે. પણ ભગવાન કેમ રાજી થાય તે કહીએ છીએ. તે જુઓને નાદર-સનકાદિકે તપ કરી કરીને ભગવાનને રાજી કર્યા. માટે અંતરમાંથી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરી, રજોગુણ-આદિકના સંગનો ત્યાગ કરી ગુફા તથા એકાંત ઠેકાણે બેસીને અષ્ટાંગ યોગ સાધીને, કામ-ક્રોધ આદિનો ત્યાગ કરીને ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી. તેણે કરીને ભગવાન અતિશય રાજી થાય છે. ને આગળ સંતોએ ટાઢ, તડકો, હરખ, શોક, માન, અપમાનનો ત્યાગ કરીને જે સુખદુઃખ આવે તેને સહન કર્યા તેમ આપણે પણ સહન કરવા ને દેહના સુખની લાલચનો ત્યાગ કરીને સુખિયાં રહેવું ને વળી એમ ન સમજવું કે માદાં થાશુ કે વૃદ્ધ થાશુ ત્યારે કોણ ચાકરી કરશે.





એ તો જેણે ગર્ભવાસમાં રક્ષા કરી હતી તેજ (ભગવાન્) રક્ષા કરશે. ને જે ધ્યાન કરે તેને અનંત આશ્ચર્ય દેખાય છે. તે ધ્યાન કરવાની રીત કહીએ છીએ.

તે ભક્ત પ્રથમ તો ભગવાનની મૂર્તિને દ્રષ્ટિ આગળ ધારે છે ત્યારે ભગવાનની મૂર્તિ તેવી જ દેખાય છે. પછી જેમ જેમ વૃત્તિ સ્થિર થતી જાય તેમ તેમ મૂર્તિ જેમ જાળિયામાંથી ઘરમાં પડેલા સૂર્યની કિરણ વડે સૂર્ય દેખાય છે ને સૂર્યના કિરણોમાંથ તેજ છૂટે છે. તેમ તે મૂર્તિમાંથી શીતળ તેજ નીકળે છે. (તેમ તે મૂર્તિ અગ્નિ સરખી રાતા પ્રકાશવાળી ભાસે છે) માટે જે ધ્યાન કરતાં પદાર્થ આડાં આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવા પણ ધ્યાનમાં અંતરાય થવા દેવો નહિ.

બીજું પ્રસાદીના પત્રમાં લખેલ છે કે સર્વશાસ્ત્રમાં ધ્યાન અધિક કહ્યું છે, તે જ્ઞાન તથા ભજન તથા સર્વક્રિયા થકી ધ્યાન અધિક કહ્યું છે. તે ધ્યાન એટલે શું ? જે ભગવાનને નિત્યે એકી સૂરતે જોઈ રહેવું. એ ધ્યાન કહીએ. બીજું (ધ્યાન) ભગવાનને જાણવા તે જ્ઞાન કહીએ. વર્તમાન પાળવા એ કઠીન નથી. ને ઉપવાસથી દેહ સુકવી નાંખે છે. વળી નામ રટણ કરી જીભ તુટી જાય ત્યાં સુધી કરે પણ ધ્યાન કરવું કઠીન છે. જેમ ભરવાડને વગડામાં ફરવું કઠણ નથી પણ ઘરમાં સાંજ સુધી બેસાડી મુકીએ તો કેવું કઠણ પડે છે. તેમ ધ્યાન કરવું કઠણ છે. અને કીર્તન ગાઈને અને વળી લખીને, વાત કરીને તથા આ ઓસરીમાંથી એ ઓસરીમાંથી જાઓ એમ કરીને દિવસ પુરા કરે છે. તેને અંતરે કેમ સુખ રહેતું હશે ! માટે હાલતાં, ચાલતાં, સુતાં, જાગતાં, ખાતાં, પીતાં, એ સર્વ ક્રિયામાં મૂર્તિ સામું જોઈ રહેવું એમ ધ્યાન કરવું.

બીજું શ્રીજી મહારાજ લોજપુરમાં સંતોને ધ્યાનમાં બેસારતાં તે જેને ઊંઘ આવે તેને વઢીને કહેતાં કે 'તમોને ભગવાનની મૂર્તિના ધ્યાનનું સુખ મુકીને ઊંઘ કેમ આવે છે ?' અમને તો કાળનો બહુ ભય લાગે છે. તે સુઈએ છીએ તોય ઊંઘ આવતી નથી. (તે શ્રીજી મહારાજને કાંઈ કાળનો ભય હતો નહિ પણ આપણને ઉપદેશ આપવા જણાવ્યું છે) ને તમને ભજન કરતાં ઊંઘ કેમ આવે છે એ અમને આશ્ચર્ય લાગે છે.

તે કહ્યુ છે કે 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી તે' કિર્તનનું ત્રીજું પદ છે તે સદ્‌ગુરૂ મુક્તાનંદ સ્વામીનું કરેલ કિર્તન છે.

તે અનુભવીને અંતરે, રહે રામ વાસે રે,
જે બોલે તે સાંભરે, દ્રષ્ટિ પ્રકાશેરે...............અનુ.
જ્યાં જુઓ ત્યાં રામજી, બીજુ કાંઈ ન ભાસે રે,
ભાત દેખી ભૂલે નહી, અનુભવ ઉજાશે રે...... અનુ.
કેસરી કેરા ગંધથી, કરિ કોટિ ત્રાસે રે,
તેમ આત્માના ઉદ્યોગથી, અજ્ઞાન નાસે રે........અનુ.
હું ટળ્યે હરિ ઢુંકડા, તે ટળાય દાસે રે,
મુક્તાનંદ એવા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે.......અનુ.

બીજુ એક સમયને વિષે ગઢડામાં નિયમની એકાદશીના દિવસે સર્વ સંતોએ માળા આદિના નિયમ લીધા. તેમાં સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામીએ એવું નિયમ લીધું કે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી તે સંભાળી મહારાજ બહુ રાજી થયાં ને બોલ્યા કે ચાર વેદ, કંઠે કરે, છ શાસ્ત્ર કંઠે કરે, જપ, તપ, આદિ સાધન છે તે આ (ધ્યાન) સમાન ન થાય. તેવી રીતે સચ્ચિદાનંદ સ્વામીએ નિયમ લીધું. અને ચોવીશ કલાક શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરતાં તેથી તેમને મૂર્તિ અખંડ દેખાતી.

બીજુ સર્વે સંતો હરિભક્તો શ્રી હરિના દર્શન કરતાં અને તેમાં મહારાજની પગની ઘૂંટી, આદિ એક એક અંગનું ચિંતવન કરતાં જાય ને દર્શન કરે તેથી વૃત્તિ એક એક અંગમાં સ્થિર થઈ જાય ને મહાઆનંદને પામે તે સુખને મૂકીને બીજુ અંગ ધારવા સમર્થ ન થાય. એવું મહારાજની મૂર્તિમાં અલૌકિક દિવ્ય સુખ રહેલ છે તો તે મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જવું.

બીજુ શ્રીજી મહારાજ પહેલ વહેલા કચ્છમાં આવેલ હતાં. તે સંવત ૧૮૬૨ ના શ્રીજી મહારાજે માનકુવા ગામથી મુક્તાનંદ સ્વામી આદિ સંતો ઉપર કાગળ લખ્યો છે. જેમાં એમ લખ્યું છે કે 'શ્વાસોઉશ્વાસે ભજન કરવાનો આગ્રહ રાખજો ને અંતઃકરણને જાણતલ સાક્ષી છે. ત્યાં જ તેજનું ઘર છે. તેજ ઠેકાણે જ્યોતિનો ઢગલો છે. તેજ ઠેકાણે બ્રહ્મલોક જવાનો માર્ગ છે. તેજ ઠેકાણે જીવ રહ્યો છે. તેજ ઠેકાણે તેજ (પ્રકાશ) ને વિષે પ્રત્યક્ષ પુરૂષોત્તમની મૂર્તિ ધારીને નખશિખા પર્યંત સર્વ અંગનું ચિંતવન કરવું ને





તે ધામમાં ભાગવતી તનુએ કરીને સેવામા રહ્યો છું, ને નિરાકાર તેજરૂપ થઈને દેહને ખોટા કરીને ભગવાનને ધારવા. પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને તેજને વિષે ભગવાનને ધારવા. 'હિરે કરીને હિરો વિંધાય' છે તે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧ના વચનામૃતમાં વાત લખી છે ને નામીએ સહિત નામ લેવું એટલે શું ? તો સ્વામિનારાયણનું નામ લઈએ તે વખતે મૂર્તિ અંતઃકરણમાં દેખાય તે નામીએ સહિત નામ લીધું કહેવાય. તથા ઘનશ્યામ મહારાજનું નામ લઈએ તો ઘનશ્યામ મહારાજ દેખાય તે નામીએ સહિત નામ લીધુ કહેવાય.

બીજુ શ્રીજી મહારાજના ભક્તે ધ્યાન કરવું તથા માનસીપૂજા કરવી, ભજન કરવું તથા સર્વ ક્રિયા કરવી, તથા સર્વ કાળમાં નિરંતર પોતાના આત્માને આત્મસતારૂપ અને બ્રહ્મરૂપ માનવો. અને અક્ષરબ્રહ્મ સાથે પોતાને એકતા કરીને તે તેજ પુંજને વિષે શ્રી પુરૂષોત્તમ શ્રીજી મહારાજની મૂર્તિને ધાર્યા કરવી ને એવું અનુસંધાન કર્યા કરવું પણ એ વાત ભૂલવી નહી. ને સતારૂપ અને નિરવયને અલિંગ પોતાનું સ્વરૂપ માનીને તેમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.

બીજુ ગોપાળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે કહ્યું કે પોતાને સદા આકારે રહિત માનવું અને ભગવાનના સ્વરૂપમાં જોડાવું.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું કે તમારી મૂર્તિને ભૂલી જવાશે તો ? એ સાંભળીને શ્રીજી મહારાજના નેત્ર સજળ થયા અને ગદ્ ગદ્ કંઠે બોલ્યા જે એવી રીતે કરે તે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય ? ખરૂ ન જ ભુલી જવાયે સામુ અંતરમાં ભગવાનની મૂર્તિનું સુખ વિશેષ આવે.

તે મહારાજનું એવું વચન સાંભળીને ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે એ વચન મારા અંતઃકરણમાં ખૂંચી રહ્યું છે. અને સદા એમ જ વરતાય છે. ત. વચનામૃતનો પૂર્વા પર જોતાં ઠેકાણે ઠેકાણે એજ સિદ્ધાંત છે અને સત્સંગીજીવનમાં પણ એજ મત મહારાજનો કહ્યો છે. કે બ્રહ્મરૂપ થઈને અંતરમાં મૂર્તિનું ધ્યાન કરવું.

ઈત્યાદિક સિદ્ધાંત ના વચન જોતાં પોતાને અરૂપમાનીને ભગવાન ભજવા, ને પોતાને સાવયવે માને તો પોતાના માયિક આકારની ભાવના ટળે નહિ તે

આત્માનું મનન કરવાથી દ્રઢ થાય છે. માટે પોતાને સત્તારૂપ માનવો. શ્વેત દ્વીપમાં નિરન્ન મુક્ત છે. તે નિરંતર સત્તારૂપ રહીને ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગને ટાળે છે.

બીજુ કોઈ કહેશે કે માનસી પૂજા કરવી તે સમયે ભગવાનને સ્નાનાદિક ક્રિયા કરાવવી તે પોતાના સાવયવપણા વિના કેમ બને ત્યારે શ્રીહરિ બોલ્યા કે એ તો પોતાના અંત:કરણની વૃત્તિથી થાય છે. અને તેમાં કોઈ સ્થૂળ શરીરના અવયવનું કામ પડતું નથી. માટે આકારે રહિત માનવું અને અંત:પૂજન તો અંત:કરણની વૃત્તિથી જ થાય છે. માટે તેમાં શંકાનો માર્ગ નથી એમ જાણવું. આ વાતની મેં મોટા મોટા સંતો જે ધ્યાનના અંગવાળાંને પૂછ્યું તો તેમણે પણ એમજ કહ્યું કે આ વાત બરાબર સાચી છે.

રહસ્યના વચનામૃતમાં કહ્યું છે કે જેમ નદીઓ સમુદ્રમાં લીન થાયે છે તેમ પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક્તા કરી નાંખે ત્યારે એ અક્ષરના ગુણ આત્માને વિષે આવે છે. (જેમ ભમરી ઈયળને પકડી લાવી ગુંજારવ કરે છે. તો તે ઈયળ ભમરી જેવી જ ભમરી બની જાય છે) કોઈ અંગ ઈયળનું રહેતું નથી. માટે અક્ષરબ્રહ્મ સાથે પોતાના આત્માને એક કરીને તેને વિષે અંતદ્રષ્ટિ કરીને શ્રીહરિની મૂર્તિને જોયા કરવી અને જાણપણા રૂપ જે ભગવાનના ધામનો દરવાજો - ત્યાં રહીને અંતરદ્રષ્ટિએ કરીને શ્રી હરિનું ધ્યાન ભજન કરવું અને નિરંતર એવું અનુસંધાન રાખવું કે 'હું અક્ષરબ્રહ્મ છું અને મારે વિષે શ્રીહરિ અખંડ રહ્યા છે.' એ અંતરદ્રષ્ટિ મૂકવી જ નહી. કારણ કે અંતરદ્રષ્ટિવાળાની સમજમાં એ ગુણ છે. એથી ભગવાનનું સમીપપણું રહે છે. ને તેની બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને અહંગ્રંથી ગળે છે અને દોષને ઓળખી તે દોષને ટાળી નાંખે છે.

અને સતારૂપે પોતાને માનવું અને શ્વેતદ્વીપને વિશે નિરન્નમુક્ત છે. તે નિરંતર સતારૂપે રહીને ભગવાનનું ધ્યાન કરીને કારણ શરીરના રાગને ટાળે છે. ત્યારે કોઈક કહેશે જે ભગવાનની માનસી પૂજા કરવી તે સમયને વિષે ભગવાનને સ્નાનાદિક ક્રિયા કરાવવી તથા વસ્ત્ર ઘરેણાં ધરાવવા તથા થાળ જમાડવા તથા આરતી ઉતારવી.





તથા દંડવત કરવા આદિ ક્રિયા કરવી તે પોતાના સાવયવ વિના કહેતાં હાથપગ-નેત્ર આદિ અંગ વિના કેમ બને ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે 'એતો પોતાના અંત:કરણની વૃત્તિએ કરીને થાય છે ને તેમાં કાંઈ સ્થૂળ શરીરના અવયવનું કહેતાં સ્થૂળ શરીરના અવયવ જે હાથપગ નેત્ર આદિ અંગનું કામ પડતુ નથી.' માટે પોતાને આકારે રહિત માનવું કહેતાં હાથ-પગ આદિ અંગ તે મારે વિષે કાંઈ નથી. હું તો એક તેજનો મોટો ઢગલો (સમુહ) છું તે અક્ષરબ્રહ્મ-ધામરૂપ તેજ (પ્રકાશ) તે જ મારું સ્વરૂપ છે. તે દીવ્ય દેહે ભગવાનની સેવામાં રહેલો છું ને માનસી પૂજા તે તો અંત:કરણની વૃત્તિએ કરીને થાય છે. માટે તેમાં શંકાને સ્થાન નથી એમ શત્શાસ્ત્રનો ત. મોટા સંતોનો સિદ્ધાંત છે.

બીજુ માન તળી દેશના પ્રતાપભાનુ નામે રાજા હતા. તે ભગવાનની મૂર્તિનું (અનુલોમ પણે) બહાર મૂર્તિનું ધ્યાન કરતાં તે છ માસની સમાધિ થાતી પણ અંતરમાંથી કારણ શરીરના અવ્યક્ત રાગ ટળ્યા ન હતા. તેથી છ મહિને વળી રાજ્ય સ્ત્રી પુત્ર આદિ માયિક વસ્તુ સાંભરે એટલે પાછા દેહમાં આવે, ને તે રાજ્યના જે પંચ વિષયના માયિક સુખ તેને ભોગવે તે વાત મહારાજે જાણીને સિદ્ધ દશાવાળા જે શતાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે 'આ રાજાના રાગટળાવીને એનો મોક્ષ કરો' એમ કહ્યું ત્યારે સ.ગુ. શતાનંદ સ્વામી તે રાજા પાસે ગયા ને કહ્યું કે તમોયે બહાર ધ્યાન કરીને બહાર મૂર્તિ સિદ્ધ કરી છે પણ અંતરમાંથી અવ્યક્ત રાગ ટળ્યા નથી તેથી આમ થાય છે. ત્યારે તે રાજાને સ.ગુ.શતાનંદ સ્વામીએ પ્રકાશમાં અક્ષરધામરૂપ થઈને અંતરમાં પ્રતીલોમ વૃત્તી વળે ધ્યાન કરવાની વાત કરી ને અંતરમાં ધ્યાન કરવાની રીત શીખવી તે પ્રમાણે તે રાજા ધ્યાન કરતાં પોતાના દેહનો ભાવ ટળી ગયો ને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા થઈને, તેજોમય ભગવાનની મૂર્તિનો હૃદયમાં સાક્ષાત્કાર થઈ ગયો તેથી તે રાજાના અવ્યક્ત રાગ માત્ર ટળી ગયા ને દેહને અંતે શ્રી હરિના અક્ષરધામમાં ગયા ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ ગયા. ઓ.....હો.....હો....! એ મૂર્તિના સુખમાં તો કેવું અલૌકિકદિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થાય. ને મૂર્તિમાંથી જાણે શીતળ શાંત તેજના કિરણો નીકળે છે

એમ ધારવું.

બીજુ સ.ગુ. સ્વરૂપાનંદસ્વામી એક વખત ગામડે ફરીને ગઢડે આવ્યા ત્યારે તેમને મહારાજે પૂછયું કે 'દેશમાં સત્સંગ કેવો છે ?' ત્યારે સ્વામી કહે, 'મનુષ્ય તો આ લીંબડી નીચે દેખ્યા છે ત્યારે બીજા કહે - મનુષ્ય નથી દેખ્યા ત્યારે જીવના કલ્યાણ કેમ કર્યા હશે ? ત્યારે મહારાજ કહે' 'બીજા સંતો વાતો કરીને વર્તમાન ધરાવીને, નીમ પળાવીને કલ્યાણ કરે છે ને આ સ્વામી (સ્વરૂપાનંદ સ્વામી) ઉપરથી વાયરો વાઈને જાય ને તે વાયરો જેને અડે તેનો પણ મોક્ષ થશે.' તે શા માટે કે તે સ્વામી ભગવાનની મૂર્તિ જ અખંડ સ્થાવર જંગમમાં દેખતાં પણ બીજું કાંઈ દેખતાં નહિ.

બીજુ શ્રીજી મહારાજે સ.ગુ. આનંદાનંદ સ્વામીને કહ્યું કે 'તમોને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ? ત્યારે આનંદ સ્વામી કહે 'હે મહારાજ ! તમે જેમ કહો તેમ કરીએ. 'પછી મહારાજે સ.ગુ. મુક્તાનંદ સ્વામીને પૂછ્યુ કે 'તમોને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું 'હે મહારાજ હું તો જો તમારી મૂર્તિમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું તો પાછી એક હાથ પાછી વાળું ત્યારે માંડ માંડ તમારી મૂર્તિમાં વૃત્તિ રહે' પછી મહારાજે સ.ગુ. સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે તમને ક્રિયા કરવાનું કહીએ તો કેમ કરો ?' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી કહે 'હું તો ક્રિયા બરાબર કરું પણ તે વસ્તુ ન દેખાય, ને જ્યાં જોઉં ત્યાં તમારી મૂર્તિ જ દેખાય, ત્યારે મહારાજ કહે 'તે કેમ સર્વને સમજાય ?' ત્યારે સ્વામી કહે 'જેમ તીરમાં લીંબુ દેખાય તે જે બાજુ વૃત્તિ કરીએ તે દિશાએ લીંબુ જ દેખાય ?' તેનો સિદ્ધાંત એ છે કે આ દેહ ને વિચારે કરી ખોટો કરીને તીરરૂપી અક્ષરધામને લીંબુરૂપી ભગવાનની મૂર્તિ તે સ્થાવર-જંગમ આદિ સર્વમાં દેખાય પણ બીજી વસ્તુ કાંઈપણ મનુષ્ય-પશુ-આદિ કોઈનો આકાર દેખાય નહીં. ત્યારે શ્રીજી મહારાજ રાજી થયા. તે સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ ગાયુ છે કે...

'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે,
એ કીર્તનના ત્રીજા પદમાં કહેલ છે કે-'
જ્યાં જુવે ત્યાં રામજી, બીજું કોંઈ ન ભાસેરે,





ભાત દેખી ભુલે નહિ, અનુભવ ઉજાસે રે...

તેનો પણ એજ અર્થ છે કે જ્યાં જ્યાં દ્રષ્ટિ જાય ત્યાં ત્યાં એક ભગવાનની મૂર્તિ દેખે પણ તે વિના આ બ્રહ્માંડમાં બીજુ કાંઈ ન દેખે. જેને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા થઈ ગઈ છે. તે એમ જાણે જે આ બ્રહ્માંડમાં સ્ત્રી-પુરૂષ, પશુ, પક્ષી, મોટર, ઝાડ, પર્વત, ઘર આદિ સર્વે માયિક વસ્તુથી આ એક બ્રહ્માંડ થયેલું છે. તે એવા અનંત કોટિ બ્રહ્માંડ તો તેજોમય એવું જે અક્ષર બ્રહ્મધામ તેમાં એક રૂંવાડામાં ઉડતા ફરે છે. એ અક્ષર બ્રહ્મધામનું સુખ છે તો તેવા સુખને મુકી ને આ વિષયમાં શું પ્રીતી રાખું. આ તો નાશવંત છે. ને અવિનાશી સુખ તો ભગવાનની મૂર્તિમાં છે.

**અક્ષરધામને પામ્યાની સાત ભૂમિકાઓ :**

(૧) દેહ અને આત્મા વચ્ચે જ્ઞાન સ્વરૂપી વિચાર અખંડ સ્થિર રહે એ (શુભ-ઈચ્છા)

(૨) ને એ વિચારને ગમે તેવા નિમિત્તે પણ ભૂલાય નહિં ને ઉપાસ્ય મૂર્તિના બળનું તથા આત્મનિષ્ઠાના શ્રવણ-મનન નિદિધ્યાસના અખંડ અભ્યાસ એ. (વિચારણા)

(૩) આત્મા-પરમાત્માના આધારે જે થએલ વૃત્તિ સ્વરૂપને છોડીને બીજે જાય જ નહિ એ. (તનુ માનસા)

(૪) પ્રકૃતિના કાર્ય માત્રને ગાંધર્વનગર વત્ જાણીને જનકરાજાની પેઠે હર્ષ-શોકથી રહિત થકો એક પર બ્રહ્માકારે જે અખંડવૃત્તિ રહે એ. (સાત્વાપતિ)

(૫) પરબ્રહ્મનો સાક્ષાત્કાર અનુભવ થાય એ વૃત્તિ કેવળ આત્મ સન્મુખ જ રહી પરમાત્માને જ જોઈ રહે અને તેના બળથી બીજાને પણ એ અનુભવ કરાવે એ. (અંશ શક્તિ)

(૬) પદાર્થ માત્ર તેમજ ઐશ્વર્ય માત્રની પ્રવૃત્તિથી તદ્દન ઉદાસ રહે ને આત્મ વિચારનો પણ લય થઈ જાય ને વાસના લીંગ નિર્મુળ થઈ જાયને અખંડ બ્રહ્મકારનો અનુભવ થવાથી દેહની વ્યવસ્થા બીજાને હાથ રહે છે. પોતાને કશી ખબર રહેતી નથી એ. (પદાર્થ ભાવના)

(૭) અખંડ બ્રહ્મસ્થિતિ દ્રઢ થવાની ઈયળ ભમરીવત્ શરીરના પ્રારબ્ધનો લય થઇ સાક્ષાત પરબ્રહ્મના આનંદમા ગરકાવ થઈ રહે એ (તુર્યગા)

આ ભૂમિકા સદ્ગુરૂની વાતોમાં ૫૧ મી વાત છે. આવી છેલ્લી સ્થિતિ જ્યારે થાય છે ત્યારે તેનો પ્રારબ્ધનો પણ લય થઈ જાય છે ને મહા સુખીયા થાય છે. ને તેને ભગવાનના ધામમાં જવાની ઈચ્છા થાય તો તે ભગવાનના ધામ માં જઈ શકે છે ને દરેક કર્મનો ક્ષય થઈ જાય છે ને મહા સુખીયા થાય છે.

આ સાતમી ભૂમિકાને મળતી વાત કારિયાણીના પ્રથમના વચનામૃતમાં કહી છે કે 'ભગવાનનો ભક્ત આવી રીતે તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ ધામ તે રૂપ પોતે થઈને ધ્યાન કરે તો તે ભગવાનના જ્ઞાને કરીને ભગવાનના આકારે થઈ જાય છે. ને દિવ્ય થઈ જાય છે. જેમ ઈયળ તેને તે દેહે કરીને ભમરી થઈ જાય છે. કોઈ અંગ ઈયળનું રહેતું નથી. તેમ ભગવાનનો ભક્ત દિવ્ય થાય છે. ને તે ભક્ત એમ જાણે કે હું તો ભગવાનનો દાસ છું.

તથા સારંપુરના ૧૧ના વચનામૃતમાં કહ્યું છે કે 'શ્રુતિ-નિરંજન:પરમસામ્યુમુપૈતિ' તેનો અર્થ જે 'અંજન જે માયા થકી રહિત થઈને તેજોમય એવું જે અક્ષર બ્રહ્મધામ તે સંગાથે પોતે એકતા કરીને સુવર્ણના સમાન છે. મૂર્તિ એવા સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે છે. તે ભગવાનના સાધર્મ્યપણાને પામે છે. કહેતાં શુભ-અશુભ કર્મે બંધાય નહિ. જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે. કહેતાં પોતાને સાવ ભૂલી જાય છે ને એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. તે સદ્-ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ છે કે જે ઉત્તમ સ્થિતિવાળા મુક્ત છે તે એવી રીતે એક ભગવાનની મૂર્તિ જ દેખે છે. એ અતિ ઉત્તમ સ્થિતિ છે એમ ભુજવાળા સ.ગુ.શ્રી વલ્લભદાસજી સ્વામી પણ કહેતાં ને તે લક્ષ્મીજી ક્યારેક નોખાં રહ્યા થકાં ભગવાનની સેવામાં રહે છે.' ને ક્યારેક ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય છે.

આ ઉપર કહ્યું તેમ જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તો તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે. કહેતાં પોતાને





ભૂલી જાય છે ને ક્યારેક તો ભગવાનની સેવામાં રહે છે. તે જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ તે ભક્ત પણ સ્વતંત્ર થાય છે. તે આવી સામર્થી તે ભક્તમાં આવે છે તે તો તેના ઉપર ભગવાનની અતિ મોટી કૃપાથી આવે છે ને પોતે તો ભગવાનનો દાસ છે. એમ સમજવું. ને ગઢડા મધ્ય પ્રકરણના ૨૦ ના વચનામૃતમાં વાત છે કે અક્ષર બ્રહ્મધામનો એવો પ્રતાપ છે કે કાષ્ટમાં તથા પાષાણમાં પ્રવેશ કરે તો તે પાષણ પણ હાલે ચાલે એવો તે બ્રહ્મનો પ્રતાપ છે. તે અક્ષરધામ સંગાથે પોતાને એક્તા કરવાની તે આવી સ્થિતિ કરવાની છે તે આવો મોટો જે બ્રહ્મ તે આ બ્રહ્માંડના માયિક પંચવિષયમાં શું પ્રીતિ રાખું ? તથા પ્રથમ પ્રકરણના ૬૩ ના તથા ગ.પ્ર. પ્રકરણ-૬૪ ના વચનામૃતમાં એ વાત આવી કે આવો ભક્ત તે ભગવાનના સાધર્મ્યને પામે છે.

સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં વાત છે કે, પરમેશ્વર વિના બીજો મનમાં આકાર ધરાઈ ગયો હોય તો જાણપણામાં રહીને મુક્તો સહિત શ્રીજી મહારાજનું ધ્યાન કરે ને આ બ્રહ્માંડની સર્વે આકૃતિઓને પોતે સ્વપ્રતુલ્ય જાણે ને અતિ દુઃખ આપનારા છે એમ જાણે તો તે ટળી જાય છે.

તથા સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં ધ્યાનનું લખ્યું છે કે તીર્થ, યજ્ઞ તથા જ્ઞાન એ સર્વે થકી ધ્યાન કરવું તે અધિક છે ને તેમાં જ લખ્યું છે કે ધ્યાન કરતાં જે જે અંતરાય આવે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો. એમ મોટા સત્પુરૂષોનો સિદ્ધાંત છે.

તથા સદ્ગુરૂ ગોળપાનંદ સ્વામીની વાતોમાં છે કે 'ત્રણ પ્રકારનું ધ્યાન છે. તેમાં ઉત્તમ ધ્યાન એ છે કે સર્વે માયિક પદાર્થનો ત્યાગ કરીને પોતાના જીવાત્માને તેજોમય એવું અક્ષરધામ તે રૂપ થઈને પ્રતિલોમ વૃત્તિથી અંતરમાં ધ્યાન કરે તો તેને પૂર્વ-પશ્ચિમના ભાવો ટળી જાય છે. ત્યારે કારણ શરીરનો નાશ થાય છે ને ભગવાનની સેવામાં રહેવાને પાત્ર બને છે.'

તથા ગઢડા પ્રથમ પ્રકરણના ૨૬ ના વચનામૃતમાં વાત છે કે ભગવાનનું ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવને પામી જાય છે. ને શૂન્યમાં પ્રકાશ દેખાય છે ને પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે. માટે બીજું સર્વે મૂકીને અખંડ ભગવાનનું

ચિંતવન કરવું.

તથા સતસંગી જીવનના બીજા પ્રકરણના ૫૧ મા અધ્યાયમાં તથા ચોથા પ્રકરણના ૭૨-૭૩ ના અધ્યાયમાં નિર્વિકલ્પ સમાધિવાળા જે સિદ્ધ દશાવાળા જે એકાંતિક ભક્ત ત. સંતના લક્ષણ કહ્યા છે તે પોતાના દેહની પણ વિસ્મૃતિ થઈ જાય અને ભગવાનની મૂર્તિ વિના બીજુ કાંઈ દેખે નહી અને આવું જે ધ્યાન તેના બળે કરીને એવી સ્થિતિ થાયે છે તે આવા ગુણ શિખવા તે આવા ગુણ એક બ્રાહ્મણ આદિ ઉંચી જ્ઞાતિવાળાને જ પ્રાપ્ત થાય છે એમ નથી. એ તો જે આવા ધ્યાનનો અભ્યાસ કરે છે તે સર્વેને થાય છે. તે છાણી ગામના તેજો ભક્ત હરિજન જ્ઞાતિના હતા પણ સાત દિવસની સમાધિ થાતી તે ભગવાનની મૂર્તિના સુખમાં નિમગ્ન પણ જોડાઈ જતા ને ભગવાન કહે 'નાત-જાતને જાણું નહિ, મને ભજે તે મારો'

વળી કોઈક સમયે મહારાજ અમદાવાદમાં મંદિરના ચોકમાં સંતો હરિભક્તોની સભા ભરીને બેઠા હતા. ત્યાં મહારાજે નટ રમાડ્યાં. તે નટે થાંભલા ખોડીને બેય પડખે દોરડાં બાંધ્યા. પછે તે બે નટ સામસામા દોરડેથી તે થાંભલા વચ્ચે દોરડું હતું તેના ઉપર ચડ્યા ને પગમાં હરણનાં શીંગડા બાંધ્યા હતાં. ને મસ્તક ઉપર બન્ને જણે હેલ (પાણીના બેડા) લીધાં ને હાથમાં લાંબો વાંસડો એક એક લીધો. તે શીંગડાથી પગ ઘસીને ચાલે, ને વચમાં બેય ભેગાં થઇ ગયાં ત્યારે એક નટે બીજા નટને પૂછ્યું 'તમે કોણ છો ?' ત્યારે બીજા નટ કહે 'હું શુદ્ર છું' ત્યારે આ નટ કહે, 'હું બ્રાહ્મણ છું,' તે મને અડજે નહી, પછી તે દોરને હલાવ્યો ને એકબીજા તારો (તારવી) દઈને ચાલ્યા ગયાં ને એકબીજાને અડ્યાં નહિં. હેલ પડવા ન દીધી. વાંસને બરોબર ઝાલી રાખ્યો ને ચાલ્યા ગયા. પછી તે દોરથી નીચા ઉતર્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તે નટને પૂછ્યું જે 'તમે આ શું કર્યું ?' તે કાંઈ મંત્ર જાણો છો ? ત્યારે કહે 'ના મંત્ર નથી જાણતા. અમે અભ્યાસથી કેળવાયા છીએ. પછે તેમને મહારાજે શીર પાવ આદિ ભેટ આપીને રાજી કર્યા. ને તે ગયા. પછી મહારાજે સર્વે સભાને કહ્યું કે 'જોવો તેમણે પેટને માટે કેટલું કર્યું છે ? તેમ આપણે મોક્ષ સારું વૃત્તિ કેળવવી તે દેહની ક્રિયા કરવી ને, મનની વૃત્તિ ભગવાનમાં અખંડ રાખવી.'એમ મહારાજે નટ





રમાડીને સર્વેને શિખામણ આપી.

તથા સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીજીની વાતોમાં વાત છે. તેમાં કહ્યુ છે કે, પ્રત્યક્ષ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિનું ચરણાર્વિંદથી મસ્તક સુધી પૃથક પૃથક ધ્યાન કરવું. મન પ્રાણ આદિ ઈન્દ્રિયોને નિયમમાં કરીને રાત્રિને વિષે દિવસને વિષે એમ સર્વકાળમાં ધ્યાન કરવું. કેવી રીતે તો ચકોર, બપૈયા, પતંગ આદિક પોતપોતાના વિષયમાં અતિ નિમગ્ન થાય છે; તેવી રીતે યોગી જે સંત ત. હરિભક્તે શ્રી હરિનું ધ્યાન કરવું અને વળી સમુદ્રમંથન કરવા સારું દેવતાઓને, અસુરો તત્પર થઈ અમૃત કાઢવા સારું મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા, તેવી રીતે યોગી જે સંત ત. હરિભક્તે મનમાં દ્રઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો અભ્યાસ રાખવો. ને રસાસ્વાદ, નિંદ્રા-હિંસાને વિક્ષેપએ ધ્યાનમાં વિરોધી છે. તેનો ત્યાગ કરે ત્યારેજ ધ્યાન થાય, નહિં તો ન થાય.

તથા ગઢડામાં અન્નકોટનો ઓચ્છવ થતો હતો. તે વખતે જીવુબા, લાડુબા આદિ બહેનો સેવા કરતાં હતા, સેવા કરતાં હતાં, ને વડી બનાવતા, સ્વામિનારાયણનું ભજન કરતાં, લાડુ ખાંડતાં, આદિ રસોઈની તમામ સેવા કરતાં, શ્રી હરિનું અખંડ ભજનકરતાં તેથી સમાધિ થઈ જતી તેવી રીતે આપણે પણ દરેક કાર્ય કરતાં શ્રીહરિનું અખંડ સ્મરણ કરવું.

બીજુ ભજન પણ ત્રણ પ્રકારનું છે. એક જીભથી તે સ્થૂલ દેહનો નાશ કરે. બીજુ કંઠથી ભજન તે સૂક્ષ્મદેહનો નાશ કરે. અને ત્રીજું જીવમાં શ્વાસાઉશ્વાસે ભજન કરીએ, તે કારણ શરીરનો નાશ કરે તે અભ્યાસથી થાય છે. તે કિર્તનમાં કહ્યું છે કે 'હવે મારા વ્હાલાને નહિ રે વિસારું, શ્વાસોઉશ્વાસે નિત્ય સંભારું' આવી રીતે ભજન કરવામાં કાળજી આપણે રાખવી.

બીજુ હનુમાનજીએ છાતી ચીરી અંતરમાં 'રામ' ના દર્શન કરાવ્યા. તેમ અંતરમાં ભગવાન રાખવાં. ત. સીતા માતાએ હનુમાનજીને મોતીનો હાર આપ્યો. ત્યારે તે મોતીમાં રામ છે કે કેમ તે સારું ભાંગતા હતા. ત્યારે કોઈકે કહ્યું કે આમા શું જોવો છો, ત્યારે હનુમાનજી કહે આમાં રામ જોઉં છું ત્યારે બીજા કહે આમાં તે

કાંઈ રામ હોય? ત્યારે હનુમાનજી કહે રામ ન હોય તે મારે સાકામની ત્યારે બીજા કહે આ તમારા દેહમાં ક્યાં રામ છે તે સાંભળી હનુમાનજીયે છાતી ચીરીને હૃદયમાં રામ ના દર્શન કરાવ્યાં.

તથા શ્રી કૃષ્ણ ભગવાન એક દિવસે પોતાના મહેલને વિશે પલંગ પર પોઢ્યા હતા. અચાનક જાગી ગયા ને અર્જુનના મહેલમાં રાત્રે બાર વાગે ગયા ને તેમનાં વાળને પોતાનાવસ્ત્રથી લૂછવા મંડ્યા. વાળ અખંડ 'કૃષ્ણ-કૃષ્ણ' બોલતા હતા. તે આપણે પણ આવું ભજન કરવામાં કાળજી રાખીયે તો અખંડ ભજન થાય.

બીજુ શ્રી હરિ સ્વતંત્ર છે પણ જે ભક્ત અખંડ ભજન કરે તેને ભગવાન આધિન થઈ જાય છે. તે વચનામૃતમાં ભગવાને કહેલ છે કે એવા ભક્તને અર્થે મારો દેહ પણ 'કૃષ્ણાર્પણ' કરી રાખ્યો છે.

'તે કિર્તનમાં કહેલ છે કે,
પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, અહોનિશ એમને ગાવું
લક્ષ્મીજી મારા અડધા અંગના, પણ મારા સંતની દાસી.'
વળી કહ્યું છે કે :
'મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે,
પણ વૈષ્ણવ બાધ્યા મેં ન છૂટે રે'

ઓહોહો આવા ભક્તોનો કેવો મહીમા ! આપણે પણ એવા ભક્ત બનવું. બીજુ એક ભક્ત ભગવાનને કાચાં તાંતણે બાંધી લાવ્યા તેથી ભક્ત આગળને ભગવાન તાંતણાને આધારે ભકતની પાછળ પાછળ ચાલ્યા આવે ઓ....હો.....હો.....ભક્તના પ્રેમથી ભગવાન કેવા બંધાઇ જાયે છે. તો આપણે પણ આવા ભક્ત બનવું તો ભગવાન જરૂર દર્શન આપશે.

બીજુ શ્રી હરિના ચરણનો, તથા હાથનો તથા અન્ય અંગોનો સ્પર્શ કરવો. ને વળી શ્રી હરિને પ્રેમથી ભેટવું. તે જેટલી વખત ઈચ્છા થાય તેમ ભેટવું. આમ શ્રી હરિની મૂર્તિમાં તલ્લીન બની જવું તે દદુકા ગામમાં તળાવની પાળ ઉપર ભગવાન ગાડા ઉપર બેઠા હતાને સંતો ધૂંસરીથી ચઢે ભગવાનને હેત કરીને ભેટે અને બીજી





તરફથી નીચે ઉતરે, આમ, સંતો શ્રી હરિને આવી રીતે ભેટતાં, અને તેથી તે સંત પોતાના શરીરનું ભાન ભૂલી જતાં - તે ભજનનો અભ્યાસ કરવાથી ભગવાનનો આનંદ આવે છે. અને શ્રી હરિ આપણા સામું જુવે છે ને જાણે મંદ મંદ હસે છે. વળી જાણે હાથથી ઈશારો કરી મને બોલાવે છે. વળી આંખથી મટકા મારે છે એવી રીતે કલ્પના કરવાથી ધ્યાનમાં આનંદ આવે છે ને જાણે પ્રત્યક્ષ ભેટી રહ્યા ન હોય તે શુ, એમ અતિ આનંદ આવે છે. વળી શ્રી હરિની મૂર્તિ અક્ષરધામમાં છે તેજ મૂર્તિ આ મારી સામે તથા મારા હૃદયને વિષે છે. તેવી કલ્પના કરવી ને એમ ધારવું કે આ મૂર્તિને અક્ષરધામની મૂર્તિને વિષે એક રોમનો પણ ભેદ (ફેર) નથી તે મૂર્તિ ભલે આ મંદિરની ધારવી પણ તેમાં અક્ષરધામની મૂર્તિની કલ્પના કરવી તો અક્ષરધામની મૂર્તિ સાથે એકતા થાય. એમ સતશાસ્ત્રોમાં કહેલ છે ત. મોટા સંતોયે પણ કહેલ છે.

તથા ગ.પ્ર.પ્ર.ના ૨૧ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનનો એકાંતિક ભક્ત અર્ચી માર્ગે ભગવાનના ધામને પામે છે તે અર્ચી માર્ગ ત. ધૂમ માર્ગ, તે ધૂમ માર્ગ એટલે પૃથ્વી આદિ આવરણને ભેદીને જાય તો મોડો પહોંચે ને અર્ચી માર્ગે એટલે એક સેકન્ડમાં શ્રી હરિના ધામને પામે છે. તે એકાંતિક ભક્ત પામે છે તે એકાંતિક ભક્ત કોને કહેવાય. તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને ભક્તિ દ્રઢ કરે તેને એકાંતિક ભક્ત કહેવાય છે.

ભૂજમાં સ.ગુ.શ્રી ભક્તિવલ્લભદાસજી સ્વામી પણ અખંડ ધ્યાન કરતા. તે ધ્યાનના અભ્યાસથી સૂર્યનારાયણને ત્રણ કલાક ઉભા રાખી દીધા એવો ધ્યાનનો મહિમા છે.

તથા સુખપુરમાં દેવજીભાઈ કરીને એક પટેલ ભક્ત હતા તે અખંડ મહારાજની મૂર્તિનું ધ્યાન કરતા તે વ્યવહારિક કાર્ય બરાબર કરતા ને મહારાજની મૂર્તિ અખંડ દેખતા, તે રાત્રે બધાં સુઈ જાયે તે પછી જાગી ઠાકોરજીના સિંહાસન આગળ ઉભા ઉભા ભગવાન સાથે વાતો કરે. તે જે બોલે તે બીજા સત્સંગી સાંભળે પણ ભગવાનની પરાવાણી જે દીવ્યવાણી તો તે એકલા તેજ સાંભળે. જુઓ ! ગૃહસ્થાશ્રમમાં હતા પણ કેવી નિર્ગુણ સ્થિતિ ને પામ્યા તે અભ્યાસથી થાય છે. તો આપણે પણ એવો ધ્યાન

કરવાનો અભ્યાસ રાખવો. તે આવો ધ્યાન કરવાનો અભ્યાસ રાખીશું તો જરૂર ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાશે

બીજુ સદ્દગુરૂ ગુણાતીતાનંદ સ્વામીની વાતુમાં વાત છે કે ભગવાનની મૂર્તિના ધ્યાન કર્યા વિના અનંત કોટિ બ્રહ્માંડનો પ્રલય થાય એટલી આવરદા ભોગવે તથા કરોડો કલ્પો જાય તો પણ તે ધ્યાન કર્યા વિના જીવના જે અવ્યક્ત રાગ ટળતા નથી તે કારીયાણીના વચનામૃત ૧૨ ના માં પણ તે વાત છે કે ધ્યાન કર્યા વિના રાગ ટળતા નથી તે રાગ ટળ્યા વિના શ્રીજી મહારાજ ધામમાં તેડી જશે તો પણ ત્યાં રહેવાશે નહીં. માટે હવે તો જેમ બને તેમ તે ધ્યાન કરવાનો વિશેષ ખટકો રાખવો. આપણને આજે જેવો જોઈએ તેવો સારો યોગ મળ્યો છે તો કાળજી રાખી ભજન કરી લેવું.

બીજુ અપારાનંદ સ્વામી વાતું નહોતા કરતા તો પણ તેમના દર્શનથી તથા તેમનો વર્તાત જોઈને કેટલાક ઉમરેઠના ભણેલા બ્રાહ્મણો સત્સંગી થયા. જે મોટા મોટા શાસ્ત્રી આદિથી ન થયાં તે આ સ્વામીથી થયા.

તથા ગુણાતીતાનંદ સ્વામીની વાત છે કે બીજાને જેમ એક ક્ષણમાત્ર દેહ નથી વિસરતો તેમ અમને એક ક્ષણ માત્ર ભગવાન વિસરતા નથી તે ગુણ આપણે શીખવા.

તથા ગ.મ.પ્ર. ના ૫૭ ના વચનામૃતમાં છે કે દીવાના પ્રકાશમાં ગરોળી હોય તે સર્વે જીવઝંતુનો નાશ કરી નાખે તેવી રીતે આત્મારૂપે રહેવું ને તે આત્મામાં જે પેસવા આવે તેનો ત્યાગ કરવો.

તથા ગ. છે. પ્ર. ના ૩૧ ના વચનામૃતમાં છે કે સમુદ્રમાં પાણીના મોટા મોટા તરંગ ઉઠે છે તેમ પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને ભગવાનની મૂર્તિમાંથી તથા અક્ષરધામ રૂપ જે પોતાનો જીવાત્મા તેમાંથી તેવા તેજના મોટા મોટા તરંગ ઉછળે છે તેમાં ભગવાનની મૂર્તી તેજોમય છે તેને જોવી.

ત. વડતાલના ૧૩ ના વચનામૃતમાં છે કે સિદ્ધ દશાવાળા જે હોય તે લાખો ગાઉ ઉપર જે વસ્તુ હોય તે આ હાથે ઉપાડે તથા લાખો ગાઉ દુરની વાત સાંભળે તથા લાખો ગાવ દૂરની વસ્તુને દેખે.

ત. સદ્દગુરૂ ગોપાળાનંદ સ્વામીની વાતુમાં છે કે જગતના સુખથી અનાદીકાળનું





અંત:કરણ વસાઈ ગયું છે ને તે અંત:કરણ અભડાઈ ગયું છે તે આવી રીતે ધ્યાન કરવાથી શુદ્ધ થાય છે.

બીજુ હૃદય પ્રકાશ ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે જ્યાં સુધી અંત:કરણ છે ત્યાં સુધી ઘાટ રહે છે પણ તે જો આવું ધ્યાન ભજન અતિ આગ્રહ રાખીને કરે તો તેનુ અંતર ઓગળી જાય છે. ત્યારે ભગવાન વિના બીજા કોઇ ઘાટ થાતા નથી ત્યારે તેના શરીરની પોતાને ખબર રહેતી નથી ને તેના પ્રારબ્ધનો પણ નાશ થઈ જાય છે ને તે ભક્તને ભગવાનના ધામમાં જવું હોય તો જઈ શકે છે તે માટે હવે તો સર્વે બીજા કામ મૂકીને આ એક જ અખંડ ભગવાનનું ચિંતવન કરવાનો અભ્યાસ રાખવો.

બીજુ ગ. પ્ર. પ્ર. ૨૭ ના વચનામૃતમાં કહ્યુ કે, આવું ધ્યાન કરે છે તેના નેત્રમાં ભગવાન જોનારા છે તથા પગમાં ચાલનારા, બોલનારા આદિ સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન અખંડ રહ્યા છે.

તે મૂર્તિને કેવી રીતે જુવે તો પોતે જેમ ધ્યાન કરવા બેસે ત્યારે બેઠો હોય તેમ તેજ ને વિષે ભગવાનને બેઠા જુવે તથા ઉભો હોય તો ભગવાનને ઉભા જુવે. ચાલતો હોય ત્યારે ભગવાનને ચાલતા જુએ સુતો હોય ત્યારે તે તેજને વિષે ભગવાનને સૂતા જુએ આદિ ક્રિયામાં તે તેજ વિષે મૂર્તિ પાછી વૃત્તિથી વૃત્તિ દ્વારા જુએ પણ આમ પોતાની સામા ન જૂએ અને માયિક નેત્રની આગળ ન જુએ ને માયિક નેત્રથી ન જુવે. વૃત્તિ દ્વારા ભગવાનને જુએ એમ ગ.મ.પ્ર. ૧૩ ના વચનામૃતમાં કહેલ છે તે આવુ ધ્યાન બરાબર થાય ત્યારે રાગ ટળશે ને ભગવાનની સેવામાં રહેવાશે તે વિના ભગવાનની સેવામાં રહેવાય નહિ માટે આવુ ધ્યાન કરવું.

બીજુ સવારે ઉઠીયે ને ચાલતા થયા એટલે પરબારી તે તેજને વિશે મુરતી ને ધારીને જ ચાલવું ને ચાલતાં કોઈને ભટકાઈએ નહી એટલું જ જોવું ને તે વિના આડુ અવળું બીજુ કાંઈ જોવું નહીં. ને ચાલતા હોઈએ ત્યારે આ પૃથ્વીમાંથી જાણે તેજના કિરણો નીકળે છે એમ તેજોમય ધારવું એમ સુખપરવાળા દેવજીભાઈની સ્થિતિ હતી ને ઊંચે દૃષ્ટિ જાય અને મધ્યે દૃષ્ટિ જાય આદિ જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં તે

તેજોમય અક્ષરધામ જ દેખાય તે તેજને વિશે મૂર્તિ જ દેખે. જ્યારે બેસીએ ત્યારે ઉત્થાન ટાળીને બેસવુને બેઠા ત્યાંથી ઊઠીયે ત્યાં સુધી આખો મીંચીને મૂર્તિની સ્મૃતિએ સહિત માળા ફેરવવી. ત. ધ્યાન કરવું.

બીજુ ગ. મ. પ્ર. ના ૮ ના વચનામૃતમાં કહેલ છે કે, ઈન્દ્રિયોને પાછી વાળીને બ્રહ્મઅગ્નિને વિશે હોમવા તે હોમતા હોમતા તે તેજોમય અક્ષરધામ રૂપ પોતે થઈને તે તેજને વિશે તેજોમય દિવ્ય મૂર્તિ દેખાય ત્યારે જ તે સાધન સંપૂર્ણ થયું ને ત્યારે જ શ્રી હરિની સેવામાં રહેવાશે.

બીજુ ઉભા હોઈએ ત્યારે તે ભગવાનને ઉભા ધારવા તથા હાલતાં ચાલતા તે તેજને વિશે હરતા ફરતા ધારવા તથા સુતા હોઈએ ત્યારે પણ તે આવું શ્વાસોઉશ્વાસે ભજન કરતા દિવ્ય પલંગને વિશે ભગવાન પોઢેલા છે તેનું ધ્યાન કરતાં કરતાં સુવું ને સુવાનો સંકલ્પ ન કરવો ને ધ્યાન કરતાં કરતાં તથા ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતાં નિદ્રા આવે તો આવવા દેવી એમ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે તથા જમતાં કે પાણી પીતા નહાતા આદિ શુભ ક્રિયા તથા અશુભ ક્રિયામાં તે તેજોમય જે મૂર્તિ છે તેને તેજ વિશે ધારી ને જ તથા આવું શ્વાસોઉશ્વાસે ભજન કરતા જ તે સર્વે ક્રિયા કરવી જરાવાર પણ ભગવાન ભુલવા નહી. એમ ગ. પ્ર. પ્ર.૩૨ તથા ગ. છે. પ્ર. ૯ ના વચનામૃતમાં કહેલ છે ને સુતી વખતે તથા ઉઠતી વખતે બરાબર પલાંઠી વાળીને સાવધાન થઈને તે થોડીવાર ધ્યાન કરવું પણ પરબારૂં ઓઠીગણ ન દેવું.

બીજુ આત્મારૂપે થઈને ધ્યાન ભજન ભક્તિ કરવી તે આત્માની એ વિગતી છે કે હું ધર્મી નથી અધર્મી નથી. આ કામ કર્યું છે કે આ કામ કરવું છે. આદિ કંઈ સંકલ્પ ન રાખે ને અખંડ ભગવાનનું ચિંતવન કરે.

બીજુ સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામીએ ધ્યાન કરવાની રીત કહી છે. આદિ સર્વેમાં એમ લખેલ છે કે પોતાના આ માયિક દેહના ભાવ ટાળવા તે માટે પોતાને નિરાકાર કહેતા આ માયિક હાથ પગ આદિ ઈન્દ્રિયોવાળો દેહ તે બળી ગયો ને હું તો તેજોમય જે અક્ષરધામ છે તેજ મારૂં સ્વરૂપ છે. તેને વિષે તેજોમય દિવ્ય મૂર્તિમાં ભગવાન અખંડ રહ્યા છે તે મૂર્તિનું વૃત્તિ દ્વારા ધ્યાન કરવું ને પોતાને નિરાકાર





અક્ષરધામ રૂપ માનવું તે આ માયીક દેહના ભાવ ટાળવા માટે છે પણ આપણે જ્યારે ધામમાં જાશું ત્યારે તો જેવો મહારાજનો તથા મુક્તોનો જે દીવ્ય આકાર જે ભાગવતી તનુ છે તેવો જ આપણો દિવ્ય દેહ જે ભાગવતી તનુ વડે તે ભગવાનની સેવામાં રહેવું એવી ભાવના રાખવી.

બીજુ જે નોકરી કરતાં હોય ને રાત્રે જાગવાનો વારો આવે ત્યારે બરાબર જાગે તથા વારાવાળો જાગે તથા પ્રારાવાળો જાગે તે રાત્રીના ચાર પહોર કહેવાય તે પારામાં જે ને જાગવાનો વારો આવે તે પોરા વાળો કહેવાય તથા રોગી તથા ગાડીના નોકો આદિ જેમ જાગે છે તેમ રાતના ઉઠી ઉઠીને ભજન કરવાનો આગ્રહ રાખવો. આમ ભજન કરવાથી ભગવાન રાજી થાય છે.

બીજુ ભગવાન લોજપુરમાં સંતોને રાતના બે વાગે ઉઠાડીને ધ્યાનમાં બેસાડતા ને સોટી લઈને ફરતાં ને વઢતાં ને કહેતા કે અમને તો કાળનો અતિ ભય લાગે છે તે સૂઈએ છીએ તો પણ ઉંઘ નથી આવતી તો તમને કેમ ધ્યાન કરતા ઉંઘ આવે છે ? તે તો બીજાને શિક્ષા ને અર્થે હતું પણ તે ભગવાનને આવું કાંઈ કરવાનું હતુ નહીં.

બીજુ સર્વ વાસનાનો ત્યાગ કરીને આત્મારૂપે થઈ અખંડ ભગવાનના ગુણ ગાવા.

બીજુ ભગવાન કહે મને જ્ઞાની ભક્ત જેવો પ્રિય છે તેવું મને બીજું કાંઈ પણ પ્રિય નથી. "જ્ઞાની મને પ્રિય છે હું જ્ઞાની ને પ્રિય છું" જ્ઞાની મારો આત્મા છે. બીજુ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથમાં લખેલ છે તે....

કહિયે કુંદ કુસુમની કળિયો નાથ નિરખ્યા છે
રૂડા રૂપાળા રસભરિયા નાથ નિરખ્યા છે
સારા સુવર્ણે સાંકરિયા નાથ નિરખ્યા છે ॥૩૦॥
રસનાયે છે રૂડી વાણી નાથ નિરખ્યા છે
સુણી ચિત વૃત્તિ લોભાણી નાથ નિરખ્યા છે
ચોખું બોલે છે ચતુરાયે નાથ નિરખ્યા છે
સુણી વાણી પર બલ જાયે નાથ નિરખ્યા છે ॥૩૧॥

મુખ ભર્યું મનોહર હાસે નાથ નિરખ્યા છે
જોઈ જનમ મરણ દુઃખ નાસે નાથ નિરખ્યા છે
નાસા અણિયાળી છે એવી નાથ નિરખ્યા છે
શુક ચંચુ દીપશમ જેવી નાથ નિરખ્યા છે ॥૩૨॥
તે પર શિડી ચિહ્ન નિહાળી નાથ નિરખ્યા છે
જમણે ગાલે તિલ રૂપાળો નાથ નિરખ્યા છે
ગૌર કપોળ છે ગોળ નાથ નિરખ્યા છે
જોઈ આવે સુખ અતો નાથ નિરખ્યા છે ॥૩૩॥
કર્ણ હરણ દુઃખના કહિયે નાથ નિરખ્યા છે
જોઈ મોટા સુખને લઈયે નાથ નિરખ્યા છે
વામ કાને બિંદુ શ્યામ નાથ નિરખ્યા છે
શોભે શોભા ધામ નાથ નિરખ્યા છે ॥૩૪॥
કાનબુંટે ચોટે ચિત્ત નાથ નિરખ્યા છે
જોઈ મન થાય ચકિત નાથ નિરખ્યા છે
વાંસો લાંસો વાલો લાગે નાથ નિરખ્યા છે
જોઈ તિલ મોટું દુઃખ ભાગે નાથ નિરખ્યા છે ॥૩૫॥
આંખો મનગમતી મર્માળી નાથ નિરખ્યા છે
રાતી રેખાયે રૂપાળી નાથ નિરખ્યા છે
અતિ ભરી છે અમૃતે નાથ નિરખ્યાં છે
નિહાળી જોઈ છે મેં નિરાંતે નાથ નિરખ્યા છે ॥૩૬॥
પાંપણ ઉપર કરચલિયો નાથ નિરખ્યા છે
સારી શોભે છે બે ભલિયો નાથ નિરખ્યા છે
ભ્રકુટિ નયણે નિરખી નાથ નિરખ્યા છે
દિસે કામ કમાન સરખી નાથ નિરખ્યા છે ॥૩૭॥
ભાલ વચ્ચે રેખા રૂડી નાથ નિરખ્યા છે





મારી મિટ તણી છે મુડી નાથ નિરખ્યા છે
મોટે ભાગ્યે ભર્યું ભાલ નાથ નિરખ્યા છે
જોઈ લમણાં થાઉ નિહાલ નાથ નિરખ્યા છે ॥૩૮॥
નળવટ જોઈ મન લોભાણું નાથ નિરખ્યા છે
જાણ્યું દોયલા દિનનું નાણું નાથ નિરખ્યા છે
કેશ કપાળ વચ્ચે કુંચે નાથ નિરખ્યા છે
ચિહ્ન ચિંતવી સુખ લૈયે નાથ નિરખ્યા છે ॥૩૯॥
તાળુ રૂપાળું છે તેહ નાથ નિરખ્યા છે
વાધે વિલોકે સનેહ નાથ નિરખ્યા છે
સુંદર વાળ શ્વેત શ્યામ નાથ નિરખ્યા છે
પંખી થાય પૂરણકામ નાથ નિરખ્યા છે
શિખા સુંદર છે સારી નાથ નિરખ્યા છે
નખ શિખા પર બલીહારી નાથ નિરખ્યા છે
એવી મૂર્તિ મિરાંથ મારી નાથ નિરખ્યા છે
લેઉ અંતરે ઉતારી નાથ નિરખ્યા છે ॥૪૧॥
શોભે નખ શિખા શરીર નાથ નિરખ્યા છે
ચિતે ચિંતવી ધરુ ધીર નાથ નિરખ્યા છે
પુષ્ટ અંગો અંગ સુંદર નાથ નિરખ્યા છે
મૂર્તિ મરમાળી મનહર નાથ નિરખ્યા છે ॥૪૨॥
મૂર્તિ ઘણું છે ઘનશ્યામ નાથ નિરખ્યા છે
શાંત સ્વભાવે સુખધામ નાથ નિરખ્યા છે
મહારાજની મૂર્તિ ન્યારી નાથ નિરખ્યા છે
કરચરણાદિક પરવારી નાથ નિરખ્યા છે ॥૪૩॥
અંગો અંગે અવલોકી નાથ નિરખ્યા છે
આવે આનંદ અલોકી નાથ નિરખ્યા છે

નખ શિખા સુખની ખાણી નાથ નિરખ્યા છે
જીભે જાય નહિ વખાણી નાથ નિરખ્યા છે ॥૪૪॥
એવી મૂર્તિ મનરંજન નાથ નિરખ્યા છે
ચિતે ચિંતવું છુ નિશદિન નાથ નિરખ્યા છે
પ્રથમ પોઢી જાગે જ્યારે નાથ નિરખ્યા છે
જોઈ જન મગન મન ત્યારે નાથ નિરખ્યા છે ॥૪૫॥
દિયે દરશન દીનદયાળ નાથ નિરખ્યા છે
નિજભક્તના પ્રતિપાળ નાથ નિરખ્યા છે
પછી દેહ ક્રિયા કરી આવે નાથ નિરખ્યા છે
હાથ મૃતિકાયે મઢીયાવે નાથ નિરખ્યા છે ॥૪૬॥
ચોળી એકુકી આંગળિયો નાથ નિરખ્યા છે
ધોઈ શુદ્ધ કરે સઘળિયો નાથ નિરખ્યા છે
પછી દાતણ કરતા શ્યામ નાથ નિરખ્યા છે
મુખ ધોઈ લેતા સુખ ધામ નાથ નિરખ્યા છે ॥૪૭॥
વતું કરાવતા વળી નાથ નિરખ્યા છે
નખ લેતાં દશ આંગળી નાથ નિરખ્યા છે
અંગે અંતર ચોળેલ નાથ નિરખ્યા છે
તેલ સુગંધી ફૂલેલ નાથ નિરખ્યા છે ॥૪૮॥
વળી નાહતા ઉન્હ નીરે નાથ નિરખ્યા છે
લુંતા લાસે પટ શરીરે નાથ નિરખ્યા છે
બીજું પેરે કોરુ પટ નાથ નિરખ્યા છે
ચઢતાં ચાખડિયે ચટનાથ નાથ નિરખ્યા છે ॥૪૯॥
ઓઢી પછેડી પાવન નાથ નિરખ્યા છે
આવ્યા જમવાને જીવન નાથ નિરખ્યા છે
બેઠા ચાકળે અવિનાશ નાથ નિરખ્યા છે





હતો નિષ્કુળાન્દ પાસ નાથ નિરખ્યા છે ॥૫૦॥
ઈતિ શ્રી હરિસ્મૃતિ મધ્યે પ્રથમ : ચિંતામણી ૧

શ્રી હરિયે ગઢડા પ્રથમ પ્રકરણના પાંચમા વચનામૃતમાં કહ્યું છે કે, 'કાયર થઈને ધ્યાનને મુકી દેવું નહીં. એવી રીતના આગ્રહવાળા છે તેની ઉપર ભગવાન પોતાની મૂર્તિના દર્શન આપવા રૂપ મોટી કૃપા થાય છે. આ પ્રમાણે એ ભક્તને જ્યારે ભગવાનનું દર્શન થાય છે ત્યારે 'સંતોષ' નામનો ગુણ આવે છે.અને તૃષ્ણા નામનો દોષનો નાશ થાય છે. એથી ભગવાનનું ધ્યાન કરનારા ભક્તને છતે દેહે ભગવાન સંબંધી સુખ પ્રાપ્ત થાય છે. એ ધ્યાનના મહિમા વિશે મહાભારતના શાન્તિપર્વમાં બ્રહ્માજીએ કહ્યું છે કે,

જે પુરૂષ વાયુનું ભક્ષણ કરીને એક પગે ઉભો રહી એકસો વર્ષ પર્યંત તપ કરે, તેના કરતાં પણ ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરનારો યોગી ઉત્તમ છે. વળી કહ્યું છે કે,

એક હજાર અશ્વમેઘ યજ્ઞ કરે તથા રાજસૂયયજ્ઞ કરે અને એક હજાર પુંડરિકયજ્ઞ કરે તેના કરતાં પણ ધ્યાનનું ફળ વધી જાય છે કારણ કે યજ્ઞો વડે તો માત્ર સ્વર્ગાદિક સુખોની પ્રાપ્તિ થાય છે, પણ ભગવાનની મૂર્તિના ધ્યાનથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે માટે ધ્યાન નું ફળ અધિક છે ને? એવા ધ્યાનનિષ્ઠ પુરૂષની સમીપ નિવાસ કરવો તે પણ શ્રેષ્ઠ છે કારણ કે તેમના સમાગમે કરીને તેમના જેવા ગુણોનો ક્રમેક્રમે તે ભક્તમાં આર્વિભાવ થાય છે. હવે ધ્યાતા-ધ્યાન કરનાર જીવાત્મા તથા ધ્યાન ભગવાનના સ્વરૂપનું, ને ધ્યેય એટલે જે પરમ લક્ષ્ય અથવા ધ્યેય, ભગવાનના ધ્યાનનું પ્રયોજન જે માયિક પદાર્થોનું ત્યાગ કરી સર્વ વૃત્તિઓનો નિરોધ થાય ત્યારે ધ્યાનની સિદ્ધિ થઈ સમજવી વળી કહ્યું છે કે,

ધ્યાન કરવાના પ્રકાર ધ્યાનનો કરનારો જે ભક્તજન ચાલતો થકો, બેઠો થકો, જાગતો થકો, પોતાના નેત્રને ઉઘાડતો થકો નેત્ર મીચતો થકો પુરૂષોતમ ભગવાનની મૂર્તિનું નિરન્તર ધ્યાન કરે કેવી રીતે તો તે ભગવાનના ચરણાર્વિંદ આદિક એક એક અંગ તેનું પૃથક પૃથક ધ્યાન કરે અથવા સમગ્ર મૂર્તિનું ભેળું ધ્યાન કરે વળી કહ્યું છે

કે, નાકને બીડ્યા વિના શ્વાસને પકડી રાખવો ને મૂર્તિના એક અંગમાં વૃતિ સ્થિર કરવી.

ને ધ્યાતા એટલે ધ્યાન કરનારો ભક્ત તે પોતાને બ્રહ્મ-અક્ષરરૂપ જાણે અર્થાત્ અક્ષરબ્રહ્મ સાથે એકત્વ ભાવને પામ્યો છું એમ એ ભક્ત સમજે અને ધ્યેય જે ભગવાન તેને પોતાના અતિ સામર્થ્યયુક્ત સ્વામી રૂપે પોતાના હૃદયમાં વિરાજમાન છે. એમ સમજે એવા સ્વામિનારાયણ ભગવાન તે પરબ્રહ્મ છે. અર્થાથ અક્ષરબ્રહ્મ કરતાં પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ વિભૂતિ, ઐશ્વર્યાદિકે કરીને અતિશય ઉત્કૃષ્ટ છે એવી પોતાના અંતરમાં અખંડ ભાવના કરીને પોતાની સકલ ચિતવૃત્તિને એ સ્વરૂપમાં તદાકાર રાખી ને જેમ કાચબો જે પ્રમાણે પોતાના બધા બાહ્ય અવયવોને ઉદરમાં (પેટમાં) ખેંચી લે છે એ પ્રમાણે અંતર્મુખ વૃત્તિ કરીને બધી એકાદશે ઈન્દ્રિયોને અંતરમાં જ સમાવી દે છે. એક ભગવાન સિવાય ત્રિલોકમાં બીજી કોઈપણ વસ્તુને જુએ-જાણે, વિચારે, કલ્પે નહિં. શ્રી હરિમાં જ જોડાઈ રહે તેને ધ્યાનનો આરંભ થયો સમજવો. વળી કહ્યું છે કે એવું,

ધ્યાન કરતાં થાકે ત્યારે ભગવાનના નામનો અષ્ટાક્ષર મંત્રનો જપ કરે અને તે જપને કરતા થાકે ત્યારે વળી તે ભક્ત ભગવાનનું ધ્યાન કરે. આ પ્રમાણે આગ્રહવાળાને ભગવાન પોતાની મૂર્તિનું સાક્ષાત દર્શન આપે છે ને ભગવાનની મૂર્તિને વિષે એ ભક્તના ચિતનો નિરોધ થાય છે ને આવો ભગવાનની મૂર્તિમાં ચિત્તનો નિરોધ થાય ત્યારે તે ભક્તના અંતરમાં આનંદ આનંદ વર્ત્યા કરે છે.

વળી સર્વ યજ્ઞની જે ક્રિયાઓ જે વેદ તેમણે કહી છે અને તે યજ્ઞ થકી પણ જપવા યોગ્ય એવા ભગવાનના મંત્ર તે અધિક છે અને તે મંત્ર થકી પણ જ્ઞાન જે ભગવાનના માહાત્મ્યને જાણવું તે અધિક છે અને માયિક પદાર્થના પ્રસંગે કરીને થયો જે તે પદાર્થને વિષે રાગ તેણે રહિત એવું જે ધ્યાન તે જ્ઞાન થકી પણ અધિક છે. એવા ધ્યાનની પ્રાપ્તિ થયે અનાદિ સિદ્ધ એવું જે ભગવાનનું સ્વરૂપ તેની પ્રાપ્તિ થાય છે કહેતાં ભગવાનની મૂર્તિ સાક્ષાત દેખાય છે ને તે મૂર્તિને વિષે ધ્યાનના કરનારાનો ચિતનો નિરોધ થાય છે. એ ધ્યાનનું પ્રયોજન છે અને ફળ પણ એજ છે.





ને ધ્યાન કરવામાં અંતરાય કરે તેને શત્રુની પેઠે ત્યાગ કરવો. તે ગ.મ.પ્ર. ૫૭ માં લખેલ છે કે દીવાના પ્રકાશમાં ગરોળી હોય તે સર્વે જીવજંતુનો નાશ કરી નાંખે છે. તેવી જ રીતે તે તેજોમય આત્માને વિષે તે તેજોમય મૂર્તિ તે વિના સર્વેનો ત્યાગ કરી દેવો તે જ ખરો ત્યાગ છે. તથા તે ધ્યાન કે ભજન કરતાં કાંઈ વિક્ષેપ આવે તો શ્વાસોઉશ્વાસે ભજન કરવું તથા તે મૂર્તિનું ધ્યાન કરવાથી ટળે છે.

ને જમવું કે પાણી પીવું તો તે તેજને વિષે મૂર્તિ ધારીને જ જમવું કે પાણી પીવું, તથા સ્નાન કરવું તથા શુભ ક્રિયા તથા અશુભક્રિયા આદિમાં પણ તે તેજને વિષે મૂર્તિ ધારીને જ કરવી પણ ક્ષણમાત્ર ભજન ભુલવું નહીં. ને ઘનશ્યામ મહારાજ મારા ઈષ્ટદેવ છે ને ગુરૂ પણ તેજ છે ને મારું સર્વસ્વ જે છે તે જ ભગવાન છે ને બીજા ભક્ત છે તે તો અક્ષરધામના મુક્તો છે તે તેમનાં સર્વે કામો પૂરાં થઈ ગયાં છે. એમ જાણીને સર્વેને વિષે પોતાને દાસભાવ રાખવો ને પોતાની જે ખોટ હોયતે ટાળી નાંખવી.

બીજુ ભગવાન સર્વ પ્રકારે સ્વતંત્ર છે પણ જે અખંડ ભગવાન સંભારે એવા પ્રેમીભક્ત આગળ ભગવાન પરતંત્ર થઈને પ્રેમરૂપી દોરીએ બંધાય છે. તે બળીરાજા પાસે ભગવાન અખંડ રહ્યા છે તે આવા પ્રેમી ભક્ત તે સર્વત્ર મૂર્તિ જ દેખે. તથા શ્રી હરિ કહે છે કે જેવા મારા ભક્ત મને પ્રિય છે એવું બીજું કાંઈ મને વ્હાલું નથી તે પોતે પણ ભક્ત આગળ કૃષ્ણાર્પણ થઈ જાય છે ને એક ક્ષણ પણ તે ભક્ત થી દૂર જાતા નથી તથા અમદાવાદમાં ૩ જા વચનામૃતમાં કહેલ છે કે ઉપશમ જે કરશે તેને ગમે તેવા વિષયનો જોગ થાય. તો પણ તેમાં ક્યાંય લેવાય નહી ને સર્વેનો ત્યાગ કરે તથા સમુદ્રમાં જેટલા મોજા છે તથા સર્વ પૃથ્વીમાં જેટલાં તીર્થ છે એટલા બધા અપરાધ કર્યો હોય તથા કરોડો જન્મના પાપ હોય તથા કરોડો દુઃખો આવે તેમ હોય પણ તે ભક્ત જો આવું અખંડ ભગવાનનું ચિંતવન કરે તો તેના સર્વે પાપ ત. સર્વે દુઃખનો નાશ થઈ જાય છે ને અંતે શ્રી હરિની સેવામાં રહે છે.

બીજુ ભગવાનની મૂર્તિ જે ચિત્રની કે, પાષાણ આદિની હોય તેમાંથી તે તે ભાવ ટાળીને એમ ધારવું કે અક્ષરધામમાં જેવા ભગવાન છે તેવા જ આ છે. જેમ

અક્ષરધામમાંથી આવીને અહીં દર્શન આપે તે કેવો અતિ આનંદ થાય તેવો જ આનંદ આ મૂર્તિના દર્શનથી કરવો ને જીવાત્મામાં પણ તેવા જ ભગવાન છે, ને બીજાને સમજાવવાની જેવી હોંશ થાય છે તેવી જ પોતાની ખોટ ટાળવાની હોંશ રાખવી તો કસર માત્ર ટળી જાય છે.

સ્વયંભુ મનુ, બાજંદશા, ગોપીચંદ, ભર્તુહરી આદિ મોટા રાજાઓને આવો ભગવાનનો મહિમા સમજાયો તો પોતાના કરોડો નોકરો ત. રાજ્ય આદિનો ત્યાગ કરીને એકાએક વનમાં ચાલી નીકળ્યાને દિવ્ય તપ કરીને ભગવાનને રાજી કર્યા ને અંતે ભગવાનના ધામને પામ્યા. તે આપણે પણ ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી.

બીજુ રાગ નિર્મૂળ થયાના ઉપાય કા.વ.૧૨ના વચનામૃત માં તથા અમદાવાદના વચનામૃત ૩ માં છે કે અખંડ ભગવાનનું ચિંતવન તથા ધ્યાન તથા ઉપશમ કરે તેણે કરીને જ તે રાગ નિર્મૂળ થાય છે પણ તે વિના બીજા કરોડો ઉપાય કરે તો પણ તે રાગ નિર્મૂળ થતા નથી તે માટે તે એક જ ઉપાય જલ્દી કરવો તથા આપણે ધ્યાન, ભજન.. તથા સેવા આદિ જે જે કરવું તે ભગવાનની પ્રસન્નતા માટેજ કરવું પણ કોઈ વખાણે કે માનમોટપ સારું ન કરવું. એક પોતાના આત્માની શુદ્ધિ માટે તથા શ્રી હરિની પ્રસન્નતા માટે જ કરવું ને તેમ કરતાં કોઈ વખાણ કરે તો પણ આપણે તેમાં રાગ ન રાખવો ને એમ ધારવું કે તે જે ગુણને વખાણે છે તે ગુણ તો ભગવાન તથા સંતોના આપેલ ઘરેણાં છે પણ મારામાં કાંઈ નથી.

ત. સત્સંગીજીવનના બીજા પ્રકરણમાં અધ્યાય ૫૧ માં કહ્યું છે કે જેને આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ થાય તેને પોતાના દેહને પણ ભગવાનના આકારે જ દેખે તે પોતે કાંઈ ભગવાન થતા નથી પણ આવી રીતે ધ્યાન કરે તે ભગવાનની મૂર્તિ વિના બીજુ કાંઈ દેખે નહી તથા જનકરાજા કહે મને ચંદન ચર્ચે તોય ભલે ને તલવારે કાપે તોય ભલે તો પણ તે બેય મારે સમાન છે. તથા સુતાર એક ઘા મારીને લાકડું જોવે તેમ ઘડીયે ઘડીયે પોતાનું અંતર જોવું. બીજુ બે ભક્ત હતા તેમાં એકે એમ જાણ્યું કે આવા ભગવાન મળ્યા છે તેથી જરા સ્વભાવ હશે તો શું ? વાંધો ભગવાન કલ્યાણ





કરશે તો તેના સ્વભાવ રહી ગયા ને બીજાએ એમ જાણ્યું કે આ સ્વભાવ શ્રીહરિને નથી ગમતા માટે ટાળવા તે તેણે સ્વભાવ ટાળવામાં કાળજી રાખી તો સર્વે સ્વભાવ ટળી ગયા.

બીજુ ગોપાળાનંદ સ્વામીની વાતુમાં છે કે અક્ષરધામમાં શ્રી હરિનું કેવું સુખ છે તો આંખનું મટકું ભરીય તેના લાખમાં ભાગમાં જો તે ભક્તે શ્રીહરિનું સુખ ભોગવ્યું હોય તો તે ભક્તને એટલીવારમાં પણ એવું સુખ આવે કે જાણે કરોડો વર્ષ તે સુખ ભોગવ્યું. એવું શ્રી હરિની મૂર્તિમાં સુખ રહેલું છે તે માટે તેમાં જ એક સુખ માનીને બીજા સર્વે રાગ ટાળી નાખવા તેમજ બીજાના દેહથી પોતે નોંખો છે તેમજ પોતાના આત્માથી દેહ નોખો છે. બીજુ કુસંગીનો પણ અવગુણ ન લેવો તો સાધુ સત્સંગીનો અવગુણ કેમ લેવાય ? ન જ લેવાય. ત. દેવતાના સાડાબાર વર્ષ ધર્મ પિતાએ તથા ભક્તિમાતાએ સુકાં પાંદડાં ખાઈને તપ કર્યું ત્યારે શ્રી હરિ અહી પધાર્યા છે એવા મોંઘા ભગવાન છે તે આપણને મળી ગયા છે માટે આપણા અહોભાગ્ય કહેવાય.

બીજુ આપણે ચાલીયે ત્યારે એમ જાણીએ જે ભગવાન આગળ ચાલ્યા આવે છે તે ભગવાનની મૂર્તિને ત્વચાએ કરીને સ્પર્શ કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરતો જાય અને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે પછી એમને એમ ધારતે ધારતે જ્યારે દેહના ભાવ ખોટા થઈ કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પહેરીને આગળ સામા ચાલ્યા આવે છે પછી તે ભગવાનને નેત્રે કરીને દર્શન કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતે જાવું અને દેહના તથા ઈન્દ્રિયોના ભાવને ખોટા કરતે જાવું. પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ આકાર ન રહે ત્યારે વળી તે મૂર્તિને બહારે લાવે પછી જાણીએ ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે પછી શ્રવણ ઈન્દ્રિયની વૃત્તિ દ્વારે મૂર્તિ જીવમાં ઉતારતા જવું અને દેહ ઈન્દ્રિયોના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે ત્યારે વળી તે મૂર્તિને બાહેર લાવે પછી જાણીએ ભારે અત્તર ચંદનાદિકની સુગંધીએ યુક્ત થકા ચાલ્યા આવે છે પછી નાસિકા ઈન્દ્રિય દ્વારા ભગવાનનો સુગંધ લેતે જાવું પછી જ્યારે

માયાના ભાવ માત્ર ટળી જાય અને સત્તામાત્ર જે જીવ તેમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે ઈન્દ્રિયોને ખોટા કરતે કરતે કેવળ સત્તામાત્ર જીવાત્મામાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ પંચવિષય સંબંધી ઘાટ ન થાય, આ ધ્યાન શીવાય બીજો કોઈ એવો ઉપાય નથી માટે કેવળ જીવાત્મામાં ભગવાનની મૂર્તિને જોઈ રહેવું આપણે એમ માનવું કે મારો જીવાત્મા છે તે અક્ષરબ્રહ્મ છે કેમ જે અક્ષરમાં પુરૂષોત્તમ ભગવાન રહ્યા છે તેના તે જ મારા જીવાત્માને વિષે રહ્યા છે એમને એમ પંચ ઈન્દ્રિયો તથા ચાર અંતઃકરણ સંબંધી જે ભાવ તેને ખોટા કરતા જાવું એમ વારંવાર લોમ-પ્રતિલોમ કરીને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે ત્યારે જીવમાં રાગ રહ્યા છે તે નાશ પામે છે પણ તે વિના બીજા કોટી ઉપાય કરે તો પણ જીવમાં રાગ છે તે ન ટળે. તે સમાધિષ્ઠ હોય તથા જ્ઞાની હોય તથા વિચારવાન હોય તોય પણ જીવમાંથી રાગ ન ટળે. જીવમાં તો જ્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને જોઈ રહે તો જીવમાં પંચ વિષયની વાસના છે તે ટળે ને આગળ ધ્યાનનો ઉપાય કહ્યો એમ ન કરે તો જીવમાં રાગ ન ટળે માટે લિંગ દેહ જે કારણ શરીર ના રાગને ટાળવાનો એ જ ઉપાય છે.

બીજુ ઈન્દ્રિયોની વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે તે વૃત્તિઓ સુક્ષ્મભાવને પામીને એમાં યથાર્થ જ્ઞાન થાય અને પછી શાસ્ત્રનો અર્થ પણ એને યથાર્થ સુજે અને વિષયની વાસના તે ધીરે ધીરે ટળતી જાય માટે જ્ઞાન, વૈરાગ્યનો વિચાર રાખીને ઈન્દ્રિયોની વૃત્તિને આત્મા સન્મુખ રાખવાનો અભ્યાસ રાખવો અને તેમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને એમ ન કરે અને વૃત્તિઓને બહાર જ પ્રવર્તવા દે તો તેમાં સ્થૂળ ભાવ આવી જાય અને એ ગુણ દોષ યથાર્થ સુજે નહિ. ને જીહ્વા તથા કંઠને ન હલાવે ને હૃદયને વિષે જ્યાં શ્વાસ ઊઠે છે ત્યાં ભજન કરવું તે ભજન કેવું છે તો કારણ શરીર સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે તે માટે બુદ્ધિવાન હોય તે આ વાતને વિચારીને જીવમાં ધ્યાન તથા ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીર ન ટળે એમ સત્શાસ્ત્રોમાં કહેલ છે.





અને જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે ને દેહરૂપ થઈને ધ્યાન કરે છે તેને તો ઈન્દ્રિયોનું જ્ઞાન વૃદ્ધિ પામે છે.

માટે 'અર્થ સાધ્યામિ દેહં પાતયામિ' અર્થાત્ દેહ ભલે પડી જાય, પણ મોક્ષરૂપી અર્થને સિદ્ધ કરવો, એવી રીતે શુરવીર થઈને મંડે તો સર્વે કશર ટળી જાય છે.

જ્ઞાનીનું લક્ષણ : જે એ ભક્ત પ્રવૃત્તિ માર્ગમાં શ્રીજીની આજ્ઞાએ કરીને પ્રવર્તતા હોય પણ હરિજીની કથા, વાર્તા, કિર્તન, ભજન તથા આત્મા અનાત્માનો વિવેક કર્યા વિના જરાવાર પણ રહી શકે નહિ.

મૂળીમાં જાનબાઈ હંમેશા એકાગ્ર થઈ ધ્યાન કરતાં હતાં તે એક દિવસ વહેલાં ઉઠી એકાગ્રચિત્તે ધ્યાન કરી બહુજ વિનયથી પ્રાર્થના કરી તેથી તેજ વખતે શ્રી હરિએ તે બાઈને દર્શન આપ્યાં તેમ આપણે ભગવાનને સંભાળીએ તો શ્રીહરિ જરૂર આપણાંને દર્શન આપેજ.

વિમાન, ગાડી, મોટર આદિ ચલાવનારની વૃત્તિ સુકાન ઉપર જ રહે છે તેમ ભગવાનના ભક્તની વૃત્તિ ભગવાનમાં જ રહે તે ખરો ભક્ત કહેવાય. તો આપણે એવા ભક્ત બનવાની કાળજી રાખવી.

સો કરોડ દિવાળી ને દશેરા કરોડ હજાર, એ થકી મમ અંતરે આનંદ અપાર, અપરમપાર એ કિર્તમાં છે તે ધર્મકુંવરને નિરખીયે ધીમે રહી એ વિહારીલાલાજી મહારાજના કિર્તનમાં છે તે. આવી રીતે ભગવાનની મુર્તીના સુખનો આનંદ સદાય રાખવો.

બીજુ જે માણસ ઉઘડું કામ કરે તેમ આપણે ભગવાન ભજવા નો આગ્રહ રાખવો.

એક ઘા મારી ને સોની, લુહાર, સુતાર આદિ જુવે છે તેમ આપણે ઘડી યે ઘડીયે પોતાના હૃદયને જોયા કરવો અને જે ખામી હોય તે રાખવી.

બીજુ અમદાવાદની બજારમાં શ્રી હરિ ચાલ્યા જતા હતા તે જોઈ કેટલાક વેપારીને સમાધી થઈ જતી તે ત્રાજવાં હાથમાં સ્થિર રહી જતાં.

ત. ગઢડામાં જીવુબા આદિ બાઇયો પાપડ, સેવો વણતાં ને ભગવાનની મૂર્તિને

સંભાળીને કરતા તેથી તેમની વૃતિ સ્થિર થઈ જતી ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જતાં.

ત. સિદ્ધાનંદ સ્વામીને સલો કરતાં સમાધી થતી ત. ભુજમાં સ.સ્વામી અચ્યુતદાસજીને રોટલા ચડાવતા સમાધિ થતી. આપણે પણ ધ્યાન કરીએ તો આનંદ આવે.

ત. માનસરોવર રૂપી સત્સંગ છે ને હંસરૂપી સંતહરિભક્તો છે તે ભગવાનના લીલા ચરિત્રો રૂપી મોતી ચણે છે તેમ આપણે ભગવાનની મૂર્તિને સંભાળવી.

બીજુ અક્ષરધામમાં ભક્ત જાય તે શ્રીહરિના એક અંગમાં વૃત્તિ સ્થિર કરે તે કરોડો કલ્પો જાય તો પણ બીજું અંગ ધારવા સમર્થ ન થાય એવું અલૌકિક સુખ ભગવાનની મૂર્તિમાં રહેલુ છે, માટે આપણે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનો આગ્રહ રાખવો.

બીજુ ગઢડામાં ગોપીનાથ ભગવાનની મૂર્તિના દર્શન કરતા એક પ્રેમી ભક્તને ભગવાનને મટકાં મારતાં જોયા. તેવી રીતે આપણે ધ્યાન કરવાનો અભ્યાસ કરીએ તો આપણને પણ એવા ભગવાનના દર્શન થાય.

બીજુ શ્રી હરિના બાલકેશ ઉતાર્યા તે વખતે શ્રી હરિ દહીયા આંબા નીચે મામાને જડ્યા ને તે મામાને અતિ આનંદ થયો તેવો આનંદ હંમેશાં આપણે રાખવો કે ઓ...હો...હો...! આવા દયાળુ ઘનશ્યામ મહારાજ મને મળ્યા છે તે મારા અહોભાગ્ય છે. એમ જાણી ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જવું.

ત. હનુમાનજી ત. ભૂત આદિની સાધના કરીને તેમને સંભાળે છે તો હનુમાનજી તથા ભૂત આદિ તેને દર્શન આપેછે, તો આપણે ભગવાનને સંભાળીશુંતો ભગવાન જરૂર આપણને દર્શન આપશે માટે ભજન વિશેષ કરવું.

બીજુ દંઢાવ્ય દેશમાં એક બાઈ બહુ જ સારાં ભક્ત હતાં. તે હંમેશા વહેલાં ઉઠી શ્રી હરિનું ધ્યાન કરે. ને બહુજ પ્રાર્થના કરે ને બીજા ભક્ત ભેળું શ્રી હરિને કહી મોકલે કે મને દર્શન દેવા પધારો. તે બાઈનો સાચો પ્રેમ જોઈ શ્રીહરિ દયા કરીને તે બાઈને દર્શન આપ્યા ને દર્શન કરી શ્રીહરિની મૂર્તિને વિષે તે બાઈ સ્થિર થઈ ગયાં





ને કાંઈ બોલી ન શક્યાં. ત્યારે શ્રી હરિ કહે અરે બાઈ અમો તમારે ઘેર આવ્યા ને તું તો કાંઈયે બોલતીએ નથી. પછી શ્રી હરિએ તે બાઈને સમાધિમાંથી જગાડ્યા ને પછી બહુ જ વિનય સહિત ગદગદ કંઠે રોમાંચિત ગાત્ર વળે પ્રાર્થના કરી હર્ષનાં આંસુ આવી ગયાને શ્રી હરિના ચરણ પલાળી દિધાં ને પછી ષોડષ ઉપચારે કરી ભગવાનની પૂજા કરીને ભગવાનને જમાડ્યાને પછી શ્રી હરિ અંતરધ્યાન થઈ ગયા.

ત. ગુજરાત દેશમાં એક ભક્ત ભગવાનને અખંડ સંભારતા તેને વશ થઈ શ્રીહરિતે ભક્તની સાથે ભેળા જમે, સુવે આદિ સર્વ ક્રિયામાં તે ભક્તની ભેળા જ શ્રી હરિ રહે ને અખંડ દેખાય.

ત. લખતરના દીવાને ૩૬ કલાક ધ્યાન થતું ને તે શ્રીહરિની મૂર્તિને અખંડ સંભાળતા તેવીરીતે આપણે ભગવાનને સંભાળવાનો અભ્યાસ રાખવો.

બીજુ યુવાન અવસ્થા આવે ત્યારે ચિંતા તથા ખટકો રાખી વ્યવહાર કરે છે. તેમ ભગવાન ભજવાનો ખટકો રાખવો.

ત. અંતરમાં બુડ ઠુંઠાં કાઢવાં. તે અંતરમાં જગતની વાસના હોય તેને કાળજી રાખી ટાળી નાંખવી.

ત. કુંજપક્ષી ઇંડા મૂકી દૂર જાય છે. પણ વૃત્તિ અખંડ તેના બચ્ચામાં જ રહે છે તેમ આપણે ભગવાનને વિષે વૃત્તિ રાખવી! ને કુંજ પક્ષી વૃતિ દ્વારા તેના બચ્ચાનું સેવન કરે છે.

બીજુ એક જ્યોતીસે કહ્યુ કે આ સમયમાં વડના પાદંડા શંકર ઉપર ચડાવે તો સોનાનાં થાય એવું ચોઘડીયું છે તે સોનાનાં પાન ને ઠેકાણે હૃદયમાં મૂર્તિ પધરાવાય તેવો આ વખત આપણાને મળ્યો છે માટે આપણે ધ્યાન ભજન કરવામાં કાળજી વિશેષ રાખવી.

ત. ધર્મપુરમાં કુશળ કુંવરબાઈને શ્રીહરિ કહે અંતરમાં મૂર્તિ રાખીને કામ કરજો. તેવી રીતે આપણે ભગવાનની મુર્તી અંતરમાં રાખી દરેક કાર્યો કરવા.

ત. હનુમાનજીને સીતાજીએ હાર આપ્યો તે મોતી ફોડવા મંડ્યા. ત્યારે સીતાજી કહે આમાં શું જુઓ છો ? ત્યારે હનુમાનજી કહે આમા રામ જોઉ છું. ત્યારે સીતાજી

કહે આમાતે કાંઈ રામ હોય? ત્યારે હનુમાનજી કહે રામ ન હોય તો આ દેહ ન રાખું ત્યારે સીતાજી કહે આ દેહને કેમ રાખો છો ? ત્યારે હનુમાનજીએ નખથી છાતી ચીરી તો રોમે રોમે રામ થાતું હતું ને અંતરમાં રામ ભગવાનનાં દર્શન થયાં. તેને જોઈ સીતાજી આશ્ચર્ય પામ્યા. તેમ આપણે રોમે રોમે શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંભારવાને હૃદયમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિને રાખવી.

બીજુ ભક્ત ચિંતામણીમાં લખેલ છે કે સંતો, શ્રી હરિની મૂર્તિને સંભારીને સુતા તે સ્વપ્નમાં ભગવાનના દર્શન થયાં તે કોઈ કહે હું ભગવાનને મળ્યો ને કોઈ કહે ભગવાનના છાતીમાં ચરણ લીધાં. એમ ભગવાનની મૂર્તિનું સુખ લેતા.

ત. એક છોકરો ગઢડામાં શ્રીહરિનાં દર્શન કરવા ગયો તે દર્શન કરવાથી જ તે ભક્તના હૃદયમાં સંસારરૂપી કાંટા નીકળી ગયા ને થોડા દિવસ ત્યાં રહી પોતાને ઘરે આવી પોતાની માતાને કહે મને ભગવાનનાં દર્શન થયાં. ત્યારે તેની માતા કહે ભગવાન હોય તો તેને મૂકી અહી શું કરવા આવ્યો ? ભગવાન જેવી શું સારી વસ્તુ છે ? ત્યારે છોકરો કહે માતા, તમારી ચાકરી કોણ કરે ! ત્યારે ડોસી કહે ભગવાન કરશે તું ભલે જા તે છોકરો શ્રીહરિ પાસે ગયો ને સાધુ થયો ને તેણે લાખો જીવોનો ઉદ્ધાર કર્યો.

ત. માણાવદરમાં માયારામ ભટ્ટને ગોંવિંદરામ ભટ્ટ બે ભાઈઓ હતા તે ગોવિંદરામભાઈ અખંડ શ્રીહરિનું ધ્યાન કરતા ને માયારામભટ્ટ શ્રી હરિની સાથે ફરતા ને ભગવાનની સેવા કરતા તેનાં ખેતરનો બાજરો શ્રી હરિ તથા સંતો આદિકે એ બાજરો વાઢ્યો એમ શ્રી હરિએ ભક્તની સેવા કરી.

ત. ભુજના સુરજબા કહે હે મહારાજ તમો મળ્યા છો ત્યારથી બીજે પ્રીતિ નથી કરી. તો આ પક્ષી દાણા ખાય તેનું તમારી પેઠે કેમ કલ્યાણ ન થાય ત્યારે શ્રીહરિ તે સુરજબાને કહે "ભલે તમો પણ આ પક્ષીને દાણા નાંખો તે પક્ષી જે દાણાં ચણશે તેનું જરૂર કલ્યાણ થશે."

બીજુ દર્પણ તથા શરદ ઋતુનું જળ જેમ નિર્મળ હોય તેવું અંતર નીર્મળ હશે તેમાં ભગવાન નિવાસ કરીને રહેશે. પણ ડહોળાયેલા પાણી કેતા માયાના વાસનાવાળા





જીવોના હૃદયમાં ભગવાન રહેશે નહિ માટે હૃદય ચોખ્ખું રાખવું.

ત. ચોખા જેવું ચોખું અંતર થાશે ત્યારે જ શ્રીહરિ અંતરમાં રહેશે.

બીજુ શ્રી હરિ કહે જગત અંતરમાં ન ભરશો તે હૃદય તો અમારે રહેવાનું સ્થાન છે.

બીજુ સચ્ચિદાનંદ સ્વામી અખંડ શ્રીહરિની મૂર્તિને સંભારતા તે તેમનાં દર્શન કરવા બ્રહ્મા તથા શિવ આવ્યા ને બહુજ પ્રાર્થના કરી.

બીજુ ભુજમાં આગળ સ.સ્વામી ભક્તિ વલ્લભદાસજી હતા તે મહા ધ્યાનીને વચનસિદ્ધ હતા. તેમણે સૂર્યનારાયણને ૩ કલાક ઉભા રાખ્યા હતા તે. શ્રીહરિના પ્રતાપથી એવા ધ્યાની હતા.

બીજુ ભક્તચિંતામણીનાં પ્ર.૬૯ માં સંતો રાત્રે શ્રીહરિની મૂર્તિને સંભારીને સૂતા ને દિવસના પણ ભગવાનની મૂર્તિને અખંડ સંભારતા. તેમને સ્વપ્નમાં પણ શ્રીહરિનાં દર્શન થયાં. તેમાં કોઈ ને મળતા કોઈકને માથે હાથ મૂકતા કોઈકને છાતીમાં ચરણ આપતા કોઈક તો શ્રીહરિને પુષ્પના હાર પહેરાવતા એવાં અનેક પ્રકારનાં દર્શન થયાં તેમને ત્રણે અવસ્થામાં શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ રહેતી હતી તેવી રીતે આપણે મૂર્તિ સંભાળવી.

બીજુ ગઢડામાં સિદ્ધાનંદસ્વામી હતા. તેમને અખંડ કંઠેથી ભજન થાતું ને મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ જતા તે શ્રીહરિ કહે અમારા મોટેરા આ સંત છે ને ભજન અખંડ થાય તે જ ખરી મોટપ છે. ને તેજ ખરું સુખ છે માટે તે કરવું.

અપારાનંદ સ્વામી તથા કાનડાનંદ સ્વામી આ લોકમાં ભોળા જેવા હતા. પણ શ્રીહરિએ સત્સંગ કરાવવા મોકલવા મંડ્યા ત્યારે તેઓ કહે અમોને વાતુ કરતા નથી આવડતી. ત્યારે શ્રીહરિ કહે તમારું વૃતાંત વાતો કરશે તે સ્વામી અખંડ મૂર્તિની સ્મૃત રાખતા તે જોઈ ઘણાક બ્રાહ્મણો સત્સંગી થયા ને તે સ્વામી ત્રણે અવસ્થામાં મૂર્તિ દેખતા હતા તે વૃતાંત હશે એટલી જ શાંતિને સામાને પણ એટલો જ ભાર પડે.

ભુજમાં ધ્યાની સ્વામી બાલમુકુંદદાસજી હતા. તે પણ અખંડ શ્રીહરિની મૂર્તિ દેખતા. ને ત્યાગ વૈરાગ્ય બહુ તે મોટા મોટા ઓફિસરો સ્વામીનો સમાગમ કરવા

આવતા એમ વૃતાંત જ વાતો કરે.

ગઢડામાં જીવુબા લાડુબા આદિ બાઈઓને અન્નકુટની સેવા જે પાપડ સેવો આદિ કરતાં ત્યારે ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જતા ને અખંડ મહારાજની મૂર્તિ દેખતાં.

બીજુ એક ભક્તે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે ભક્તને ધામમાં લઈ જાઓ છો ત્યારે તેને કેવું સુખ આપો છો ? ત્યારે શ્રી હરિ કહે એ ભક્ત ધામમાં ભગવાનનાં એક અંગનાં દર્શન કરે તેમાં અતિશય સ્થિર થઈ જાય. ને આનંદ આવે તે લાખો કરોડો કલ્પો જાય તો પણ બીજું અંગ ધારવા સમર્થ ન થાય એવું અલૌકિક ભગવાનની મુર્તીમાં સુખ રહેલું છે.

તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે કે અક્ષરધામમાં મુક્તોના ચાર પ્રકારના ભેદ છે. તેમાં ઉત્તમ સ્થિતિવાળા જે મુક્તો હોય તે તો એક શ્રીહરિની મૂર્તિમાં જ નિમગ્ન થઈ જાય તે પોતાની પણ વિસ્મૃતિ થઈ જાય. ને તેને જેમ શ્રીહરિ પોતાની મૂર્તિને સુખે સુખી છે તેમ તે મુક્તપણે શ્રીહરિની મૂર્તિને સુખે જ સુખીયો થાય છે. બીજુ ધર્મપુરમાં કુશળકુંવરબાઈને શ્રીહરિ કહે અંતરમાં મૂર્તિ રાખજો.

બીજુ ગઢડામાં શ્રીહરિ મંદિર કરતા હતા ત્યારે સંતોને શ્રીહરિ કહે અંતરમાં બેલા ન ખડક જો અંતરમાં તો મારી મૂર્તિ રાખજો. તથા જગદીશાનંદ સ્વામીએ કિર્તનમાં કહેલ છે કે, આ મૂર્તિ અંતરમાં રેજો અહર્નિશ દર્શન દેજો.

બીજુ જેમ માયિક પદાર્થને વિષે જીવને સત્યતા છે. તેમ મોટા સંતનો સમાગમ કરતાં કરતાં અસત્યને અસાર થઈ જાય ને કોઈ પદાર્થને વિશે તેને માલ મનાય જ નહિ એવી સ્થિતી કરવી.

બીજુ પ્રહલાદજીના જેવી સમજણ જીવમાં નક્કી કરીયે તો મોટા આપત્તકાળ આવે તો પણ એની સમજણ લગારે મંદ પડે નહિ તે પ્રહલાદજીને તેમના પિતાએ કેટલુ દુ:ખ તો પણ ભગવાનને છોડ્યા નહિ.

બીજુ એક રાજા કહે મે "રાજરૂપ પાપ છોડ્યું તેથી ભગવાનની મૂર્તિનું આનંદથી ધ્યાન કરૂછું ને મહા સુખીયો થયો છું." તેવી રીતે આપણે અંતરથી જગત





છોડવું.

બીજુ હું બ્રહ્મ છું ને અક્ષરબ્રહ્મ સંગાથે એકત્વભાવને પામ્યો છું. ને પરબ્રહ્મ જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની મનને વિષે નિરંતર ભાવના કરતો, વિચાર કરતો નિરંતર તે ભગવાનના ધ્યાનને કરે ને એવી રીતે ધ્યાન કરતા થાકે ત્યારે ભગવાનના નામનો જપ કરે ને જપ કરતા થાકે ત્યારે તે ભગવાનનું ધ્યાન કરે. એવા આગ્રહવાળા ભક્તને ભગવાન પોતાની મૂર્તિનું સાક્ષાત દર્શન આપે છે.

અને એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી ; પણ બબ્બે ઘડી પાછી વૃતિ વાળીને ભગવાન સંભારવાતે શ્રેષ્ઠ છે ને તે ધ્યાન ન થાય તો ભજન કરવું. ને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થવાના નથી; ને એ તો ભગવાનને સંભારશું ત્યારે થાશે. ને ભગવાનને સંભારવા માંડે તો તેના ઉપર ભગવાનની ને મોટા સંતોની કૃપા થાય.

બીજુ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની વાતોમાં વાત છે કે આપણે ઊંઘવું છે એવો ઠરાવ ન રાખવો ને ભગવાનનું ધ્યાન કરતાં ઊંઘ આવે તો આવવા દેવી, પણ ઊંઘવાનો આગ્રહ ન કરવો.

બીજુ કુંભારીયાના મિસ્ત્રી ગોવામલના ભાઈ હરજીભાઈ તે પરદેશ રહેતા હતા ને ઘણાક વર્ષે તે અહી દેશમાં આવ્યા. તે આંહી મોટા સંતનો સમાગમ થયો. ને માંડવીવાળા લક્ષ્મીરામભાઈનો સમાગમ થયો. ને અમદાવાદ ગયા ત્યા ગબડભાઈનો સમાગમ થયો. ને તેમને ધ્યાન કરવાની ચટકી લાગી કે આપણે ભગવાન ભજીને છેલ્લો જન્મ કરી લેવો. પછી તે ધ્યાન કરવા મંડ્યા. પહેલા બે વર્ષ તો થોડું થોડું વહેવારનું કામ કરતા ને પછી તો વ્યવહારનું કામ સાવ મૂકી દીધું ને અખંડ ધ્યાન કરે તે બીજા વર્ષમાં મૂર્તિ સિદ્ધ કરી લીધી ને તે ૪૩ વર્ષની ઉંમરે ધામમાં ગયા. એમ જે ભગવાન નું ભજન વિશેષ કરે તો તેને સાધનની સમાપ્તિ વહેલી થાય છે. માટે સાવધાન થઈને ભગવાન ભજવાનો આગ્રહરાખવો ને જેમ ચંદ્રમાને ચકોર પક્ષી જોઈ રહે તેમ ભગવાનની મૂર્તિને જોયા કરવી.

બીજુ કડવો ભક્ત માંદા થયા ત્યારે ભગવાને દર્શન આપ્યા. ને તે ભક્ત પાસે

ભગવાન બેઠા ને તેના સામું જોઈ રહ્યા. ત્યારે કડવો ભક્ત કહે, હે મહારાજ, આ કડવો એમ મોઢામાંથી નહી કહે કે આ રોગ મટાડો. કારણ કે તે એમ જાણતા હતા કે આ મારા સ્વામી વિના કાંઈપણ થાય તેમ નથી. બીજું વચનામૃત માં શ્રીહરિ એ કહેલ છે કે પોતાને સુળીએ ચઢાવ્યો હોય ને અમે જે ભગવાન પાસે બેઠા હોય તો પણ તેના મનમાં એમ ન થાય કે આ દુઃખથી ભગવાન રક્ષા કરે. કારણ કે તે તો એમ જાણે છે કે ભગવાનની ઈચ્છા વિના કાંઈ થાય તેમ નથી. તે મહારાજે વચનામૃતમાં કહેલ છે કે મહારાજ જેમ આપણને વધુ દુઃખ દેશે તેમ આપણાને વધુ વશ થાશે. તે ઉપર બલી રાજાનું દ્રષ્ટાંત આપીને વાત કરી બીજુ સુખપુરના વાલજીભાઈ હતા તે અતિ માંદા થયા ત્યારે બીજાં ઔષધ ન કરે પણ મોટા સ્વામી દર્શન દેવા ગયેલ. ત્યારે તેમને કહ્યું કે હે વાલજીભાઈ આ પ્રસાદીના કેળા છે માટે આ જમો તો આ રોગ મહારાજ મટાડી દેશે. ત્યારે તેમણે કહ્યું કે ઔષધ નામે તે કેળાં હું નહી જમું. મહારાજની ઈચ્છા વિના કાંઈ થાતું નથી એમ કહ્યું બીજુ અબડાસામાં ગામ દયાપરના દેવજી ભકત હતા. તેમની આંખો અતિ દુઃખતી હતી. તેમણે પણ કાંઈ ઔષધ ન કર્યું. ને ભુજથી મોટા સ્વામી ગયેલ તેમણે કહ્યું કે હે દેવજીભાઈ આ આંખ ઉપર એરણીના પાન બાંધો તો મટી જાય તો વાલજીભાઈએ કહ્યું કે દવા માટે એરણીના પાન હું ન બાંધુ ભગવાનની ઇચ્છા હશે તેમ થાશે એવી નિષ્ઠા વાળો ભક્ત હતા.

બીજુ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં વાત છે કે સંતોયે બે ભાગ જમવું એક ભાગ પાણીથી ભરવું ને એક ભાગ ખાલી રાખવો એમ આહાર નીયમ્માં હોય તો તે ક્યારેય કામ થકી પડતો નથી એમ સંતોને કહેલ છે.

બીજું પ્રસાદીના કાગળો છપાવેલ છે તેમાં મહારાજે સંતો હરિભક્તો ઉપર લખેલ છે કે આસન જીતજો. આસન તો પાણાની મૂર્તિ સ્થિર હોય તેની પેઠે સ્થિર કરવું. તો આસન સિદ્ધ થાય છે. ત્યારે જેમ છ મહિનાનો બાળક કે બાળકી હોય તેને ક્યારેય વીર્યપાત થાય નહીં. તેની પેઠે જેને એવું સ્થિર આસન થાય છે તેને વીર્યપાત ક્યારેય થતો નથી. માટે અભ્યાસ કરીને આસન જીતજો. જો અભ્યાસ કરશો તો પોણા કલાકથી ૧૨ કલાક સુધી તે આસન સિદ્ધ થાય છે ને તેમાં કહેલ છે કે અભ્યાસ





કરશો તો જરૂર થાશે ને તે અભ્યાસમાં કસર રાખશો તો પ્રગટ પુરૂષોત્તમ ના સમ છે ને અભ્યાસ ન કરે ને મનગમતે વર્તે તે ગધેડા જેવો છે. માટે જે મન ગમતે વર્તે છે તેને મન જમપુરીમાં લઈ જાય છે. માટે આવી રીતે અભ્યાસ કરીને કામ જીતજો એમ સંતોને કરવાનું કહ્યું ને એમ ન કરો તો સંસારમાં જઈને બાયડી પરણજો. નહીંતર વીર્યપાત થઈ જાય તો ઉપવાસ કરજો. એવી રીતે આ કામ જીતવો ને આ અમારું વચન માનશે તેના ઉપર અમે પ્રસન્ન છીએ ને અમારાં વચન નહી માને તેના ઉપર કુરાજી થાશું ને સત્સંગ મેલીને જાતા રહેશું. તે વચનામૃત ગ.મ.પ્ર.ના ૩૩ માં મહારાજે કહેલ છે કે જેને નિષ્કામી વર્તમાનમાં ફેર પડી જાએ તે અમને સંભાળવશોમાં કારણ કે એવી વાત સાભળીએ છીએ ત્યારે એમ થાય કે જાણે બધોય સત્સંગને મેલીને જાતા રહીએ. માટે આપણે પણ નિષ્કામી વર્તમાન અતિદ્રઢ કરીને પાળવું તો ભગવાન રાજી થાશે.

બીજુ અનંત કોટી બ્રહ્માંડોના વિષય સુખ ભેળા કરીયે તો શ્રીહરિની મૂર્તિના એક રોમના સુખની કોટિમા ભાગની બરોબર આવે નહી. એવું શ્રીહરિની મૂર્તિમાં સુખ છે. માટે પાંચ ઈન્દ્રિયોને છઠ્ઠું મન તેને નિયમમાં રાખીને ધ્યાન કરે તો જ થાય. નહીં તો એક ઈંદ્રી મોકળી હોય તો પણ ધ્યાન સ્રાવી જાય છે. માટે સર્વે ઈંદ્રીયોને નિયમમાં રાખે તો જ ધ્યાન થાય છે નહીં તો ન થાય.

બીજુ શિક્ષાપત્રી ભાષ્યમાં લખેલ છે કે જમવું તે ઔષધ જમીયે તેમ જમવું અતિ આહાર ન કરવો. જો અતિ આહાર કરીએ તો ઊંઘ આવે તેથી ભગવાન ભજાય નહીં. આ સંતો માટે છે લખેલ છે.

બીજુ સત્સંગી જીવનના પાંચમા પ્રકરણમાં એમ આવ્યું કે સર્વે સત્સંગીઓએ બ્રાહ્મ મુહુર્તમાં એટલે કે રાત્રીનો પાછલો એક પહોર હોય ત્યારે જાગી જવું ને તે સમયમાં જે સૂવે તો તેનું સર્વે પુણ્ય નાશ થઈ જાય તેને સમયમાં જે નિત્યનિયમ કરે છે તે ઉત્તમ છે ને થોડા થોડા તારા દેખાતા હોય ને પૂજા આદિ કરે છે તે મધ્યમ છે ને દિવસ ઉગ્યા પછી જે સ્નાનાદિક કરે છે તે કનીષ્ટ છે.

બીજુ પોતાના દેહના નેત્ર શ્રોતાદિક જે જ્ઞાન ઇંન્દ્રિયો તથા ત્વચા શિશ્નુ આદિ

જે કર્મ ઈન્દ્રિયો તે મારામાં કોઈ એકે અંગ નથી તે શાનું ચિંતવન થાય ? એમ સાંખ્ય વિચારે કરીને સંતોએ સર્વે ખોટું કરી નાખવું.

બીજુ કોઈ મનુષ્ય ઉઘડું કામ લે તે રાત અને દિવસ તથા ટાળું કટાણું તથા ટાઢ-તડકો આદિ દુઃખ સહન કરી આ કામ જલદી કરી લઉં તો મને ઘણા રૂપિયા મળે. તેવી જ રીતે આપણે પણ દિવસ-રાત, ટાઈમ વગર ટાઈમ ટાઢ-તડકો ભૂખ તરસ આદિ દુઃખ સહન કરીને હમણાં કાળ આવશે એમ જાણીને જેમ બને તેમ આ અખંડ ભજન કરવાનો અભ્યાસ રાખવો. ને હવે જો ભગવાન ભજવાનો ખટકો બરાબર નહી રાખીયે તો કસર રહી જશે. તો નવ મહિનાની કેદ ભોગવવી પડશે કહેતાં ગર્ભવાસ ભોગવવો પડશે એમ જાણીને ભગવાન ભજવામાં બરાબર ખટકો રાખવો.

બીજુ આત્મારૂપે થઈ અખંડ ભગવાનના ગુણ ગાવાં.

ભગવાન કહે છે કે જ્ઞાની મને પ્રિય છે ને હું જ્ઞાનીને પ્રિય છું તે જ્ઞાન કયું તો આત્મા પરમાત્માના જ્ઞાન, એવો જ્ઞાની તે મને જેવો પ્રિય છે તેવું મને બીજું કાંઈપણ પ્રિય નથી એમ શ્રી હરિયે કહ્યુ ને લોયાના ૧૦ ના વચનામૃતમાં લખેલ છે કે કાં તો, અતિશય આત્મા પરમાત્માના જ્ઞાનવાળો હોય તથા અત્યંત વિશ્વાસી હોય તે બેજ જણા જ સુખીયા થાય છે તે વિના સુખ થતું નથી. તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે મારા દ્રઢ વિશ્વાસે રહે છે તેને જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું. પ્રકૃતિ પુરૂષ તથા બ્રહ્માદિક પણ ભગવાનનો મહિમાનો પાર પામતા નથી, એવડા મોટા ભગવાન આપણાને મળ્યો છે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

બીજુ બ્રહ્મવિલાસમાં કહ્યું છે કે,

'દેહકો અભ્યાસ મિટતાતજિનદાસ હું કે શત્રુ અરૂમિત્ર નાંહી
નાંહી મેરા તેરા હૈ, આત્માકી ગતિ સાધી ઔર ન ઉપાધિ લાગી.'

એમ પોતાને આત્મારૂપ માનીને આનંદમાં ભગવાનને સંભારવાને દેહની તો આપણે ચિંતા ન કરવી કે સુખ થાશે કે દુઃખ થાશે કે માન થાશે કે અપમાન થાશે આદિ કાંઈ સંકલ્પ ન થાવા દેવો. આપણે જ્યારે વર્તમાન ધરાવ્યા ત્યારે તન,મન, ધન





અને અનેક જન્મના કર્મ તે શ્રીહરિને અર્પણ કર્યા છે. ત્યારે હવે આ દેહ આપણો ક્યાં રહ્યો એ તો શ્રીહરિ નો જ છે તે શ્રીહરિની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધને આપણે તો શ્રી હરિના બાળક છીએ તે કિર્તનમાં કહ્યું છે કે,

'અમો તો શ્રીજીના સંતાન, અમારા શ્રીજી છે ભગવાન' ગ.મ.પ્ર.૨૨ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનની મૂર્તિ રૂપી ચિંતામણીને ઝાલી રાખવી તો તેની ભગવાન સર્વે પ્રકારે રક્ષા કરે. જેમ કોઈ પાસે ચિંતામણી હોય તો તેને કેટલો કેફ રહે પણ તે ચીતામણી તો ફક્ત આ લોકનાં જ સુખ આપે છે પરંતુ શ્રી હરિની મૂર્તિરૂપી ચિંતામણી તો આ લોક તથા પરલોક આદિ સર્વ સુખ આપે છે. માટે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

બીજુ ભગવાનની મૂર્તિ વિના ત્રિલોકીની જે જે માયિક વસ્તુ છે. તેને કાકવિષ્ટા તુલ્ય જાણીને તેમાંથી રાગ ટાળે ને પોતાના દેહને બાળીને રાખ કરી નાખે ને તેમાંથી ખૂબજ તેજનો ઢગલો નીકળે જેમ સમુદ્ર મર્યાદા મેલે એવા તેજના તરંગ દેખાય તે તેજ ને પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને ચારેકોરે તેજના તરંગરૂપે જ જુવે ને હું તો દિવ્ય દેહે તેજોમય અક્ષરબ્રહ્મધામ છું ને તે ભગવાનની સેવામાં રહ્યો છું ને તે તેજમાં લીન ન થાવું અને ભગવાનની મૂર્તિ શિતળ તેજથી ભરપૂર સોનાના સમાન આકારવાળી ધારવીને તે અંગોઅંગમાંથી શીતળ ચંદ્ર ત. સૂર્યના જેવી તેજસ્વી તેજની કિરણો નીકળે છે તેને જીવાત્માની અંદર ને તેજને વિષે ધારવી.

જેમ દહીંને મથીયે તો તેમાંથી ઘી નીકળે છે, તેમ આવું ધ્યાન રૂપ મંથન કરવાથી તે તેજોમય ભગવાન જીવાત્મામાં દેખાય છે. જેમ બહાર મૂર્તિ છે તથા અક્ષરધામમાં મૂર્તિ છે, તેવી જ મૂર્તિ જીવાત્મામા અગોચર રહેલી છે તેને ધારવી ને વિક્ષેપ જેવું હોય ત્યારે આ બહાર મૂર્તિ તેને ધારવી તથા સેવા કરતા હોઈએ ત્યારે નેત્ર આગળ ધારવી.

જ્ઞાન હૃદય, ધ્યાન સ્થીતય રાગદ્વેષો મળ ત્યાગ અર્થે જે પરમાત્માનું જ્ઞાનરૂપી મોટો પાણીનો ધરો તથા ધ્યાન રૂપી જે જળ તેણે કરીને નાયેલો ને રાગદ્વેષ રૂપી જે મળ તેનો ત્યાગ કરેલો એવો જે સત્પુરૂષ ત ભક્ત જે હોય તે પોતાના હૃદયને તીર્થરૂપ

કરે છે અને આવું ભજન થાય ત્યારે જ તે અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહે છે.

ત્યારપછી સુવર્ણના સમાન તેજસ્વી છે મૂર્તિ જેની ને સર્વે અંગમાંથી શીતળ શાંત તેજના કિરણો નીકળે છે એવી તે મૂર્તિ જ્યાં જુવો ત્યાં તેજોમય દેખાય. એવી રીતે જે આપણા ઈષ્ટદેવ એવા જે ઘનશ્યામ મહારાજની મૂર્તિને ઉપર કહ્યા પ્રમાણે પોતાના અંતરમાં તેજના સમૂહને વિષે ધારવી.

ને આવી રીતે જ્યારે ધ્યાન કરવા બેસીયે ત્યારે પહેલાં આવી રીતે કરીને એક એક અંગ જોતા જવું અથવા સમગ્ર મૂર્તિને સામટી જોવી, ને ધ્યાન કરતાં લાંબે શ્વાસાઉચ્છ્વાસ નામીયે સહિત સ્વામિનારાયણ નામ લેવું. ને આવી રીતે એકલું ધ્યાન કરે ને નામ ન લે તો સંકલ્પ થાય તેથી ધ્યાન થાય નહિ માટે તેવી રીતે ધ્યાન કરવામાં કાળજી રાખવી.

બીજુ પ્રથમ તો ધ્યાન કરવા બેસવું ત્યારે પોતાના દેહને વિરાટના દેહને વિષે લીન કરવો ને પછી પ્રકૃતિમાંથી થયેલ જે યત્કીંચિત માયિક જે સર્વ વસ્તુને પૃથ્વીને વિષે લીન કરવી ને સાંખ્ય વિચારે કરીને પૃથ્વી આદિ સર્વેને અક્ષરબ્રહ્મધામને વિષે લીન કરવાં ને અક્ષર અતિ પ્રકાશમાન છે તથા શ્વેત છે ને અલીંગ આદિ ગુણોવાળું છે ને જે તે ભગવાનને રહેવાનું તેજોમય જે અક્ષરધામ તેના રૂંવાડામાં અનંત કોટી બ્રહ્માંડ ઉડતાં ફરે છે એવો અક્ષરધામનો મહિમા સમજી આ લોકના રાગ ટાળવા.

ત્યાર પછી પોતાને હાથ,પગ, આદિ માયિક આકારથી રહિત માને કેતાં નિરાકાર જાણે ને તેજના ઢગલા રૂપ જાણે જે તેજોમય જે અક્ષરધામ છે તે જ પોતાનું સ્વરૂપ માનવુ પણ આ હાથ-પગ વાળો જે માયીક દેહ તે હું નથી ને આપણે અક્ષરબ્રહ્મ ધામની સાથે એક્તા કરી પ્રતીલોમવૃત્તિ વળે અંતરમાં ધ્યાન કરે પણ બહાર ન ધારે ને બહાર મુર્તીને ધારે તો પાકા ઇંડાની પેઠે પોતાના દેહનો આકાર ટળે નહી ને ત્યાં સુધી અવ્યક્ત રાગ ટળે નહિ.

બીજુ ધર્મને વિષે સ્થિતિવાલા ત. અક્ષરબ્રહ્મ સંગાથે એકતાને પામેલા એવા જે મુક્તોના જેવી સ્થિતિ કરવી તથા તે મુક્તોના જેવા દિવ્ય દેહે ભગવાનની સેવામાં રહેવું. બીજુ ત્રણ દેહ થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને અક્ષરબ્રહ્મ સંગાથે





એકતા કરીને દિવ્ય મૂર્તિ એવા જે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને સુવર્ણ સમાન પ્રકાશ છે તેને તેજના સમૂહને વિષે તે મૂર્તિને ધારવી.

બીજુ પાંચ વખત માનસીપૂજા જે ભક્ત કરે તો તેને બ્રહ્માંડ તૂટી પડે તેવું દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખ નાશ થાય છે.

સ.ગોપાળાનંદ સ્વામીની વાતોમાં ૩ પ્રકારનું ધ્યાન કહેલ છે. તેમાં ઉત્તમ ધ્યાન એ છે કે સર્વ માયિક પદાર્થનો ત્યાગ કરીને પોતાના જીવાત્માને તેજોમય એવું જે અક્ષરધામ તે રૂપ થઈને પોતાને નિરાકાર સમજીને અંતરમાં ધ્યાન કરે તો તેને પૂર્વ-પશ્ચિમ આદિના ભાવ ટળી જાય છે ને કારણ શરીરનો નાશ થઈ જાય છે ને તે ભક્ત ભગવાનની સેવામાં રહે છે. બીજુ ભગવાનનો ભક્ત ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા રાખતો નથી તે ચાર પ્રકારની મુકિત તે કઈ તો ભગવાનને સમીપે રહેવુ....ભગવાનના સરખુ રૂપ પામવું....ભગવાન સરખું એશ્વર્ય પામવું. ભગવાનના લોકમાં રહેવું તે ભક્ત કાંઇ ઈચ્છે નહીં કેવળ સેવાને જ ઈચ્છે ને સ્ત્રી, પુત્ર ધન આદિની ઈચ્છા ન રાખે? તે જ ખરો ભક્ત કહેવાયે.

બીજુ આ દેહને કોઈ ગમે તે બોલે કે વઢે કે અપમાન કરે તો તે સર્વે શબ્દને આકાશમાં દિક્પાળને ત્યાં મોકલી દેવા ને પોતે અખંડ આત્મારૂપ થઈને અખંડ ભગવાન ને સંભારે તે જુવોને આગળ મોટા મોટા ચક્રવર્તી રાજાઓને એકાએક રાજ્યનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા ને ક્યાં ઉભા રહેશું એવું કાંઈ ઠેકાણું ન હતું તો પણ ભગવાન ભજીને અભયપદને પામી ગયા છે.

બીજુ ભગવાનના મહાત્મયનો વિચાર કરવો કે એક નિમિષ માત્ર ભગવાનના દર્શનની આગળ અનંત કોટી બ્રહ્માંડના વિષયનાં સુખ વારી ફેરીને નાખી દઈએ તે ભગવાનના ધામના સુખનો આપણે એક નીમીષ માત્ર અનુભવ્ય કર્યો હોય તો તેને સંસારના સુખનો મોહ ટળી જાય છે તો સમગ્ર મૂર્તિમાં તો કેવું અલોકીક સુખ હશે કે જેને શેષનારાયણ હજાર જીભથી પણ વર્ણન કરી શકતા નથી તે આવા ભગવાનનો મહિમા સમજાણો તો ચિત્રકેતુ રાજાએ એક કરોડ સ્ત્રીનો ત્યાગ કર્યો ને સ્વયભુ મનુ, બાજદશા, રાજા ત. ગોપીચંદને ભ્રતૃહરી આદિ રાજાઓએ સંસારના સુખનો ત્યાગ

કરી વનમાં જઈ દિવ્ય તપ કરીને ભગવાનને રાજી કર્યા, તેમ આપણે ભગવાનનો મહિમા સમજીને સંસારના સુખના રાગ ટાળવાની કાળજી રાખવી.

બીજુ સત્સંગિજીવન ના ૨, પ્રકરણમાં ૫૧ ના અધ્યાયમાં છે કે પોતાના દેહને પણ ભગવાનના આકારે જ દેખે તે શું પોતે ભગવાન થઈ ગયા ન થાયે પણ આવા ભક્ત ભગવાનનું ભજન કરે તેથી તેને ભગવાનને આકારે વૃત્તી થઇ જાયે તેથી ભગવાનને જ દેખે.

### *શ્લોક : ધ્યાન મહિમા*

આલોક્ય સર્વશાસ્ત્રાણિ, વિચાર્ય ચ પુનઃ પુનઃ
સારમેતતતુ નિષ્પન્નં, ધ્યેયો નારાયણ : સદા...

આનો અર્થ જે સર્વે શાસ્ત્રોનો વારંવાર વિચાર કરે પણ સર્વેનો સાર કે નારાયણ ભગવાનમાં પ્રેમ કરવો ને તે ભગવાનનું નીરંત્તર ધ્યાન કરવું.

સાખી

જપ, તપ, શમ, દમ, સાધન જે તે નિમિષ ધ્યાન નહીં સમ તે તે

તેનો અર્થ જે "જપ કરો, તપ કરો, દેહનું દમન કરો આદિ જે સાધન છે પણ ક્ષણ માત્ર પણ ભગવાનના ધ્યાન સમું થાય નહિ.

જીવમાં પંચ વિષયરૂપી રાગ રહ્યા છે તે ક્યારે ટળે તો જ્યારે આત્મસતારૂપ થઈ ભગવાનની મૂર્તિનું અંતરમાં પ્રતિલોમ વૃતિથી ધ્યાન કરે તો ટળે છે માટે ધ્યાન કરવામાં વિશેષ કાળજી રાખવી.

ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાના પ્રકાર જાણીએ ભગવાન આગળ ચાલ્યા આવે છે તે ભગવાનની મૂર્તિને ત્વચાએ કરીને સ્પર્શ કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને નોખો કરતો જાય અને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે પછી એમ ને એમ ધારતે જ્યારે દેહના ભાવ ખોટા થઈને કેવળ જીવમાં ભગવાનની મૂર્તિજ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પહેરીને આગળ ચાલ્યા આવે છે. પછી તે ભગવાનને નેત્ર કરીને દર્શન કરતે કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતા જવું ને દેહના તથા ઇંન્દ્રિયોના ભાવને ખોટા





કરતો જાવું પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ આકાર ન રહે ત્યારે તે વળી ને મૂર્તિને બહાર લાવે પછી જાણીએ ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે પછી શ્રવણ ઈન્દ્રિયની વૃત્તિ દ્વારે મૂર્તિ જીવમાં ઉતારતા જવું અને દેહ ઈન્દ્રિયોના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે ત્યારે વળી તે મૂર્તિને બાહેર લાવે પછી જાણીએ ભારે અત્તર ચંદનાદિકની સુગંધીયુક્ત થકા ભગવાન ચાલ્યા આવે છે. પછી નાસિકા ઈન્દ્રિય દ્વારાએ ભગવાનનો સુગંધ લેતા જવું પછી જ્યારે માયાના ભાવ માત્ર ટળી જાય અને સત્તામાત્ર જે જીવને તેમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે ઈન્દ્રિયોને ખોટા કરતે કરતે કેવળ સત્તામાત્ર જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ પંચ વિષય સંબંધી ઘાટ ન થાય ને આપણે એમ માનવું કે હું આત્મા છું ને આત્માને અક્ષરબ્રહ્મધામને વિશે એકતા કરવીને પોતાના આત્માને વિશે ભગવાનની મૂર્તિને જોયા કરવી.

બીજુ જીહવા તથા કંઠને ન હલાવે ને હૃદયને વિષે જ્યાં શ્વાસ ઉઠે છે ત્યાં ભજન કરવું તે ભજન કેવું છે તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે. તે માટે બુદ્ધિમાન હોય તે આ વાતને વિચારીને જીવમાં ધ્યાન તથા ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટી ઉપાય કરે તો પણ કારણ શરીર ન બળે ને આપણે એવો ભગવાન ભજવાનો આગ્રહ રાખવો કે, "અર્થ સા ધ્યામિ કે દેહં પાતયામિ" અર્થાત્ દેહ ભલેને પડી જાય,પણ આપણે મોક્ષરૂપી અર્થને સિદ્ધ કરવો. એવી રીતે સાચો થઈને મંડે તો જરૂર મોક્ષ થઈ જાય.

### *ભક્તચિંતામણીની ચોપાઈ*

રંગ સોરંગે રંગ્યા રંગીલો, રસ બસ થયા. છબિલો
પછી નાથ કહે સુણો તમે, માગો ફગવા તે આપિયે અમે
એમ કરી અલબેલે વાત, સુણી જન થયા રળિયાત,
વારુ માગશું અમે મહારાજ, દેજ્યો રાજી થઈ તમે રાજ
ત્યારે રાજ કહે રાજી છૈયે, માગો મન માન્યું અમે દૈયે
ત્યારે બોલ્યા જન જોડી હાથ, તમ પાસે એ માગિયે નાથ

મહા બળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે
વળી તમારે વિષે જીવન નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન
જે જે લીલા કરો તમે લાલ તેને સમજું અલૌકિક ખ્યાલ
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે
દેશ કાળ ને ક્રિયાએ કરી કેદિ તમને ન ભૂલીયે હરિ
કામ, ક્રોધ ને લોભ, કુમતિ, મોહ વ્યાપિને ન ફરે મતિ
તમને ભજતા આડું જે પડે, માગિયે એ અમને ન નડે
એટલું માગિયૈ છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે
વળી ન માગિયૈ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ
કેદિ દેશોમાં દેહાભિમાન, જેણે કરી વિસરે ભગવાન
કેદિ કુસંગનો સંગમ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો
કેદિ દેશો માં સંસારિ સુખ, દેશોમાં પ્રભુ વાસ વિમુખ
દેશો માં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ
દેશોમાં દેહ સુખ સંયોગ, દેશોમા હરિજનનો વિયોગ
દેશોમાં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ
દેશોમા સંગ નાસ્તિકના રાય, મેલી તમને જે કર્મને ગાય,
એ આદિ નથી માગતા અમે, દેશોમાં દયા કરીને તમે
પછી બોલિયા શ્યામસુંદર જાઓ આપ્યો તમને એ વર
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહીં બંધાઓ
મારી ક્રિયામાં નહી આવેદોષ, મને સમજશો સદા અદોષ
એમ કહ્યું થઈ રળીયાત, સહુ એ સત્ય કરી માની વાત
દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી

*(શ્રી ભક્ત ચિંતામણી-૬૪ માંથી)*

બીજુ બ્રહ્મરૂપ થયો હોય તેનો આત્મા સદાય પ્રસન્ન રહે છે ને જયારે એ બ્રહ્મરૂપની સ્થીતીને પામે તે હરખ, શોક ને પામતો નથી. ને સર્વને વિષે સમાન બુદ્ધિ





રાખવી અને એક ભગવાનની ભક્તિને વિષે જ અખંડ પ્રીતિ રાખવી.

બીજુ સર્વ વાસનાનો ત્યાગ કરીને આત્મારૂપે થઈ અખંડ ભગવાનના ગુણ ગાવા. ને ભગવાન કહે છે કે, "જ્ઞાની મારો આત્મા છે ને તે જ્ઞાની જેવો મને પ્રિય છે તેવું મને બીજું કાંઈ પણ પ્રિય નથી."

બીજુ સત્સંગીજીવનના બીજા પ્રકરણમાં ૫૧ માં અધ્યાયમાં, ચોથા પ્રકરણના ૭૨/૭૩ અધ્યાયમાં નિર્વિકલ્પ-સમાધિવાળા જે સિદ્ધ દશાવાળા જે એકાંતિક સંત ભક્તના લક્ષણ કહ્યા તે પોતાના દેહને પણ ભગવાનને આકારે દેખે. બીજા સર્વે મનુષ્ય, પશુ આદિ સર્વેને એક ભગવાન રૂપે જ દેખે તે શું ભગવાન થઈ ગયા ? ન થયા પણ આ ભક્તને આવા ધ્યાનને બળે કરી એવી સ્થિતિ છે તેથી તેમ થાય છે. તે એવા ગુણ શીખવા ને ભગવાન વિના બીજે કાઇ પ્રીતી ન રાખવી. તે આવા ગુણ એક બ્રાહ્મણ આદિ ઉંચી જ્ઞાતીવાળા ને જ આવે છે એમ નથી. એ તો જે આવા ધ્યાનનો અભ્યાસ કરે છે તે સર્વેને એવા ગુણ આવે છે.

બીજુ જ્ઞાન હ્રદયે, ધ્યાન જપે રાગ દ્વેષો મળ ત્યાગ - અર્થ જે આત્મા પરમાત્માનું જ્ઞાન રૂપી મોટો પાણીનો ધરો તથા ધ્યાન રૂપી જે જળ તેણે નાયેલો ને રાગદ્વેષ રૂપી જે મળ તેનો ત્યાગ કરેલો એવો જે સત્પુરૂષ ત. ભક્ત હોય તે પોતાના હ્રદયને તીર્થરૂપ કરે છે.

બીજુ ગંગા કાંઠે એક ગામ હતું ત્યાં એક ભક્ત હતા. તેના ઉપર બીજા કોઈ અબુજ મનુષ્ય હતા તેણે તે ભક્ત ઉપર સો વાર થુંક નાખીને તે ભક્ત સોવાર ગંગામાં નાહી આવ્યા. તો પણ તે ભક્તે જરા પણ ક્રોધ ન કર્યો. ને સામું કહ્યું કે તમે બહુ ઉપકાર કર્યો કે મને તમે સો વાર ગંગામાં નવરાવ્યો.

બીજુ ઉધડું કામ લે ને તે જેમ કામ કરે તેમ રાત દિવસ ન ગણી હમણાં કાળ આવશે એમ જાણી ભજન વિશેષ કરવું બીજુ ગ.મ.પ્ર.ના ૫૫ ના વચનામૃતમાં લખેલ છે કે, સદાય અંત અવસ્થા રાખવી એમ જાણીને તે ભગવાનનું ચિંતવન કરવું જેમ ગ.પ્ર.પ્ર.૨૫ તથા ૨૬ ના વચનામૃતમાં છે. તેમ ભજન કરે ને બીજાં સર્વે કામને મૂકીને આવું અખંડ ભગવાનનું ચિંતવન કરે ત. સ.સ્વામી સ્વરૂપાનંદ સ્વામીની પેઠે

સર્વત્ર મૂર્તિ જ દેખે. તે આવું ધ્યાન તે સર્વથી શ્રેષ્ઠ છે. આવાં ધ્યાન તુલ્ય, ચાંદ્રાયણાદિક વ્રતો કરે તથા શાસ્ત્ર ભણે તથા ઘણા અશ્વમેધો આદિ યજ્ઞો કરે તેનાં કરતાં પણ આવું એક નિમિષ માત્ર ધ્યાનની તુલ્ય ન થાય. ને આવું ધ્યાન કરે તેને હજારો મનુષ્ય અતિ વખાણ કરે તેને માન આપે તો પણ તેને વિષે અતિ પ્રીતિ ન કરે ને કોઈક ન માને, તેની નિંદા કરે તથા અપમાન કરે તો પણ તેની સાથે કુહેત ન કરે. તેનું ખરાબ ન ઈચ્છે. સર્વને વિષે સમાન બુદ્ધિ રાખીને સર્વનુ સારું ઈચ્છે. ત્યારે જ તે ખરાબ કર્મનો નાશ થાય છે. ને કામાદિકના અવ્યક્ત રાગ ટળે છે. ને તે વિના બીજા કોટિ કામ કરે ને કરોડો કલ્પો જાય તો પણ રાગ ટળતા નથી. ને રાગ ન ટળે ત્યાં સુધી અક્ષરધામમાં રહેવાશે નહી. ત. શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે તે તેજને વિશે મૂર્તિ ધારીને જ દરેક કામ કરવું, પણ તે મૂર્તિને ભૂલવી નહીં ને આવુજે ભજન કરે તે ભક્તમાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તો પણ તે ભક્ત બીજા સર્વને મોટા જાણે ને પોતાને તુચ્છ જાણે તે તુલસીદાસજીની પેઠે પોતાના ઈષ્ટદેવનું નામ લેતા હોય તેનો મહિમા સમજવો. ત. મોરબીના મોડજી ઠાકોર ભગવાનની મૂર્તિ અખંડ દેખતા હતા. તો પણ નાના છોકરાંને દંડવત કરતા ને મહિમા સમજતા. ત. યુધિષ્ઠિર રાજાની પેઠે કોઈ શત્રુ જ નહીં તેવું થાવું ને હંસની પેઠે સર્વમાંથી સદગુણ લેવા. પૃથ્વી ત. સમુદ્રના જેવી સ્થિતિ રાખવી ને ત્રિલોકીમાં ભગવાનની મૂર્તિ તે તેજને વિષે છે તેને ધારીને જ સર્વે કામ કરવુ. બીજુ એક પટેલે બીજાનું કામ કર્યું ને પોતાનું કામ ન કર્યું તો તેને મૂરખ જાણવો. કેમકે પેલા તો પોતાનું કામ કરે તે શ્રેષ્ઠ કહેવાય.

બીજુ લક્ષ્મીજીની પેઠે એક ભગવાનને જ દેખે. પોતાના દેહનું પણ ભાન ભુલી જાય, ને દેહભાન ભુલી જાય ને અખંડ ભગવાન ને સંભારે તો તેના દેહના પ્રારબ્ધનો પણ નાશ થઈ જાય છે.

બીજુ જયદેવ ભક્તની વાત જે તેમના હાથ-પગ બીજા અડબગીએ કાપી નાખ્યાં તો પણ તેનું સારું કર્યું પણ તેનુ ખરાબ ન કર્યું.

બીજુ આપણે શાંતિરૂપી ધન અતિ જતન કરીને સાચવી રાખવું.





ત. ધ્યાનની વાત તે શ્રી હરિનું અખંડ ધ્યાન થાય એ સમાધિથી પણ અધિક છે. કેવળ મહામંત્રનો જપ કરતાં પણ મૂર્તિનું ધ્યાન અધિક છે. ધ્યાન કરનાર માણસને બીજા સાધનની જરૂર નથી એ ધ્યાન કેવું હોવું જોઈએ તેનો ખરો ખ્યાલ હું અત્રે આપીશ.

પ્રથમ સવારના ૪ વાગ્યાની આસપાસ જાગી જવું ને જાગીને મોઢું ધોઈને પ્રથમ પા કલાક ધ્યાન કરવું. તે કેવી રીતે તો પોતાના ત્રણ દેહની ભાવના ટાળીને, અક્ષરબ્રહ્મ સંગાથે પોતાના જીવાત્માને એક્તા કરીને ભગવાનનો અપાર મહીમા સમજીને ધ્યાન કરવું. તે ભગવાન કેવા છે તો અનંત કોટી જે બ્રહ્માંડ તે તો અક્ષરધામના એક રૂંવાડામાં ઉડતાં ફરે છે એવુ જે અક્ષરધામ તેમાં અનંત કોટી મુક્ત તે પણ જેના એક રોમમાં લીન થઈ જાય છે. એવા સમર્થ જે ભગવાન તે તેજોમય એવુ જે અક્ષરધામને વિષે ભગવાન અખંડ રહ્યા છે તે ભગવાનને મુકીને આ પંચવિષયના સુખ માં સુપ્રીતી રાખુ તે આવા મોટા જે ભગવાન તેના એક અંગ માત્રનું ધ્યાન કરવાથી અપાર સુખ આવે છે. એવા મોટા ભગવાન તે મારા આત્માને વિષે અખંડ રહ્યા છે. તે હું આ પંચવિષયના સુખમાં શું પ્રીતિ રાખું એમ જ્ઞાને કરીને જાણવું. ને તે પંચવિષયના સુખ તો વિષ્ટાના ખાતલ કીડાનો પણ મળે છે. તે તો મોટો રાજા જેમ કૂતરાને બટકું રોટલો નાખે તેવા છે તેમાં હું શી પ્રીતિ રાખું. એમાં તો અપાર દુ:ખ છે. એવો ભગવાનનો મહીમા સમજીને સર્વના સુખનો ત્યાગ કરીને ભગવાનનું ધ્યાન કરવું ને ધ્યાન કરવું ત્યારે આ ઉપર કહ્યો તે સાંખ્ય વિચાર કરીને પોતાના ચિતની વૃત્તિ સ્થિર કરી ને પોતાના ચિતની વૃત્તિ નાસીકાના અગ્ર પર રાખવી ને નેત્ર મીંચીને તે નાસિકાના અગ્ર ઉપર વૃત્તિ રાખવાથી સર્વે સંકલ્પ ટળી જાય છે ને તે અગ્ર ઉપર ન રાખે તો બરાબર નથી ટળતા. ત્યારપછી સુવર્ણના સમાન તેજસ્વી છે મૂર્તિ જેની ને સર્વ અંગમાંથી શીતળ શાંત તેજના કિરણો નીકળે છે ને તે મૂર્તિની ચારેબાજુ તેજ જ રહેલું છે. તે જ્યાં જુવે ત્યાં એવું તેજ જ દેખાય. એવા જે આપણા ઈષ્ટદેવ જે ઘનશ્યામ મહારાજની મૂર્તિને ઉપર કહ્યા પ્રમાણે પોતાના અંતરમાં તેજના સમૂહને વિષે ધારવી. ને તે આવી રીતે જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે

પહેલાં આવી રીતે કરીને એક એક અંગ જોતા જવું અથવા સમગ્ર મૂર્તિને સામટી જોવી તે ધ્યાન કરતાં લાંબે શ્વાસોઉશ્વાસે નામીયે સહિત સ્વામિનારાયણનું નામ લેવું. ને આવી રીતે એકલું ધ્યાન કરે ને ભગવાનનું નામ ન લે તો સંકલ્પ થાય ને તેથી ધ્યાન બરાબર થાય નહિ. માટે આવી રીતે કરવું તે ધ્યાન સર્વથી શ્રેષ્ઠ છે. માટે તેવી રીતે કરવું બીજુ સવારે વહેલા ઉઠીને ન્હાવા જવું, નાહી આવ્યા પછી પવિત્ર આસન ઉપર બેસવું ને પછે, આચમન કરી તીલક ચાંદલો કરી માનસીપૂજા કરવા બેસવું. ત્યારે ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરીને પોતાને નિરાકાર કહેતાં આ માયિક આકારના જે હાથ-પગ આદિ અંગવાળા દેહને બાળી તેજના સમૂહ રૂપ જે અક્ષરધામ તે રૂપ પોતે થઈને વૃત્તિ દ્વારે માનસીપૂજા કરવી પણ આ માયિક હાથ-પગ વાળા દેહની ભાવના ટાળીને માનસીપુજા કરવી.

બીજુ પાંચ વખતજે ભક્ત માનસી પૂજા કરે તો તેને બ્રહ્માંડ તૂટી પડે તેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ નાશ થાય છે. ત્યાં વાત છે કે ઉપરીચર વસુ રાજાએ ઘણા જ અહિંસામય યજ્ઞ કર્યા હતા. ને ઈન્દ્ર પણ તેને અડધી ગાદીએ બેસવા આપતા એવા પુણ્યશાળી હતા પણ પછી તે ગાદી ઉપર બેસવાની લાલચે હિંસામય યજ્ઞ થાય છે એમ એકવાર કહ્યું તેનું પાપ લાગવાથી પૃથ્વી ઉપર પડ્યા ને બીજીવાર એમ કહ્યું તેથી પાતાળમાં પડ્યા. પછી બહુ પસ્તાવો કર્યોને ત્યાં પાંચ વખત માનસીપૂજા કરવાથી સર્વે દુઃખ ટળી ગયુંને પાછા હતા તેવી સ્થિતિને પામ્યા હતાં. આવો માનસી પુજા કરવાનો મહીમા છે.

બીજુ દુર્વાસાઋષિની પેઠે તથા ગોવર્ધનભાઈની પેઠે ભગવાનની મૂર્તિ ધારીને જ સર્વે ક્રિયા કરવી પણ ક્ષણ માત્ર ભગવાનની મુર્તી વિસારવી નહી.

બીજુ બહાર મૂર્તિ ધારે ને સમાધિ થતી હોય તો પણ અવ્યક્ત રાગ ન ટળે. રત્નાભક્તની પેઠે એટલે રત્ના નામના ભક્ત હતા તેમણે અંતરમાં ધ્યાન કર્યું એટલે કે પોતાના જીવાત્માને તેજોમય અક્ષરધામ ની સાથે એકતા કરી પોતાના દેહને ખોટો કરી નિરાકાર માની, તેજના સમોહરૂપ પોતાને માનીને તેમાં ભગવાનની મૂર્તિ અખંડ ધારે તો જ રાગ ટળે છે. રત્ના ભક્તે અંતરમાં મૂર્તિનું ધ્યાન કર્યું ત્યારે રાગ ટળ્યા.





બીજુ બેસતાં, નાહતાં, જમતાં, સૂતાં આદિ શુભ ક્રિયામાં તથા અશુભ ક્રિયામાં પણ તેજના સમૂહને વિષે ભગવાનની મૂર્તિ ધારીને જ સર્વે ક્રિયા કરવી. પણ ક્ષણમાત્ર તેજને વિષે જે મૂર્તિ છે તેને ભૂલવી નહીં ને શ્વાસોઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. ને આવી રીતે શ્રીજી મહારાજની દયાથી સ્થિતિ થાય તો પણ જ્યાં સુધી પોતાને ખાવા-પીવાનું, નાહવાનું આદિ ક્રિયાનું ભાન હોય ત્યાં સુધી પોતાનો જે ધર્મ તથા વર્તમાન તેમાં ખબરદાર રહેવું. પણ કોઈની મહોબ્બતમાં લેવાઈ જવું નહીં.

આ દેહનું ભાન હોય ત્યાં સુધી હેતે કરીને સેવા કરવી તો સર્વેની પ્રસન્નતા થાય છે. ને તેથી જ તે ધ્યાન સિદ્ધ થાય છે. પણ તે સેવા ન કરે ને એકલું ધ્યાન કરે તો સર્વની પ્રસન્નતા બરાબર ન થાય તો ધ્યાનમાં વિઘ્ન પડી જાય. આગળ પણ મોટા મોટા સંતોએ ક્રિયા જે કામકાજ કરતાં જ ધ્યાન સિદ્ધ કર્યા છે. ને આ ધ્યાન લખ્યું છે તે નિત્ય પ્રત્યે એકવાર વાંચી જવું ને તે પ્રમાણે ખટકો રાખીને કસર હોય તેને ટાળવી, ને બીજા સર્વેનો ગુણજ લેવો, ને એમ જાણવું.

આ ભક્તો કેટલી સેવા કરે છે. તે મારાથી તે કાંઈ સેવા થાતી નથી. માટે તે સર્વે મારાથી મોટા છે. તેને શ્રી હરિ અક્ષરધામમાં તેડી જાશે.

આ સર્વે નીયમ નિત્ય પ્રત્યે એકવાર વાંચી જવું ને મનન કરીને આમાં જે જે નિયમ છે તેમાં જે જે કસર રહેતી હોય તે તે વિચારીને ટાળી નાંખવી. ને ત્યાર પછી ઉપર કહ્યા પ્રમાણે ધ્યાન કરવાનો અતિ આગ્રહ રાખવો. ને તે ધ્યાન કરવામાં બરાબર આનંદ ન આવે તો માળા ફેરવતાં ધ્યાન કરવું.

ત. સ્વામી અચ્યુતદાસજી તે વાડીમાં ધૂળ ઉપાડતા આદિ સેવા કરતા પણ તે ત્રણે અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ દેખતા.

બીજુ સૂવાનો સંકલ્પ ન કરવો પણ એમ ધારવું કે તેજોમય એવો આ દિવ્ય પલંગ તેને વિષે મહારાજ પોઢેલા છે. તેનું ધ્યાન કરતા જવું. ને સ્વામિનારાયણ ભગવાનનું ચિંતવન કરતાં જવું. એવી રીતે સૂવું. ને રાતના જ્યારે જ્યારે જાગી જવાય ત્યારે મોઢું ધોઈને થોડીવાર ધ્યાન કરવું. ને જો વહેલું હોય તો આગળ કહ્યા પ્રમાણે

સૂવું પણ જાગીને પરબારું સૂવું નહી. ને હરણ ફડકો રાખીને સૂવું. તે હરણ હોય તે જરા અવાજ થાય તો જાગી જાય તેમ આપણે જાગીને ધ્યાન કરવું.

બીજુ ખટવાંગ રાજાને આવા સંતોએ આત્મા પરમાત્માની વાત કરીને બે મુહુર્તમાં મોક્ષ કરી દીધો.

ત. ગ.મ.પ્ર. ના ૫૫ માં તથા ગ. છે. પ્ર. ૩૦ માં વાત છે કે સદા અંત અવસ્થા રાખવી એમ રાખીને ગ. છે. પ્ર. ૩૯ માં છે આત્મા પરમાત્માને વેગ લગાડી દેવો. તો પંચવિષયરૂપી શલ્યો નીકળી જાય છે. ને તેમાં અંતરાય કરે તેનો શત્રુની પેઠે ત્યાગ કરવો. તે ગ.મ.પ્ર.૫૭ માં છે કે દિવાના પ્રકાશમાં ગરોળી હોય તે સર્વ જીવજંતુનો નાશ કરી નાંખે છે. તેવી જ રીતે તે તેજોમય આત્માને વિષે તે તેજોમય મૂર્તિને જ જોવી પણ તે વિના સર્વેનો ત્યાગ કરી દેવો.

બીજુ અંતરમાં મૂર્તિનું ધ્યાન તથા માનસીપૂજા બરાબર ન થાય તો બહાર મૂર્તિને ધારીને ધ્યાન તથા માનસીપૂજા બહાર મૂર્તિની કરવી તથા લીલા ચરિત્ર સંભારવાં. પણ મનને નવરું ન રાખવું ને ક્ષોભ ન પામવો. જેવું થાય તેવું ભજન આનંદમાં કર્યા કરવું.

તથા વસ્તાખેર ને જરા વાસના રહી ગઇ તો તે દિકરીના દિકરા થયા. તથા એક સાધુને બોરામાં રાગ રહ્યા તે ઈયળ થયા. તથા હરજી ઠક્કરની માને મહારાજને થાળ જમાડવાની શુભવાસના હતી તો પણ જન્મ લેવો પડ્યો. તે માટે હમણાં જ તે સર્વે રાગ ટાળીને શ્રી હરિમાં પ્રીતિ રાખવી.

બીજુ એક નારાણદાસજી સાધુ હતા તેને ૧૮ દિવસની સમાધિ થાતી પણ જરા રસાસ્વાદમાં લેવાઈ ગયા. તો ઓછું થઈ ગયું. તથા એકલશ્રંગી ઋષીને સ્ત્રી-પુરૂષનું ભાન નહોતું પણ જરા રસાસ્વાદમાં લોભાઈ ગયા તે સ્થિતિમાંથી પડી ગયા તથા ભરતે મૃગલામાં સ્નેહ કર્યો તેથી વિઘ્ન થયું તે માટે એક શ્રી હરિ વિના બીજે ક્યાંય હેત ન રાખવું. તથા કોઇ હાથીએ બેસાડે તથા ગધેડે બેસાડે તે બેય સમાન છે. તથા દેવોને આ લોકનું સુખ છે જે મણીમય મહોલો તથા અપ્સરાઓ તથા અમૃતપાન આદિ સુખ છે તેનો ત્યાગ કરી આ મનુષ્ય દેહ ને માગે છે, તેવો મનુષ્ય દેહ





આપણાને મળ્યો છે.

અને વિશેષમાં ભગવાનને આપણાને સત્સંગમાં જન્મ આપ્યો છે માટે આપણે તો ભગવાન ભજી લેવા ને રાગ માત્ર ટાળવા. અને ભગવાન વિના બીજે હેત થાય એ જ મોટું પાપ છે. ને એક નિમીષ માત્ર શ્રી હરિના દર્શનના સુખ આગળ અનંત કોટિ બ્રહ્માંડના વિષય સુખ વારી કેરીને નાંખી દઈએ એવુ ભગવાનની મૂર્તિમાં સુખ છે.

બીજુ પ્રહલાદનું રાજ્ય ઈન્દ્રે લઈ લીધું ને પંદર દિવસ સુધી કોટડીમાં પૂરી મૂક્યા. તો પણ પ્રહલાદ આનંદમાં ભગવાનનું ધ્યાન કરતા. તે જોઈને ઈન્દ્ર કહે ક્યાં હું અને ક્યાં આવા ભક્ત. તેવી જ રીતે વડોદરાના નારૂપંત નાનાને પણ પ્રથમ કેટલી દિવાનગિરી કરવી એવો અધિકાર હતો તે સર્વે તેમને પૂછીને કાર્ય કરે ને હજારો માણસોને નિયમમાં વર્તાવે એવું હતું. પણ દેશકાળે કરીને તે સર્વે અધિકારનો નાશ થઈ ગયો. તથા સર્વે દ્રવ્ય તથા સર્વે કુટુંબનો નાશ થઈ ગયો ને પોતે એકાએકી રહ્યા ને દક્ષિણીના સદાવ્રતમાંથી એક શેર ખીચડી મળે તે લઈને નિર્વાહ કરે ને અખંડ ભગવાન સંભારે પણ જરાયે ભગવાનને ભૂલ્યા નહીં. તથા દેશકાળે કરીને ક્યારેક આવો જોગ ન રહે તો પણ ભગવાનનો દ્રઢ આશરો રાખીને ભગવાન અખંડ સંભારે તો તેની અંતે ભગવાન સહાયતા કરે એમ વચનામૃતમાં કહેલ છે.

બીજુ આ દેહને કોઈ ગમે તેમ બોલે કે વઢે કે અપમાન કરે તો સર્વેશબ્દને આકાશમાં દિગપાળને ત્યાં મોકલી દેવા. ને પોતે અખંડ આત્મારૂપ થઈને અખંડ ભગવાન સંભારવા તે આગળ જુવોને મોટા મોટા ચક્રવર્તી રાજાઓ તે એકાએકી રાજ્યનો ત્યાગ કરીને વનમાં ચાલી નીકળ્યા. તે ક્યાં ઉભા રહેશું એવું કાંઈ ઠેકાણું ન હતું તો પણ ભગવાન ભજીને અભય પદને પામી ગયા.

ત. ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કરવા સત્સંગીના દિકરા પરણતા હતા તે સો વરરાજા આવ્યા ને સ્વામીયે સર્વેના માથા ઉપર હાથ મૂક્યા પણ દ્રષ્ટિ માંડીને કોઈને જોયા નહીં. એક ભગવાનની મૂર્તિ સામી જ દ્રષ્ટિ રાખી તેમ કરવા આપણે શીખવું દરેક કામમાં ભગવાન સંભાળવા.

બીજુ ભગવાન સર્વે પ્રકારે સ્વતંત્ર છે પણ જે અખંડ ભગવાન સંભારે એવા પ્રેમીભક્ત આગળ ભગવાન પરતંત્ર થઈને પ્રેમરૂપી દોરીયે બંધાય છે. તે બલી રાજા પાસે ભગવાન અખંડ રહ્યા છે. તે આવા ભક્ત તે સર્વત્ર મૂર્તિ જ દેખે. તથા શ્રી હરિ કહે છે કે જેવા મારા ભક્ત મને પ્રિય છે એવું બીજું કાંઈ મને વહાલું નથી. તે ભગવાન પોતે પણ ભક્ત આગળ કૃષ્ણાપર્ણ થઈ જાય છે. ને એકક્ષણ પણ દૂર જાતા નથી. તથા અમદાવાદનું ત્રીજુ વચનામૃત છે તેમાં લખ્યુ છે કે જે ઉપસમ કરશે તેને ગમે તેવા વિષયનો જોગ થાય. તો પણ તેમાં ક્યાંય લેવાય નહીં ને સર્વેનો ત્યાગ કરે તથા જેટલા સમુદ્રમાં મોજા છે તથા સર્વ પૃથ્વીમાં જેટલાં તીર્થ છે તથા કરોડોજન્મના પાપ હોય તથા કરોડો દુઃખો આવે તેમ હોય આદિ હોય પણ તે ભક્ત જો આવું ભગવાનનું અખંડ ચિંતવન કરે તો સર્વે તીર્થોનું ફળ મળે, સર્વે પાપ તથા સર્વે દુઃખનો નાશ થઈ જાય ને અંતે શ્રી હરિની સેવામાં રહે છે.

બીજુ ભગવાનની મૂર્તિઓ જે ચિત્ર પાષાણ આદિની હોય તેમાંથી તે તે ભાવ ટાળીને એમ ધારવું કે અક્ષરધામમાં જેવા ભગવાન છે. તેવા જ આ છે. જેમ અક્ષરધામમાંથી ભગવાન આવીને અહી આપણાને દર્શન આપે તે અતિ આનંદ થાય તેવો જ આનંદ આ મૂર્તિના દર્શનથી કરવો. ને જીવાત્મામાં પણ તેવા જ ભગવાન રહ્યા છે. તથા બીજાને સમજાવામાં જેવી હોંશ થાય છે તેવી જ પોતાની ખોટ ટાળવાની હોંશ રાખવી તો કસર માત્ર ટળી જાય છે.

બીજુ સ્વયંભુ, મનુ, બાજંદરા, ગોપીચંદ, ભર્તૃહરી આદિ મોટા રાજાઓને આવો ભગવાનનો મહિમા સમજાયો તો પોતાના કરોડો નોકરો આદિનો ત્યાગ કરીને એકાએક વનમાં ચાલી નીકળ્યા તે દિવ્ય તપ કરીને ભગવાનને રાજી કર્યા. ને અંતે ભગવાનના ધામને પામ્યા.

બીજુ રાગ નિર્મૂળ થવાના ઉપાય કા.વ.૧૨માં તથા અમદાવાદના ૩ માં છે કે અખંડ ભગવાનનું ચિંતવન તથા ધ્યાન તથા ઉપશમ તેણે કરીને જ તે રાગ નિર્મૂળ થાય છે. પણ તે વિના બીજા કરોડો ઉપાય કરે તો પણ તે રાગ નિર્મૂળ થતા નથી. તે માટે તે એક જ ઉપાય જલ્દી કરવો. તથા આપણે ધ્યાન, ભજન તથા વાતો તથા





સેવા આદિ જે જે કરવું તે ભગવાનની પ્રસન્નતા માટે કરવું પણ કોઈ વખાણે કે માન મોટપ સારું ન કરવું. એક પોતાના આત્માની શુદ્ધિ માટે તથા શ્રી હરિની પ્રસન્નતા માટે જ કરવું ને તેમ કરતાં કોઈ વખાણ કરે તો પણ આપણે તેમાં રાગ ન રાખવો. ને એમ ધારવું કે તે જે ગુણને વખાણે છે તે ગુણ તો ભગવાન તથા સંતોના આપેલ ઘરેણાં છે, પણ મારામાં કાંઈ નથી.

બીજુ સત્સંગી જીવનનના બીજા પ્રકરણમાં અધ્યાય ૫૧ માં કહ્યું છે કે પોતાના દેહને પણ ભગવાનના આકારે જ દેખે તે કાંઈ ભગવાન થવાતુ નથી આવા ધ્યાનના અભ્યાસથી દેહનું ભાન ભુલી જવાય છે. તથા જનકરાજા કહે મને ચંદન ચરચે તોય ભલે ને તરવારે કાપે તો પણ ભલે, મારે બેય સમાન છે.

સુતાર એક ઘા મારીને લાકડું જોવે તેમ ઘડી ઘડીયે પોતાનું અંતર જોવું. ને બે ભક્ત હતા તેમાં એકે એમ જાણ્યું કે આવા ભગવાન મળ્યા તે જરા સ્વભાવ હશે તો શું વાંધો? તો તેના સ્વભાવ રહી ગયા ને બીજાએ એમ જાણ્યું કે તે સ્વભાવ શ્રીહરિને નથી ગમતા માટે ટાળવા ને સર્વે ટાળી નાખ્યાં.

તથા અમદાવાદ પાસેનું નવાગામ છે. ત્યાંના પાટીદાર કલ્યાણ ભક્ત હતા તે અંતરમાં ધ્યાન કરતા તેથી તેમને મૂર્તિ અંતરમાં અખડ દેખતા હતી તેમ આપણે ધ્યાન કરવાથી ભગવાન જરૂર આપણાને દર્શન આપશે.

બીજુ પ્રહલાદનો દેહ પણ જીવ જેવો થઈ ગયો તે અગ્નિ આદિમાં પણ બળ્યા નહીં. એમ ભક્તની ભગવાન સહાયતા કરે છે માટે આનંદમાં રહી ભગવાન ભજવા.

બીજી સાખી : "પરને પરમોદિકર્યા સત્સંગી કોટ
પણ અંતરવૃત્તિ કર્યા વિના રહી પોતાની ખોટ"

તે માટે ધ્યાન જ કરવું. તે વાતુ ન કરે તો પણ એવાનાં દર્શનથી જ કરોડોનો મોક્ષ થાય છે. તથા બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી આદિ સંતોએ એક દિવસ એમ સંકલ્પ કર્યો કે જે ભજન કરે છે તેનું શ્રી હરિ પોષણ કરે છે. તે માટે આપણે આજ ઝોળી માગવા ન જાવું જોઈએ કે ભગવાન જમાડે છે કે નહીં ? એવુ જાણી બપોરે શ્રી હરિ બ્રાહ્મણના વેશે પકવાન આદિનો થાળ ભરીને સંતોને કહે, "લ્યો, આ

જમો. અહીં શેઠ જગન કરે છે. તેણે મોકલ્યો છે. તે જનમ્યા ને ગામમાં તપાસ કરી તો કોઈ જગન કરતું ન હતું. પણ શ્રી હરિ જમાડી ગયા. બીજુ બહાર વૃત્તિવાળાને ધામ તથા શ્રી હરિ છેટા છે ને અંતરવૃત્તિવાળાને ધામ તથા શ્રી હરિ પાસે જ છે. તે એમ ધારવું કે એક મોટો વીજળીના પ્રકાશનો ઢગલો છે. તેને વિષે ભગવાન જોયા કરવા તે સર્વત્ર અક્ષરધામ છે તે સર્વે ઠેકાણે તે પ્રકાશ ધારવો. ને જે જે હરિભક્તો આદિને વિષે એમ ન ધારવું કે આ ગામના છે કે આ જ્ઞાતિના છે. કે આ નામના છે આદિ ન ધારવું ને તે તો તેજોમય અક્ષરધામના મુક્તો છે એવો જ આકાર ધારવો. તથા ગમે તેટલાં તપ કરે તો પણ ધ્યાન કર્યા વિના કારણ શરીરના રાગ ટળતા નથી."

તે ચ્યવનઋષિએ છન્નું હજાર વર્ષ તપ કર્યું. ને દેહને રાફડા રૂપ કરી નાખ્યો હતો. તો પણ એક રાજાનું લશ્કર આવેલું ને તેની બે રૂપવાન કન્યા જોવાઈ ગઈ તો કામરૂપી શત્રુ ઉત્પન્ન થયો ને તે બંને કન્યાને પરણ્યાને તપનો નાશ થઈ ગયો. તથા સૌભરી ઋષિ પણ ત્રણે ઋતુમાં પાણીમાં બેસીને સાઠ હજાર વર્ષ તપ કર્યું પણ જરાક માછલાનું માયિક સુખ દેખાઈ ગયું તો કામરૂપી શત્રુ જાગૃત થયો ને પચાસ કન્યા પરણ્યાને સર્વે તપનો નાશ થઈ ગયો. તથા ઈન્દ્રને પણ તે પાપે કરીને હજાર ભગ થયા. ને તે સર્વે અંગમાંથી રુધિર નીકળ્યા કરે ને અપાર દુઃખ થાય. એવી રીતે સ્ત્રી ચોરાસી લાખ ફેરાના દુઃખ ભોગવાવે છે તેના રાગો ધ્યાન કર્યા વિના બીજા કરોડો ઉપાયો કરે તો પણ તે રાગ ટળતા નથી. ને સેવા કરે તથા વાતો કરે આદિ જે કરે તેનું ફળ મળે પણ તે રાગ ટળ્યા વિના શ્રી હરિની સેવામાં રહેવાશે નહીં તથા અંતરમાંથી કામાદિક બુડઠુંઠા કાઢવા.

"સકળ લોકમાં સહુને વંદે, નિંદ ન કરે કોની રે.."

તે ખરો એકાંતિક ભક્ત કહેવાય. તથા સ.સ્વામી ગુણાતીતાનંદ સ્વામી આદિની વાતુમાં છે કે અવતાર-અવતારી નોખા છે. પણ યથાર્થ ન સમજાણું હોય તો નોખું ન પડે. તે મોટી ઘાંટી છે. તથા તે પંચાળાનાં ૪ તથા લોયાના ૧૮ માં છે કે પ્રથમ આ જીવને ભગવાનને વિષે બ્રહ્માનો ભાવ આવે, પછી વૈરાટ, પછી પુરૂષ આદિ જેવા





જાણેને પછી જ્યારે અનેક જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે જ શ્રી હરિ ને સર્વ અવતારના અવતારી ને સર્વેથી પર ને સર્વ કારણ ના કારણ સમજાય. પણ તે વિના તેમ ન સમજાય.

વળી ગોપાળાનંદ સ્વામીની વાતુંમા છે કે અક્ષરધામમાં શ્રી હરિનું કેવું સુખ છે તેનો ઉત્તર એ છે કે, એ સુખ એક ક્ષણવાર ભોગવ્યું હોય તો તે ભક્તને એટલીવારમાં પણ એવું સુખ આવે કે જાણે કરોડો વર્ષો તે સુખ ભોગવ્યું એવું શ્રીહરિની મૂર્તિમાં સુખ છે. તે માટે તેમાં જ એક સુખ માનીને બીજા રાગ ટાળી નાખવા. તેમજ બીજાના દેહથી પોતે નોખો છે તેમજ પોતાના આત્માથી દેહ નોખો છે એમ માનવું. તથા કુસંગીનો પણ અવગુણ ન લેવો. તો સાધુ સત્સંગી નો અવગુણ કેમ લેવાય? ન જ લેવાય તથા દેવતાના સાડાબાર વર્ષ ધર્મ પિતાએ તથા ભક્તિ માતાએ સુકાં પાંદડા ખાઈને તપ કર્યું ત્યારે શ્રી હરિ અહીં પધાર્યા છે. તે માતા પિતાને અસુરોએ કેટલું દુઃખ દીધું તે અન્ન ખાવા ન મળે આદિ તેથી ભક્તિમાતા રૂદન કરવાં લાગ્યાં આદિ તથા સંતો પણ લીંબુ જેટલું અન્ન જમીને ભગવાન ભજતા. ને એક ગુરૂના ત્રણ શિષ્યને પત્તર ધોવરામણ આદિ જમીને નિર્વાહ કરીને ભગવાન ભજતા. તથા જીવુબા આદિ બાઈયો તે પણ એક લીંબુ જેટલું અન્ન જમીને ભગવાન ભજતા તથા કાઠીયોને ખોરી જારના રોટલા તથા લોટમાં પાણી નાખીને ખવરાવ્યા એમ તપ કરી ને પણ ભગવાન ભજ્યા એવા દુઃખ સહન કર્યા પણ શ્રી હરિને ક્ષણમાત્ર વિસાર્યા નહીં ને શ્રીહરિને મૂક્યા નહીં.

ચક્રવર્તી રાજાનો પાટલી કુંવર હોય તથા તેની રાણી હોય તેના ઉપર સિપાઈયોનો કે ફોજદારનો આદિ કોઈનો હુકમ ચાલે નહીં. તેવી જ રીતે ભગવાનના ભક્ત ઉપર પણ કાળ, માયાનો તથા બીજા આ લોકના રાજાઓનો તથા બીજા માણસોનો ભય હોય નહીં. તે ગમ.પ્ર.૨૨ ના વચનામૃતમાં છે કે રાજાનું રાજ્ય એટલું જ રાણીનું રાજ્ય તેમ જેટલું ભગવાનનું સામર્થ્ય તેવું જ તે શ્રી હરિના પ્રતાપથી સાધુનું ત. ભક્તનું પણ સામર્થ્ય છે. તે માટે કોઈ પ્રકારનો ભય ન રાખવો તે કિર્તનમાં કહ્યું છે જે

"...નિરભેની નોબતું વાગીયું રે."

જીત્યાના જાગીર ઢોલ પુરૂષોત્તમ પ્રગટી રે

બીજુ દેવળીયાના ગરાસીયા તથા ડુંગરજી પાર્ષદ તે તાવી આદિના રસ્તામાં ચાલ્યા જતા હતા તે આત્મનિષ્ઠાની વાતો કરતા હતા ત્યારે શ્રી હરિએ દરબારને પૂછ્યું કે તમો આત્મા છો ? ત્યારે તે દરબાર કહે, "હા" ત્યારે શ્રી હરિ તે દરબારને કહે આ અવાવરૂ કૂવામાં પડો. તે સાંભળી દરબાર કુવામાં પડ્યા. પછી ડુંગરજી પાસે તે કૂવામાં બોરડીના સૂકા કાંટા નંખાવ્યા. ને કહે કે આ કાંટા સળગાવો. તેથી ડુંગરજીએ જરા વાર લગાડી ત્યારે તે ડુંગરજીને તે ગરાશીયાયે કુવા માંથી કહ્યું કે કેમ વાર લગાડો છો? જલ્દી કાંટા સળગાવો આવી આત્મનિષ્ઠા! એવી તે આત્મનિષ્ઠા શીખવી. પછી શ્રી હરિએ તેમને બહાર કાઢયા ને શ્રીહરિ તેમના ઉપર અતિ રાજી થયા.

એક સમયે ભુજના સ.સ્વામી મહાપુરુષદાસજીને એક જણ કહે તમો તે એવા છો કે માથાના વાળ એક એક કરીને તાણી લઈએ એવા છો. ત્યારે સ.સ્વામી ધીરા રહીને કહે કે મારા અડધા માથામાં તાલ છે. ને બાકીના વાળ તમો તાણી લેશો. તો બે પૈસા વતું કરાવવાવાળા ને નહી આપવા પડે તે ઠાકોરજીના પૈસા ઓછા વપરાશે. એમ કહ્યું પણ જરાયે ક્રોધ ન કર્યો ને તેનું જરાયે ભૂંડું ન ઈચ્છ્યું.

બીજુ આ લોળ્ય સર્વશાસ્ત્રાણિ, વિચાર્ય તઃ પુનઃ પુનઃ

સા રમેતનું નિષ્પન્ન, ધ્યેયો નારાયણઃ સદા ॥

**સાખી** : જય, તપ, શમ, દમ સાધન જે તે, નિમિષ ધ્યાન નહીં
સમ તે તે ॥

**ચોપાઈ:** કાન નહીં સુણે બીજો ઉચ્ચાર, નેત્ર નહીં જુવે બીજો આકાર ત્વચા નહીં કરે ભેટ બીજાની, નાસા નહિં લીયે સુગંધી નાની."

મન નહીં કરે અન્ય મનન ....

તે નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથમાં છે કે

વિપત્તિ આવે વણ વાંકથી, તે તો સહે જો શરીર

ઉપહાસ કરે આવી કોય, તેમાં રહે દ્રઢધીર ॥





બીજું પદ જે સાચા ભક્ત ભગવાનના ઝાઝા જડતા નથી. તે પદ બહુ જ સારું છે. તે કિર્તનસાર સંગ્રહ ભા.૨માં પાના ૪૫ માં છે કે હરિશ્ચંદ્ર, પાંડવ આદિ સંતો તે દેહે કરીને કોણ ઠરી બેઠા છે. કોઈ નહીં ? ભકતને તો તે ગ્રંથમાં કહ્યું છે કે ધીરજ સમ નહી ધન .... સંતો.... ધીરજવંતને દુરીજન બહુ દુઃખ આપે. પણ સર્વ ખમે એમ જાણે કે એ અજ્ઞાની છે. એમ જાણી ક્ષોભ ન પામે.

બીજુ ગંગામાં માથે ઝગડી લઈ રસ્તામાં થાળ કરતાં જાય એવો પ્રેમ તે આપણે આવો પ્રેમ ભગવાન ભજવામાં રાખવો.

ને મૂળીમાં જાનબાઈ હંમેશા એકાગ્ર થઈ ધ્યાન કરતાં હતાં. તે એક દિવસ વહેલા ઉઠી એકાગ્રચિત્તે ધ્યાન કરી, બહુ જ વિનયથી પ્રાર્થના કરી. તે જ વખતે શ્રી હરિએ દર્શન આપ્યાં. તેવી રીતે આપણે શ્રી હરિને સંભારવા તે.

વિમાન, ગાડી, મોટર આદિ ચલાવનારાની વૃત્તિ સુકાન ઉપર જ રહે છે. તેમ ભક્તની વૃત્તિ ભગવાનની મૂર્તિમાંજ રહે.

બીજુ અમદાવાદમાં નટ રમાડ્યા તે વાત.

ત. બોટાદના શિવલાલભાઈ બે પહોર ધ્યાન કરતા ને અખંડમુર્તી દેખતા હતા.

ત. એક મદારી બોકડા આદિ લઈને રમત કરતો હતો ને તેને ભગવાને દર્શન દીધાં ને કહ્યુ કે રમત દેખાડ પણ તે મદારીએ બરાબર રમત ન દેખાડી. તેને ભગવાને બરાબર સુખ ન આપ્યુ.

બીજુ સો કરોડ દિવાળી ને દશરા કરોડ હજાર, એ થકી મમ અંતરે આનંદ અપરમ પાર એ કિર્તનમાં છે તેમ આપણે આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજુ રોહાના કુંવરજીભાઈ હતા તે અખંડ મહારાજની મુર્તી દેખતા તેવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ નડીયાદના ઝવેરલાલભાઈ તે પણ અખંડ ભગવાનની મુર્તિ દેખતા હતા.

બીજુ ઉઘડું કામ કરે તેમ ભગવાન ભજવા મંડવું.

ને એક ઘા મારીને સોની, લુહાર, સુતાર આદિ જુવે છે. તેમ અંતર જોવું.

એક રાજાએ એક ચોરને એવો દંડ આપ્યો. તે શિયાળાની સિઝનમાં ઠંડા

પાણીમાં બેસાડ્યો પણ છેટે જરા તાપણી બળતી હતી તે તાપણીમાં તેણે વૃત્તિ ઠેરાવી. તેથી ટાઢ ન પડી. તેમ ભગવાનને સંભારવાથી આપણાને વિકાર નડે નહી.

એક માણસને લાખો રૂપીયાનો હીરો મળ્યો હતો પણ તેને તે હીરાની કિંમતની ખબર નહી તેથી તેણે પાંચ કિલો શાકમાં વેચી નાખ્યો પણ તે હીરાને હીરા પારખુ પાસે લઇ ગયા. તેણે લાખો રૂપીયા આપ્યા તે હીરા જેવા ભગવાન આપણાને મળ્યા છે પણ મહીમાં જાણ્યા વિના ભગવાનનું સુખ બરાબર લઇ શકતા નથી.

બીજુ કારિયાણીના ૫ ના વચનામૃતમાં છે કે ભગવાન પોતાના ભક્તના મનોરથ પૂરા કરવાને માટે જ અહી પધારે છે.

બીજુ અમદાવાદની બજારમાં શ્રી હરિ ચાલ્યા જતા હતા. તે જોઈને કેટલાક વેપારીને સમાધી થઈ જતી. ને ત્રાજવા હાથમાં રહી જતાં ને સ્થીર થઇ જતાં.

બીજુ ગઢડામાં જીવુબા આદિ પાપડ તથા સેવો વણતાં ભગવાનની મુર્તીમાં તદ્લીન બની જતા.

બીજુ સિદ્ધાનંદ સ્વામીને ઓસલો કરતાં સમાધી થતી.

બીજુ ભુજમાં સ.સ્વામી અચ્યુતદાસજીને રોટલા ચડાવતા સમાધિ થઇને ભગવાનની મુર્તીમાં તદ્લીન બની જતા.

બીજુ માનસરોવર રૂપી સત્સંગ છે. તે હંસરૂપી સંત હરિભક્તો છે તે ભગવાનની લીલા ચરિત્રોરૂપી મોતી ચણે છે.

બીજુ અક્ષરધામમાં ભક્ત જાય. તે શ્રી હરિના એક અંગમાં વૃત્તિ સ્થિર કરે તે કરોડો કલ્પો જાય તો પણ બીજું અંગ ધારવા સમર્થ ન થાય એવું અલૌકિક સુખ ભગવાનની મુર્તીમાં રહેલુ છે.

બીજુ ગઢડામાં ભગવાને એક ભક્તને ગોપીનાથ ભગવાનની મૂર્તિને મટકાં મારતાં દર્શન આપ્યા તથા હાથ હલાવતા ત. મટકા મારતા દર્શન આપ્યા તેથી તે ભક્તને બહું જ ભગવાનના સુખનો આનંદ આવતો.

બીજુ શ્રી હરિના બાલકેશ ઉતાર્યા તે વખતે શ્રી હરિ દહીંયા આંબા નીચે મામાને દર્શન આપ્યા તેથી આનંદ થયો તેવો આનંદ હંમેશા આપણે રાખવો.





બીજુ હનુમાનજી તથા ભૂત આદિને સાધે છે તો હનુમાનજી આદિને સંભારે છે. તો તેને હનુમાનજી આદિ તત્કાળ દર્શન આપે છે. તો ભક્તાધિન ભગવાન આપણાને કેમ દર્શન ન આપે ? જરૂર દર્શન આપશે જ.

બીજુ દંઢાવ્ય દેશમાં એક બાઈ હંમેશા શ્રીહરિની પ્રાર્થના કરે. ને બીજા ભક્ત ભેળું શ્રી હરિને કહી મોકલે કે મને દર્શન દેવા પધારો. તે બાઈનો સાચો પ્રેમ જોઈ શ્રી હરિ દયા કરીને બાઈને દર્શન આપ્યા. ને તે બાઇ દર્શન કરી શ્રીહરિની મૂર્તિને વિષે સ્થિર થઈ ગયાં ને કાંઈ બોલી ન શક્યાં ત્યારે શ્રી હરિ કહે "અરે બાઈ, અમો તમારે ઘેર આવ્યા ને તું તો કાંઈયે બોલતીએ નથી. પછી શ્રી હરિએ સમાધીમાંથી જગાડ્યા ને પછી બહુ જ વિનય સહિત ગદ્ગદ્ કંઠે રોમાંચિત ગાત્રે પ્રાર્થના કરી હર્ષનાં આંસુ આવી ગયા. ને હર્ષના આંસુ વડે શ્રી હરિનાં ચરણ પલાળી દિધાં ને પછી ષોડષ ઉપચારે વળે શ્રીહરિની પૂજા કરી, ને પછે શ્રી હરિને જમાડ્યા ને પછી શ્રી હરિ અંતરધ્યાન થઈ ગયા."

કિર્તન....સખી મંત્રભણીને નાખી મોહની, થઈ થક્તિ ન ચાલે મારા પાવ... તે તે ભક્તને દર્શન શ્રીહરિ આપતા તે ભક્ત ભગવાનના દર્શન કરતા ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જતા.

બીજુ ગુજરાત દેશમાં એક ભક્ત ભગવાનને અખંડ સંભારતા. તે ભક્તને વશ થઈ શ્રી હરિ તે ભક્તની સાથે ભેળા જમે, સુવે આદિ સર્વ ક્રિયામાં તે ભક્તની ભેળા જ શ્રી હરિ રહે ને અખંડ દર્શન આપતા ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જતા.

બીજુ એક સોદાગર બે બળદ લાવ્યો હતો. તેમાં એક બળદ સામો ધાવ્યો હતો. તેની કિંમત વધારે હતી બીજો બળદ ઠબકાં ધાવ્યો હતો તેની કિંમત ઓછી હતી. તેમ પેલા બળદની પેઠે આપણે કાળજી રાખી ભજન કરીશું તો શ્રીહરિની મૂર્તિનું સુખ વધારે આવે.

બીજુ મૂળજી બ્રહ્મચારી ને જરા ડોલું આવ્યું ને સ્વપનું થયું. ત્યારે શ્રી હરિએ હાકલ કરી તેથી શ્રી હરિને ઉપાડીને ચાલ્યા કે જાણે લાય લાગી. તેથી જાણે શ્રીહરિ બળી જશે. માટે શ્રીહરિને બહાર લઈ જાઉં એમ ત્રણે અવસ્થામાં શ્રી હરિની મૂર્તિની

સ્મૃતિ રેશે, તે મુળજી બ્રહ્મચારી રાખતા હતા તેમ આપણે ભગવાન સંભાળવામાં કાળજી રાખવી.

બીજુ આ લોકના માણસોને યુવાન અવસ્થા આવે ત્યારે ચિંતા તથા ખટકો રાખી વ્યવહાર કરે છે તેમ તેમ આપણે કાળજી રાખી ભગવાન ભજવા.

બીજુ વેરોભાઈ હંમેશા ધ્યાન કરતા હતા. તે એક દિવસ આત્મામાં પ્રકાશ થયો. તેથી કામાદિક દોષો નીકળવા લાગ્યા.

બીજુ અંતરમાં બુડઠુંઠાં કાઢવાં તે અંતરમાં કામ ક્રોધ આદિ માયાના વિકારો કાઢવા.

બીજુ કુંજપક્ષી ઇંડા મૂકી દૂર જાય છે. પણ વૃત્તિ દ્વારા પોતાના બચ્ચાનું. અખંડ સેવન કરે છે. તેમ ભગવાનના ભક્તે ભગવાનને વિષે વૃત્તિ રાખવી.

બીજુ વડનાં પાંદડાં શંકર ઉપર ચડાવે તો સોનાનાં થાય એવું ચોઘડીયું છે. તે સોનાનાં પાનને ઠેકાણે આપણે હૃદયમાં મૂર્તિ પધરાવાય તેવો આ અવસર આપણાને સારો મળ્યો છે. તો આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ ધર્મપુરમાં કુશળ કુંવરભાઈને શ્રી હરિ કહે અંતરમાં મૂર્તિ રાખીને દરેક કામ કરજો. તેવી રીતે આપણે કામકાજ કરતા ભગવાનમાં વૃત્તિ રાખવી.

બીજુ હનુમાનજીને સીતાજીએ હાર આપ્યો. તે મોતી ફોડવા મંડ્યા. ત્યારે સીતાજી કહે આમાં શું જુઓ છો ? ત્યારે હનુમાનજી કહે આમાં રામ જોવુ છું. ત્યારે સીતાજી કહે આમા તે કાંઇ રામ હોય. હનુમાનજી કહે રામ આમા ન હોયે તો મારે આ નકામું છે. ત્યારે સીતાજી કહે આ દેહને કેમ રાખો છો ? આમાં ક્યાં રામ છે? ત્યારે હનુમાનજીએ નખથી છાતી ચીરી તેમાં રોમે રોમ રામ થાતું હતું ને અંતરમાં રામ ભગવાનનાં દર્શન થયાં. તેને જોઈ સીતાજી આશ્ચર્ય પામ્યા. તેમ આપણે રોમે રોમે શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંભારવા ને હૃદયમાં તે ભગવાનની મૂર્તિને રાખવી.

બીજુ ભક્ત ચિંતામણીમાં લખેલ છે કે સંતો શ્રી હરિની મૂર્તિને સંભારી ને સુતા તે સ્વપ્નામાં શ્રીહરિના દર્શન થયાં તે કોઈ કહે હું ભગવાનને મળ્યો ને કોઈ કહે મને





છાતીમાં ચરણ ભગવાને આપ્યા.

બીજુ એક છોકરો ગઢડા શ્રી હરિના દર્શન કરવા ગયો તે દર્શન કરવાથી જ ભક્તના અંતર માંથી સંસારરૂપી કાંટા નીકળી ગયા ને થોડા દિવસ ત્યાં રહી પોતાને ઘરે આવી, પોતાની માને કહે મને ભગવાનનાં દર્શન થયાં. ત્યારે તેની મા કહે ભગવાન હોય, તો તેને મૂકી અહીં શું કરવા આવ્યો ? ભગવાન જેવી શું સારી વસ્તુ છે ? ત્યારે છોકરો કહે મા, તમારી ચાકરી કોણ કરે ? ત્યારે ડોસી કહે મારી ચાકરી ભગવાન કરશે. તું ભલે ગઢડા જા તે છોકરો શ્રી હરિ પાસે ગઢડા ગયો ને તે સાધુ થયો.

બીજુ ભુજના સુરજબા કહે હે મહારાજ તમો મળ્યા છો ત્યારથી મેં બીજે ક્યાંય પ્રીતિ નથી કરી. તો આ દાણા પક્ષી ખાય તેનું તમારી પેઠે કેમ કલ્યાણ ન થાય. તે સાંભળી શ્રીહરિ રાજી થયા ને કહે “જાઓ પક્ષીને દાણા નાંખો તેનું કલ્યાણ થાશે.”

બીજુ માનકુવાના મૂળજી તથા કૃષ્ણજી સંસારનો ત્યાગ કરી સાધુ થયા ને ભગવાનને રાજી કર્યા.

બીજુ આદરેજમાં ચાર પાળાએ નિશાન પાડ્યાં ને તેમને શ્રી હરિએ સેવામાં રાખ્યા પણ તે સેવામાં રહી ન શક્યા. કેમકે તેમણે પોતાના સ્વભાવ ટાળ્યા ન હતા તેથી શ્રીહરિની સેવામાં રહી ન શક્યા.

બીજુ ગ.પ્ર.પ્ર.૨૭ ના વચનામૃતમાં સંતોના લક્ષણો લખ્યાં છે તેવા લક્ષણે યુક્ત સંતોના સર્વે અંગમાં શ્રી હરિ અખંડ રહેલા છે તે ગુણ શીખવા.

બીજુ ગઢાડીના આંબા શેઠે શ્રહરિનું ન્યાલકરણ નામ પાડ્યું ને બોલ્યા કે મને તમોએ ન્યાલ કર્યો તેથી તમારૂ નામ ન્યાલકરણ.

ત. મોટી નદીમાં ભમરીયું આવે તેમ સંસારરૂપી નદીમાં કામાદિકરૂપી ભમરીયું આવે છે. તેમાં તણાઇ ન જવું કે તા તેમ મોહ ન પામવો.

એક ગુફામાં નાનું છોકરું પેસી ગયું. તેના માવતરે બીજાં છોકરાં તેના જેવડાં જ લાવીને ગુફામાંથી કાઢ્યું. તેમ જીવ માયા રૂપી ગુફામાં પેસી ગયો છે તેને શ્રી હરિ જ્ઞાને કરીને માયામાંથી જીવને કાઢે છે.

બીજુ લીંબલીના હરિભક્ત સમગ્રામ વાઘરીને ઘરે શ્રીહરિ પધાર્યા. તે ભક્ત કહે કે મારા કૂબામાં હાથી રૂપી ભગવાન પેસી ગયા છે. તે એવડા મોટા ભગવાન તે વાઘરીને ત્યાં રહ્યા તે એવા પ્રેમી ભક્તોને ઘરે જઈ ભક્તને રાજી કર્યા.

બીજુ દર્પણ તથા શરદ ઋતુનું જળ જેમ નિર્મળ હોય તેવું અંતર નીરમળ હશે તેમાં ભગવાનની વાસ કરીને રહેશે પણ ડહોળાયેલા જળમાં ભગવાન નહીં રહે માટે આપણે અંતર ચોખ્ખુ રાખવું.

બીજુ ચોખા જેવું ચોખું અંતર થાશે ત્યારે જ શ્રી હરિ અંતરમાં રહેશે. પણ માયા અંતરમાં રાખીશું તો અંતરમાં શ્રીહરિ રહે નહિ.

બીજુ શ્રી હરિ ભક્તોને કહે હે ભક્તો જગત અંતરમાં ન ભરશો. તે અંતર અમારે રહેવાનું સ્થાન છે.

બીજુ ગઢડાના આસુબાઈની વાત. તે બાઇ અખંડ ભગવાનની મુર્તીની સ્મૃતી રાખતા.

બીજુ એક રેલ્વેના ગાર્ડ શ્રી હરિના ભક્ત હતા. તે ધ્યાન કરતાં ભગવાનમાં વૃત્તિ સ્થિર થઈ ગઈ. તો ગાર્ડ રૂપે ભગવાન દરેક સ્ટેશને ગયા તે તેની રક્ષા કરી.

સ.સ્વામી શ્રી વલ્લભદાસજી તથા સ.સ્વામી બાલમુકુંદદાસજી કહેતા કે મોટા મોટાની સ્થિતિમાં વર્તવું. કહેતા તે કેવું ભગવાનનું ધ્યાન ભજન કરતા તેવી રીતે આપણે ધ્યાન ભજન કરવું.

લોજમાં શ્રી હરિને જોઈને સ્ત્રીઓને માથે છાણનો ટોપલો તે ભગવાનને જોઇ તેમાં તદલીન બની જતા ને સ્થીર થઇ જતા.

ઉનાવામાં એક ભક્ત ચાર વાગ્યાની માનસી પૂજા કરવા બેઠા ને શ્રી હરિની મૂર્તિમાં જોડાઈ ગયા. તે ૭ કલાક થઈ ગયા તોય ખબર ન પડી.

બ્રહ્માનંદના વ્હાલાની મૂર્તિ રે ઘડી છેટી મેલી કેમ જાય.

ભલે રે પધાર્યા રે ગીરધર ગાજતા રે, કરવા કોટીક જનના કાજ. ને વરસાદ ગાજે ને સર્વને આનંદ થાય તેમ ભક્તો શ્રી હરિના દર્શનથી રાજી થાય.

બીજુ "મારે મંદિર પધાર્યા શ્યામ, કે થઈ ખડભાગી





મારે હરિવર સાથે હેત કે લગની લાગી
મારા મનની પૂરી હામ, કૃતાર્થ કીધી
ભવ બુડતાં મારી બાહ્ય ગ્રહીને લીધી...."

બીજુ ઝળહળતી મૂર્તિ જોવી રે જોઈ ચિત્તમાંહી પરોવી રે...

બીજુ વડોદરાનો એક વાણીયો વડતાલે શ્રી હરિના દર્શન કરવા આવ્યા. તે એકાગ્ર ચિત્તે દર્શન કરી પ્રાર્થના કરી કથામાં બેઠાને અંતરમાંથી કામાદિક દોષો નીકળી ગયા. ને શાંતી શાંતી થઈ ગઈ. તેવી રીતે આપણે ભગવાનમાં હેત કરવું. તેથી આપણા અંતરમાં શાંતિ થાશે.

બીજુ વાલ્મિક ભીલ તે નારદજીને વચને રામ રામ કરતા હતા. તેને કોઇકે કહ્યું કે આ ઝાડના પાંદડાં છે તેટલા હજાર વર્ષ જાશે ત્યારે ભગવાન દર્શન દેશે. તે સાંભળી અતિ રાજી થયા ને નાચવા લાગ્યા ને શ્રદ્ધા વડે કૂદવા લાગ્યા ને હર્ષના આંસુ આવી ગયાં. એવો પ્રેમ જોઈને તેજ વખતે ભગવાને દર્શન આપ્યાં. એવો આગ્રહ ભગવાન ભજવાનો રાખવો. તેથી શ્રી હરિ રાજી થશે ને આપણાને દર્શન આપશે.

બીજુ બિલાડીના બચ્ચાં નિંભાડામાં ખડકાઈ ગ્યાં હતાં. પણ ભક્ત કુંભારે ત્રણ દિવસને ત્રણ રાત અખંડ ભગવાનનું ભજન તથા પ્રાર્થના કરી તેથી તે બચ્ચા બળ્યા નહીં ને જીવતાં નીકળ્યાં તેમ આ સંસારરૂપી નિંભાડામાં જગતના જીવો બળ્યા કરે છે પણ ખરા ભક્તની ભગવાન સર્વે પ્રકારે રક્ષા કરે છે.

બીજુ સચ્ચિદાનંદ સ્વામી અખંડ શ્રી હરિની મૂર્તિને સંભારતા ને તેમના દર્શન કરવા બ્રહ્મા તથા શિવ આવ્યા ને બહુ જ પ્રાર્થના કરી.

બીજુ ભગવાનદાસ ભગવાનને ભાતું બાંધી ને ખોળવા ગયા હતા. તેનો આગ્રહ જોઇ ભગવાને દર્શન આપ્યા ને કાચે દોરડેથી બંધાઇ તેને ઘેર ભગવાન આવ્યા તે આવો પ્રેમ આપણે ભગવાન ભજવામાં રાખવો. તે આવો પ્રેમ આપણે ભગવાન ભજવામાં રાખીશું તો આપણા ઉપર પણ ભગવાન જરૂર રાજી થાશે.

બીજુ એક ભક્ત બીજા ભક્તને કહે ભગવાનને ખોળી આવ ત્યારે તે કહે

ભગવાન એમ ક્યાં રસ્તામાં મળે ? ત્યારે તે કહે તારો સાચો પ્રેમ હશે તો કાચે દોરડે પણ ભગવાન આવશે ને આ ભક્ત ભગવાનને શોધવા ચાલ્યો. તે રસ્તામાં ભગવાન બેઠેલા ને દર્શન દિધાં. ત્યારે આ ભક્તે કાચે દોરડેથી ભગવાનના હાથ બાંધ્યાને પ્રેમ વશ થઈ ભક્ત આગળ ને ભગવાન પાછળ ચાલ્યા આવે છે. એવા પ્રેમીને ભગવાન આધિન છે એવો પ્રેમ આપણે ભગવાનને વિશે કરવો. આવો પ્રેમ આપણે કરીશું તો આપણાને ભગવાન જરૂર સુખીયા કરશે.

બીજુ એક ભક્તે શ્રી હરિ સારું હેતે કરીને કુંડળ બનાવ્યા. તેનો શુભ સંકલ્પ કે આ શ્રી હરિને પહેરાવીશ. તે બાઇનો પ્રેમ જોઇ ભગવાન કહે લાવો આ કુંડળ અમને પહેરાવો તે બાઇએ ભગવાનને કુંડળ પેરાવ્યાને બાઇ બહુ જ રાજી થયા.

એકબાઈએ શ્રી હરિ માટે વેઢ બનાવેલ. તે કહે આ મહારાજને પહેરાવીશ. તે રસ્તામાં ચાલતાં વેઢ ખોવાઈ ગયો. તે બીજા ભક્તે શ્રીહરિની પૂજા કરી પણ આ બાઈ ઓશિયાળા થઈ ગયા. તેનો પ્રેમ જોઈ શ્રી હરિ કહે લ્યો આ વેઢ અમોને રસ્તા માંથી મળ્યો છે તે પહેરાવો. તે બાઈએ શ્રીહરિને વેઢ પહેરાવ્યોને આ બાઈ બહું જ રાજી થયા.

બીજુ દદુકામાં ગામ બહારે તળાવના કાંઠા ઉપર શ્રી હરિ સભા કરીને બેઠેલ તે ઘણાંક ભક્તજનોએ શ્રી હરિની પૂજા કરી. ને પછી શ્રી હરિ વસ્ત્રો ઉગારી સર્વ સંતો સહિત નાહવા જતા હતા. પણ પ્રેમી ભક્તો છેટેથી શ્રી હરિ માટે સુગંધી પુષ્પોના હારો લઈ આવતા હતા. તે શ્રીહરિને નાહવા જતા જોઈ ઉભા રહી દિલગીર થવા લાગ્યા કે અરે આપણે પાછળ રહી ગયા. ત્યારે શ્રીહરિએ તેઓનો સાચો પ્રેમ જોઈ ત્યાં ઉભા રહ્યા ને શ્રી હરિ કહે, હે ભક્તો આવો અમને હાર પહેરાવો. તે અતિ પ્રેમથી હાર પહેરાવી ગદ્‌ગદ્ કંઠે શ્રી હરિની પૂજા કરી ચરણમાં મસ્તક મૂકી બહુજ પ્રાર્થના કરી હર્ષના આંસુ આવી ગયાં ને રોમાવલી ખડી થઈ ગઈ ને ચરણને અતિ પ્રેમ વડે કરીને ઝાલી રાખેલાં. તે મૂકી શકે નહીં. એવો પ્રેમ જોઈ શ્રી હરી કહે રાખો રાખો ત્યારે રાખ્યા. ને શ્રી હરિએ તે ભક્તોની બહુજ પ્રસંશા કરી કે આવા પ્રેમી ભક્તોના મનોરથો પૂરા કરવા માટે અહીં અમો આવ્યા છીએ. પછી તે હાર સહિત જ





શ્રી હરિ તળાવમાં નાહયા. ને તે હાર પાણીમાં પડી ગયા ને એક ભરવાડના છોકરાએ લઈને તે હાર પેર્યો તો તેને સમાધિ થઈ ગઈ.

બીજુ એક વખત દદુકા ગામ બહાર સભા કરીને બિરાજમાન હતા ને વાતો કરીને સર્વને સુખિયા કર્યા. ને પછી સર્વ સંતો કહે અમારે તમોને ભેટવું છે. ત્યારે એક ગાડા ઉપર પાટ ઢાળવીને ગાદિ-તકીયો નખાવી શ્રી હરિ બિરાજમાન થયા. તે એક બાજુથી સંતો ચડતા જાય ને શ્રી હરિની પૂજા કરી મળતા જાય. તે મળતાં મળતાં કેટલાક સંતો સ્થિર થઈ જતા ને દેહની વિસ્મૃતિ થઈ જતી. એવી રીતે આપણે ભગવાનમાં પ્રેમ કરવો.

એક વેપારી ભગવાનના સાચા ભક્ત હતા. તે હંમેશા શ્રી હરિનું ધ્યાન ભજન કરતા ને આજ્ઞા બરાબર પાલન કરતા ને એક દિવસ પોતાની દુકાન બંધ કરતાં રાતના ભૂલી ગયા. ને ઘરે ગયા ને ખુલ્લી દુકાન જોઈ રાતના ચોર લોકો આવ્યા. પણ શ્રી હરિ પોલીસ રૂપે થઈ રાત આખી દુકાનની રક્ષા કરી એમ ખરા ભક્તની ભગવાન સદાય રક્ષા કરે છે. આપણે પણ એવા ભક્ત થવુ તો શ્રીહરિ આપણી સર્વે પ્રકારે રક્ષા કરશે.

બીજુ ભુજમાં સ.સ્વામી ભક્તિ વલ્લભદાસજી હતા. તે મહા ધ્યાનીને વચનસિદ્ધ હતા. તેમણે સૂર્યનારાયણને ૩ કલાક ઉભા રાખ્યા હતા. ને શ્રીહરિની મુર્તી અખંડ દેખતા હતા. તેવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ મુળીના સ.સ્વામી હરિનારાયણદાસજી ભુજમાં ૧૯૬૭ માં રાધાકૃષ્ણદેવ પધરાવ્યા. ત્યારે માંડવીમાં પ્લેકનો રોગ હતો. તે પાંચ દિવસ સુધી કોઈનું મૃત્યુ ન થયું. તે કાળને પણ રોકી રાખ્યો. શ્રી હરિના પ્રતાપથી એવા સંત હતા ને તે અખંડ ભગવાનની મુર્તી હૃદય માં દેખતા હતા.

બીજુ મેમકાના સથવારા સત્સંગી હતા. તે ખેતરમાં સાંઠીયું સુડતા અખંડશ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને સંભારતા તે ત્રણ દેહની ભાવના ટળી ગઈ ને ખાવા પીવાની ખબર ન પડી ને એક દિવસમાં ત્રણ દિવસનું કામ થઈ ગયું. તે જોઈ સંતો રાજી થયા ને માથે હાથ મુક્યોને આશીર્વાદ આપ્યા.

બીજુ નિરંજનાનંદ સ્વામી પાસે કોઇ જઈને બેસે તો તેને શાંતી થઈ જાય. તે સ્વામી અખંડ મુર્તી દેખતા. તેથી તેમના દર્શનથી શાંતિ થઈ જતી.

બીજુ બોટાદના શીવલાલભાઈને જરા પ્રવૃત્તિ થઈ તેથી મૂર્તિ ભૂલાઈ ગઈ ને કથાના ટાઈમે જરા બહાર ગયેલા તેથી સ્વામી આત્માનંદ સ્વામીયે ઠપકો આપ્યો કે આ કથારૂપી અમૃતને મુકી બીજે ગયા તે સારૂ ન કહેવાય. ત્યારે શીવલાલભાઈ એ માફી માંગી કે, હવે હું ખ્યાલ રાખીશ.

બીજુ ભક્ત ચિંતામણીનાં પ્ર.૬૯ માં કહેવ છે કે, સંતો રાત્રે શ્રીહરિની મૂર્તિને સંભારીને સૂતા ને દિવસના પણ ભગવાનની મૂર્તિને અખંડ સંભારતા. તેમને સ્વપ્નમાં શ્રી હરિનાં દર્શન થયાં. તેમાં કોઈકને શ્રીહરિ હસ્તા હોય એવા દર્શન થયા અને કોઇકને મળતા, કોઈકને માથે હાથ મૂકતા શ્રીહરિ દેખાણા , કોઈકને છાતીમાં ચરણ લેતાં દેખાણા, કોઈક તો શ્રી હરિને પુષ્પના હાર પહેરાવતા એવાં અનેક પ્રકારનાં નોખા નોખા દર્શન થયાં. તે આ સંતોને ત્રણે અવસ્થામાં શ્રી હરિની મૂર્તિની સ્મૃતિ રહેતી હતી. તેવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ ભુજના સ.સ્વામી ભક્તિપ્રિયદાસજી ને ત્રણે અવસ્થામાં શ્રી હરિની મૂર્તિની સ્મૃતિ રહેતી હતી. આપણે પણ ભગવાન ભજવામાં કાળજી રાખીએ તો શ્રીહરિ જરૂર આપણને દર્શન આપે.

બીજુ મુળીમાં સ્વામી બાલકૃષ્ણદાસજી હતા. તે મંદિરની સેવા આદિ કરતા ને બીજી વૃત્તિ વડે અખંડ શ્રી હરિની મૂર્તિને સંભારતા. એ અભ્યાસથી થાય છે એમ આપણે કામકાજ કરતા ભગવાનને સંભાળવા. તો આપણા ને પણ શ્રીહરિ દર્શન આપે.

બીજુ ગઢડામાં સિદ્ધાનંદ સ્વામી હતા. તેમને અખંડ કંઠેથી ભજન થતું ને મહારાજની મૂર્તિના દર્શનથી સ્થિર થઈ જતા. તે શ્રી હરિ કહે અમારા આ મોટા સંત છે તે અખંડ ભજન કરે તે જ ખરી મોટપ છે.

બીજુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ લખેલ છે કે સંતનો સમાગમ કરીને તથા શાસ્ત્ર વાંચીને આદિ પુરૂષ પ્રયત્ન કરીને એક ચોટ પોતાના જીવને શુદ્ધ કરીને





આત્માને વિષે શ્રી હરિની મૂર્તિનો સાક્ષાત્કાર કરવો. પછી બીજી પ્રવૃત્તિ કરવી પણ આ લોકને આ દેહને કે આ માન મોટપ ને તાને ચડી ન જવું. ને ભગવાનની મુર્તી ને કામકાજ કરતા સંભાળવાને અભ્યાસ રાખવો.

બીજુ અપરાનંદ સ્વામી તથા કાનડાનંદ સ્વામી આ લોકમાં ભોળા જેવા હતા. પણ શ્રી હરિનું અખંડ ભજન કરતા. તેઓને ઉમરેઠમાં મોટા વિદ્વાન બ્રાહ્મણોને સત્સંગ કરાવવા મોકલવા મંડ્યા. ત્યારે તેઓ કહે અમોને વાતું કરતા નથી આવડતી. માટે બીજા મોટા સંતોને મોકલો ત્યારે શ્રી હરિ કહે તમારું વૃતાંત વાતો કરશે. તે સ્વામી અખંડ મૂર્તિની સ્મૃતિ રાખતા ને જોઈ ઘણાંક વિદ્વાનો સત્સંગી થયા. ને તે સ્વામી ત્રણે અવસ્થામાં ભગવાનની મૂર્તિ દેખતા હતા તે આપણુ વૃતાંત હશે એટલી જ આપણાને શાંતી ને સામાને પણ એટલો જ ભાર પડે.

બીજુ ભુજમાં ધ્યાની સ્વામી બાલમુકુંદદાસજી હતા. તે પણ અખંડ શ્રી હરિની મૂર્તિ દેખતા ને ત્યાગ વૈરાગ્ય બહુ તે મોટા મોટા ઓફીસરો તે સ્વામીનો સમાગમ કરવા આવતા એમ તેમનું વૃતાંત જ વાતો કરે.

બીજુ મૂળીમાં રઘુવીર ચરણદાસજી સ્વામી હતા. તે આ લોકમાં ભોળા જેવા પણ મહારાજની મૂર્તિનું બહુ જ બળ ને ત્યાગ વૈરાગ્યની મૂર્તિ. ને તે શું જમી ગયા હોય તેની પણ તેમને ખબર ન પડે. તેઓનો સમાગમ ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વાસુદેવ પ્રસાદજી પણ સ્વામીની વાતો સાંભળતા. તે સમાગમ કરતા ને મુળીમાં હરિનારાયણદાસજી હતા તે પણ અખંડ ભજન કરતા. ને ભગવાનની મૂર્તિ અખંડ દેખતા.

બીજુ ગઢડામાં જીવુબા લાડુબા આદિ બાઈઓ અન્નકુટની સેવા જે પાપડ, સેવો આદિ કરતાં ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જતા ને અખંડ મહારાજની મૂર્તિ દેખતાં.

બીજુ એક ભક્તે શ્રી હરિને પ્રશ્ન પૂછ્યો કે ભક્તને ધામમાં લઈ જાઓ છો ત્યારે તે ભક્ત ને કેવું સુખ આપો છો ? ત્યારે શ્રી હરિ કહે એ ભક્ત ધામમાં ભગવાનનાં એક અંગનાં દર્શન કરે તેમાં અતિશય સ્થિર થઈ જાય. ને આનંદ આવે ને લાખો કરોડો કલ્પો જાય તો પણ બીજું અંગ ધારવા સમર્થ ન થાય. એવું અલૌકિક

સુખ ભગવાનના ધામમાં રહેલું છે માટે એ ભગવાનના સુખનો લાભ રાખી આપણે ભજન કરવામાં કાળજી રાખવી.

બીજુ સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે કે અક્ષરધામના મુક્તોના ચાર પ્રકારના ભેદ છે. તેમાં ઉત્તમ સ્થિતિવાળા જે મુક્તો હોય તે તો એકશ્રી હરિની મૂર્તિમાં નિમગ્ન થઈ જાય. તેને પોતાની પણ વિસ્મૃતિ થઈ જાય. ને જેમ શ્રી હરિ પોતાની મૂર્તિને સુખે સુખી છે તેમ તે મુક્તપણ શ્રી હરિની મૂર્તિને સુખે જ સુખીયો છે. બીજો મુક્ત પોતાને દેખે ને મૂર્તિને દેખે ત્રીજો પોતાને દેખે ત. બીજા મુક્તોને દેખે,તથા મૂર્તિને ચોથો ભગવાનને દેખે, પોતાને દેખે, મુક્તોને દેખે ને ધામને દેખે એ ચાર પ્રકારના મુક્તોમાં જે ભગવાનની મુર્તીને જ દેખે તે શ્રેષ્ટ છે. તે આ બધી વસ્તુ આપણે ધ્યાન કરીએ તો ભગવાનની મૂર્તિ વિના બીજુ બધુ ભુલી જવાય.

બીજુ ધર્મપુરના કુસળકુંવરબાઇને શ્રીહરિ કહે અંતરમાં મારી મુર્તી રાખજો. તેમ આપણે અંતરમાં મૂર્તિ રાખવી.

બીજુ ગઢડામાં શ્રી હરિ મંદિર કરાવતા હતા ત્યારે સંતોને શ્રીહરિ કહે હે સંતો અંતરમાં બેલા ન ખડકજો. અંતરમાં મારી મૂર્તિ રાખજો. તેમાં કહેવાનું કે આપણે કામ કરતા અંતરમાં ભગવાનની મૂર્તિજ રાખવી.

બીજુ મોટાની સ્થિતિમાં રહેવું કે એ કેવી રીતે વર્તી ગયા છે. ને એમની હારે આપણે બેસવું છે. તો આપણી કેટલી કાચપ છે તે વિચારીને ટાળવી.

વડોદરાના નાથ ભક્તને વીશ સુધી ગણતાં ન આવડતું તો પણ તેને શ્રી હરિએ બુદ્ધિવાળા કહ્યા કેમકે તે ભક્ત હતા ને દીવાન આખા વડોદરા પરગણાનો કારભાર ચલાવતા હતા તો પણ તેમને બુદ્ધિવાળા ન કહ્યા ને મોક્ષ સંબંધી કામ કરાય એજ બુદ્ધિવાળો છે.

બીજુ ચકલાં ઇંડા મૂકવાનો વખત થયા પહેલાં માળો કરે છે. તેમ આપણે દેહ મૂકવાનો વખત થયા પહેલાં મોક્ષ સંબંધી કામ કરવામાં કાળજી રાખવી. તે ગ.મ.પ્ર. ના ૬૨ માં કહેલ છે કે પાંચ દિવસ વધારે જીવી ને પોતાની ખોટ ટાળીને મરવું. તે જીવવું એ કાઇ આપણા હાથમાં નથી પણ શરીર સારૂ હોય ત્યાં સુધી આપણએ સર્વે





કશર ટાળી નાખવી.

બીજુ તુલસીદાસને કોઈકે કહ્યું કે વાત કરો ત્યારે કહે ભગવાન ક્ષણમાત્ર ન ભૂલાય એ જ મોટો લાભ છે.તે અખંડ ભજન કરતા તેમ આપણે અખંડ ભજન કરવું.

બીજુ એક પક્ષી જંગલમાં અખંડ રામરામ ભજન કરતું હતું. તે કોઈક સમય શ્રી કૃષ્ણ ભગવાન તથા અર્જુન તે જંગલમાંથી ચાલ્યા જતા હતા. તે અર્જુને બે ત્રણ વખત રામનું નામ લીધું એટલે તેપક્ષીએ જરા પાણી પીધું. ને વળી અખંડ તે ભજન કરતું હતું તેમ આપણે અખંડ ભજન કરવું.

બીજુ કોઈકની પાસે લાખ રૂપિયાની પાકીટ હોય તે કાંઈક ખડખડે આદિ થાય તો તેની વૃત્તિ અખંડ તે પાકિટમાં જ રહે. તે તો માયિક છે. તો પણ તેને તે પાકીટમાંજ વૃતિ રહે, તો આપણે એવી રીતે ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી.

બીજુ લોધીકાના જીજીભાના કુંવર જે અભેસિંહજી તે કેવા પાપી હતા. તે મદ્ય માંસનું ભક્ષણ કરતા પણ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ થયો. ને સ્વામીનો રાજીપો મેળવ્યો તો તેમણે બે પહોર શ્રી હરિનું ધ્યાન સિદ્ધ કર્યું. ને અખંડ શ્રી હરિની મૂર્તિ દેખતા. ને ગમે તેવી પ્રવૃત્તિ હોય તો પણ તે ભજનમાં ભંગ પડવા ન દેતા તેમ આપણે ભજન કરવામાં કાળજી રાખવી.

કિર્તન "....મારે આનંદનો દિન છે આજરે, પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે..."

આવા શ્રી હરિનો કેફ રાખી આનંદમાં ભગવાન ભજવા.

કિર્તન "....આવો રૂડો અવસર રે ઓળખવા એક હરિ, મોંઘો મનુષ્ય તનરે નાવે તારે ફરી ફરી ...." તેમા કહેવાનુ કે આવો ભગવાન ભજવાનો વખત મળ્યો છે માટે ભજન કરી મોક્ષ કરી લેવો.

બીજુ પ્રેમ લક્ષણા ભક્તિનું અંગ જેને આવે તેને પંચ વિષયની વાસના ટળી જાય છે. ને આત્મ નિષ્ઠા રાખ્યા વિના જ રહે છે.

બીજુ શ્રી હરિ કહે અમારા જેવો જેનો અંતરનો દ્રઢાવ હોય તેની સાથે અમારે બને પણ જેના અંતરમાં જગતના સુખનો લોચો હોય તેની સાથે અમારે બને નહીં.

માટે આપણે વાસના ટાળવી.

બીજુ ગ.છે.પ્ર.ના ૭ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના એકાંતિક ભક્ત - જે હોય તેણે પોતાના મનને ભગવાનના ચરણારવિંદને વિષે દ્રઢ કરીને રાખવું. જેમ વજ્રની પૃથ્વી હોય ને તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહીં, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે અતિ દ્રઢ કરીને રાખવું. એવી રીતે જે ભક્ત ભગવાનને વિષે પ્રીતિ રાખે છે તેને મરીને ધામમાં જવું એમ નથી. એ તો છતે દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.

બીજુ આધારાનંદ સ્વામીના ગ્રંથમાં પુર. ૧૨ માં તરંગ ૬૭ માં લખેલ છે કે ભલે નવખંડ ભૂમિનું રાજ્ય મળે તથા કુબેર ભંડારીના જેટલું ધન મળે પણ જો તેને સત્સંગ ન મળે તથા ભગવાન ન મળે તો તેથી કાંઈ અર્થ સરતો નથી.

બીજુ ધ્રુવે કેટલું તપ કર્યું ને આત્માને વિષે ભગવાનનો સાક્ષાત્કાર કર્યો. તથા રૂગુ રાજાએ પણ અન્નપાણીનો ત્યાગ કરીને કેટલુંય તપ કર્યું. તે તપે કરીને પૃથ્વી ડગવા લાગી. દિગ્પાળો કંપવા લાગ્યા. ઈન્દ્રાસન ડોલવા માંડ્યું. તે એવું તેનું તપ જોઈને ભગવાને દર્શન આપ્યા. પણ આ તો આત્માને વિષે ભગવાનની મૂર્તિને તેજોમય દેખતા હતા. ને ભગવાન પણ એવા ભક્તનું તપ જોઈને એ ભક્ત આગળ ઓશિયાળા થઈને ઉભા ને માથે ને શરીરે હાથ ફેરવે ને કહે માગો, માગો એમ બહુ બહુ કહ્યું ત્યારે ધ્યાનમાંથી જાગ્રત થયા, ને ભગવાનનાં દર્શન કર્યા ને કહે અહોનિશ આવાં ને આવાં દર્શનદ્યો, તેની ભક્ત તથા એવું તપ જોઈને ભગવાન બહુ જ રાજી થયા ને અખંડ એ મુર્તી દેખતા હતા. એમ જ આપણે ભગવાનને રાજી કરવાને માટે કાળજી રાખવી.

કિર્તન ... "સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય...."

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર...

તથા જગદીશાનંદ સ્વામીએ કિર્તનમાં કહેલ છે કે આ મૂર્તિ અંતરમાં રેજો અહોનીશ દર્શન દેજો., આ મુર્તી અંતરમાં અખંડ રેજો.

જગદીશાનંદ કહે નામ તમારું પુરણ લાગે છે મને પ્યારુ રે.





પ્રભુની મૂર્તિ સંભારીને હેતનાં આંસુ આવે, રોમાવલી ઉભી થાય ને ચિત્ત ગદ્ગદ્ કંઠ થઈ જાય એવું હેત આવે ત્યારે હૈયું વિષયના ઘાટે કરીને અભડાયેલ છે તે મટે ને શુદ્ધ થાય. ત્યારે પ્રભુ ભજવા ગમે, ને બીજું ફીકું લાગે ને વૃત્તિ પ્રભુમાં તણાયા કરે ને સર્વે ક્રિયા કરતા પ્રભુ મુખ્ય રહે એવું જ્યારે વૃત્તાંત થાય ત્યારે પ્રભુ તેની ભક્તિ જોઈને દર્શન આપે છે ને તે કૃતાર્થ થાય છે.

બીજુ આત્મસત્તારૂપે જે રહે છે તેને સ્થૂલ-સૂક્ષ્મનું કર્મ ન લાગે ને.

બીજુ નાદારપણું છોડવું ને પુરૂષ પ્રયત્ન કરતાં શીખવું.

બીજુ દુર્વાસાની પેઠે પ્રભુની મુર્તીને અંતરમાં ધારીને જમવા શીખવું.

બીજુ પુરૂષોત્તમ ભગવાન મળ્યા તેનું જ્ઞાન થવાથી આનંદ આવે છે.

ક્યાં કીડી કરી મેળાપ ભેળું થવા ભારે ભેદ છે રે...

ક્યાં પૂર્ણ પુરૂષોત્તમ આપ, જીવ જેને બહુ ખેદ છે રે...

જ્યારે થાય તેનો મેળાપ, જ્યારે નરતન ધારે નાથજી રે...

કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય તેને સાથજી રે...

બીજુ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ અક્ષરાતીત સર્વોપરી પુરૂષોત્તમ છે, તેમાંથી સર્વે અવતાર પ્રગટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે. તે માટે દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મય, વિશ્વાસ, પ્રીતિ, આશરો ને અનુવૃત્તિ આદિક સર્વે અધિક સમજાય તેવો શાંતપણે ઉપાય કરવો ને તેવો સંગ ને શાસ્ત્ર રાખવાં એ સર્વે શ્રીજી મહારાજનો ને મોટા સંતનો પરમ રહસ્ય અભિપ્રાય છે.

બીજુ એવા જે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનાં બે ચરણારવિંદથી લઈને મસ્તક સુધી સર્વે અંગને પૃથક પૃથક ધારીને એકાંત સ્થળને વિષે બેસીને ઈન્દ્રિયો, મન, પ્રાણનો પ્રત્યાહાર કરીને પૂર્વાપર રાત્રીને વિષે અતિ દ્રઢ મતિએ કરીને, અતિ દ્રઢ ચિત્તે કરીને અતિશે સ્થિર થઈને શ્રી હરિનું ધ્યાન કરવું.

બીજુ જેમ કામાર્ત, તસ્કર, નટ, વ્યસની, સાધ્વી, ચકોર, શલભા ચકવા-ચકવી ને બપૈયો જેમ પોતપોતાના વિષયમાં તત્પર થઈને નિમગ્ન થાય છે તેમ મનમાં અતિ હર્ષ યુક્ત થઈ શ્રી હરિની મૂર્તિને ધારવા માટે નિમગ્ન રહે ને સમુદ્રમંથન કરવા સમયે

દેવ-દાવન દૃઢ મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા તેમજ ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો અભ્યાસ રાખવો.

બીજુ રસાસ્વાદ નિદ્રા, હિંસાને વિક્ષેપ એ ધ્યાનની વિરોધી છે. ને બ્રહ્માંડ નાજે પંચ વિષયના સુખને જડ, દુઃખ, તુચ્છ, નાશવંતને વિષ્ટારૂપ જાણીને તેનો ત્યાગ કરીને સત્ ચિદ્ આનંદ, સૂક્ષ્મને નિર્ગુણ એવું જે પોતાના જીવાત્માનું સ્વરૂપ તેને જાણીને, તે જીવાત્મા રૂપે થઈને મુનિ થકા શ્રી હરિનું ધ્યાન કરવું.

બીજુ શ્રી હરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે પણ સર્વે ક્રિયાને વિષે અખંડ નામ રટણને મૂર્તિની સ્મૃતિ રહે નહિ. એ કશરને કાળજી રાખી ટાળવી.

બીજુ પંચ ઈન્દ્રિયોને છઠ્ઠું મન તેમાંથી એકને મોકળું મૂકે તો સર્વે ધ્યાન સ્રવી જાય. માટે સર્વેને નિયમમાં રાખીને સ્વસ્તિક આસને કરીને નાસિકાગ્ર વૃત્તિ રાખીને, દેહને સમ રાખીને નેત્રને મીંચીને આહાર વિહારાદિથી યુક્ત શુદ્ધ જીવરૂપ થઈને અતિશે શાન્ત, દાન્ત ને સમાહિત થઈને ધ્યાન કરવું.

બીજુ સત્શાસ્ત્રમાં જેમ કહેલ હોય તે પ્રમાણે વર્તે તે મનુષ્ય, કહેવાય તેવા હજારમાંથી એક ધર્મવાન મળે, તેવા હજારોમાંથી એક સિદ્ધિને માટે યત્ન કરતો હોય એવો જડે, તેવા હજારોમાંથી ભગવાનને અર્થે યત્ન કરતો હોય તેવા એક જડે ને તેવા હજારોમાંથી એક જ જ્ઞાની ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ગુણને ઐશ્વર્ય આદિને તત્વે કરીને યથાર્થ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે તે કાંઈક જાણે છે પણ જેમ છે તેમ તેના અંતને નથી પામી શકતો.

બીજુ સ.વિદ્યાત્રાનંદ સ્વામીની પુરૂષોત્તમ પત્રીમાં કહેલ છે કે અંતરદૃષ્ટિવાળાને ભગવાનનું સમીપપણું રહે છે ને તેની બુદ્ધિ સૂક્ષ્મ થાય છે. ને અહંગ્રંથિ ગળે છે. ને દોષને ઓળખે છે, દોષને ટાળી નાખે છે ને ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય છે તોય પણ તેમા લેવાય નહિ ને એકાંતિકને ઓળખે છે ને ભગવાનની મરજીને જાણે છે.

બીજુ જે અતીશય ધ્યાન કરે તેને અંતર્વૃત્તિ રહેવા માંડે ને તે અંતરમાં શાંતિ રહે.





જેમ માયિક પદાર્થને વિષે જીવને સત્યતા છે. તેમ મોટા સંતનો સમાગમ કરતાં કરતાં અસત્યને અસાર થઈ જાય ને કોઈ પદાર્થને વિષે માલ મનાય જ નહિ જેવી પ્રહલાદજીના જેવી સમજણ જીવમાં નક્કી બેસે તો મોટો આપત્તકાળ આવે તો પણ એની સમજણ લગારે મંદ પડે નહિ.

બીજુ એક રાજા કહે મે રાજરૂપ પાપ મેલ્યુ તેથી ભગવાનની મૂર્તિનું આનંદથી ધ્યાન કરૂં છું ને મહા સુખીયો થયો છું.

બીજુ હું બ્રહ્મ છું ને અક્ષરબ્રહ્મ સંગાથે એકત્વ ભાવને પામ્યો છું ને પરબ્રહ્મ જે શ્રી સ્વામિનારાયણ ભગવાનની મનને વિષે નિરંતર ભાવના કરતો, વિચારકરતો નિરંતર તે ભગવાનના ધ્યાનને કરે ને એવી રીતે ધ્યાન કરતો થાકે ત્યારે ભગવાનના નામનો જપ કરે ને જપ કરતો થાકે ત્યારે તે ભગવાનનું ધ્યાન કરે. એવા આગ્રહવાળાને ભગવાન પોતાની મૂર્તિનું સાક્ષાત્ દર્શન આપે છે.

બીજુ જેને શિખામણની વાત કહે ને સવળું લે તો તે ઉપર હેત થાય છે પણ જે અવળું લે તે ઉપર હેત થતું નથી.

બીજુ સાચા ભગવદી ભક્ત સાથે જીવ બાંધવો. એ જ સત્સંગમાં રહ્યાનો હેતુ છે, પણ એકલી ભક્તિ સત્સંગમાં રહ્યાનો હેતુ નથી.

બીજુ એકલું જ્ઞાન કહેવું તે સાંભળ્યું તે કાંઈ કઠણ નથી; માટે બે ઘડી વૃત્તિઓ પાછી વાળીને ભગવાન સંભારવા ને ધ્યાન ન થાય તો ભજન કરવું પણ રસોઈ કરીને જમવું નહિ તે શા કામનું ? એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થવાના નથી; એ તો ભગવાન સંભારશું ત્યારે થાશે. ને ભગવાનને સંભારવા માંડે, તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય. માટે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ મહારાજે વચનામૃતમાં પોતાનું રહસ્ય, અભિપ્રાય, રુચિ, સિદ્ધાંત આદિ ઘણા શબ્દ કહ્યા છે, તે ઉપર સુરત રાખીને ચાલવું એજ આપણે ખરૂં કરવાનું છે.

બીજુ પ્રતિલોમ પણે ધ્યાન કરવાનો અભ્યાસ નિરંતર રાખવો. એ મહારાજ અને મોટા સંતોનો મુખ્ય આગ્રહ છે. ને આવી રીતે ધ્યાન કરીએ તો આપણા અંતરમાં આનંદ આવે.

બીજુ અંતદ્રષ્ટિ કરીને હૃદયમાં જોવું, ને તે વિના તો ગુણદોષ યથાર્થ ન સૂઝે, ને અંતદૃષ્ટિ કરવી એ નિર્ગુણપણું છે. ને અંતદ્રષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ થાય; જેમ ચકમક ખરે તે ખરતા દેવતા કળીમાં લાગી જાય છે એમ અંતરવૃતિનો અભ્યાસ કરતા પ્રકાશ થઈ જાય.

બીજુ સંતોનો સમાગમ હોય તો સંસ્કાર ન હોય તો પણ થાય, માટે ક્રિયમાણ બળવાન છે. માટે આપણે ભજન કરવા ત. સંતોનો સમાગમ કરવામાં કાળજી રાખવી.

બીજુ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની વાતોમાં વાત છે કે આપણે ઊંઘવું છે એવો ઠરાવ ન રાખવો ને ભગવાનનું ધ્યાન કરતાં ઊંઘ આવે તો આવવા દેવી, પણ ઊંઘવાનો આગ્રહ ન કરવો. એવી રીતે ભજન કરીએ તો અંતરમાં મૂર્તિનું સુખ વિશેષ મળે.

બીજુ એક સાધુ હતા. તેમને વચનામૃત બધાય કંઠે કર્યા હતા પણ કાંઈ દેશકાળને લઈને સત્સંગમાંથી જાવાને તૈયાર થયા ને રાત્રે ચાલ્યા. ને તે સાધુએ કોઈક હરિભક્ત સાથે મન બાંધેલું હતું. તે હકિભક્તનું થોડે છેટે ગામ હતું ત્યાં તે સાધુ ગયા. ત્યારે તે હરિભક્ત તે સાધુને કહે આ તમે શું કર્યું ? પછે તે હરિભક્તે તે સાધુને સમજાવ્યા ને તે સમજી ગયા ને એક ઉપવાસ કરાવીને તે ને મંદિરમાં રખાવ્યા.

બીજુ સર્વે સત્સંગી ઉપર ઉપદેશ બાબતનો સદ્‌ગુરૂનો કાગળ :

સર્વે સત્સંગી ઉપર લખીએ છીએ જે સર્વે સત્સંગીને માલૂમ થાય કે તમો કથા,વાર્તા સાંભળવાનો આગ્રહ રાખજો. તથા ત્યાં કને સાધુ આવે તેનો સમાગમ રાખજો. અને જ્યારે એવો સમાગમ નો જોગ ન હોય ત્યારે વચનામૃત તથા ભક્તચિંતામણી આદિક જે શ્રીજી મહારાજનાં ચરિત્ર તથા લીલા છે. જેને વિષે એવા જે ગ્રંથ તે વાંચવા સાંભળવાનો અભ્યાસ નિરંતર રાખવો. વળી સદ્દરૂચી વાળા સારા સારા ભગવદ્દભક્ત ભેળા થઈને જ્ઞાનગોષ્ટિ નિરંતર કરવી. ને ભગવાનનો મહિમા અલૌકિક સમજીને પોતાને ત્રણ શરીર, ને ત્રણ અવસ્થાને ત્રણ ગુણથી પર જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનીને, ને આત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એક્તા કરીને તેને વિષે





પુરૂષોત્તમ ભગવાનની મૂર્તિ ધારીને અંતરવૃત્તિ કરીને ધ્યાન, ભજન કરવાનો અભ્યાસ રાખવો. ને દેહાદિક માયિક આકાર સર્વેને ચાર પ્રકારનો પ્રલય કરીને, નાશવંત જાણીને, સ્થિતિ કાળમાં પણ દુઃખ દાયકને જન્મ મરણાદિક કલેશનાં દેનારાં એવાં સ્ત્રીધનાદિક વિષયને અંતરમાંથી ખોટાં કરી નાંખીને પુરૂષોત્તમ ભગવાનને અનંત, અપાર, અલૌકિક, સુખમય જાણીને તેમાં દ્રઢ પ્રીતિ કરવી અને તે વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી ને દેહે કરીનેં વહેવાર કરવો પણ અંતરમાંથી વહેવારને ખોટો કરી નાખવો. ને જો દેહાદિક માયિક વ્યવહારની અંતરમાંથી વાસના ટળશે તો જ ભગવાનને વિષે દ્રઢ પ્રીતિ થાશે અને ભગવાનને વિષે દ્રઢ પ્રીતિ થાશે ત્યારે ભગવાનની મુર્તિની અખંડ સ્મૃતિ રહેશે. અને ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે ત્યારે જ ભગવાનના કલ્યાણકારી શુભ ગુણ તે આવશે. અને અનાદિકાળના માયાના રજ તમના જે દોષો કામ ક્રોધાદિક એ સર્વે વિનાશ થઈ જાશે ને ભગવાનની આજ્ઞાને ભગવાનની મૂર્તિનું ધ્યાન તેણે કરીને કારણ આદિક ત્રણ શરીરને વિષે વાસના નાશ થઈ જાશે. ને ચૈતન્યમય ભાગવતી તનુ બંધાશે ને અક્ષરધામને વિશે પુરૂષોત્તમ ભગવાનની સેવાને વિષે અખંડ રહેવાશે. અને કાંઈક માયિક વાસના રહેશે તો ભગવાનના ધામમાં જાતાં વિઘ્ન થાશે. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ત્રણ અંગે સહિત નિષ્કામ ભક્તિએ ચાર સંપૂર્ણ થાશે. ત્યારે વાસના તમામ નાશ પામી જાશે. ને એક ભગવાનની સેવામાં જ વાસના દૃઢ થાશે માટે અતિશય દુર્લભમાં દુર્લભ આ સત્સંગ આપણાને પ્રાપ્ત થયો છે. તેમાં પણ એકાંતિકપણું આવવું એ અતિ દુર્લભમાં દુર્લભ છે. કેમ જે અનાદિ કાળથી જીવો માયયા પરિવેષ્ટિત : કદાસ્ય માયા યોગોડભત ઈતી પ્રશ્નોનયોચિત્ : ॥ તે આત્મા જગતની વાસનાને કરીને વ્યાપ્ત થઈ ગયો છે. તે માંટે એ સર્વે જગતની વાસના ટાળીને એક પુરૂષોત્તમ ભગવાનની જ વાસના કરવી. તે અતિ કઠણ છે. ને ઈન્દ્રિયો, અંતઃકરણને જીવ એ માયાને વિષે સદાય આસક્ત છે. માટે પોતાને બ્રહ્મરૂપ માનીને પુરૂષોત્તમ નારાયણનું ધ્યાન કર્યા કરવું ને તે અંગ નિરંતર વૃદ્ધિને પામે તેને અર્થે નિરંતર સંત સમાગમ તથા નિરંતર કથાવાર્તાનો જોગ રાખવો એમાં કોઈ વાતની આળસ રાખવી નહીં માટે ઉપર લખ્યા પ્રમાણે સર્વે વરતજો.

વળી પંચાળાના બીજા વચનામૃતમાં કહેલ છે કે

બ્રહ્મરૂપ થયો હોય તેનો આત્મા સદાય પ્રસન્ન રહે છે ને ક્યારેય પણ હરખ શોકને તે પામતો નથી.

અને તે સર્વેને વિષે સમાન બુદ્ધિ રાખે છે ને એક ભગવાનની જ ભક્તિને વિષે અખંડ પ્રિતી રાખે છે.

બીજુ સર્વ વાસનાનો ત્યાગ કરીને આત્મારૂપે થઈ અખંડ ભગવાનના ગુણ ગાવા.

બીજુ ભગવાન કહે છે કે જ્ઞાની મને પ્રિય છે ને હું જ્ઞાનીને પ્રિય છું.તે જ્ઞાન કયું તો આત્મા પરમાત્માના જ્ઞાનવાળું, એવો જ્ઞાની તે જેવો મને પ્રિય છે તેવું મને બીજું કાંઈ પણ પ્રિય નથી. તે લોયાના ૧૦ ના વચનામૃતમાં છે કે કાં તો અતિશય આત્મા પરમાત્માના જ્ઞાનવાળો હોય તથા અત્યંત વિશ્વાસી હોય તે બે જ જણા સુખીયા થાય છે. તે વિના સુખ થાતું નથી. તે રામ કથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે મારે દ્રઢ વિશ્વાસે જે રહે છે તેને જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું. ત. પ્રકૃતિ પુરૂષ તથા બ્રહ્માદિક પણ ભગવાનના મહિમાનો પાર પામતા નથી, એવડા મોટા ભગવાન આપણાને મળ્યો છે. તેનો કેફ રાખી આનંદમાં રહેવું.

બીજુ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ને તે આત્માને વિષે ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે જ તે વાસનાનો નાશ થાય છે.

તે બ્રહ્મવિલાસમાં કહ્યું છે કે,

"દેહકો અભ્યાસ મિટાતનિજદાસ હુ કે શત્રુ અરૂ મિત્ર નાંહી
નાંહી મેરા તેરા હૈ, આત્મા કી ગતિ સાધી ઔર ન ઉપાધિ સાધી"

એમ પોતાને આત્મારૂપ માનીને આનંદમાં ભગવાનને સંભારવા. ને દેહની તો આપણે કાંઈ ચિંતા ન કરવી સુખ થાશે કે દુ:ખ થાશે કે માન થાશે કે અપમાન થાશે આદિ કાંઈ સંકલ્પ ન થાવા દેવો. આપણે જ્યારે વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન, ધન અને અનેક જન્મના કર્મ તે શ્રી હરિને ચરણે અર્પણ કર્યા છે. ત્યારે હવે આ દેહ આપણો ક્યાં રહ્યો એ તો શ્રી હરિનો જ છે તે શ્રી હરિની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ





ને આપણે તો શ્રી હરિના બાળક છીએ. તે કિર્તનમાં કહ્યું છે કે

"અમો તો શ્રીજીના સંતાન, અમારા શ્રીજી છે ભગવાન"

બીજુ ગ.મ.પ્ર. ૨૨ના વચનામૃતમાં લખેલ છે કે ભગવાનની મૂર્તિ રૂપી ચિંતામણીને ઝાલી રાખવી. તો તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે. જેમ કોઈ પાસે ચિંતામણી હોય તો તેને કેટલો કેફ રહે છે પણ તે તો ફક્ત આ લોકના જ સુખ આપે છે પરંતુ શ્રી હરિની મૂર્તિરૂપી ચિંતામણી તો આ લોક તથા પરલોક આદિ સર્વ સુખ આપે છે.

બીજુ નાભિથી શ્વાસ ઉઠે છે ત્યાંથી લાંબે શ્વાસોઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાનો અભ્યાસ રાખવો ને ભગવાન વિના બીજો શુભ અશુભ સંકલ્પ થાય તો પણ આવું લાંબે શ્વાસે નાભી પાસેથી ભજન કરવાથી સર્વે સંકલ્પ ટળી જાય છે. ને ચાલતાં, ખાતાં, પિતાં શુભ ક્રિયા તથા અશુભ ક્રિયાને વિષે આવું જ ભજન કરવાનો અતિ આગ્રહ રાખવો ને બીજું અવશ્ય ન ચાલે તેવું હોય તે ક્રિયા કરવી બોલવું જોવું આદિ કરવું પણ વિશેષ તો આ ભજન કરવાનો આગ્રહ રાખવો.

બીજુ કાલના કામનો અત્યારે સંકલ્પ ન કરવો ને જે સમયે જે કામ કરવાનું હોય તે કરવું ને મોક્ષ માર્ગની તો એ રીત છે કે આ લોકમાંથી જે જે માયિક પદાર્થ માત્રના રાગ ટાળીને અખંડ સ્વામિનારાયણનું ભજન કરે તે જ મોટા છે.

બીજુ અતિ માંદા થાઈએ ત. અંતરમાં રજોગુણ વર્તે ત્યારે બહાર મૂર્તિ ધારીને ધ્યાન તથા માનસી પૂજા કરવી ને તેમાં મનમાં ક્ષોભ ન પામવો. જેવું થાય તેવું ભજન આનંદમાં રહી કર્યા કરવું.

બીજુ જગતમાંથી રાગ ટાળવા આઠે પહોર આત્માનો વિચાર કર્યા કરવો. પણ ઘડીક દેહરૂપ થઈને બીજું ચિંતવન કરે તો સર્વે ધૂળમાં મળી જાય તે માટે એક પણ શ્વાસ ભગવાનના ભજન કર્યા વિના જવા ન દેવો. ને એક પણ સંકલ્પ બીજો ન થાય તેવું જતન રાખવું. ને રજોગુણ વર્તે ત્યારે જાણે પંચામૃતે શ્રી હરિને નવરાવતા હોય તેનું ધ્યાન કરવાથી આનંદ આવે છે. ને હમણા જેવાં સંકલ્પ હોય તેવા અંત:કાળે સ્ફૂરે છે. તે માટે સર્વે સંકલ્પ ટાળીને એક શ્રી હરિના જ સંકલ્પ કરવા તથા સત્સંગ છે તે બાર માસીયો આંબો છે. તે અમુક એવા આંબાનું ઝાડ હોયે તેમાં બારેમાસ કેરી પાકે

તેમ સત્સંગ કરવાથી આપણને હંમેશાં સુખ વર્તા કરે.

બીજુ ગીતા ભાષ્યમાં છે કે ભક્ત હોય તો પણ તે અંતકાળે જે વિષયનું ચિંતવન કરતો દેહ મૂકે તો તેને તેવો દેહ મળે છે. માટે આપણે દરેક કામમાં ભગવાન સંભાળવા.

બીજુ દેવોને મણીમય મહોલ અપ્સરા તથા અમૃતપાન છે તો પણ મનુષ્ય દેહની યાચના કરે છે તે મનુષ્ય જન્મ ભગવાને આપણાંને સત્સંગમાં આપ્યો છે માટે આપણે ભગવાન ભજી લેવા ને રાગ માત્ર ટાળવા ને એક નિમીષ માત્ર શ્રી હરિના દર્શનથી અનંત કોટી બ્રહ્માંડના વિષય સુખ વારી ફેરીને નાખી દઈએ એવું ભગવાનના દર્શનમાં સુખ છે ને ભગવાનના ભજનમાં વિક્ષેપ થાય તેવું આપણે કાંઇ ન કરવું. ને કોઈને કાંઈ અજાણથી કહેવાઈ જાય કે સંભળાઈ જાય કે જોવાઈ જાય તો આત્મસત્તારૂપ થઈને ટાળવું. બીજુ ભક્તને મહાપ્રલય જેવું દેશકાળે કરીને દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખને દેનારો તથા તેમાંથી રક્ષા કરનારો ભગવાન વિના બીજાને તે ભક્ત ન જાણે. ને પોતાના બ્રહ્મરૂપમાં તથા ભગવાનના કેફમાં ગરકાવ રહે છે. ને એક ક્ષણ માત્ર ભગવાનને ભૂલે નહી તે ખરો ભક્ત છે તે એવા ભક્તની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે.

**ચોપાઈ**

કાન નહીં સુણે બીજો ઉચ્ચાર, નેત્ર નહીં જુવે બીજો આકાર ત્વચા નહીં કરે ભેટ બીજાની, નાસા નહિં લીયે સુગંધી નાની, મન નહીં કરે અન્ય મનન.

બીજુ નિષ્કુળાનંદ કાવ્યમાં છે કે,

"વિપત્ત આવે વણ વાંકથી, તે તો સહે જો શરીર,
ઉપહાસ કરે આવી કોય, તેમાં રહે દ્રઢધીર"

તેમાં જ બીજું પદ છે કે સાચા ભક્ત ભગવાનના ઝાઝા જડતા નથી, હરિશ્ચંદ્ર, પાંડવ આદિને ઘણુ દુખ થયુ.

તે ધીરજાખ્યાન ગ્રંથમાં કહ્યું છે કે,

"ધીરજ સમ નહીં ધન રે... સંતો..." ધીરજ સમ નહિ ધન..





ધીરજવંતને દુરીજન દુ:ખ આપે ત્યારે ધીરજવાન એમ જાણે કે દુરીજન તો અજ્ઞાની છે એમ જાણી દુ:ખ ન પામે ને આનંદમાં રહી ભગવાનનું ભજન કરે.

બીજુ જીવમાં પંચવિષયરૂપી રાગ રહ્યા છે તે ક્યારે ટળે તો જ્યારે આત્મસત્તારૂપ થઈને વારંવાર પ્રતિલોમ દૃષ્ટિ કરે તથા ભગવાનની મૂર્તિનું વારંવાર ધ્યાન કરે તે કેમ ધ્યાન કરે....

તો જાણીએ ભગવાન આગળ ચાલ્યા આવે છે ત. ભગવાનની મૂર્તિને ત્વચાએ કરીને સ્પર્શ કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરતો જાય અને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે પછી એમને એમ ધારતે જ્યારે દેહના ભાવ ખોટા થઈને કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પહેરીને આગળ ચાલ્યા આવે છે. પછી તે ભગવાનને નેત્રે કરીને દર્શન કરતે કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતા જાવું ને દેહના તથા ઈંદ્રીયોના ભાવને ખોટા કરતે જાવું. પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ આકાર ન રહે ત્યારે તે વળી તે મૂર્તિને બહારે લાવે પછી જાણીએ ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે અને દેહ ઇંન્દ્રિયોના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે ત્યારે વળી તે મૂર્તિને બાહેર લાવે. પછી જાણીએ ભારે અત્તર ચંદનાદિકની સુગંધીએ યુક્ત થકા ભગવાન ચાલ્યા આવે છે. પછી નાસિકા ઈન્દ્રિય દ્વારાએ ભગવાનના સુગંધ લેતા જવું પછી જ્યારે માયાના ભાવ માત્ર ટળી જાય અને સત્તામાત્ર જે જીવ તેમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે ઈન્દ્રિયોને ખોટા કરતે કરતે કેવળ સત્તામાત્ર જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ પંચવિષય સંબંધી ઘાટ ન થાય પણ તે વિના બીજો કોઈ એવો ઉપાય નથી. ત્યારે તે જે કેવળ જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ પંચવષય સંબંધી ઘાટ ન થાય ને જીવાત્મામાં ભગવાનની મૂર્તિને જોઈ રહેવું પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તે અક્ષરબ્રહ્મ છે. કેમ જે અક્ષરમાં પુરૂષોત્તમ ભગવાન રહ્યા છે. તેના તેજ મારા જીવાત્માને વિષે રહ્યા છે. એમને એમ પંચ ઈન્દ્રિયો તથા ચાર અંત:કરણ સંબંધી જે ભાવ તેને ખોટા કરતા જવું. એમ વારંવાર

લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે ત્યારે જીવમાં રાગ રહ્યા છે તે ટળે પણ તે વિના બીજા કોટી ઉપાય કરે તોય પણ જીવમાં રાગ છે તે ન ટળે. તે સમાધિનિષ્ઠ હોય તથા જ્ઞાની હોય તથા વિચારવાન હોય તોય પણ જીવમાંથી રાગ ન ટળે.

પણ જીવમાંથી તો જ્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિ જોઈ રહે તો જીવમાં પંચવિષયની વાસના છે. તે ટળે ને જો ધ્યાનનો ઉપાય કહ્યો એમ ન કરે તો જીવમાંથી રાગ ન ટળે, માટે લિંગદેહને ટાળવાનો એજ ઉપાય છે.

બીજુ જીહવા તથા કંઠને ન હલાવે ને હૃદયને વિષે જ્યાં શ્વાસ ઉઠે છે ત્યાં ભજન કરવું તે ભજન કેવું છે. તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે. તે માટે બુદ્ધિધાન હોય તે આ વાતને વિચારીને જીવમાં ધ્યાન તથા ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટી ઉપાય કરે તો પણ કારણ શરીર ન બળે.

અને જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે ને દેહરૂપ થઈને ધ્યાન કરે છે તેને તો ઈન્દ્રિયોનું જ્ઞાન વૃદ્ધિ પામે છે.

ને જે ભગવાનને સંબંધે સહિત ધર્મ છે તેજ ભાગવત ધર્મ છે. ને ભાગવત ધર્મ ને ભક્તિ એ બેય એક જ છે. અને ભાગવત ધર્મના સ્થાપન કરવાને અર્થે શ્રીજી મહારાજનું પૃથ્વીને વિષે જન્મ ધર્યાનું પ્રયોજન છે. ને ભાગવત ધર્મને શ્રીજી મહારાજે શિક્ષાપત્રી,વચનામૃત આદિ ગ્રંથને વિષે યથાર્થપણે કહ્યા છે તે પ્રમાણે વર્તવું.

ને એ પ્રમાણે વરતવાથી દેહ ભલે પડી જાય, પણ મોક્ષરૂપી અર્થને સિદ્ધ કરવો એવી રીતે સાચો થઈને મંડે તો જરૂર શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપશે.

બીજુ સ.ગુ.ગોપાળાનંદ સ્વામીએ લખેલ છે કે સંતનો સમાગમ કરીને તથા શાસ્ત્ર વાંચીને આદિ પુરૂષ પ્રયત્ન કરીને એક ચોટ પોતાના જીવને શુદ્ધ કરીને આત્માને વિષે શ્રી હરિની મૂર્તિનો સાક્ષાત્કાર કરવો: પછી બીજી પ્રવૃત્તિ કરવી પણ આ લોકને આ દેહને કે માન મોટપનો તાને ચડી ન જવું.





શ્રી હરિ અક્ષરધામમાંથી અનંત મુકતો સાથે લાવ્યા. ને અહીં પધાર્યા ને બહુજ ચમત્કારી પ્રથા બાંધી ને એકાંતિક ધર્મ પ્રવર્તાવ્યો. તેવા અક્ષર મુક્તોની સભામાં આપણે બેસવું છે. એવા વિચારથી આપણે મોટા સંતોની વાતો સાંભળીને આ સત્સંગમાં આવ્યા. તો હવેથી એવા મોટાના માર્ગ ઉપર ઘણી જ સુરત રાખવ ને ધ્યાન ભજન કરવામાં કાળજી રાખવી.

અને પોતાની સ્થિતિમાં રહી જે શ્રી હરિને સંભારે છે તે જ શ્રી હરિને વરૂણીય થાય છે. ને અક્ષરધામની સભામાં પણ બેસવાના અધિકારી તે જ થાય છે. ને વખતોવખત વિચાર કરવો કે હું અહી શું કરવા આવ્યો છું ? ને શું થાય છે ? ને શ્રી હરિને તથા મોટા સંતોને કેવા કરીને અક્ષરધામમાં લઈ જવા છે. તે અનુસંધાન અખંડ રાખવું, પણ વિચાર્યા વિના કોઈ ચાળે ચળી ન જવું માન, મોટપ આ લોકના હરકોઈ દૈહિક ઉપયોગી પદાર્થ માટે શ્રી હરિની આજ્ઞા અનુસાર રહીને વર્તવું ને માયિક પદાર્થ થકી તો હરણની પેઠે ફડકતા રહેવું. ને શ્રી હરિની આજ્ઞા પ્રમાણે જ વ્યવહારીક કાર્ય કરવું.

ને જેમ સિંહ આદિની હરણને બીક હોય તેમ આપણે જન્મ મૃત્યુની બીક રાખવી ને આ લોકના રાગ ટાળવા. ને કર્તા, મમતા ને આશક્તિનાં મૂળ કાઢી નાખવાં ને જનના, તનના ને મનના અંતરાયમાં ન લેવાયું ને મોટાની સ્થિતિમાં રહેવું કે એ કેવી રીતે વર્તી ગયા છે ને એમની હારે આપણે બેસવું છે. તો આપણી જે કાચપ હોયતે વિચારી કરીને ટાળવી. તેમાં બીજા કોઈનો વાદ ન કરવો. ને શ્રી હરિની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તીને તેમની મૂર્તિને વિષે હેત થાશે. તો જ અક્ષરધામમાં જવાશે પણ તે વિના કોઈ રીતે વાંધો ભાંગશે નહી. ને ગોરધનભાઇ પર્વતભાઇની પેઠે વ્યવહારીક કાર્ય કરવા પણ તેમાં બંધાવું નહી.

તે માટે એક અંગવાળા ભેળા બેસી શ્રી હરિનો મહિમા વિચારીને શ્રી હરિની મૂર્તિને વિષે હેત કરવું ને નિષ્કામ ભાવે શ્રી હરિની સેવા ભક્તિ કરતાં કરતાં જેમ સ્થિર વૃત્તિ થાય ને મૂર્તિને વિષે દિન દિન પ્રત્યે હેતની વૃદ્ધિ થાય તેમ કરવું ને એવી સ્થિતિ થયા વિના અક્ષરધામમાં પહોંચાય તેમ નથી. ને ત્રણ ગુણનું કાર્ય હોય ત્યાં

સુધી દેશકાળની બીક છે. ને ત્યાં સુધી કોઈ જીવ સુખીયો ન થાય. ને વચનામૃતમાં બહુ જ શાંતિકારક વાતો લખી છે. તે હેતવાળા ભેળા બેસી મનન કરવાથી શાંતિ થાય છે ને દોષ માત્ર નિર્મૂળ થઈ જાય. ને સંતો હરિભક્તોનો તથા શ્રી હરિનો અપાર મહિમા સમજાય ને અહોર્નિશ આનંદ વર્ત્યા કરે. ને શ્રીહરિની મૂર્તિને વિશે જ સુખશાંતી સર્વ રહી છે. માટે જે તે પ્રકારે શ્રી હરિને વિષે અતિશય હેત થાય ને અખંડ મૂર્તિની સ્મૃતિ રહે એમ આપણે સર્વને કરવાનું છે. માટે ખટકો રાખી ભજન કરવું.

બીજુ જે પુરૂષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રિતી ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, આ પુરૂષ તો અતિશય મોટા છે અને એની આગળ લાખો માણસ હાથ જોડીને ઉભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશ માત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે. એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરૂષનો ગુણ ગ્રહણ કરી અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે પછી એમને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઉપજે અને પછી તેમાં સત્પુરૂષના જેવા ગુણ આવે છે.

અને નેત્રની ને શ્રોત્રની વૃત્તિ જ્યારે મૂર્તિનાં દર્શન કરતા હોઈએ ને મૂર્તિને મેલીને અન્યમાં તણાય તો તેને એમ ઉપદેશ દેવો જે, "હે મુર્ખ ! તું ભગવાનની મૂર્તિ વિના અન્ય રૂપને જુવે છે કે પરમેશ્વરની વાર્તા વિના અન્ય વાર્તાને સાંભળે છે તેમાં તને શું પ્રાપ્ત થશે ? અને હજી તને સિદ્ધ દશા તો આવી નથી જે જેવું ચિંતવ્યું તેવું તને તત્કાળ મળે. શા સારુ જે હજી તો તું સાધક છે. માટે જે વિષયને તું ચિંતવીશ તે વિષય મળશે નહિ અને ઠાલાં વલખાં કરીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે ? અને કાંઈક જો તને અલ્પ વિષય મળશે તો તેના પાપમાં યમપુરીનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે. એવી રીતે નેત્રે અને શ્રોત્રને ઉપદેશ દેવો અને વળી એમ કહેવું જે, જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધ દશાને પામીશ, પછી તું જે જે બ્રહ્માંડમાં વાર્તા થાય છે તેને સહેજે સાંભળીશ અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવના જેવા રૂપને ઈચ્છીશ તો તેવા રૂપને પામીશ, અને લક્ષ્મી કે રાધિકા જેવો





ભક્ત થવા ઈચ્છીશ તો તેવો થઈશ. અને ભગવાનનું ભજન કરતાં કરતાં સિદ્ધ દશાને દેહ છતે નહિ પામ્ય, તો દેહ પડ્યા પછી મુક્ત થઈશ ત્યારે સિદ્ધદશા મળશે. પણ સિદ્ધ દશા આવ્યા વિના રૂપને જોઈને મરી જઈશ તો પણ તેણે કરીને બુદ્ધિ તો અતિશય ભ્રષ્ટ થઈ જશે પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહીં થાય.... "

પોતાના હૃદયને વિષે એમ વિચાર કરે જે, સ્થૂળ દેહ, સૂક્ષ્મદેહ કારણદેહ એ હું નહિ, અને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિએ ત્રણ અવસ્થા હું નહિ, અને પંચ જ્ઞાનેન્દ્રિયોને પંચ કર્મેન્દ્રિયો ને ચાર અંત:કરણને એમના દેવતા એ સર્વે હું નહિ. હું તો એ સર્વેથી પૃથક છું ને ચૈતન્ય છું ને ભગવાનનો ભક્ત છું. અને ઈન્દ્રિયો અંત:કરણ કાંઈક ચાળા કરે તો એને કહેવું જે, કેમ તારે તે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ જોવું છે ? ને કેવળ ભગવાન નો શબ્દ સાંભળવો છે તથા ગંધ લેવો છે કે બીજાનો પણ શબ્દ સાંભળવો છે ને ગંધ લેવો છે ? અને જો ભગવાન વિના બીજા વિષયમાં તું જઈશ તો તારે મારે શું છે ભાઈ ? તું કોણ ને હું કોણ ? તારે મારે લેવું દેવું નથી. તમે કરશો તે તમે ભોગવશો એમ ઈન્દ્રિયો-અંત:કરણને કહીને પછી ભગવાનની પ્રાર્થના કરવી જે, હે મહારાજ ! હે સ્વામિન ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઈન્દ્રિયો અંત:કરણનો વાંક છે ને હું તો એથી નોખો આત્મા છું. ને એ તો મારા શત્રુ છે માટે એ થકી મારી રક્ષા કરજ્યો. એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી. ને પોતાને શ્રોત્રજ્ઞ ચૈતન્યરૂપ માનીને ભગવાનને વિષે હેત ભક્તિ કરવી.

ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ (લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધે કરીને) થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો.

બીજુ ભગવાનનો જે સાચો ભક્ત તેને ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની કેવી રીત છે તો "જે ભગવાન છે, તે તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી

છે.અનેક કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે ને માયાના ગુણ થકી રહિત છે. એવી રીતે પ્રત્યક્ષ ભગવાનને જાણીને તે ભગવાન વિના જે બીજાં સર્વ માયિક પદાર્થ માત્ર તેને અતિશય તુચ્છને નાશવંત સમજે ને એક ભગવાનને વિષે જ પ્રીતિ કરે ને નવ પ્રકારની ભક્તિને કરે અને વળી એમ સમજે જે, એવા અતિશય મોટા જે ભગવાન તેની મર્યાદાને વિશે કાળ,માયા,બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમાં ઈત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે, એવું જાણીને તે ભગવાને બાંધી જે ધર્મમર્યાદા તેને વિષે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે પણ તે ધર્મમર્યાદાનો ક્યારેય લોપ ન કરે."

"ને ભગવાનની પ્રાથના કરે જે અહંમ મત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો"

હે નાથ હે દયાસિંધો ! હે કૃપાસિંધો ! હે કલિદોષનિવારક ! હે ભક્તધર્માત્મજ ! હે યોગ કલા પ્રવર્તક ! હે વર્ણવેષદર્શક ! હે શાલગ્રામ-તૃષાહર ! હે બ્રહ્મવિદ્યાપ્રવર્તક ! હે અધમોદ્ધારણ ! હે પતિતપાવન ! હે અશરણશરણ ! હે શુદ્ધ એકાંતિક ધર્મ પ્રવર્તક ! હે હરિજન વલ્લભ ! હે નિષ્કામભક્ત વલ્લભ ! હે નૈષ્કાગ્રણિન ! હે એકાંતિક ધર્મ પ્રવર્તક ! હે ભક્ત વલ્લભ ! હે સ્વામિનારાયણ ! હે નીલકંઠ ! હે હરિકૃષ્ણ ! હે હરે ! હે નારાયણ ! હે ધર્મધુરંધર ! હે સર્વજનરક્ષક ! હે સહજાનંદ સ્વામિન !

તમે મારી ઉપર રાજી થઈને મને પોતાનો એકાંતિક દાસ જાણીને મારા હૃદયને વિષે નિવાસ કરીને નિત્ય રહેજો.

આવી રીતે સત્પુરૂષનો સમાગમ કરી ધ્યાન ભજન કરે છે તેના અંતરમાં આઠે પહોર અહો અહોપણું વર્ત્યા કરે છે.આવો જે ભગવાનનો મહિમા સમજી સત્પુરૂષનો સમાગમ કરી નિત્ય આવા ધ્યાનનો મહિમા સમજી સત્પુરૂષનો સમાગમ કરી નિત્ય આવા ધ્યાનનો અભ્યાસ કરે તો તેને અંતરમાં બહુ શાંતિ થાય છે અને આવું જેને ધ્યાન કરવાની ઈચ્છા હોય તેને ભગવાનની બાંધેલી પંચવર્તમાનની મર્યાદા તેમાં બરાબર રહી અને પોતે નિરંતર અખંડ વિચાર રાખે કે મારામાં શું ખામી છે તેને પોતે વખતો વખત વિચાર કરે તે ખામી જ્ઞાને કરીને ટાળતો રહે અને પોતાની મેળે ન ટળે તો મોટા સત્પુરૂષનો સમાગમ કરી તે કસર ટાળે એ જ એકાંતિક ભક્ત થાય છે.





આ લોકમાં પંચવિષયમાંથી વૃત્તિ ખેંચી ભગવાનની તેજોમય દિવ્યાકાર મૂર્તિમાં વૃત્તિને અખંડ જોડી રાખવી એ જ ધ્યાન આપણે ખરૂ કરવાનું છે.

**ધ્યાનનો મહિમા :**

ધ્યાન કર્યા વિના કારણદેહની વાસના ટળતી નથી. જેમ આંબલીયાને શેકીએ અને તેની છાલ છૂટી પડી જાય છે તેમ ધ્યાને કરીને કારણ શરીરનો નાશ થઈ અવ્યક્ત રાગ ટળી અને આત્મા પરમાત્માનું દર્શન થાય છે. અખંડ ભગવાનની સાનિધ્યમાં અક્ષરધામને વિષે સેવામાં રહેવાય છે. ધ્યાને કરી અક્ષરધામની પ્રાપ્તી થાય છે.

છેલ્લા પ્રકરણનાં ૩૧ ના વચનામૃતમાં છે કે સમુદ્રના પાણીનાં મોટા મોટા તરંગો ઉઠે છે તેમ પોતાનાં જીવાત્માને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને ભગવાનની મૂર્તિમાંથી તથા અક્ષરધામરૂપ જે પોતાના જીવાત્મા તેમાંથી તેવા તેજના તરંગ મોટા મોટા ઉછળે છે તેમાં ભગવાનની મૂર્તિ તેજોમય પ્રકાશમાન દીવ્ય મુર્તીને જોયા કરવી એ જ મોટો લાભ છે ને એ જ ખરી પ્રાપ્તી છે.

બીજુ વડતાલના ૧૩ ના વચનામૃતમાં લખેલ છે કે સિદ્ધ દશાવાળા જે હોય તે લાખો ગાઉ ઉપર જે વસ્તુ હોય તે આ હાથે ઉપાડે તથા લાખો ગાઉ ઉપર વાત સાંભળે તથા દેખે.

ત. સમુદ્રના જેવી સ્થિતિ કરવી તે સમુદ્રમાં ચોમાસામાં ગમે તેટલી નદીઓનું પાણી આવે તો પણ જરાય વધે નહીં ને ઉનાળાને તાપે કરી જરાય ઘટે નહીં. તેવી રીતે માન અપમાન હાની વૃદ્ધિમાં એક સ્થિતિ રાખવી.

બીજુ જેનો જીવ બળને પામ્યો હોય તેને ભગવાનની મૂર્તિ વિના બીજુ સપનું પણ ક્યારેય ન આવે ત. ભગવાનની મૂર્તિ વિના બીજા સંકલ્પ પણ ક્યારેય ન થાય ને અખંડ ભગવાનની માણીગર માધુરી મૂર્તિનેજ સંભાળ્યા કરે બીજુ જ્યાં સુધી આવુ ભજન બરાબર ન થાય ત્યાં સુધી આ લોકમાં બહુ ડહાપણ ન કરવું ને આપણે અતિ કાળજી રાખી અખંડ ભજન કરવું, ને જ્યાં સુધી આવુ ભજન નહિ થાય ને આપણી કસર બરાબર નહી ટાળીએ, ત્યાં સુધી ભગવાનના ધામ માં જવાશે નહી ને

શ્રીહરિની હજુર સેવામાં રહેવાશે નહી માટે આપણે આવો અપાર ભગવાનને મહિમા સમજીને માણીગર માધુરી પ્રકાશમાન મૂર્તિને વિશેજ અતિશય હેત કરવું. એ કામ જે મોક્ષ સંબધી કામ કરવા માટે ભગવાને આપણા ઉપર ઘણી દયા કરીને આવો અલૌકીક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. આવો ચિંતામણી તુલ્ય મનુષ્યનો જન્મ આપ્યો છે તો આવા યોગને પામીને આપણે ભગવાન ભજવામાં બહુજ કાળજી રાખવી. ને આવા યોગને પામીને કરી કરીને ખરૂં તેજ કરવાનું છે, માટે આપણે ભજન કરવાનો અતિ આગ્રહ રાખવો તે આપણે કાળજી રાખી ભજન કરશું તો દયાળું શ્રીઘનશ્યામ મહારાજ જરૂર પોતાના પ્રેમી ભક્તોને પોતાની માધુરી દિવ્ય પ્રકાશમાં મૂર્તિનું સુખ આપશે. માટે આપણે તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું ને ભજન કરી આ છેલ્લો જન્મ થઈ જાય એ જ આ મનુષ્ય જન્મનું ત. સાચે શુધ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે.

બીજુ શ્રી ઘનશ્યામ મહારાજે આજે આપણા ઉપર એટલા બધા અઢળક ઢળ્યા તેનું તો આપણે શું વર્ણન કરી શકીએ કેમકે આપણા ઉપર અપાર દયા કરી પોતોના સ્વરૂપની ઓળખાણ કરાવી, આવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો, તો આવા યોગને પામીને આપણી કશર માત્ર ટાળીને દિન દિન પત્યે શ્રીજી મહારાજની માધુરી પ્રકાશમાન મૂર્તિ ને વિશેજ અતિષય હેત થઈ જાય ને અનાદિ કાળના જે આ જીવને માયાના કાંટા વાગ્યા છે, તેને સાચે શુધ્ધ ભાવે સત્સંગ કરીને દિન દિન પ્રત્યે ભગવાનની મૂતિને વિશેજ હેત કરીને એ માયાના કાંટા કાઢીને એ ભગવાનની માધુરી મૂર્તિના સુખે કરીને અહર્નિશ સુખીયા રહેવાય એજ આપણે કરી કરીને ખરૂ કરવાનું છે. માટે આપણે જેમ બને તેમ ભજન કરી આ છેલ્લો જન્મ થઈ જાય તે દેહે ને અંતે શ્રીજી મહારાજની હજુર સેવામાં રહી જવાય એ જ આ મનુષ્ય જન્મનું તથા સાચે ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે.

અસ્તુ.............................: **સમાપ્ત :**